: પ્રકાશક :
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી
રાજકોટ

પ્રથમાવૃત્તિ — પ્રત ૨૨૫૦
વિક્રમ સંવત્ ૧૯૯૩ — વીર સંવત્ ૨૪૬૩

: મુદ્રક :
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં મણિલાલ કલ્યાણદાસે
છાપ્યું ઠે. પાનકોર નાકા—અમદાવાદ

પ્રકાશકનું નિવેદન

શ્રી સ્થાનકવાસી જૈન સમુદાયના ગૌરવસમા શ્રીમદ્ જૈનાચાર્ય પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રીએ જોધપુર તથા રતલામ ચાતુર્માસ દરમ્યાન, જૈન સાહિત્યમાં ઘણું ઉચ્ચ સ્થાન ધરાવનાર સતીશિરોમણિ ચંદનબાલાની ધર્મકથા ઉપર જે પ્રભાવોત્પાદક અને જીવનોપયોગી વ્યાખ્યાનો ફરમાવેલ હતાં, તે વ્યાખ્યાનોને આધારે "સતીશિરોમણિ વસુમતિ યાને સતી ચંદનબાલા" એ નામનું એક અતિ ઉપયોગી પુસ્તક, શ્રી હિતેચ્છુ શ્રાવક મંડળ, રતલામ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં આવેલ વસ્તુસામગ્રી ગુજરાતી જનતાને માટે ઘણી જ ઉપયોગી જણાતાં તેનો ગુજરાતી અનુવાદ કરાવી પ્રસિદ્ધ કરવાનું યોગ્ય ધારવામાં આવેલ છે.

આ પુસ્તકમાં બ્રહ્મચર્યનો આદર્શ અનેક દૃષ્ટિએ છણાએલો હોઈ અને આ પુસ્તક જનતાને ખાસ ઉપયોગી હોવાથી તેનો વધારેમાં વધારે પ્રચાર થાય અને આર્યસન્નારીનો જીવન-આદર્શ સ્ત્રીસમાજના ઉત્થાનમાં માર્ગદર્શક નીવડે એ ભાવનાથી પ્રેરાઈને નીચે લખેલી દરેક બહેનોએ રૂ. ૨૧૦ ની રકમ આપવાની ઉદારતા બતાવેલ છે, તે ખાને તેઓ ધન્યવાદને પાત્ર છે. સહૃદય બહેનોનાં શુભ નામ નીચે પ્રમાણે છેઃ—

૧ શ્રી અમૃતલાલ રાયચંદ ઝવેરીના ધર્મપત્ની શ્રીમતી કેશરબાઈ, મુંબઈ

શ્રી રતનચંદ નગલચંદના ધર્મપત્ની શ્રીમતી ચંપાબાઈ, મુંબઈ

શેઠ તારાચંદજી ગેલડાના ધર્મપત્ની શ્રીમતી રામસુખીબાઈ, મદ્રાસ

દીપચંદજી ખીવસરાના ધર્મપત્ની શ્રીમતી ભીખીબાઈ, મદ્રાસ

૫ શેઠ બરદભાનજી પિત્તલીયાના ધર્મપત્ની શ્રીમતી આનંદકુંવરબાઈ, રતલામ

૬ શેઠ હીરાલાલજીના માતુશ્રી શ્રીમતી તેજકુંવરબાઈ, આગરોદ

૭ શ્રીમાન્ શેઠ નથમલજી પિત્તલીયાની ધર્મપત્ની શ્રીમતી પ્રતાપ-કુંવરબાઈ, રતલામ

ઉપર પ્રમાણે પ્રત્યેક બહેનોએ એક એક હજાર પ્રતિની કીંમતના અડધા ખર્ચ પૂરતી રકમ દેવાની ઉદારતા બતાવતાં આ પુસ્તકની હિન્દી આવૃત્તિની ૫૦૦૦ નકલો શ્રી રતલામ હિતેચ્છુ શ્રાવક મંડલ તરફથી પ્રકાશિત કરવામાં આવેલ છે અને સોસાયટી તરફથી આ ગુજરાતી આવૃત્તિની ૨૦૦૦ નકલો છપાવવામાં આવેલ છે.

આર્ય નારીધર્મના પાલન માટે ધૈર્ય, સાહસ, ત્યાગ, સહનશીલતા અને દૃઢતાનો આદર્શ બતાવવા માટે સતી ચંદનબાલાની કથા અનુપમ છે. આ બાબતમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ વિદ્વતાપૂર્ણ સુંદર રીતે જે વિચારો દર્શાવેલ છે તે તરફ વાચકવર્ગનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

આ પુસ્તકનો ગૂજરાતી અનુવાદ શ્રી શાન્તિલાલ વનમાળી શેઠ (ન્યાયતીર્થ) તથા શ્રી જીવણલાલ સંઘવી દ્વારા કરાવવામાં આવેલ છે. એ અનુવાદદ્વારા તે ભાઈઓએ હિંદી ઉપરથી સરળ ગુજરાતી ભાષામાં બહુ સુંદર રીતે અનુવાદ કરેલ છે, તેની નોંધ લેતાં બહુ આનંદ થાય છે. તેમ છતાં કોઈ જગ્યાએ દૃષ્ટિદોષથી ભૂલ રહેલી માલુમ પડે તો તે માટે પ્રકાશક ક્ષમાર્થી છે.

વિજયાદશમી, ૧૯૯૪
રાજકોટ

ચુનીલાલ નાગજી વોરા
વ્યવસ્થાપક

પ્રસ્તાવના

—:o:—

આ કોઈ નવલકથા નથી તેમ વાર્તાકથાની દૃષ્ટિએ આ લખાયેલી પણ નથી [illegible] ધર્મકથાનો અર્થ [illegible] દર્શાવવા કરવા માટે [illegible] ચંદનબાળાની જૂના જમાનાથી ચાલી આવતી એક જૈન ધર્મકથાનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ ધર્મકથાને આધ્યાત્મિક [illegible] ઉપસ્થિત કરનાર અને ધર્મકથાનો મર્મ સમજનાર શ્રી સ્થાનકવાસી જૈન સમાજના સુપ્રસિદ્ધ ધર્મનાયક પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબ છે. તેમની વ્યાખ્યાનશૈલી અને પ્રતિપાદનશૈલી કેટલી સૂત્રાનુસારી અને અસર કરનારી છે તે આ ધર્મકથાના મર્મોદ્ઘાટનથી સ્પષ્ટ સમજાઈ આવશે. આ ધર્મકથા વ્યાખ્યાનની દૃષ્ટિએ વર્ણવવામાં આવેલ છે અને તે જ દૃષ્ટિએ અહીં ઉતારવામાં આવેલ છે એટલે એના લેખનક્રમમાં વિચારગાઢતા જણાય ન હોય તે સ્વાભાવિક છે.

કાળચક્રની ગતિ [illegible] સૂર્ય દરરોજ ઊગે છે અને આથમે છે છતાં તે કંટાળો આપતો નથી, તેમ તે જરા જૂનો થઈ જતો છે એટલે કોઈ રુચિભંગ પણ કરતો નથી. પણ જીવનમાં પ્રાણ પૂરનારો અને જીવનપ્રકાશ પાથરનારો તે 'નિત્યનૂતન' ગણાય છે. તેવી જ રીતે બ્રહ્મચર્ય એ બ્રહ્મસૂર્ય છે. જીવનમાં તેજપ્રભા પાથરનારો અને અજ્ઞાનતિમિરને ભેદનારો તે શાશ્વત સૂર્ય છે.

આવા નિત્યનૂતન બ્રહ્મસૂર્યની જીવનપર્યન્ત ઉપાસના કરનાર અને બ્રહ્મમૂર્તિ જનપદકલ્યાણી બનનાર મહાસતી ચંદનબાળાની આ ધર્મકથા છે. સતી ચંદનબાળાએ બ્રહ્મચર્યને ઉચ્ચ આદર્શ તરીકે જીવનમાં તાણાવાણાની માફક વણ્યું હતું અને જીવનની અન્તિમ ઘડી સુધી તેનું અખંડ પાલન કરી દેશ, સમાજ અને ધર્મનું કલ્યાણ કરી જીવનસિદ્ધિ સાધી હતી.

તલવારની ધાર જેવા તીક્ષ્ણ અને પુષ્પની માળાની સમાન મૃદુ એવા આ બ્રહ્મચર્યના આદર્શને સતી ચંદનબાળાએ ચારે બાજુ પરિભ્રમણ કરી જનસમાજ સમક્ષ મૂક્યો હતો અને અનેક સ્ત્રીપુરુષોએ આ આદર્શને જીવનમાં સ્વીકાર્યો પણ હતો. ભગવાન મહાવીરે પણ ૩૬૦૦૦ જેવડા મોટા સાધ્વીસંઘનું નાયિકાપદ તેમને આપી તેમનું સન્માન કર્યું હતું. આ બ્રહ્મચારિણીની યશોગાથા જૈન સૂત્રસાહિત્યમાં ઠેકઠેકાણે ગાવામાં આવી છે.

વાસ્તવમાં બ્રહ્મચર્યનો આદર્શ સ્ત્રીઓ કે પુરુષો બન્નેને માટે સમાન જ છે. બન્નેમાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ છે એટલું જ નહિ પણ પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ બ્રહ્મચર્યનું પાલન સુચારુરૂપે કરી શકે છે. જૈનશાસ્ત્રોમાં એવાં ઘણાં ઉદાહરણો મળી આવે છે કે, જેમાં સ્ત્રીઓએ બ્રહ્મચર્યથી પતિત થતા પુરુષોને બ્રહ્મચર્યમાં સ્થિર કર્યા હોય. સતી રાજીમતિ અને કોશા શ્રાવિકા વગેરેનાં ઉદાહરણો પ્રસિદ્ધ જ છે. ભગવાન મલ્લિનાથે સ્ત્રી હોવા છતાં અખંડ બ્રહ્મચર્ય પાળી તીર્થંકરપદ પ્રાપ્ત કર્યું હતું. 'સ્ત્રીઓ પણ બ્રહ્મચર્યની સાધના કરવામાં પુરુષોથી જરા પણ ઉતરતી નથી' એનું આ પ્રબળ પ્રમાણ છે.

બ્રહ્મચર્યનો આદર્શ અતિ ઉચ્ચ હોવા છતાં, બધા પૂર્ણ બ્રહ્મચર્ય પાળી જ શકે કે બધાએ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું જ જોઈએ એમ કહી ન શકાય. બ્રહ્મચર્ય એ ઉત્સર્ગ માર્ગ છે; પણ જો એ માર્ગે જઈ શકાય એમ ન હોય તો અપવાદરૂપે મર્યાદાપૂર્વક બ્રહ્મચર્ય પાળવું એ આવશ્યક છે.

સદાચારની દૃષ્ટિએ મનુષ્યજીવન મુખ્ય બે વિભાગોમાં વહેંચાએલું છે. એક પૂર્ણ બ્રહ્મચારી જીવન અને બીજું અપૂર્ણ અર્થાત્ મર્યાદિત બ્રહ્મચારી જીવન. જેઓ ગમે તેવી અવસ્થામાં વીર્યને નષ્ટ થવા દેતા જ નથી, તેઓ પૂર્ણ બ્રહ્મચારી જીવન ગાળે છે. જેઓ પૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતા નથી પણ સાથે વીર્યનો દુરુપયોગ પણ થવા દેતા નથી પણ વિવાહ કરી મર્યાદાપૂર્વક ગાર્હ-સ્થ્યજીવન ગાળે છે તેઓ અપૂર્ણ બ્રહ્મચારીઓ છે. જે લોકો

પૂર્ણ બ્રહ્મચર્ય પાળતા નથી અને મર્યાદિત બ્રહ્મચર્ય પણ સ્વીકારતા નથી, પણ દુરાચાર સેવે છે અને વીર્યનો દુરુપયોગ કરે છે તે લોકો મનુષ્યકર્ત્તવ્યોથી પણ પતિત છે.

જે લોકો વિવાહ કરી મર્યાદાપૂર્વક જીવન વ્યતીત કરે છે તેમની ગણના પાપાત્માઓમાં થઈ જ ન શકે. પણ જેઓ પોતાને પૂર્ણ બ્રહ્મચારી કહેવડાવે છે છતાં છૂપીરીતે દુરાચાર સેવે છે તેઓ માત્ર દેખાવના જ ધર્માત્મા છે પણ વાસ્તવમાં તો તેઓ પરિપૂર્ણ પાપાત્મા જ છે.

આ દૃષ્ટિએ જો પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન થઈ શકે એમ ન હોય તો વિવાહ કરવો એ એકાન્ત અધર્મ નહિ પણ ધર્મ જ છે. તેમ છતાં એ તો માનવું જોઈએ કે, બ્રહ્મચર્ય એ ઉત્સર્ગ માર્ગ છે અને વિવાહ એ અપવાદમાર્ગ છે. વિવાહ અને બ્રહ્મચર્યનો અર્થ, તેની મર્યાદા, તેનાં કર્તવ્યો, તેની કાર્યસિદ્ધિ વગેરે પ્રશ્નોનો તથા વૈવાહિક જીવન સાથે સંબંધ ધરાવતા સંતતિનિયમન, સંતાનપ્રેમ, સ્ત્રીપુરુષની સમાનતા આદિ પ્રશ્નોનો પણ આ ધર્મકથામાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અંતમાં આ ધર્મકથા છે. તેનું નિરૂપણ ઐતિહાસિક દૃષ્ટિએ નહિ પણ ધર્મસાહિત્યની દૃષ્ટિએ કરવામાં આવ્યું છે એટલે એ જ દૃષ્ટિએ આ પુસ્તકને વાંચવા–વિચારવાનો અનુગ્રહ કરવામાં આવે છે.

પ્રસ્તુત પુસ્તકને ગુજરાતીમાં ઉતારવા માટે શ્રીમાન્ દુર્લભજીભાઈ ઝવેરીએ મને પ્રેરણા આપી છે તે માટે તેમનો હું ઋણી છું. આ પુસ્તકના અનુવાદનમાં શ્રી. જીવણલાલ સંઘવીએ સક્રિય સહકાર આપી મારા કાર્યમાં ભાગીદારી નોંધાવી છે તે માટે તેમનો તથા શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે તથા ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયના માલીક શ્રી શંભુભાઈ જગશીભાઈ શાહે મુફશોધનમાં તથા વ્યવસ્થામાં જે સહકાર આપ્યો છે તેમના આભારની નોંધ લેતાં મને હર્ષ થાય છે.

રાજકોટ
વિજયાદશમી ૧૯૯૩ } શાન્તિલાલ વનમાળી શેઠ

: : પ્રકરણાનુક્રમ : :

બ્રહ્મચારિણી

[સતી ચંદનબાલાની ધર્મકથા]



'तवेसु वा उत्तमं बंभचेरं'

'તપોમાં ઉત્તમ બ્રહ્મચર્ય'–શ્રી જિનાગમ

બ્રહ્મચર્યજીવન

આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારીને
જીવનની પૂર્ણતા અને પરમાનંદ
પ્રાપ્ત કરવાની જેટલી આશા
અને અનુકૂળતા છે તેટલી
અબ્રહ્મચારીને નથી. એવાં
મહાપુરુષોનાં જીવન અવિવાહિત
અને વિવાહિત બન્નેને
દીવાદાંડી રૂપ છે.

[illegible]
[illegible]

: પ્રકરણ :

[૧]

વીરબાલા વસુમતિ

જનની તો જાગી દરે, પૃથ્વી પાળી પોળી;
એ જન્મભૂમિને પેખે, જીવન મૃત્યુ એટલે.

આજ ભવ્ય ભારતવર્ષના અંગભૂત અંગદેશમાં, ચંપાપુરી નામની વિશાળ અને સમૃદ્ધ રાજનગરી હતી. તે રાજનગરી ગગનચુંબી હવેલીઓ, મોટાં મોટાં બજારો, સુંદર વનો, ઉપવનો અને જળાશયો વગેરે કૃત્રિમ તેમજ પ્રાકૃતિક રચનાઓથી, જોનારનું મન હરી લે એવી મનોહર અને આંખને ઠારે એવી રળિયામણી હતી.

ચંપાનગરીનો આસપાસનો પ્રદેશ ઘણો જ ફળદ્રૂપ અને ઉપજાઉ હોવાથી તેની ચારે બાજુ અનેક નાનાં મોટાં ગામડાંઓ વસેલાં હતાં અને તેથી ચંપાનગરી વ્યાપારનું મુખ્ય કેન્દ્ર બની ગઈ હતી. ગામલોકો હટાણું કરવા તથા ધનધાન્ય વગેરેની લેવડદેવડ કરવા ચંપાનગરીમાં આવતાં જતાં હોવાથી રસ્તાઓ, ચોટાઓ અને બજારો હજારો માણસોથી ઉભરાતાં જણાતાં અને જ્યાં જુઓ ત્યાં વિવિધ વસ્તુઓનો

કાર્યક્રમ તેમ હોવાથી [illegible]
મોટે ભાગે [illegible]
[illegible]
આવીને વેચતા અને ખરીદતા.

આ પ્રમાણે ચંપાનગરીમાં [illegible] દેશદેશાન્તરના અનેક વ્યાપારીઓ પણ [illegible] હતા. આ રીતે ચંપાનગરી વ્યાપારસમૃદ્ધિમાં [illegible] ગામડાંઓનો અને ચંપાનગરીનો, શરીર અને મસ્તક જેવો [illegible] આધારઆધેય સંબંધ હોવાથી ગ્રામનિવાસીઓ તથા નગરનિવાસીઓ સ્નેહસંબંધ પરસ્પર જાળવતા અને આનંદપૂર્વક સુખી જીવન ગાળતા. ચંપાનગરીના નાગરિકો, ગામડાંઓ પ્રતિ પોતાની શી જવાબદારી છે તે બરાબર સમજતા હતા કે, 'નગરનું જીવન ગામડાંઓના આધારે ટકેલું છે' અને એટલા માટે તેઓ ગ્રામોન્નતિ કરવા માટે પોતાથી બનતો સાથ ગ્રામલોકોને આપતા અને આ જ પ્રમાણે ગ્રામલોકો પણ નગરોદ્ધારમાં પોતાની ઉન્નતિ માની નાગરિકોને પૂરેપૂરો સહકાર આપવામાં પોતાનું ગૌરવ માનતા. આ રીતે નાગરિકો અને ગ્રામલોકો બન્ને સુખશાન્તિપૂર્વક જીવન ગાળતા.

ભગવાન મહાવીરના સમયમાં ચંપાનગરી જેવી રાજગૃહ, કૌશાંબી, વૈશાલી વગેરે બીજી પણ અનેક પ્રસિદ્ધ અને સમૃદ્ધ નગરીઓ હતી અને ત્યાં ભગવાને ચાતુર્માસ પણ કર્યા હતાં. ચંપાનગરી અંગદેશની રાજધાની હતી. તે વખતે અંગદેશનો રાજા દધિવાહન હતો. તે રાજાના સર્વ ગુણોથી સંપન્ન હતો. પુત્રનું પાલન જેમ પિતા અને શરીરનું પાલન જેમ મુખ કરે છે તેમ દધિવાહન પ્રજાનું પુત્રસમાન પાલન કરતો અને તેથી તે પ્રજામાં ખૂબ પ્રિય થઈ પડ્યો હતો. દધિવાહનના રાજ્યશાસનથી તેની પ્રજા સુરક્ષિત અને સુપ્રસન્ન હતી.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માટે પ્રજાજનોના કાર્યોમાં હમેશાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહીં એવો પણ પ્રજાને કોઈ પ્રકારનું [illegible] [illegible] [illegible] [illegible] માટે હમેશાં તે ખાસ પ્રયત્ન કરતો. તેનું [illegible] [illegible] ખરું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રજા. દધિવાહનની [illegible] [illegible] [illegible] માનતી અને તેના રાજ્યશાસનમાં જ ચોતરફ સુખશાન્તિ છે એમ સમજતી.

દધિવાહન રાજા ઘણો સારો હતો. તે વૈભવવિલાસમાં [illegible] હતો. પોતાના સુખ માટે તે બીજાંનો પણ પ્રજાના ધનનો દુરુપયોગ કરતો નહિ. પ્રજા પાસેથી કરવેરાના રૂપમાં જે રાજ્યભંડારમાં ધન આવતું તે પ્રજાનું જમા કરવા માટે આવેલું ધન છે અને પ્રજાની આજ્ઞા વિના એ ધનમાંથી એક પાઈ સરખી પણ વાપરવાનો પોતાને અધિકાર નથી એમ તે માનતો. દધિવાહનની આવી ન્યાયનિષ્ઠા અને આચારને કારણે ચંપાનગરીના રાજ્યભંડારમાં ઘણું ધન ભેગું થએલું હતું

દધિવાહન રાજાને ધારિણી* નામની રાણી હતી. ધારિણી પણ

* ઇતિહાસ ઉપરથી એમ જણાય છે કે, ચંપાપતિ દધિવાહન મહારાજાને અભયા, પદ્માવતી અને ધારિણી એ ત્રણ રાણીઓ હતી. પરન્તુ એ સમયનું આ વર્ણન છે તે સમયે કેવળ ધારિણી રાણી હતી, કારણ કે અભયા મારી નાખવામાં આવી હતી અને પદ્માવતીએ દીક્ષા લીધી હતી.

નામ પ્રમાણે સદ્ગુણધારિણી હતી. તે પતિપરાયણ હતી. પતિસેવા એ પોતાનું કર્તવ્ય માનતી અને પતિસેવામાંથી નિવૃત્ત થયા પછી રાજકાજમાં પણ પતિને યથાશક્તિ સહાયતા આપતી. તે કહેતી કે 'નાથ! 'પ્રજા પણ પોતાની સંતાન છે. [illegible] ગાથી ભગાશો, તેમને સુખ પહોંચાડજો, તેમના અધિકારનું રક્ષણ કરજો અને તેમની સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરજો એ આપનું કર્તવ્ય છે.' એવી પતિને હિતકારક વાતો કહેતાં 'અધિકારપદ'ની જવાબદારી [illegible] અને ઘણીવાર પતિને કર્તવ્યપાલનમાં દૃઢ રહેવા માટે પ્રેરણા કરતી કે, આપણે પ્રજાનું કલ્યાણ કેમ થાય એ વિષે સતત જાગૃતિ રાખવી જોઈએ, કારણ કે પ્રજાનું કલ્યાણ કરવું એ આપણું મુખ્ય કર્તવ્ય છે. જો આપણે ભોગવિલાસમાં પડી જઈ કર્તવ્યને ભૂલી જઈએ તો આપણું અને પ્રજાનું પતન અવશ્યંભાવિ છે; માટે આપણને જે અધિકારો મળ્યા છે એ અધિકારોને માથા ઉપર કર્તવ્યનો ભાર રહેલો છે એમ સમજી, સાવધાનીપૂર્વક વર્તન કરવું જોઈએ. એક કવિએ 'અધિકાર' વિષે જે ઉક્તિ ઉચ્ચારી છે તે આપણા માટે કદાચ ચરિતાર્થ થઈ ન જાય તે વિષે સાવચેતી રાખવી જોઈએ:—

अधिकारपदं प्राप्य नोपकारं करोति यः ।
अकारो लोपमात्रेण ककारद्वित्वतां व्रजेत् ॥

અર્થાત્—અધિકારનું પદ પ્રાપ્ત થવા છતાં જે ઉપકાર કરતો નથી તેના અધિકારપદમાંથી અ નો લોપ થતાં ક દ્વિત્વને પામે છે અર્થાત્ એનું અધિકારપદ ધિક્કારપદને પામે છે. આ પ્રમાણે ધારિણી રાણી રાજાને પોતાને મળેલા 'અધિકારપદ'ની જવાબદારીનું ભાન વારંવાર કરાવતી અને એ જવાબદારીને પાર ઉતારવા માટે પ્રેરણા કરી પોતાના 'પતિપરાયણા' પદને સાર્થક કરવા પ્રયત્ન કરતી. ધારિણી, પતિને કેવળ કહીને જ અટકી જતી નહિ પણ કહેવા પ્રમાણે પોતે પણ આચારમાં ઉતારતી અને એ પ્રમાણે વચનને ક્રિયામાં પણ

મૂકતી. જો કે ધારિણી પોતે બહુ સુંદર તેમજ કોમળ હતી, તોપણ ગૃહકાર્યો તે સ્વયં કરતી અને પતિની સેવા કરવામાં પોતાને રાણી હોવા છતાં દાસી જ સમજતી હતી. શીલધર્મની રક્ષા માટે તે અહંકાર, અભિમાન, આલસ્ય આદિ દુર્ગુણોથી તે હંમેશાં દૂર ભાગતી; અને ધૈર્ય, સાહસ તથા ગાંભીર્ય આદિ ગુણોને જીવનમાં ઉતારવા માટે તે હમેશાં સક્રિય પ્રયત્ન કરતી. સરલતા તથા સેવાની તો સાક્ષાત્ તે પ્રતિમા જ હતી.

સાંસારિક સેંકડોમાં એવા સ્ત્રીપુરુષો બહુ જ ઓછાં હશે કે, જેઓને સંતાનની ઇચ્છા ન હોય! પ્રત્યેક ગૃહસ્થ સંતાનેચ્છા રાખે છે. હા, કેટલાક ગૃહસ્થો કૃત્રિમ ઉપાયોદ્વારા સંતતિનો નિરોધ કરે છે પણ આ તેમનું નૈતિક પતન છે. બાકી બ્રહ્મચર્યની મર્યાદામાં રહેનાર નીતિમાન ગૃહસ્થો કૃત્રિમ ઉપાયોદ્વારા કદાપિ સંતતિનિરોધ કરતા નથી. તેઓની તો હૃદયભાવના એ જ હોય છે કે, 'અમને સંતાન થાય અને અમે એમના ઉપર પ્રેમ અને કરુણાનો વરસાદ વરસાવીએ.' કદાચ કોઈ નીતિમાન ગૃહસ્થને વધારે સંતાનો થાય તો પણ તેઓ સંતતિનિરોધના કૃત્રિમ ઉપાયોનું અવલંબન લેતા નથી; પણ બ્રહ્મચર્યના અમોઘ ઉપાયદ્વારા જ સંતતિનો નિરોધ કરે છે.

આ પ્રમાણે દરેક સાંસારિક સ્ત્રીપુરુષો સંતાનની ઇચ્છા રાખે છે પણ આજકાલ કન્યા અને પુત્રના ભેદને કારણે સંતાનપ્રેમમાં પણ ભેદભાવ જોવામાં તેમજ સાંભળવામાં આવે છે. કેટલાક માતા-પિતાઓ પુત્ર પ્રતિ જેટલો પ્રેમભાવ બતાવે છે તેટલો કન્યા પ્રતિ પ્રેમભાવ બતાવતા નથી. એટલું જ નહિ પણ કન્યા પ્રત્યે દ્વેષભાવ રાખે છે, તેના જન્મને ભારરૂપ ગણે છે, તેના તરફ વક્રદૃષ્ટિએ જુએ છે અને કેટલાક નિર્દય માતાપિતાઓ તો એ કુમળી કન્યાને કરમાવી પણ નાંખે છે. કેટલાક રજપુતોને ત્યાં કન્યાને જન્મતાં વેંત જ દૂધપીતી કરવાનો હત્યારો રિવાજ અત્યારે પણ પ્રચલિત છે

આ પ્રમાણે કન્યાને પુત્રથી હલકી સમજવી, પુત્રનો જન્મ થતાં સુખ માનવું અને કન્યાનો જન્મ થતાં દુઃખ માનવું, કન્યા તરફ દ્વેષદૃષ્ટિએ જોવું તથા એ કુમળી કન્યાનો જન્મ થતાં જ તેની હત્યા કરી નાંખવી એ ઘોર અન્યાય અને અત્યાચાર છે.

લોકોએ અજ્ઞાનને કારણે કન્યા અને પુત્ર વચ્ચે ભેદભાવની આવી દિવાલ ઉભી કરી દીધી છે પણ વાસ્તવમાં એ વિષે વિચાર કરવામાં આવે તો જણાશે કે, કન્યા અને પુત્ર એ બન્ને સંતાન જ છે; એટલા માટે માતાપિતાઓને માટે સમાન જ હોવા જોઈએ. તેમને માટે પુત્રને ઊંચો અને કન્યાને હલકી ગણવાનું કોઈ કારણ નથી.

સંસારના વ્યવહારને એકલો પુત્ર ચલાવી શકતો નથી તેમ એકલી કન્યા પણ ચલાવી શકતી નથી. બન્નેના સહકારથી જ સંસારનો વ્યવહાર ચાલે છે. લૌકિક તેમજ લોકોત્તર બન્ને પ્રકારનાં કાર્યો કરવાનો અધિકાર પુત્રને છે તેમ કન્યાને પણ છે. નાનું કે મોટું એવું એક પણ કાર્ય નથી કે જે કાર્યને બન્ને સમાનરૂપે આચરી શકતા ન હોય! ધર્મ અને નીતિનો આવો વ્યવહાર હોવા છતાં, લોકો કન્યા અને પુત્ર પ્રતિ પ્રેમ કરવામાં આટલો બધો ભેદભાવ કેમ રાખે છે! આનાં કારણ તપાસવામાં આવે તો અજ્ઞાન સિવાય બીજું એકેય કારણ જણાશે નહિ.

પુત્ર અને કન્યા પ્રતિ પ્રેમ કરવામાં ભેદભાવ રાખનારા લોકો, વાસ્તવમાં કન્યાનું મહત્ત્વ સમજતા નથી. તેઓને એટલું પણ ભાન નથી કે, 'તેઓને જન્મ આપનાર માતા પણ પહેલાં કન્યા જ હતી. જો કન્યા ન હોત તો તેમનો જન્મ જ થાત નહિ. તેઓ કન્યાનું અપમાન કરીને પોતાની માતાનું અને પોતે પોતાનું અપમાન કરી રહ્યા છે!' એનો ખ્યાલ સરખો પણ તેમને નથી. જે માતાઓ કન્યાને ચાહતી નથી, કન્યા જન્મે નહિ અને જન્મે તો મરી જાય એમ માને છે, તે માતાઓમાં સંતાન પ્રતિ સ્વાભાવિક દયાની ઊણપ

છે. માતાપિતા એટલું પણ સમજતાં નથી કે પોતાની સંતતિને અમુક પોતે જ ભૂંડી કરી છે. સંતાન માટે તેમનું શું કર્તવ્ય છે! તેનું પણ તેમને ભાન નથી. અને આવાં અજ્ઞાનપણેથી માતાપિતાની જેમ સંસારની બધી માતાઓ કન્યા પ્રતિ દ્વેષ કરતી હોત તો આ સંસાર એક પણ મહાપુરુષ તો પામી જ ન શકે!

સાંસારિક રીતિના સ્વભાવાનુસાર મહારાજ દધિવાહન અને મહારાણી ધારિણીને પણ સંતતિની આવશ્યકતા હતી; પણ તેમના હૃદયમાં આજકાલના લોકોની માફક પુત્ર-પુત્રી પ્રતિ ભેદભાવ રાખવાની સંકુચિત વૃત્તિ ન હતી. તેઓને મન પુત્ર-પુત્રી બન્ને સમાન જ હતાં. દિવસો જતાં તેમની સંતાન વિષેની કામના પૂર્ણ થઈ. તેમને ત્યાં એક કન્યાનો જન્મ થયો. આ પણ એવી સુંદર હતી, જાણે કે તેની સુંદર આકૃતિપ્રકૃતિ પૂર્વસુકૃતનો પરિચય આપતી ન હોય!

પ્રત્યેક માતાપિતા સ્વસ્થ, સુંદર, સદ્‌ગુણી અને સ્વરૂપવાન સંતાનને તો ચાહે છે પણ એવાં સંતાનો કોને ત્યાં અને કેવી રીતે પ્રાપ્ત થાય છે એનો વિચાર કરતા નથી. જે વૃક્ષ જેવું હોય છે તેને તેવાં જ ફળો આવે છે. લીંબડાના ઝાડને કેરીઓ નહિ પણ લીંબોળી જ આવે છે, તેવી રીતે આંબાના ઝાડને લીંબોળી નહિ પણ કેરીઓ જ આવે છે. આ જ પ્રમાણે સિંહણનું બચ્ચું શિયાળ નહિ પણ સિંહ જ થાય છે. તેમ સ્વસ્થ, સદ્‌ગુણી અને પુણ્યશાળી, માતાપિતાને ત્યાં સંતાન પણ તેવાં જ થાય છે. પણ જે માતાપિતાઓ અસ્વસ્થ, દુર્ગુણી અને પુણ્યહીન હોય છે તેમને ત્યાં સ્વસ્થ, સદ્‌ગુણી અને પુણ્યશાળી સંતાનની આશા રાખવી નિરાશામાત્ર છે.

રાજા દધિવાહન અને રાણી ધારિણી ઉપર્યુક્ત ગુણોથી યુક્ત હતાં. તેમને ત્યાં એવી જ સ્વસ્થ, સુંદર, સદ્‌ગુણી અને સુરૂપ કન્યાનો જન્મ થયો.

કન્યાનો જન્મ થવાથી, માતાપિતાને બહુ પ્રસન્નતા થઈ. પુત્રનો જન્મ થવાથી જેવો પુત્રોત્સવ ઊજવવામાં આવે તેવો કન્યા-

ઉત્સવ તેમણે ઉજવ્યો. માતાપિતાએ કન્યાનું નામ 'વસુમતિ' રાખ્યું. વસુમતિ વાસ્તવમાં વસુ–પૃથ્વીની પુત્રી જેવી નિધાનરૂપ હતી. વસુમતિ ઉંમરમાં જેમ વધવા લાગી તેમ તેની શક્તિ, બુદ્ધિ પણ વધવા લાગ્યાં. વસુમતિને અઢાર દેશની ધાત્રીઓના સંરક્ષણ નીચે મૂકવામાં આવી. પુત્રીને જોઈ જોઈને ધારિણી માતા આનંદ પામવા લાગી અને વિચારવા લાગી કે, 'હું આ મારી પુત્રીદ્વારા માનવસમાજનું કલ્યાણ થાય એ ઇચ્છું છું અને એ માટે તેને અત્યારથી બાલ્યાવસ્થામાં એવાં શિક્ષણસંસ્કારો રેડવા માગું છું કે જે સંસ્કારોને આધારે તે ભવિષ્યમાં માનવસમાજ સામે કોઈ ઉચ્ચ આદર્શ ઉપસ્થિત કરી શકે અને તે દ્વારા માનવસમાજનું અને પોતાનું કલ્યાણ સાધી શકે.' ધારિણીરાણીએ પોતાના આ વિચારોને કેવળ વિચાર પૂરતાં ન રાખતાં, વસુમતિના હૃદયમાં એવાં શિક્ષણસંસ્કારો રેડવાનો નિર્ધાર કર્યો અને ધાત્રીઓને પણ એવાં જ શિક્ષણસંસ્કારો રેડવાની સૂચના કરી. આ પ્રમાણે માનવસમાજના કલ્યાણમાં સાધનભૂત નીવડે એવાં નમ્રતા, સરલતા, સેવા, નિરભિમાનતા, કરુણા, માધ્યસ્થતા આદિ સદ્‌ગુણોને વસુમતિની રગેરગમાં ઉતારવા માટે ધારિણી માતા પ્રયત્ન કરવા લાગી, એટલું જ નહિ પણ એ સદ્‌ગુણોને વિશેષ કેળવવા માટે દરેક પ્રકારની કળા શીખવવાની પણ વ્યવસ્થા કરાવી આપી. વસુમતિની કોઈપણ વિષયને પકડી લેવાની ગ્રહણશક્તિ તથા અવધારણશક્તિ અજબ હતી. તે થોડા વખતમાં ભણવું, ગણવું, લખવું, સીવવું, પરોવવું, સંગીત, વાજિંત્ર, પાકવિદ્યા આદિ કળામાં નિપુણતા મેળવી 'કળાવિશારદા' બની. વસુમતિનો સ્વર એટલો બધો કર્ણમધુર હતો કે જ્યારે તે વીણા લઈ ગાવા બજાવવા લાગતી ત્યારે રાગરાગણી સાક્ષાત્ પોતે વીણા બજાવતી હોય એમ ઘડીભર લાગતું !

આવી સદ્‌ગુણી અને સંસ્કારી છોકરી કોને વહાલી ન હોય ! વળી તેનો સ્વભાવ મળતાવડો હતો એટલે તે સગાંસંબંધીઓમાં

બહુ પ્રિય થઈ પડી હતી. બધાં લોકો તેના તરફ વહાલનો વરસાદ વરસાવતાં. જે કોઈ એકવાર વસુમતિને રમાડી જતો તે વારંવાર તેને રમાડવાની ઇચ્છા રાખતો. આ પ્રમાણે વસુમતિ પોતાના સદ્ગુણોને કારણે બધાની ખૂબ પ્રિય થઈ પડી હતી. જો કે વસુમતિમાં સ્વાભાવિક સૌંદર્ય તથા કલ્પેચિત બધાં સદ્ગુણો વિદ્યમાન હતાં, છતાં તે પોતાનામાં કોઈ પ્રકારની ગુણોની વિશેષતા માનતી ન હતી. તે બરાબર સમજતી હતી કે, આ સૌંદર્ય અને ગુણોને માટે અભિમાન કરવું તે ગુણોને દેશવટો આપવા સમાન છે, આ તેની નિરભિમાનતા અને સરલતાને લીધે તે જીવનવિકાસ સાધ્યે જતી હતી. વસુમતિની સખીઓ તેને જોઈને પરસ્પર એવી વાતો કરતી કે, ' વસુમતિ વાસ્તવમાં આ માનવીરૂપમાં જ કોઈ શક્તિ છે.' ધારિણી માતા પણ વસુમતિને જોઈ જોઈને ખૂબ પ્રસન્ન થતી અને મનમાં એવી ભાવના ભાવતી કે, 'એવો સોનાનો સૂરજ ક્યારે ઊગશે કે, જે દિવસે આ મારી પુત્રીદ્વારા માનવસમાજનું કલ્યાણ કરવાનું અલૌકિક કાર્ય સંપન્ન થશે અને મારી કૂખને દીપાવી મારું માતૃપદ સફળ કરશે.'

આ પ્રમાણે હસતી, કૂદતી અને બધાને આલ્હાદ આપતી વસુમતિએ યૌવનને આંગણે પગ મૂક્યો. હવે તેના સુંદર, કોમળ શરીર ઉપર યૌવનનાં ચિન્હો સ્પષ્ટ પ્રકટ થવા લાગ્યા અને તેનું રૂપસૌંદર્ય અને લાવણ્ય યૌવનની સહાયતાથી વિકાસ પામવા લાગ્યાં. આ પ્રમાણે વસુમતિ બાળા મટી યુવતી બની.

વસુમતિની સખીઓ પરસ્પર વસુમતિના વિવાહની વાતો, વિવાહવિષયક અનેક પ્રકારની ભાવનાઓ અને કલ્પનાઓ કરવા લાગી; પણ વસુમતિના હૃદયમાં વિવાહ વિષેનો વિચાર સરખો પણ આવ્યો ન હતો. તે તો એક શુદ્ધ હૃદયવાળી ભોળી બાળાની માફક જ હંમેશા પ્રસન્ન રહેતી અને પોતાના કાર્યમાં મશગૂલ રહેતી. તેને વિવાહના વિચારે સતાવ્યો ન હતો, કારણકે તેના મનમાં વિવાહનો વિચાર સરખો પણ ઉદ્‌ભવ્યો ન હતો.

ꣲ

: પ્ર ક ર ણુ :

[૨]

વિવાહ કે બ્રહ્મચર્ય

અબ્રહ્મચર્ય છે ઘોર, દુષ્ટ પ્રમાદનું મૂળ;
સાધુઓ તે નહીં ઇચ્છે સાવધાન રહી સદા;
બ્રહ્મચર્ય છે ધ્યેય, વિવાહ ગૃહજીવન;
બન્ને છે માર્ગ સિદ્ધિનાં, સાધ્ય છે 'નવજીવન.'

સંસારમાં પુત્ર કે પુત્રીને સુખી બનાવવા માટે તેમનો 'વિવાહ કરી દેવો એ સાચો ઉપાય છે; અને એટલા માટે માતાપિતાઓ, મિત્રો અને સગાંસંબંધીઓ પુત્ર કે પુત્રીનો વિવાહ કરી દેવો એ પોતાનું મુખ્ય અને આવશ્યક કર્ત્તવ્ય માને છે. વિવાહ કરી દેવાથી જીવન સુખી થઈ શકે છે એમ તેઓ માને છે અને તે માટે પોતાનાં પુત્ર, પુત્રી, સખા કે સહેલીઓનો વિવાહ કોઈ યોગ્ય કન્યા કે વરની સાથે થઈ જાય એવા પ્રયત્નમાં હમેશાં સંલગ્ન રહે છે, એની જ ચિન્તા કરે છે અને એની જ શુભ ભાવના ભાવે છે. વસુમતિની સખીઓ પણ ' અમારી આ સખીનો વિવાહ કોઈ યોગ્ય વર સાથે થઈ જાય' એવી શુભ ભાવના વસુમતિના વિષે કરતી હતી.

એક દિવસ સખીઓ વસુમતિને વિનોદ કરતાં કહેવા લાગી કે, 'બેન વસુમતિ! અમારે અને તમારે હવે થોડાંજ દિવસ સાથે રહેવાનું છે. થોડા દિવસો બાદ તો તમારા માટે કોઈ નવી જ સ્થળ થશે. નવી કોઈ રાજાની મહારાણી બનશો ત્યારે એ જ સ્થળ માટે નવો સ્નેહ જાગશે, નવી આશા જાગશે અને નવી સહેલીઓ પણ થશે. અને અમને બધાને તો જરૂર જ વિસારીને ભૂલવા કરશો ભાગ્યે તો અમને યાદ પણ કરશો નહિ. અને અમે તમારી પ્રિય મધુરી વાણી તથા તમારું અવલોકન ગીતસંગીત અને તમારી મૂર્તિનો આમોદપ્રમોદ વગેરે આનંદથી અમે વંચિત થઈ જશું. આ પ્રમાણે અમને અનેકરીતે દુઃખ થશે તોપણ તમને એવો શુભ અવસર જલદી આપો. એ શુભ દિવસની અમે પ્રતીક્ષા કરીએ છીએ, કે જે દિવસે આપનું પાણિગ્રહણ કોઈ યોગ્ય રાજા કે રાજકુમાર સાથે થાય અને રોહિણી જેમ ચન્દ્રને, તથા લતા જેમ વૃક્ષને પામી શોભાયમાન થાય છે તેમ તમે પણ તમારા યોગ્ય પતિને પામી શોભાયમાન થાઓ. અમારી એ જ હાર્દિક ઇચ્છા છે કે, 'અમારી સખીને એવો યોગ્ય પતિ મળે કે જે ગુણ અને સૌંદર્યનો પરીક્ષક અને તમારો આદર કરનાર હોય! અમારા સદ્‌ભાગ્યે એવો શુભ અવસર તમને શીઘ્ર સાંપડે એ જ અમારી શુભ કામના છે.'

વસુમતિ, સખીઓની વિવાહવિષયક આ વાત સાંભળી પ્રસન્ન ન થઈ તેમ દુઃખી પણ ન થઈ. તે તો સ્વાભાવિક સરળતાપૂર્વક હસતે મુખે સખીઓના જવાબમાં કહેવા લાગી કેઃ—

'વહાલી સખીઓ! શું તમે એવું ચાહો છો કે, હું મારો વિશાળ પ્રેમસંબંધ તોડી નાંખું અને તેને સંકુચિત બનાવી દઉં! શું હું બધાની મટી જઈ એકની બની જાઉં! શું હું બધાને પોતાના માનવાને બદલે એકને જ પોતાના માનું? અત્યાર સુધી જેમની સાથે પ્રેમ છે તેમની સાથેના પ્રેમસબંધને તોડીને શું હું એકની જ સાથે પ્રેમસંબંધ જોડું? વહાલી સખીઓ! તમે કહો છો તેવું મારાથી તો

કદાપિ બની શકશે નહિ. હું એકની સાથે જોડેલા પ્રેમસંબંધને તોડી બીજાની સાથે પ્રેમસંબંધ જોડવાની ઇચ્છા રાખતી નથી પણ હું તો એવી ઇચ્છા રાખું છું કે, જેમની સાથે પ્રેમસંબંધ જોડ્યો છે તેમની સાથે તો જીવનપર્યંત પ્રેમસંબંધ જોડેલો તો જ રહે પણ જેમની સાથે હજી પ્રેમસંબંધ સ્થાપિત કર્યો નથી તેમની સાથે નવો પ્રેમસંબંધ સ્થાપિત કરું. તમને હું છોડીને ચાલી જઈશ એ વાત તમે મનમાંથી કાઢી નાંખજો. મારો તમારી સાથેનો પ્રેમસંબંધ પ્રાણની સાથે સંબંધ ધરાવે છે એટલે જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી એ પ્રેમસંબંધ તૂટી શકે એમ નથી. એ સંબંધ વધે ખરો પણ ઓછો થશે એવી આશંકા પણ રાખશો નહિ.'

વસુમતિનો આશ્ચર્યજનક ઉત્તર સાંભળી તેની સખીઓ આશ્ચર્યમુગ્ધ થઈ વિચારવા લાગી કેઃ—' વસુમતિ આ શું કહી રહી છે ! તેની પ્રકૃતિ જોતાં તો તે જે કહી રહી છે તે પ્રમાણે તે પૂર્ણ કરી બતાવે તો એમાં કાંઈ આશ્ચર્ય કરવા જેવું નથી. આ અમારી સખી, રાજકુમારી હોવા છતાં પણ કેવી સરલ અને વિનમ્ર સ્વભાવની છે ? બીજી રાજકુમારીઓ તો, સ્વભાવથી જ અભિમાનિની હોય છે અને જ્યારે યુવાવસ્થાને પામે છે ત્યારે તેમનો મિજાજ જુદા જ પ્રકારનો હોય છે પણ અમારી આ રાજકુમારી સખી, એવા પ્રકારની નથી. આ તો બહુ જ સરલ, વિનમ્ર, પવિત્રહૃદય અને નિરભિમાનિની છે. જેનો જન્મ મહારાણી ધારિણી માતાની કુક્ષીએ થએલો હોય, તે કન્યા પણ માતાની જેવી સદ્‌ગુણધારિણી જ હોય એમાં શું આશ્ચર્ય ?

આ પ્રમાણે વિચારતી સખીઓ વસુમતિને કહેવા લાગી કેઃ— ' સખી ! તમે હમણાં જે કાંઈ કહ્યું તે વાતની યથાર્થતાની પરીક્ષા તો યથાસમયે થઈ જશે. પણ તમે હમણાં કહ્યું કે, ' હું મારા વિશાળ પ્રેમસંબંધને સંકુચિત કરવા ચાહતી નથી.' તો શું તમે વિવાહ કરવા ચાહતા નથી ? શું અવિવાહિત જ રહેશો ? '

વસુમતિ—હું શું કરીશ અને શું નહીં કરું ! એ વિષે આજે કશું નિશ્ચયાત્મક કહી શકું નહિ પણ એટલું તો અવશ્ય કહી શકું છું કે, 'હું મારા વિશાળ પ્રેમસંબંધને સંકુચિત કરવા ચાહતી નથી.'

વસુમતિની સખીઓ વસુમતિની પ્રશંસા કરતી કહેવા લાગી કેઃ– અમે તમારા ઉચ્ચ વિચારની પ્રશંસા તો કરીએ છીએ પણ, આ તો સંસાર છે એટલે એકનો પ્રેમસંબંધ તોડીને બીજાની સાથે પ્રેમ-સંબંધ જોડવો જ પડે છે. એમ કર્યા વિના, કામ જ ચાલતું નથી.

સખીઓના આ કથનના જવાબમાં વસુમતિએ કહ્યું કેઃ— એ તો યથાસમયે બધું જણાઈ આવશે. 'એકની સાથેનો પ્રેમસંબંધ તોડીને બીજાની સાથે પ્રેમસંબંધ જોડવાની જરૂર નથી.' એ તો અવસર આવે ત્યારે જ બતાવી શકાય.

વસુમતિ અને તેની સખીઓ વચ્ચે જે વાતચીત થઈ તે અને તેમાંથી ફલિત થતા વસુમતિના વિચારો, સખીઓએ યથાપ્રસંગે ધારિણી માતાને કહી સંભળાવ્યાં. ધારિણી માતા વસુમતિના ઉચ્ચ વિચારો જાણી ઘણી પ્રસન્ન થઈ અને પોતાના મનમાં કહેવા લાગી કેઃ–'જે પુત્રીના આવા ઉદાર અને ઉચ્ચ વિચાર છે તે પુત્રીની માતા 'હું' ધન્ય છું; હું તો એ જ વિચાર કરી રહી હતી કે, મારી પુત્રીદ્વારા માનવસમાજનું કલ્યાણ થાય અને માનવસમાજ સમક્ષ તે કલ્યાણનો નૂતન તથા ઉચ્ચ આદર્શ ઉપસ્થિત કરે, પુત્રીના આજે વિચારો જાણી મારા હૃદયની ભાવના પૂર્ણ થશે એમ મને લાગે છે.'

આજકાલ સંસારમાં સ્ત્રીપુરુષને લગતી અનેક પ્રકારની ઝઝટો વધતા પામી છે, જો કે સ્ત્રીપુરુષનો સહયોગસંબંધ સાંસારિકજીવનને સુખપૂર્વક વ્યતીત કરવા માટે જોડવામાં આવે છે પણ આજકાલ એ પવિત્ર ઉદ્દેશ નિરમૂળ થઈ ગયો જણાય છે અને સાંસારિકજીવન સુખમય બનાવવાને બદલે વધારે ઝંઝટમય બનાવી દેવામાં આવ્યું છે.

વસુમતિના ઉચ્ચ વિચારો ઉપરથી મને એમ જણાય છે કે, તે આ પ્રકારની સાંસારિક ઝઝટોને દૂર કરશે. પણ ભવિષ્યના ગર્ભમાં શું રહેલું

છે તે કોણ જાણે! તે કેવા પુરુષની સાથે વિવાહ કરશે અને તેને પોતાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાની તક મળશે કે નહિ! એ કોણ જાણે! છતાં વસુમતિની ભાવના સફળ થાય અને તેનું જીવન પણ સફળ થાય એવો કોઈ માર્ગ નીકળે તો કેવું સારું!

રાતના મહારાજા દધિવાહન, ધારિણીના મહેલે પધાર્યા. તે વખતે ધારિણી વસુમતિના ભાવિ જીવન વિષે અનેક પ્રકારના વિચારો ઘોળ્યા કરતી હતી.

રાજા દધિવાહનની સમક્ષ પણ ધારિણીએ એ પ્રસંગ વિષે ચર્ચા શરૂ કરી અને કહ્યું કે, 'મહારાજ! આપણી વસુ હવે ઉંમર લાયક થઈ છે. આપે એ વિષે કાંઈ વિચાર કર્યો હશે એમ હું ધારું છું.'

દધિવાહન—હા! વસુમતિ અવસ્ય ઉંમરલાયક થઈ છે. તે અવસ્થામાં જ ઉંમરલાયક નહિ પણ ગુણકળામાં પણ યોગ્ય બની છે. વસુમતિમાં બધી કળાઓ તેં ભરી દીધી છે કે, જે કળાઓ આજે વિકસિત થઈ છે. ગુણોની દૃષ્ટિએ તો તારાથી પણ આગળ વધેલી છે. તેનો સ્વભાવ પણ ઘણો જ સરસ અને મળતાવડો છે. વસુમતિ જેવી સુપુત્રીની માતા થવાને લીધે તું ધન્ય ગણાય છે અને તારી સાથે હું પણ.

ધારિણી—મહારાજ! ક્ષમા કરો. નિષ્કારણ મારી આટલી બધી પ્રશંસા કરી મને શરમાવો નહિ. વસુમતિમાં જે કાંઈ વિશેષતા છે તેનું શ્રેય તમને છે. હું તો, આપની સેવિકા છું. મને તમારી પાસેથી જે કાંઈ મળ્યું છે; તે જો મેં વસુમતિને આપ્યું તો તેમાં મેં શું વધારે કર્યું! તેમ છતાં તમે મારી પ્રશંસા કરો છો એ તો તમારી બીજી વિશેષતા છે. એ તો સજ્જનોનો સ્વભાવ જ હોય છે કે, તેઓ મહાન્ કાર્યો કરે છે પણ યશ મળવાનો સમય આવે છે ત્યારે પાછળ હટી જાય છે અને તેનું શ્રેય બીજાને આપી દે છે. ખેર! આ સમય, વસુમતિની વિશેષતાનું શ્રેય કોને મળવું જોઈએ! એ વિષે વિવાદ કરવાનો નથી પણ આ સમયે તો વસુમતિનું ભાવિ જીવન

[illegible] છે. આ વિષે
તમે પોતે શો વિચાર કર્યો છે તે જાણ્યા બાદ હું આ વિષે મારું
નિવેદન આપની સમક્ષ રજૂ કરવું ઉચિત સમજું છું.

દધિવાહન—હાં, હાં, આનંદ કરો! વસુમતિના વિષે તમે
જેટલો અધિકાર છે તેટલો મારો પણ છે. [illegible]
[illegible]
બનાવવાની ચિન્તા [illegible] સ્વાભાવિક છે.

ધારિણી—સ્વામી! તમારી વાતોમાં વસુમતિ વિષે મારે
કોઈ પ્રકારની ચિન્તા કરવાની આવશ્યકતા નથી. તમે કદી એક-
પક્ષીય વિચાર કરી ન નાંખો અને વસુમતિને સુખી બનાવવાની
ભાવના હોવા છતાં તેને દુઃખી બનાવવાનું કામ કરી ન બેસો એમ
વિચારી હું તમને નિવેદન કરવા આવું છું. 'સ્ત્રી' હોવાને કારણે અને
સ્ત્રીજીવન સંબંધી જે અનુભવ મળ્યો છે તેનો લાભ વસુમતિને મળે,
એવી મારી ભાવના છે.

દધિવાહન—તમારી ભાવના એવી જ હોવી જોઈએ. વસુમતિના
વિષે જે વાત ખાસ ધ્યાનમાં રાખવાની હોય તે અને તમે જે
કહેવા ચાહતા હો તે ખુશીથી કહો।

ધારિણી—આજકાલ સંસારમાં, કન્યાને સુખી બનાવવાના
માટે તેનો વિવાહ કરી નાંખવો અને તેને કોઈ યોગ્ય પતિની પત્ની
બનાવી દેવી એ સાચો ઉપાય છે એમ માનવામાં આવે છે; હું પણ
આમ જ માનતી હતી કે, વસુમતિનો કોઈ યોગ્ય રાજકુમારની સાથે
વિવાહ કરી નાંખવો પણ જ્યારે પુરુષોના સ્વભાવ તરફ નજર ફેરવું
છું ત્યારે એમ કરતાં ગભરાઉં છું. કારણ કે આજકાલ અધિકાંશ
પુરુષોની દૃષ્ટિમાં સ્ત્રીઓ તુચ્છ અને પતિત ગણવામાં આવે છે.
તેઓ સ્ત્રીઓને કેવળ પોતાની કામપિપાસાને શાન્ત કરવાનું એક
માત્ર સાધન માને છે; તેથી વિશેષ તેમની દૃષ્ટિમાં સ્ત્રીઓનું કાંઈ
મહત્ત્વ નથી. કેટલાક પુરુષો, સ્ત્રીઓને પોતાના પગના જોડાની માફક

ગણી તેમની અવહેલના પણ કરે છે, તેમનો તિરસ્કાર કરે છે અને તેમની સાથે અમાનુષિક–પશુતાપૂર્ણ વ્યવહાર પણ કરે છે, અને તેમાં સાધારણ પુરુષોની અપેક્ષા રાજપરિવારના પુરુષોનો સ્ત્રીઓ પ્રતિનો દુર્વ્યવહાર તેથી પણ વિશેષ વધેલો છે. આ દુર્વ્યવહાર દોષની સાથે રાજપુરુષોમાં તો બહુવિવાહ, મદ્યપાન, શિકાર, નાટક વગેરે બીજાં અનેક દોષો પણ વધેલાં છે. કેટલાક રાજપુરુષો તો નવો વિવાહ કર્યા પછી તો જુની સ્ત્રી સાથે બોલતા પણ નથી. જો કે, પુરુષોની આ ખરાબ આદતોથી વસુમતિ દુઃખી થશે એવી મને ચિન્તા નથી કારણ કે, મને આત્મવિશ્વાસ છે કે, વસુમતિ પોતાના સદ્‌ગુણો દ્વારા પોતાના જીવનમાર્ગને કંટકરહિત અને સાફ બનાવી શકશે તો પણ તેના જીવનમાં જે શિક્ષણસંસ્કારો રેડવામાં આવ્યાં છે એ સંસ્કારોનો વિકાસ કરવા માટે તેને ઉપયુક્ત ક્ષેત્ર અને તેને યોગ્ય સહાયક પણ મળવાં જોઈએ. મેં વસુમતિના જે વિચારો સાંભળ્યા છે તથા મારી પણ એવી ભાવના છે તે પ્રમાણે વસુમતિ માનવસમાજની સમક્ષ એક નવીન આદર્શની સૃષ્ટિ ઉભી કરે પણ એ તો ત્યારે જ બની શકે કે, જ્યારે તેને એવો યોગ્ય પતિ મળે. જો વસુમતિને એવો કાર્યસાધક પતિ ન મળે તો તેનું દામ્પત્યજીવન સુખપૂર્વક વ્યતીત ન થાય તેમ મારી તથા વસુમતિની હૃદયભાવના પણ કાર્યરૂપમાં પરિણત ન થાય. મેં વસુમતિને જન્મ આપ્યો છે, તેનું પાલનપોષણ કર્યું છે, તેને [illegible] આપ્યું છે અને તેનામાં સારાં સંસ્કારો પણ રેડયાં છે; [illegible] હું તેનો વિવાહ કોઈ રાજપુરુષની સાથે કરું અને તે પુરુષને [illegible] સાથે જ ધનસંપત્તિ પણ આપું, વસુમતિ તે પુરુષની દાસી [illegible] રહે અને તેમ છતાં જો તે પુરુષ વસુમતિની સેવાનો [illegible] ન લે, વસુમતિની સાથે નીચતાપૂર્વક અને અમાનુષિક–[illegible] કરે તો તે વખતે વસુમતિને હૃદયમાં કેટલું બધું દુઃખ [illegible] અને ત્યારે મને અને તમને પણ કેટલો બધો ખેદ અને [illegible]! કેટલું જ નહિ, એવી દશામાં તો વસુમતિની અને

સાથે વસુમતિનો વિવાહ કરવાનું નક્કી કરીશ પણ યોગ્યતાનો વિચાર અને તેની પરીક્ષા કર્યા વિના હું કોઈ પુરુષની સાથે વસુમતિનો વિવાહ નહિ કરું. એ વાત જુદી છે કે, મારી પરીક્ષાના સમયે તો તે પુરુષ યોગ્ય સિદ્ધ થાય પણ વિવાહ થયા પછી અયોગ્ય બની જાય. પણ એવી ભાવિ ઘટનાની આશંકા કરવી અને તે ઘટનાને રોકવી એનો તો કોઈ અત્યારે ઉપાય પણ નથી. અને એ પ્રકારની આશંકા, ચિંતા કે એવા સંદેહને સ્થાન આપવું એ પણ ઠીક નથી. વસુમતિની યોગ્યતા જોઈને આપણે એટલો તો વિશ્વાસ રાખવો જોઈએ કે, વસુમતિના સંસર્ગમાં આવેલો યોગ્ય પુરુષ પછી અયોગ્ય બનશે નહિ. વસુમતિ પોતાના સદ્‌ગુણોદ્વારા અયોગ્યને પણ યોગ્ય બનાવી શકે એટલી શક્તિ ધરાવે છે તો યોગ્ય પુરુષને અયોગ્ય તો નહીં જ બનવા દે એટલો વિશ્વાસ તો આપણે રાખવો જ જોઈએ. આમ હોવા છતાં, જો વસુમતિનો યોગ્ય પતિ પણ વંઠી જાય તો એ વસુમતિની જ અપૂર્ણતા છે એમ માનવું જોઈએ. સુશીલ અને યોગ્ય સ્ત્રી પોતાના પતિત પતિને પણ શ્રેષ્ઠ બનાવી શકે છે એના અનેક ઉદાહરણો પણ મળે છે. અનેક સ્ત્રીઓએ પોતાના દુરાચારી અને અયોગ્ય પતિને સદાચારી અને યોગ્ય બનાવેલ છે. તેઓએ પોતાના ધર્મની તો રક્ષા કરી જ છે પણ સાથે સાથે પોતાના પતિને પણ ધર્મશીલ બનાવેલ છે. જે સ્ત્રીઓ, આવું સ્ત્રીપરાક્રમ બતાવી શકતી નથી તેઓમાં સદ્‌ગુણોની અપૂર્ણતા છે એમ સમજવું જોઈએ અને એનો ખરેખરો દોષ એ સ્ત્રીની માતા ઉપર પણ આવે છે કે, માતાએ પોતાની પુત્રીને સદ્‌ગુણોની પૂરેપૂરી શિક્ષા આપી સદ્‌ગુણી બનાવેલ નથી. જો તમને વસુમતિના સદ્‌ગુણો ઉપર અટલ વિશ્વાસ છે તો પછી તેના વિષે આ પ્રકારની આશંકા-ચિન્તા કરવી તે બીનજરૂરી તેમજ અસ્થાને છે. તો પછી સદ્‌ગુણી પુત્રીનો સંબંધ અને તેના પુરુષની સાથે થઈ જાય તો પણ તે પોતાના પતિને સદ્‌ગુણશીલ જ બનાવી લેશે.

[illegible]

[illegible] વિચાર કરવા [illegible] વિવાહ [illegible]

[illegible] કરવામાં આવે છે તે ઠીક નથી લાગતું. [illegible]

[illegible] પુરુષોને [illegible] 'બ્રહ્મચારિણી' [illegible] આ માટે તેને વિવાહબંધનથી [illegible] રાખવામાં આવે તો 'બ્રહ્મચારિણી' જ કેમ ન કહે? વિવાહબંધનમાં બંધાયા પછી તે કેવળ એક જ પુરુષને સુધારી શકશે પણ 'બ્રહ્મચારિણી' રહીને તે તો અનેક પુરુષોને સુધારી શકે છે. વસુમતિનો વિવાહ કરવાથી તો એવું [illegible] પરંતુ [illegible] એવું સુધારકોમાં પણ વિવાહ [illegible] વસુમતિએ [illegible] પાડી. [illegible] જે વિચારો પ્રકટ કર્યા છે તે ઉપરથી પણ એનો વિચાર પણ વિવાહ ન કરવાનો જ જણાય છે. વસુમતિએ સખીઓને કહ્યું છે કે, "હું કોઈની સાથે પ્રેમસંબંધ તોડી બીજાની સાથે પ્રેમસંબંધ જોડવા [illegible] નથી પણ હું તો એવો વિરલ પ્રેમસંબંધ [illegible] સ્થાપિત કરવા ચાહું છું કે જેથી તે બંધનને તોડવાનો જ વખત રહે નહિ." વસુમતિનું આ કથન ત્યારે જ સાર્થક થાય કે જ્યારે તે 'બ્રહ્મચારિણી' જ રહે. મારી પણ એ જ ભાવના છે કે, વસુમતિ દ્વારા માનવસમાજનું કલ્યાણ થાય, માનવસમાજ સમક્ષ કલ્યાણનો કોઈ ઉત્કૃષ્ટ આદર્શ ઉપસ્થિત થાય અને સાથે પોતે પણ ઉચ્ચ

સ્થિતિને પામે. મારી આ ભાવના પણ પૂર્ણ ત્યારે જ થાય કે જ્યારે વસુમતિ વિવાહબંધનમાં બંધાય નહિ. આ બધી વાતોને દૃષ્ટિ સમક્ષ રાખી, હું તો એ જ યોગ્ય સમજું છું કે વસુમતિને વિવાહબંધનમાં બાંધવામાં ન આવે પણ તેને 'બ્રહ્મચારિણી' જ રહેવા દેવામાં આવે.

દધિવાહન—રાણી! તમારું કહેવું ઠીક છે કે, પુરુષોને સુધારવા માટે સ્ત્રીઓએ કષ્ટો સહન કરવાં પડે છે અને પોતાનાં સુખોનો ભોગ આપવો પડે છે પણ આમ કર્યા વિના તો કામ ચાલી નથી શકતું ને? એક ધર્મપરાયણ સ્ત્રીને માટે પોતાના પતિને સુમાર્ગ ઉપર લાવવા માટે એટલો આત્મભોગ આપવો આવશ્યક પણ છે. પણ જે સ્ત્રી, વિલાસપ્રિય છે, જે પતિની સાથે વિલાસભોગ ભોગવવાની જ ઇચ્છા રાખે છે, જેને પોતાના પતિના હિતની કશી ચિન્તા પણ નથી તે સ્ત્રીઓ પુરુષોને સુધારી શકતી નથી અને એવી વિલાસકાંક્ષિણી સ્ત્રીઓને માથે કષ્ટ પડે એ પણ સ્વાભાવિક છે. કિન્તુ જે સ્ત્રીઓ પોતાને પતિની સહધર્મિણી માને છે, અને જે વિલાસપ્રિય નથી પણ જે પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહે છે, તે ધર્મપરાયણ સ્ત્રી પોતાના પતિને સુધારવા માટે સ્વેચ્છાએ કષ્ટો સહન કર્યા વિના પણ રહેતી નથી. એવી ધર્મશીલા સ્ત્રીઓ તો પોતાના માનેલા સુખને ઠોકર મારે છે અને પતિને સુખી બનાવવામાં જ પ્રયત્નશીલ રહે છે. તમે પણ, મને સુમાર્ગ ઉપર સ્થિર કરવા માટે વિલાસસુખને ઠોકર મારી અને અનેક કષ્ટોને સહર્ષ સહન કર્યાં તો પછી વસુમતિ શું એમ કરી નહિ શકે? સુખ, સુખની આકાંક્ષા કરવાથી મળતું નથી પરન્તુ દુઃખ સહેવાથી સુખ મળે છે. પતિને સુધારવા જતાં વસુમતિને કષ્ટો સહન કરવાં પડશે એ ભયથી, તેને અવિવાહિત રાખવી, તે કોઈપણ રીતે ઠીક નથી.

ધારિણી—મહારાજ! તમે મને મારું જ ઉદાહરણ આપી નિરુત્તર કરવાનો પ્રયત્ન કર્યો પણ હું મારા જ ઉદાહરણ વડે મારી વાતને પુષ્ટ કરવા ચાહું છું. જો કે, તમે મારા માટે જે પ્રશંસાત્મક વાત કહી

જેને હું આરંભ ગણું છું તોપણ થોડા સમય માટે એ અર્થશાસ્ત્રો
સાથે વહેવારીને પણ આપને પૂછું છું કે, આપને સુમાર્ગ ઉપર લા
કરવા માટે મેં જે કષ્ટો સહ્યાં અને જે ત્યાગ કર્યો તે જ કષ્ટસહ
અને ત્યાગ જો મેં બ્રહ્મચર્યપૂર્વક કર્યાં હોત, જો હું વિવાહબંધનમાં
બંધાઈ ન હોત તો કેટલા બધા પુરુષોને સુધારી શકત ! તે આપ
જ કહો ! પ્રત્યેક મનુષ્યને, કાર્યક્ષેત્રમાં પડે છે ત્યારે જ અનુભવ
મળે છે. તે અનુભવના આધારે હું એ નિર્ણય ઉપર આવી છું કે,
ક્ષમતાશક્તિ હોવા છતાં બ્રહ્મચર્યનું પાલન ન કરવું. વિવાહબંધનમાં
સપડાઈ જવું એ પોતાના વિશાળ સુધારક્ષેત્રને સંકુચિત બનાવવા જેવું
છે. હું કષ્ટોના ભયથી જ વસુમતિને 'બ્રહ્મચારિણી' બનાવવા ચાહતી
નથી; પણ અધિકાધિક કષ્ટોને સહન કરવા તૈયાર રહેવા માટે વિવાહબંધનથી
તેને બચાવવા ચાહું છું. આપની સેવા કરતાં મને જે અનુભવો મળ્યાં
છે તે અનુભવોનો લાભ વસુમતિને મળે અને મારા એ અનુભવોદ્વારા
પોતાની જીવનશક્તિનો યોગ્ય કાર્યમાં ઉપયોગ કરે એ જ હું ચાહું છું.
વિવાહ કરવાની અપેક્ષા બ્રહ્મચર્યનું પાલન કરવું કાંઈ ખરાબ નથી
પણ સારું જ છે. એટલા માટે વસુમતિને વિવાહબંધનમાં ન બાંધતાં
તેને 'બ્રહ્મચારિણી' જ રાખવામાં આવે એ જ મારી ઇચ્છા છે.
જો વસુમતિ બ્રહ્મચારિણી રહે તો જ તે પોતાના ગુણોનો વિકાસ
કરી પૂર્ણ સુખી બની શકશે અને એ રીતે મારી ભાવના પણ પૂર્ણ
થઈ શકશે. ધારિણીની વાત સાંભળી મહારાજા આશ્ચર્યચકિત થઈ ગયા.

દધિવાહન— રાણી ! હું એ જાણતો ન હતો કે તમારી ત્યાગ-
ભાવના આટલી બધી છે ! આજે તમારા વિચારો સાંભળી પ્રસન્નતા
થઈ અને સાથે આશ્ચર્ય પણ. હું પણ બ્રહ્મચર્યને ખરાબ માનતો
નથી અને સાથે એ પણ સ્વીકારું છું કે, તમે મને સુધારવા માટે જે
કષ્ટો સહન કર્યાં અને જે ત્યાગ કર્યો એ જ કષ્ટસહન અને ત્યાગનો,
વિવાહબંધનમાં ન પડી, બ્રહ્મચર્યપૂર્વક, માનવસમાજને સુધારવામાં
ઉપયોગ કર્યો હોત તો અવશ્ય તમારા હાથે અનેક પુરુષોનો સુધાર

થઈ શકત. જ્યારે તમારા જેવી જ રાજકન્યા વસુમતિ 'બ્રહ્મચારિણી' રહી ઉપદેશ આપે તો અનેક પુરુષોનો સુધાર થાય એમાં કાંઇ આશ્ચર્ય કે શંકાને સ્થાન નથી. પણ રાણી! બ્રહ્મચર્યપૂર્વક જીવન વ્યતીત કરવું એ કાંઈ બાળકોના ખેલ જેવું સરલ કાર્ય નથી. કામના વેગને રોકવો તે મદોન્મત્ત હાથીને રોકવા કરતાં પણ વધારે કઠિન છે. પ્રારંભમાં કોઈ આવેશમાં આવી જઈ બ્રહ્મચર્ય પાળવા માંડે છે પણ આગળ જતાં પોતાના નિશ્ચયને દૃઢ રાખી શકતા નથી. એટલું જ નહિ પણ કામનો આવેગ ન રોકી શકવાને કારણે, બ્રહ્મચર્યથી પતિત પણ થઈ જાય છે. વસુમતિને, બ્રહ્મચર્યની ઉત્કૃષ્ટતાનો વિચાર કરી, બ્રહ્મચારિણી બનાવીએ છીએ પણ આગળ જતાં જો તે બ્રહ્મચર્યનું બરાબર પાલન કરી નહિ શકે તો તેનું પોતાનું પતન તો થશે જ પણ સાથે સાથે આપણું કુળ-વંશ પણ કલંકિત થશે. આ સિવાય એક બીજી પણ વાત છે. સાંસારિક પ્રથા પ્રમાણે, કન્યાનો વિવાહ કરવાની યોજના કરવી તે આપણું કર્ત્તવ્ય છે. હા, વિવાહ નક્કી કરીએ તે સમયે કન્યાની સ્વીકૃતિ લેવી આવશ્યક છે; પણ કન્યાને બ્રહ્મચારિણી ત્યારે જ રાખી શકાય, તેનો વિવાહ ત્યારે જ ન કરવામાં આવે કે, જ્યારે કન્યા પોતે બ્રહ્મચારિણી રહેવાની ઇચ્છા પ્રદર્શિત કરે. માતા-પિતા કન્યાની સમ્મતિ વિના તેનો વિવાહ પણ કરી શકતા નથી તેમ તેને બ્રહ્મચારિણી પણ રાખી શકતા નથી. વિવાહ કરવો કે બ્રહ્મચારિણી બનવું એ બન્ને વાતો કન્યાની ઇચ્છા ઉપર આધાર રાખે છે. કન્યાની ઇચ્છા વિરુદ્ધ જેમ તેનો વિવાહ કરવો પણ અનુચિત છે તેમ તેને 'બ્રહ્મચારિણી' રાખવી એ પણ અનુચિત છે.

ધારિણી— મહારાજ! આપનું કહેવું બરાબર છે. હું પણ વસુમતિને પરાણે બ્રહ્મચારિણી બનાવવા ચાહતી નથી. પણ જ્યાંસુધી હું વસુમતિના વિચારો સમજી શકી છું ત્યાંસુધી તે પોતે જ બ્રહ્મચારિણી રહેવા ચાહે છે, વિવાહ કરવા ચાહતી નથી.

દધિવાહન— રાણી ! કોઈ વાતનું અનુમાન કરી, એ અનુમાનને આધારે કોઈ કામ કરી નાંખવું તે ઠીક નથી.

ધારિણી— મહારાજ ! તો વસુમતિના વિવાહની યોજના કર્યાં પહેલાં, વિવાહ કરવા તે ચાહે છે કે નહિ એ વિષે વસુમતિની સ્પષ્ટ સમ્મતિ લેવામાં આવે અને પછી તે જે પ્રમાણે કહે તે પ્રમાણે યોજના કરવામાં આવે એ ઠીક રહેશે. જો વસુમતિ વિવાહ કરવા ચાહે તો યોગ્ય વર શોધી તેની સાથે વિવાહ કરી દેવામાં આવે અને જો તે બ્રહ્મચારિણી રહેવા ચાહે તો પરાણે તેનો વિવાહ પણ કરવામાં ન આવે.

દધિવાહન— તમારું આ કથન યુક્તિસંગત છે. તમે વસુમતિ સાથે આ વિષે વિચારવિનિમય કરી મને નિશ્ચિત વિચાર જણાવો કે જેથી કોઈ માર્ગ નક્કી કરી શકાય.

દધિવાહન અને ધારિણીની વાતચીતનો નિર્ણય વસુમતિના અંતિમ વિચાર ઉપર રહ્યો. આ પ્રમાણે બન્નેની વાતચીતનો અંત આવ્યો અને બન્ને યથાસ્થાને સુઈ ગયાં.

✍

: પ્ર કર ણ :

[૩]

વિવાહ, એ ઋણ છે

મુક્તિમંદિરનું દ્વાર શુદ્ધ ચારિત્રધર્મ છે,
આચારમાં ન આવે તો, વિચારો માત્ર શૂન્ય છે;
વિચારોને પચાવીને, ગ્રહી વિવેકબુદ્ધથી
ગૃહિધર્મ મુનિધર્મ, યથાશક્તિ, સમાચરો.–જિનાગમ

એક બાજુ સુખ છે તો બીજી બાજુ દુઃખ છે, એક બાજુ સજ્જનતા છે તો બીજી બાજુ દુર્જનતા છે, એક બાજુ ગાનતાલ થાય છે તો બીજી બાજુ કરુણ વેદનાની ચીસો સંભળાય છે, એક બાજુ સજ્જનો બીજાના સુખ માટે દુઃખો સહન કરે છે તો બીજી બાજુ દુર્જનો પોતાનો સ્વાર્થ સાધવા માટે બીજાનું સુખ લૂંટવા પણ તૈયાર થઈ જાય છે. આ બધી સંસારની વિચિત્રતા છે. વિચારકો માટે તો સંસારની આ વિષમતા અને વિચિત્રતા વિચારનું એક કારણ બની જાય છે અને એ વિચારને પરિણામે જ્યાં વિષમતા ન હોય એવા માર્ગે જવા તેઓ પ્રયત્ન કરે છે.

સુંદર વસન્ત ઋતુનો સમય છે, આંબાના ઝાડ ઉપર મોર ખીલી ઉઠયાં છે, ભમરાઓ તેનાં ઉપર ગુંજારવ કરી રહ્યા છે અને મંજરીનું રસપાન કરી કોયલ પણ મસ્ત બની ગઈ છે. આવી વસન્ત ઋતુમાં આમ્રમંજરીનું રસપાન કરી કોયલે અવશ્ય ટહૂકવું જોઈએ છતાં તે કેમ ચુપ બેઠેલી જણાય છે ! અરે-રે ! કોયલ શા માટે ટહૂકતી નથી ? એનું કારણ સમજવામાં આવી ગયું. તે કોયલ એક ગંભીર વિચારમાં પડેલી છે. તે વિચારે છે કે, આ સમયે હું શી રીતે ટહૂકું ! એક બાજુ તો ભમરાઓ પોતાની તાનમાં અવાજ કરી રહ્યા છે ! એક બાજુ કંક પક્ષી કર્ણકટુ શબ્દમાં બોલી રહ્યું છે ! જ્યારે બીજી બાજુ વૃક્ષ ઉપર બેઠેલા વાંદરાઓ હા-હૂ કરી રહ્યા છે ! તો કયાંય કાગડાઓ કર્કશ સ્વરમાં કાં-કાં-કાં, કરી રહ્યા છે તો આ બાજુ શિયાળો પણ ઊંચે અવાજે રોઈ રહ્યા છે ! આ પ્રકારની વિષમતા જોઈને જ કોયલ ચૂપ બેસી રહી છે અને અનુકૂલ ઋતુ હોવા છતાં ટહૂકતી નથી !

કવિની કલ્પનાનુસાર, જે વૈષમ્ય કોયલની સામે હતું તેવું જ વૈષમ્ય, આજે દધિવાહનને ત્યાં તરવરતું હતું. એક બાજુ તો મહેલમાં બેઠેલા રાજા-રાણી, વસુમતિના વિવાહ કરવા-ન કરવા વિષે વિચાર કરી રહ્યા હતા જ્યારે બીજી બાજુ પોતાના મહેલમાં બેઠેલી રાજકુમારી વસુમતિ કાંઈ બીજું જ વિચારી રહી હતી.

વસુમતિના મનમાં એવા વિચારતરંગો ઉઠવા લાગ્યાં કે:-' હું જે સ્ત્રીજાતિમાં જન્મી છું તે સ્ત્રીજાતિની આજે કેવી દુર્દશા છે ? પોતાની મૂર્ખતાથી અને મૂર્ખતાનો લાભ લેનાર પુરુષોના અત્યાચારથી એ સ્ત્રીજાતિ, કેટલી બધી સંત્રસ્ત અને પીડિત છે. આજે પુરુષોની દૃષ્ટિમાં સ્ત્રીઓની બીજી ભોગ્ય વસ્તુઓમાં ગણના કરવામાં આવે છે. એથી વિશેષ સ્ત્રીઓનું બીજું કાંઈ મહત્ત્વ નથી. મારી બહેનો પણ એક જ પ્રવાહમાં વહી રહી છે. તેઓને પોતાના પતનનું અને પોતાની દુર્દશાનું

પણ ભાન નથી. જો સ્ત્રીજાતિમાંથી એક પણ સ્ત્રી, ત્યાગ અને સાહસપૂર્વક બહાર આવી સક્રિય કાર્ય કરે તો તે આખી સ્ત્રીજાતિનો ઉદ્ધાર કરી શકે, પણ હાય! તેમનું પતન એટલું બધું થઈ ગયું છે કે, તેઓ પોતાની વર્ત્તમાન સ્થિતિને પણ સમજી શકતી નથી! એવી અવદશામાં પોતાના ઉદ્ધારનો પ્રયત્ન કેવી રીતે કરી શકે?

"હે! પ્રભો! શું હું મારી દીન-હીન બહેનોની કાંઈ સેવા કરી શકીશ? શું મારી દ્વારા તેમનો ઉદ્ધાર થઈ શકશે? અને શું આ મારા તુચ્છ શરીરદ્વારા મારી દુઃખિત બહેનોનો કાંઈ ઉપકાર થઈ શકશે?" આ પ્રમાણે વિચાર કરતી વસુમતિ નિદ્રાધીન થઈ ગઈ. પ્રાતઃકાલના સમયે તેણે એક વિચિત્ર સ્વપ્ન જોયું. સ્વપ્ન જોતાં જ તે આશ્ચર્યપૂર્વક જાગી ઉઠી અને વિચારવા લાગી કે, આ સ્વપ્ન શું સૂચવતું હશે? આ સ્વપ્નને સારું સમજું કે માઠું?

વસુમતિ અસમંજસમાં પડી ગઈ. શું કરવું તેની તેને સૂઝ ન પડી. અસમંજસના ખેદને કારણે તેનું શરીર પરસેવાથી તરબોળ થઈ ગયું. તેણે અસમંજસને દૂર કરવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ તેમાં તે સફળ ન નીવડી. આખરે તે પથારીમાંથી ઉઠી પાસેની અશોકવાડીમાં ફરવા ચાલી ગઈ અને ત્યાં એક વૃક્ષને નીચે બેસી, ગાલ ઉપર હાથનો ટેકો આપી, સ્વપ્નના ફળ વિષે ઊંડો વિચાર કરવા લાગી.

પ્રાતઃકાલ થતાં જ, વસુમતિની સખીઓ, વસુમતિને ઉઠાડવા તેના શયનાગારમાં આવી, પણ પથારી ઉપર વસુમતિને સૂતેલી ન જોતાં તેમને બહુ આશ્ચર્ય થયું અને સાથે ચિન્તા પણ થઈ. સખીઓ વિચારવા લાગી કે, કોઈ દિવસ નહિ ને આજે અનાયાસ જ વસુમતિ ક્યાં ચાલી ગઈ? તે રાજકુમારી છે અને યુવતી છે. ક્યાંય એવી દુર્ઘટના તો ઘટી નહિ હોય ને કે જેથી આ નિર્મલ રાજવંશ ઉપર

કોઈ પ્રકારનું ખોટું ખાવું ! આ પ્રમાણે સિવાય કરની સખીઓ વસુમતિને જોવા લાગી, કોઈના કોઈના મનમાં વસુમતિ વિચારમગ્ન થઈ રહી હતી એમ લાગ્યું.

વસુમતિને વિચારમગ્ન અને ચિન્તાતુર જોઈને કેટલીક તેની સખીઓ કહેવા લાગી કે, 'રાજકુમારી, આજે આપ આમ કેમ ? આંખો ઉપરથી શું થયું છે ? કેમ આવી ગયાં ! અહીં આપણી કોઈને ખુશીના પણ ન આવી ! આજે તમને શું થયું ? અહીં આવ્યા પછી. એ તો ખોટું થયું કે, આપ એકાએક તમારા આવ્યા છતાંની ખબર અમે મહારાજ કે મહારાણી કે બીજા કોઈને આપી નહીં. નહીં તો કેટલું ખરાબ કહેવાય ! લોકો શું ધારે ! તમે રાજકુમારી છો અને યુવતી છો એટલે તમારે આ પ્રમાણે બેસવા અને આવવું ઠીક નથી. અમારામાંથી કોઈને સાથે લઈને જ ઘેરથી નીકળવું જોઈતું હતું. ખેર ! જે થયું તે થયું. હવે એ બતાવો કે, તમે શા કારણે આટલા બધા ચિન્તાતુર જણાઓ છો ! તમને કોઈ દિવસ આટલા બધા ચિન્તાતુર જોયા નથી. આજે તો તમે બહુ ચિન્તાતુર જણાઓ છો !

સખીઓની વાતચીતથી વસુમતિની વિચારપરંપરા તૂટી ગઈ. એકવાર તેણે સખીઓ સામે જોયું પણ સખીઓની વાત પૂરી થતાં જ તે પાછી પહેલાંની માફક વિચારમગ્ન થઈ ગઈ. આ પ્રમાણે વસુમતિને વિચારમગ્ન થતી જોઈ સખીઓને પણ આશ્ચર્ય થયું અને શું કારણ હશે ! તે વિષે વિચાર કરવા લાગી.

એક સખી— બેન વસુમતિ ! તમે તો અમારી વાત પણ સાંભળતા નથી અને સાંભળો છો તો તે ઉપર ધ્યાન પણ આપતા નથી. અમે તમારી ચિન્તાનું કારણ પૂછીએ છીએ તો જવાબ પણ આપતા નથી !

બીજી સખી—રાજકુમારીની ચિન્તાનું કારણ રાજકુમારીને કેમ પૂછો છો ? શું રાજકુમારી એવી નિર્લજ્જ છે કે, સ્પષ્ટરૂપે

ચિન્તાનું કારણ તમને જણાવે? એવી તો કોઈ સાધારણ કન્યા પણ નહિ હોય કે, જે ચિન્તાનું કારણ પોતે સ્પષ્ટપણે કહી બતાવે! આ તો વળી રાજકુમારી છે તે સ્પષ્ટપણે પોતાના ભાવ કેમ બતાવી શકે? પણ તમે એ સ્પષ્ટ જોઈ શકતા નથી કે રાજકુમારીને કોઈ બીજી ચિન્તા હોવાનું શું કારણ હોય! જુઓ! રાજકુમારીના શરીર ઉપર યૌવને પોતાનું પ્રભુત્વ કેટલું બધું જમાવ્યું છે! રાજકુમારીના રૂપરંગ જ બદલાઈ ગયા છે. અત્યારે રાજકુમારી યૌવનને આંગણે ઉભેલી છે! જેમ માલતી લતા આમ્રવૃક્ષને ભેટવા તલસે તેવી રાજકુમારીની સ્થિતિ થઈ ગઈ છે. છતાં અત્યારસુધી રાજકુમારીનો વિવાહ થયો નથી એ શું ચિન્તાનું કારણ નથી? આ સિવાય રાજકુમારીને બીજી ચિન્તા શી હોઈ શકે? એ તો આપણે પણ સમજી શકીએ છીએ તો પછી રાજકુમારીને ચિન્તાનું કારણ શું પૂછવું?

ત્રીજી સખી— તમારી વાત બરાબર છે. યુવાવસ્થાને પ્રાપ્ત થવા છતાં વિવાહ ન થવો એ બુદ્ધિશાળી કન્યા માટે જરૂર ચિન્તાનો વિષય છે.

ત્રીજી સખી— પણ બેન! ચિન્તા કરી શરીરને ક્ષીણ બનાવવાથી શું વળે? મહારાજ અને મહારાણી પણ પોતાની પ્રિય પુત્રીના વિવાહ માટે ચિંતા કરે છે. તેઓ રાજકુમારીના યોગ્ય વરની શોધમાં છે. હા, જો કે તેઓ એ વિષે બહુ જલ્દી કરતા નથી તો હું આજે રાજકુમારીના વિવાહ જલ્દી કરવા વિષે મહારાણીને નિવેદન કરીશ. બેન વસુમતિ! ચાલો, હવે બહુ ચિન્તા ન કરો. હવે તમે થોડા સમયમાં જ કોઈ રાજાની રાણી બનશો, હો!

વસુમતી, પોતાની સખીઓની વાતો ચુપચાપ સાંભળીને પોતાની બહેનોનું કેટલું બધું પતન થઈ ગયું છે તે વિષે વિચાર કરતી હતી કે, આ સખીઓની દૃષ્ટિમાં તો વિષયોની પ્રાપ્તિ ન થવી એ જ

[illegible] છે. [illegible] નથી, હું તો [illegible] છે. [illegible] [illegible] [illegible] અને [illegible] પણ [illegible] [illegible] નથી ત્યાં તો મારી સખીઓએ આ નવો [illegible] કરી આપી [illegible] કરી છે. આવા સમયે હું શું કરું ? [illegible] બીજી અવસ્થાને કેવી રીતે હાથ ધરું ? પરંતુ સખીઓની આ [illegible] આગળ જો હું ચુપચાપ બેઠી રહીશ તો લોકો એમજ માનશે કે, 'આપણે જે વાતનું અનુમાન કર્યું એ જ વાતની પુષ્ટિને [illegible] છે' અને પોતાના અનુમાનને સત્ય માની એ અનુમાનના આધારે સખીઓ માતાપિતાને ન જાણે શું કહેશે ! આ પ્રમાણે સખીઓ માતાપિતાને પણ ચિંતિત કરશે. માટે સર્વપ્રથમ તેમના અનુમાનનું નિરાકરણ કરવું એ જ ઠીક છે.

આ પ્રમાણે વિચાર કરી, પોતાના સ્વપ્નના વિષે વિચાર પ્રકટ ન કરતાં, વસુમતિ સખીઓને કહેવા લાગી કે.–

"સખીઓ ! જો કે જન્મથી લઈ અત્યારસુધી તમારો મારી સાથે ગાઢ સંબંધ રહ્યો છે છતાં તમે, મને તમારા જેવી તુચ્છ વિચારવાળી માની રહ્યા છો. અને એટલે જ હું કોઈ બીજા વિચારોમાં મગ્ન હોવા છતાં, હું વિષયભોગ માટે જન્મેલી હોઉં અને એની પ્રાપ્તિમાં જ મારું જીવન સફળ માનતી હોઉં એવું તમે મારા વિષે અનુમાન કરી રહ્યા છો ! પણ બહેનો ! તમારું આ અનુમાન ખરું જ ભ્રામક છે કારણ કે તમે જેવું અનુમાન કર્યું તેવી વિચારવાળી હું નથી. હું કેવા વિચારો ધરાવું છું એ જો જાણવા માંગતા હો, તો સાંભળો ! "માતાપિતા તથા ધર્માચાર્યનું મારી ઉપર ઋણ છે એમ હું સમજું છું. પ્રત્યેક સ્ત્રીપુરુષને માથે આ ત્રણ પ્રકારનું કરજ હોય છે.

જીવનમાં આ ત્રણ પ્રકારનું ઋણ માથે ચઢે જ છે. જેમ કે સાસુ સસરા, પતિ વગેરેની સહાયતા લેવી એ પણ ઋણ છે. પણ એ ઋણ કરવું કે ન કરવું એ પોતાની ઇચ્છા ઉપર આધાર રાખે છે. જીવનને માટે આ ઋણ માથે ચડાવવું જ જોઈએ એ કોઈ નિયમ નથી તેમ કોઈનો તે વિષે આગ્રહ પણ નથી પણ પોતાની નબળાઈને કારણે એ ઋણ માથે લેવું પડે તો તે વાત જુદી છે. પણ જ્યાંસુધી પહેલાંના ત્રણ પ્રકારના ઋણથી મુક્ત થઈ શકાય નહિ ત્યાંસુધી પોતાના માથે કોઈ પ્રકારનું નવું ઋણ ન ચડાવવું એ વિવેકશીલ પ્રામાણિક મનુષ્યને માટે યોગ્ય છે. કારણ કે પહેલાંના કરજથી મુક્ત ન થયાં પહેલાં જ નવું કરજ કરવું એમાં પ્રામાણિકતા નથી. પહેલાંનું કરજ ચૂકવવું અને આવશ્યક કારણ વિના નવું કરજ માથે ન ચડાવવું એમાં ખરી પ્રામાણિકતા છે. હું તો પહેલાં માતા, પિતા અને ધર્માચાર્યનું મારી માથે જે ઋણ છે એ ઋણને ચૂકવવા ચાહું છું, નવું કરજ માથે ચડાવવા જરા પણ ચાહતી નથી. આવી દશામાં હું વિવાહ કરવા વિષે ચિન્તા કરી રહી છું એ તમારું અનુમાન ક્યાં સુધી ઠીક છે એ તમે જ વિચારી જુઓ! હું મારી માથે માતપિતાનું ઘણું જ કરજ ચડેલું છે એમ માનું છું. અનેક જન્મજન્માંતરો સુધી તેમની સેવાશુશ્રૂષા કરવા છતાં પણ હું તેમના ઋણથી મુક્ત થઈ શકું એમ નથી તો પછી એમની સેવા કરી ઋણમુક્ત થવાના સમયે હું સાસરે જવાની કૃતઘ્નતા કેમ કરી શકું? કરજ ચુકાવવાના સમયે કોઈ પણ પ્રકારનું બહાનું કાઢવું, ઠીક નથી. હું તો સર્વ પ્રથમ મારી માથે જે ઋણનો ભાર છે તે ઉતારવા ચાહું છું. નવું કરજ માથે ચડાવવા ચાહતી નથી. માટે તમે મારા વિષે ભવિષ્યમાં આવું ખોટું અનુમાન કરશો નહિ તેમ કોઈને મારા વિષે આવી વાતો પણ કરશો નહિ એટલી તમને સૂચના આપું છું."

વસુમતિની સ્પષ્ટ વાતો સાંભળી તેની સખીઓ થંભી ગઈ.

સખીઓ—બેન વસુમતિ ! તમે જાણે સંસારથી વિરક્ત થઈ ગયા હો એવી વૈરાગ્યની વાતો કરો છો. પણ કોઈ વ્યક્તિ એમ કેમ માની શકે કે, તમારા જેવી સુંદરી નવયુવતી પતિની ઇચ્છા કરતી ન હોય કે ને વિષે ચિંતા પણ કરતી ન હોય?

વસુમતિ—"વહાલી સખીઓ! જે કન્યાઓ એવા વાતાવરણમાં ઉછરેલી હોય અને જેમને એ વિષેની શિક્ષા આપવામાં આવી હોય તે કન્યાઓને એ વિષે ચિન્તા થાય એ સ્વાભાવિક છે. પણ હું એવા મલિન વાતાવરણમાં ઉછરેલી નથી તેમ મારી માતાએ મને વિષયભોગની લાલસા વધે એવી કુશિક્ષા પણ આપી નથી. બીજી માતાઓ પોતાની પુત્રીને વિષયભોગમાં પ્રવૃત્ત થવાની ભલે શિક્ષા આપતી હોય પણ મારી માતાએ મને શીખડાવ્યું છે કે, આ મનુષ્યજન્મનો ઉદ્દેશ પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી જીવનશુદ્ધિ કરવાનો છે, વિષયભોગમાં પ્રવૃત્ત થઈ આ દુર્લભ મનુષ્ય જન્મનો દુરુપયોગ કરવાનો નથી." આ પ્રમાણે મારી માતાએ મને વિશુદ્ધ બ્રહ્મચર્યને પાળવાની શિક્ષા આપી છે. પણ સાથે સાથે એવી પણ સૂચના આપી છે કે, જો પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તો, દુરાચારનું સેવન ન કરવું પણ એવી અવસ્થામાં સ્થૂલ બ્રહ્મચર્યનું પાલન કરવું અર્થાત્ વિવાહ કરી મર્યાદાપૂર્વક જીવન વ્યતીત કરવું. જીવનનો આ માર્ગ બતાવી મારી માતાએ મને કન્યાધર્મ, પત્નીધર્મ, માતૃધર્મ અને વિધવાધર્મની શિક્ષા આપી છે અર્થાત્ પૂર્ણ બ્રહ્મચર્ય પાળી ન શકાય તો, મર્યાદિત વૈવાહિક જીવન ગાળવામાં કઈ કઈ અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે એ દૃષ્ટિમાં રાખી ઉપરની ચારેય પ્રકારની શિક્ષા મારી માતાએ મને આપી છે.

જે કન્યા, પૂર્ણ બ્રહ્મચર્ય પાળી ન શકવાને કારણે વિવાહ કરે છે તેણે જીવનની ત્રણ ભિન્ન ભિન્ન અવસ્થામાંથી પસાર થવું પડે છે. વિવાહ થતાં જ તે પત્ની બને છે અને ત્યારે પતિ, સાસુ, સસરા, નણંદ, જેઠ, જેઠાણી, દેર, દેરાણી વગેરે પ્રત્યે કેવો વ્યવહાર રાખવો

જોઈએ અને જીવનને સુખમય બનાવવા માટે કયાં કર્તવ્યો બજાવવાં જોઈએ વગેરે વિષે મારી માતાએ 'પત્નીધર્મ' ની શિક્ષા આપી બતાવ્યું છે. જ્યારે વિવાહ થાય છે ત્યારે સંતાનો પણ થાય છે અને માતા પણ બનવું પડે છે. તે વખતે તેનો શો ધર્મ હોવો જોઈએ એ વિષે મારી માતાએ 'માતૃધર્મ' ની શિક્ષા આપી બતાવ્યું છે. વિવાહ થયા પછી કદાચ દૈવવશાત્ પતિનું પરલોકગમન થાય ત્યારે વૈધવ્યજીવન પ્રાપ્ત થાય છે અને કોઈ કોઈ કન્યાઓને તો વિવાહ થતાં જ વૈધવ્યજીવનમાં પ્રવેશ કરવો પડે છે તેવા દુઃખના સમયે ધર્મનું પાલન કેવી રીતે કરવું જોઈએ તે વિષે પણ મારી માતાએ 'વૈધવ્યધર્મ'ની શિક્ષા આપી બરાબર બતાવ્યું છે. આ પ્રમાણે મારી માતાએ પહેલાં તો મને પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શિક્ષા આપી છે પરન્તુ જો પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તો ઉપર કહેલા ચાર પ્રકારના ધર્મોની શિક્ષાનુસાર નીતિપૂર્ણ અને સુખમય જીવન વ્યતીત કરવાની અનુમતિ આપી છે પણ જો પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ હોય તો પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી ઋણમુક્ત થવાનો પ્રયત્ન કરવો પણ જો શક્તિ ન હોય તો શ્વસુરગૃહનું ઋણ માથે ચડાવી નીતિપૂર્વક વૈવાહિક જીવન ગાળી, એ ઋણને ફેડવાની ચેષ્ટા કરવી જોઈએ. પણ વિવાહ એ પોતાની અશક્તિનું અને નવું કરજ માથે ચડાવવાનું કારણ છે એમ માનવું પણ વિવાહનો ઉદ્દેશ વિષયસુખ ભોગવવાનો છે એમ સમજવું ન જોઈએ."

આ પ્રમાણે મારી માતાએ ઉત્સર્ગ માગ તરીકે પૂર્ણ બ્રહ્મચય પાળવાની અને અસમર્થ અવસ્થામાં અપવાદ માર્ગ તરીકે મર્યાદિત વૈવાહિક જીવન ગાળવાની શિક્ષા આપી છે. વહાલી સખીઓ! હવે તમે સમજી શક્યા હશો કે, મારા હૃદયમાં વિવાહ વિષયક ચિન્તા નથી. હું તો એ જ ઉન્નત ભાવના ભાવું છું કે, માતાપિતા વગેરેની સેવા કરી, તેમના ઋણથી પહેલાં મુક્ત થાઉં, નવું કરજ માથે ન ચડાવું અને તે માટે બ્રહ્મચર્યપૂર્વક જીવન વ્યતીત કરું.

બેનો ! હું વિવાહ વિષયક ચિન્તા કરું છું એમ તમે કહો છો પણ એટલો તો વિચાર કરો કે, જેને આજન્મ બ્રહ્મચર્યની શિક્ષા આપવામાં આવી છે, જેને બ્રહ્મચર્યનો આદર્શ બરાબર સમજાવવામાં આવ્યો છે, જેનું લાલનપાલન બ્રહ્મચર્યનો આદર્શ સામે રાખી કરવામાં આવ્યું છે અને જે બ્રહ્મચર્યના વાતાવરણમાં ઉછરેલ છે તેને શું વિવાહ વિષયક ચિન્તા કે ઇચ્છા થાય ખરી ! ના ! જેને માતાપિતાના ઋણથી મુક્ત થવાની શિક્ષા મળી નથી પણ જેને બચપણથી વિવાહના વાતાવરણમાં ઉછેરવામાં આવી છે અને જેનું લાલનપાલન પણ વિવાહનો આદર્શ સામે રાખી કરવામાં આવ્યું છે તે કન્યા વિવાહ વિષયક ચિન્તા કે ઇચ્છા કરે એ સ્વાભાવિક છે. આ રીતે જેઓમાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તે વિવાહ કરવાની ચિન્તા કરે પણ જેનામાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ છે તે તો પૂર્ણ બ્રહ્મચર્યનું બરાબર પાલન કરી, માતાપિતાના ઋણથી મુક્ત થવાનો જ પ્રયત્ન કરે એ ઇષ્ટ છે."

સખીઓ—"બેન વસુમતિ ! ધારિણી માતાએ તમને જે શિક્ષા આપી છે તે શિક્ષા ઉપર તમે બરાબર મનન કે ચિંતન કર્યું હોય એમ નથી લાગતું. મહારાણીએ બ્રહ્મચર્યની શિક્ષા તમને આપી હશે પણ તમે વિવાહ જ ન કરો એવો એ શિક્ષાનો ઉદ્દેશ નહિ હોય। બધા લોકો બ્રહ્મચર્યને શ્રેષ્ઠ ગણે છે, કોઈ એને ખરાબ કહેતું નથી. પરન્તુ આ કથન પોતાને લાગુ નથી પડતું. કોઈ બીજા લોકો બ્રહ્મચર્યનું પાલન કરતા હોય તો તેમની પ્રશંસા કરવા માટે બ્રહ્મચર્યની પ્રશંસા કરવામાં આવે છે પણ પોતે અવિવાહિત રહે એ માટે નહિ. તમારી વાતો ઉપરથી તો એમ પણ જણાય છે કે, સ્ત્રીધર્મથી પણ તમે અજ્ઞાન છો. કન્યા ઉપર માતાપિતાનું ઋણ હોય છે એ વાત સાચી પણ કન્યા વિવાહ કર્યા પહેલાં જ તેમની સેવા કરી, તેમનું ઋણ ચૂકવી આપે છે. વિવાહયોગ્ય થતાં વિવાહ કરી પતિની સેવા કરવી, એ કન્યાનું કર્તવ્ય છે. જો આમ કરવામાં ન આવે અને બધી કન્યાઓ બ્રહ્મચર્યનું પાલન કરે, વિવાહ ન કરે અને માતાપિતાની સેવા જ કરતી

રહે તો તો [illegible] સંસારમાં કોઈ મનુષ્ય જ રહેવાનું નથી. [illegible] ન કરે. [illegible] જીવન, [illegible] કન્યા, પોતાના વિચારની [illegible] વિવેક નહિ કરનાર [illegible] વિવાહની ચિન્તા કરતા ન હો [illegible] તમારે વિવાહ વિષયક ચિન્તા કરવી જોઈએ [illegible] કહેવાનું છે."

વસુમતિ—"બહેનો! તમે બ્રહ્મચર્ય, [illegible] અને કન્યાના કર્તવ્યનો ઉપદેશ આપી જે પ્રશ્ન કર્યો છે, તે [illegible] દષ્ટિએ ભલે યોગ્ય હોય પણ મને તે બરાબર નથી લાગતું, કારણ કે જે બ્રહ્મચર્યપાલન બીજાઓ માટે આચરણીય અને પ્રશંસનીય માનવામાં આવે છે તે પોતાના માટે આચરણીય માનવામાં ન આવે તે કોના ઘરનો ન્યાય? બ્રહ્મચર્યને, કેવળ બીજાઓ માટે જ આચરણીય માનવું અને પોતાના માટે આચરણીય ન માનવું એ ઢોંગીનો મિથ્યાચાર છે. આ પ્રકારના મિથ્યાચારની શિક્ષા મારી માતાએ મને આપી નથી, તેમ મેં શીખી નથી. મને જે શિક્ષા આપવામાં આવી છે તે પોતાના આચરણ માટે, અને એવી શિક્ષા મારી માતાએ મને આપી છે. એવા પણ કપટી લોકો હોય છે કે જેઓ "હાથીના દાંત ખાવાના જુદા અને બતાવવાના જુદા" એ નીતિ પ્રમાણે બીજાને કહે છે જુદું અને પોતે આચરે છે બીજું. પોતે અબ્રહ્મચર્ય સેવે છે અને બીજાને બ્રહ્મચર્યનો ઉપદેશ આપે છે. બહેનો! મને આ પ્રકારની શિક્ષા મળી નથી તેમ એવા પ્રકારનું પાખંડ પણ હું આચરી શકું એમ નથી.

તમે હમણાં કહ્યું કે, જો સંસારની બધી કન્યાઓ બ્રહ્મચર્યનું પાલન કરવા માંડે તો સંસાર જ શૂન્ય બની જાય. બહેનો! પહેલાં તો સંસારની બધી કન્યાઓ બ્રહ્મચર્યનું પાલન કરે એ જ અસંભવ

જેવું છે અને બીજું આ અનાદિ સંસારનો અંત થવો પણ અસંભવ છે, કારણ કે સંસારમાં અનેક કન્યાઓ પતિ ન મળવાને કારણે અવિવાહિતા રહે છે, અનેક બ્રહ્મચર્ય પાળવાના ઉદ્દેશે વિવાહ કરતી નથી અને અનેક કન્યાઓ, વિવાહ થતાં જ થોડા દિવસ બાદ વિધવા થઈ જાય છે, તો પણ સંસારમાં કોઈ પ્રકારની ન્યૂનતા જોવામાં આવતી નથી. આવી અવસ્થામાં બ્રહ્મચર્ય પાળવા માટે વિવાહ ન કરવાથી સંસારનો અંત કેમ થઈ જશે ! આમ હોવા છતાં, જો કદાચ બ્રહ્મચર્ય પાળવાના કારણે જ સંસારનો અન્ત થઈ જતો હોય તો એમાં શું ખરાબ છે ? એ તો ઊલટું સારું જ છે ને ?

વળી, તમે કહ્યું કે, કન્યાઓ વિવાહ કર્યા પહેલાં જ માતાપિતાની સેવા કરી ઋણથી મુક્ત થઈ જાય છે. પણ તમારું આ કથન ભૂલ-ભરેલું તેમજ શાસ્ત્રવિરુદ્ધ છે. શાસ્ત્રમાં અનેક જગ્યાએ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, અનેક જન્મજન્માંતરો સુધી માતાપિતાની સેવા કરવા છતાં પણ તેમના મહાન ઋણથી સંતાનો મુક્ત થઈ શકતાં નથી, તો કન્યાઓ, વિવાહ અને યુવાવસ્થાને પ્રાપ્ત થયા પહેલાં જ માતાપિતાના ઋણથી મુક્ત થઈ જાય એમ કેમ બની શકે ? એ સમયે તો કન્યાઓ પોતે પોતાની સારસંભાળ રાખી શકતી નથી એટલું જ નહિ પણ ઊલટું માતાપિતાએ તેમની સારસંભાળ રાખવી પડે છે તો પછી એવી અવસ્થામાં કન્યાઓ માતાપિતાની સેવા કરી ઋણમુક્ત થવામાં સમર્થ કેમ થઈ શકે ? બહેનો ! આ તો પોતાની વિષયવાસનાને ન રોકવાને કારણે જ કેવળ બહાનું માત્ર છે. હું આ પ્રમાણે બહાનું કાઢી, માતા-પિતા પ્રતિ કૃતઘ્ન બનવા ચાહતી નથી. અન્તમાં, તમે વિવાહ ન કરનારી કન્યાઓના જીવનને વનપુષ્પ સમાન વ્યર્થ અને તેમને વિવાહની ચિન્તા ન કરવાને કારણે પશુ જેવી બુદ્ધિહીન કહી, તમે તમારી વિવેકબુદ્ધિની ઊણપ જ બતાવી છે અને તે કારણે જ પશુઓ જેવી પ્રવૃત્તિ કરનારને સારી અને વિવાહની ચિન્તા ન કરનાર કન્યાઓને પશુ જેવી ગણો છો. તમે એટલું પણ ન વિચાર્યું કે, વિષયસેવનની ચિન્તા

તો [illegible] બ્રહ્મચર્યનું પાલન [illegible]
છે, બીજું કાંઈ કરી શકાતું નથી, [illegible] બ્રહ્મચર્યનું પાલન
કરનાર અને વિવાહથી ભિન્ન ન કરનારી [illegible] કેમ [illegible]
છો ? બહેનો ! બ્રહ્મચર્યનો મહિમા અપાર છે. બ્રહ્મચર્યનું પાલન
કરનાર સ્ત્રીપુરુષના ગુણાનુવાદ કરવા એ તો [illegible] જ
અને તેથી બ્રહ્મચર્યનું પાલન કરનારનું ગૌરવ, [illegible] વિશેષ
છે; કારણ કે બ્રહ્મચર્યનું પાલન તો બધા કરી શકતાં નથી. આથી
બહેનો ! બ્રહ્મચર્યને વિવાહથી ઉતરતું ન માનો એમ [illegible] કહું છું
કે, બ્રહ્મચર્ય પાળી ન શકવાને કારણે વિવાહ કરવામાં આવે, પણ એમાં
પોતાની નિર્બળતા રહેલી છે એમ માનવું જોઈએ. એ તો મારી
માતાએ પણ કહ્યું છે કે, જો બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તો
વિવાહ કરી શ્વસુરગૃહનું ઋણ માથે ચડાવવું પણ અનાચારે બ્રહ્મચર્ય
પાળવું નહિ, પણ ઉત્સર્ગમાર્ગ તો બ્રહ્મચર્ય છે અને અપવાદમાર્ગ
વિવાહ છે એ ભૂલવું નહિ. આ પ્રમાણે મારી માતાએ બ્રહ્મચર્યનો
ઉત્સર્ગ માર્ગ અને વિવાહનો અપવાદ માર્ગ એ બન્ને માર્ગો બતાવ્યાં
છે; પરંતુ હું વિવાહનો અપવાદ માર્ગ નહિ પણ બ્રહ્મચર્યના ઉત્સર્ગ
માર્ગે જવા ચાહું છું. જે સ્ત્રીઓએ બ્રહ્મચર્ય પાળી ન શકવાને કારણે
વિવાહ કર્યો છે તે સ્ત્રીઓની હું નિંદા પણ કરતી નથી. હું તો એમને
માતાની જેમ આદરની દૃષ્ટિએ જોઉં છું. મારી માતાએ પણ, પોતે
શ્વસુરગૃહનું ઋણ માથે ચડાવ્યું છે તો શ્વસુરગૃહનું ઋણ માથે ચડા-
વનારી સ્ત્રીઓની નિંદા કેમ કરી શકું ? એમની નિંદા કરવી એ તો
માતાની નિંદા કરવા સમાન છે."

સખીઓ—બેન વસુમતિ ! શું ત્યારે તમારો એવો અભિપ્રાય
છે કે, બધી કન્યાઓએ બ્રહ્મચર્ય જ પાળવું જોઈએ અને વિવાહને
ઋણ સમજી તેથી બચવું જોઈએ ?

વસુમતિ—હાં, બને ત્યાંસુધી તો આમ જ કરવું જોઈએ.
પણ આમ છતાં બધાંએ બ્રહ્મચર્ય પાળવું જ જોઈએ એવી સલાહ

આપતી નથી. પણ એટલું તો અવશ્ય કહું છું કે, અને ત્યાંસુધી શ્વસુરગૃહના ઋણથી બધાંએ બચવું જોઈએ. પણ બ્રહ્મચર્ય પાળી ન શકાય તો શ્વસુરગૃહનું ઋણ માથે ચડાવીને પણ દુરાચારથી બચવું જોઈએ સાધારણ રીતે કરજ માથે ચડાવવું ખરાબ છે પણ જ્યારે કરજ માથે ચડાવ્યા વિના કામ ચાલતું જ ન હોય તો ત્યારે કરજ ન લેવું અને ચોરી કરવી એ અનાચારનું કારણ બની જાય છે. એટલા માટે એવા વખતે કરજ લેવું પણ લાભદાયક છે. આ જ પ્રમાણે જ્યાં સુધી બ્રહ્મચર્ય પાળી શકાય ત્યાંસુધી શ્વસુરગૃહનું ઋણ માથે ન ચડાવવું એ જ સારું છે પણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય તો પતિની સહાયતા લઈ પોતાનામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ વધારવી પણ યોગ્ય છે પરન્તુ આ પ્રકારની અશક્ત બહેનોએ એવું મોટું અભિમાન કરવું ન જોઈએ કે, અમે વિવાહ કરીને કોઈ મોટું કામ કર્યું છે અથવા જેમણે વિવાહ કર્યો નથી તેઓ દુઃખી અથવા પોતાથી ઊતરતી છે, કારણ કે ઇચ્છા હોવા છતાં જેમનો વિવાહ થયો ન હોય તેઓ ભલે દુઃખી હોય પણ જે વિવાહની ભાવના જ રાખતી નથી તે દુઃખી નહિ પણ બહુ જ સુખી છે. જેમ કોઈ સજ્જન કરજ માથે ચડાવીને અભિમાન કરતો નથી તેમ વિવાહનું ઋણ માથે ચડાવનાર બહેનોએ પણ અભિમાન કરવું ન જોઈએ.

જે બહેનો પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતી, પોતાના શરીરને ઈશ્વરના ચરણે સોંપી દે છે તે બહેનોની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી જ છે. પણ જે બહેનો પોતાના માથે વિવાહનું ઋણ ચડાવીને પણ 'પતિવ્રતા' રહે છે અને ધાર્મિકજીવન ગાળે છે તે બહેનો પણ નિંદાને નહિ પણ પ્રશંસાને જ પાત્ર છે. નિંદાને પાત્ર તો તે બહેનો છે કે જેઓ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો ડોળ કરે છે પણ બ્રહ્મચર્યનું પાલન કરતી નથી, વિવાહનું ઋણ માથે ચડાવતી નથી પણ દુરાચાર સેવે છે. આવી સ્ત્રીઓ અવશ્ય નિંદાને પાત્ર છે."

વસુમતિની આવી જ્ઞાનપૂર્ણ વાતો સાંભળી સખીઓ કહેવા

લાગી કેઃ-બેન! આજે તો તમે અમને જે અશ્રુત, અદ્‌ભૂત અને શિક્ષાદાયી વાતો સંભળાવી છે તે સાંભળી અમને ઘણો જ બોધ મળ્યો છે અને તે માટે અમે તમારો આભાર માનીએ છીએ. તમારા ઉચ્ચ અને ઉદાર વિચાર સાંભળી અમને ખાત્રી થઈ છે કે, તમે કોઈ સાધારણ નહિ પણ મહાન્ પ્રભાવશાલિની રાજકુમારી છો.

તમારા જેવા ઉચ્ચ વિચારો સાધારણ કન્યામાં ઉત્પન્ન થઈ જ ન શકે. અમે એમ ધારતી હતી કે, તમે વિવાહવિષયક ચિન્તા કરી રહ્યા છો પણ આજે તમારા ઉચ્ચ વિચારો જાણી અમને ખાત્રી થઈ છે કે, એ અમારો ભ્રમ હતો. અમે અજ્ઞાનવશ તમને કાંઈ કહ્યું હોય તો તેની અમે ક્ષમા ચાહિએ છીએ. પણ સાથે જ અમે એ જાણવા માંગીએ છીએ કે, આપ ત્યારે શું ચિન્તા કરી રહ્યા હતા?

વસુમતિ—બહેનો! હું જે વિચાર કરી રહી હતી, તેને તમે જો ચિન્તા સમજતા હો તો એ તમારી ભૂલ છે. હું કોઈ પ્રકારની ચિન્તામાં પડેલી ન હતી પણ ત્યારે એક ગંભીર વાત ઉપર વિચાર કરી રહી હતી.

સખીઓ—બેન! જો તમને કાંઈ વાંધો ન હોય તો એ ગંભીર વાત શી હતી! તે જાણવા અમે ચાહીએ છીએ.

વસુમતિ—વહાલી સખીઓ! તમે મારી સહચરીઓ છો એટલે તમારાથી હું કોઈ વાત છુપાવવા ચાહતી નથી. હું તમને બધી વાત કહીશ.

ø

સ્વમ

એ સ્વરૈય માટે કો કેનુ-ચરે
પ્રાણ આહુતિ દઉં સર્જનિ !
ન થાઉં ઉભારા-એ ભુમિ૦—દ૦ ૯૦ ગો



જાગ્રતાવસ્થા, સ્વમાવસ્થા, સુષુપ્તિ-અવસ્થા અને તુરીયાવસ્થા એમ ચાર પ્રકારની અવસ્થા છે. જ્યારે ઇન્દ્રિયો અને મન પોતપોતાનું કામ નિયમિત કર્યા કરે છે, તે જાગ્રતાવસ્થા કહેવાય છે. જ્યારે ઇન્દ્રિયો કામ કરતી નથી, સુઈ જાય છે અને મન સુતું નથી પરંતુ પોતાની કલ્પનાસૃષ્ટિમાં જ વિચર્યા કરે છે તે સૃષ્ટિનિર્માણ અને તેમાં વિચરણ કરવું તે સ્વમ છે અને તે દશાનું નામ તે સ્વમાવસ્થા છે. જ્યારે ઇન્દ્રિયોની સાથે મન પણ સુઈ જાય છે, કલ્પનાઓ કરતું નથી અને વ્યવહારમાં જેને સ્વમરહિત પ્રગાઢ નિદ્રા કહેવામાં આવે છે તેનું નામ સુષુપ્તિ-અવસ્થા છે. અને ચોથી મહાત્માઓની ધ્યાના-

પરથાનું નામ નુરીગાવસ્ર, છે. અહીં સ્વપ્ન વિષે જ કંઈ કહેવાનું છે
આ અવસ્થાઓનું વર્ણન તો પ્રાસંગિક કહેવામાં આવ્યું છે

ઇન્દ્રિયો સુપ્ત જ્યારે, સ્વપ્નાવસ્થામાં મન, પોતાનાં સંસ્કારો પ્રમાણે કલ્પના કરે છે. પછી તે સંસ્કાર, ભલે આ જન્મનાં હોય, પૂર્વજન્મનાં હોય, અનુભવજનિત હોય કે કેવળ શ્રવણજનિત હોય. પણ જે વાત સંસ્કારને લગતી હોય છે તે જ વાત સ્પષ્ટ કે ગૂઢ રૂપે સ્વપ્નમાં આવે છે. હા, એ સંસ્કારોની સાથે મનની વિકૃતિ પણ અવશ્ય રહે છે, તો પણ જે વાત સંસ્કારોમાં આવતી નથી તે સ્વપ્નમાં પણ આવતી જ નથી. અનુભવવાદ સ્વપ્નની કલ્પના કોઈ કોઈવાર ભવિષ્યમાં સત્ય પણ કરે છે અથવા કોઈ કોઈવાર ભવિષ્યમાં થનારી ઘટનાની સૂચના સ્વપ્નમાં પણ મળી જાય છે. પણ એમ થવાનું કારણ પૂર્વજન્મનાં પુણ્યપાપનાં સંસ્કારો જ છે. બીજું કોઈ કારણ હોય એમ જણાતું નથી.

રાજકુમારી વસુમતિએ પણ એક એવું જ સ્વપ્ન જોયું હતું કે, જે આગળ જતાં સિદ્ધ થયું. વસુમતિ આ સ્વપ્નના સંબંધમાં એક વૃક્ષ નીચે બેસી વિચાર કરી રહી હતી પરન્તુ વસુમતિની સખીઓએ આ વિચારમગ્નતાનો અર્થ 'વિવાહ વિષયક ચિન્તા' એવો કર્યો. પણ જ્યારે વસુમતિએ પોતાની સખીઓને સમજાવ્યું કે, પોતે વિવાહ વિષયક ચિન્તા કરતી ન હતી પણ એક ગંભીર વાત ઉપર વિચાર કરી રહી હતી ત્યારે સખીઓએ પૂછયું કે, એ ગંભીર વાત શું હતી? આ પ્રશ્નના જવાબમાં વસુમતિએ જણાવ્યું કે 'બેનો! આજે રાત્રે મેં એક વિચિત્ર સ્વપ્ન જોયું હતું. તે સ્વપ્ન વિષે જ હું વિચાર કરી રહી હતી.

સખીઓ—તે સ્વપ્ન શું હતું?

વસુમતિ—મેં એવું સ્વપ્ન જોયું કે, "આખી ચંપાનગરી એક મહાન્ દુઃખસાગરમાં ડૂબી રહી છે; પિતા તથા પ્રજા ઉપર ઘોર

[illegible]

[illegible] — [illegible]

વસુમતિ—[illegible] ' અને [illegible]

ચંદ્ર—બેન વસુમતિ! તમારી અવસ્થા [illegible] તોપણ હજી પણ તમારો વિવાહ થયો નથી [illegible] એકાન્ત-સેવન [illegible] પડે છે. યુવાવસ્થામાં [illegible] પણ એકાન્ત-સેવન [illegible] નથી. [illegible] તમારા જેવી [illegible] કુમારીને એકાન્તસેવન [illegible] કેવી રીતે [illegible] છે? અને વિવાહ ન થવાને કારણે જ આમ [illegible]. વિવિધ [illegible] ભોગાભિલાષ છે. માટે આ સ્વપ્નના વિષે તમે કોઈ પ્રકારની ચિન્તા રાખો નહિ અને, મહારાજાને આ વિષે સમજાવીને, તમારો [illegible] વિવાહ કરવા માટે [illegible] કરશું. જેથી તમારો વિવાહ [illegible] થઈ જશે એટલે તમને એવા સ્વપ્નો પણ નહિ આવે અને તેથી તમારા સ્વપ્નમાં અંગારવતીને દુઃખાકારક પણ [illegible] નહિ રહે!

વસુમતિ—' બેન! તમારા જેવાની વિવિધ બુદ્ધિને કારણે જ સ્ત્રીઓની બુદ્ધિની નિંદા થાય છે. મેં [illegible] જ તમને [illegible] છે, ' મારે વિવાહ કરવો નથી ' [illegible] પણ તમે કહો છો કે, અમે

મહારાણીને કહીને નમન [illegible] આપું [illegible] આ કૃપાથી હું તો પણ [illegible] છું. [illegible] સમજવવું, [illegible] પોતાના જે વિચારો તમને [illegible] સંભળાવી દેશો.

'આપની જેવી મરજી હશે તે પ્રમાણે મહારાણીને કહીશ.' આ પ્રમાણે કહીને વસુમતિની [illegible], વસુમતિની પાસેથી ચાલી ગઈ. વસુમતિ પણ ત્યાંથી ઉઠીને, પોતાના નિત્યકાર્યમાં જોડાઈ ગઈ. વસુમતિએ સ્વપ્ન વિષે એવો નિર્ણય કર્યો કે, મારા મન, વચન અને કાયામાં કોઈ પ્રકારનો વિકાર નથી એટલે મને જે સ્વપ્ન આવ્યું છે તે અવશ્ય સત્ય સિદ્ધ થશે. ચંપાપુરી દુઃખસાગરમાં ડૂબી અને દુઃખસાગરમાં ડૂબેલી ચંપાનગરીનો ઉદ્ધાર અવશ્ય મારા હાથે થશે એમ મને સ્પષ્ટ લાગે છે. કદાચ આ સ્વપ્ન ભવિષ્યમાં મારા માથે જે ભાર આવવાનો છે તેની સૂચનારૂપે પણ આવ્યું હોય ! માટે ચંપાપુરીના ઉદ્ધારની શક્તિ પ્રાપ્ત કરવા માટે મારે અત્યારથી સાવધાનીપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. મારી બુદ્ધિ તથા શક્તિ પ્રમાણે જ્યાંસુધી મેં વિચાર કર્યો છે ત્યાંસુધી મને એમ જણાયું છે કે, ચંપાનગરીનો ઉદ્ધાર શસ્ત્રબળથી નહિ પણ આત્મબળથી થશે. જો શસ્ત્રબળથી જ ચંપાનગરીનો ઉદ્ધાર થવાનો હોત તો એ ઉદ્ધારનો મહાન્ ભાર મારી ઉપર આવી ન પડત; કારણ કે, શસ્ત્રબલનો અધિકાર મારી પાસે જરા પણ નથી જ્યારે બીજી બાજુ શસ્ત્રબલના મોટા મોટા અધિકારીઓ અત્યારે પણ વિદ્યમાન છે. જો શસ્ત્રબલના આધારે જ ચંપાનગરીનો ઉદ્ધાર થવાનો હોત તો અનેક શસ્ત્રબલના ધુરંધરો હોવા છતાં મને ચંપાપુરીનો મારા હાથે થતા ઉદ્ધારનું સ્વપ્ન આવત નહિ. મને સ્વપ્ન આવ્યું છે એટલે એ નિશ્ચિત છે કે, ચંપાપુરીનો ઉદ્ધાર શસ્ત્રબલથી નહિ પણ આત્મબલથી જ થશે. એટલા માટે મારામાં આધ્યાત્મિક બળ વધે એવો મારે સતત પ્રયત્ન કરવો જોઈએ."

આ બાજુ, વસુમતિ સ્વપ્ન વિષે વિચાર કરી રહી છે ત્યારે બીજી બાજુ ધારિણી માતા એવો વિચાર કરી રહી છે કે:-પતિદેવે, 'વસુમતિ બ્રહ્મચર્ય પાળવા માટે છે કે વિવાહ કરવા માટે છે' એ વિષે વસુમતિનો અભિપ્રાય લેવાનો ભાર મારી ઉપર મૂક્યો છે. તો હું જ વસુમતિ પાસે જાઉં કે તેને અહીં બોલાવું! આ વિચાર આવવાની સાથે ધારિણીને બીજો વિચાર આવ્યો કે, વસુમતિ વિવાહ અને બ્રહ્મચર્ય એ બેમાંથી શું પસંદ કરશે! જો તેના ઉપર સામયિક પ્રભાવ પડ્યો હશે તો તો તે વિવાહ કરવાનું જ પસંદ કરશે પણ જો તે મારી શિક્ષા ઉપર ધ્યાન આપશે તો તે 'બ્રહ્મચારિણી' રહેવાનું જ પસંદ કરશે. ધારિણી આ પ્રમાણે મનમાં વિચાર કરી રહી છે એટલામાં તો વસુમતિની સખીઓ પણ તેની પાસે આવી ધારિણીને ઉચિત અભિવાદન કર્યું ત્યાં તો ધારિણીએ બધાના કુશળ સમાચાર પૂછ્યા.

સખીઓ—આપના અને મહારાજાના પુણ્ય પ્રતાપે અમે બધા સદા કુશલ જ છીએ.

ધારિણી—તમારી સખી વસુમતિ તો પ્રસન્ન છે ને?

સખીઓ—રાજકુમારી પોતે જ પ્રસન્નતારૂપ છે. હા, આજે રાત્રે તેણે એક વિચિત્ર સ્વપ્ન જોયું છે.

ધારિણી—સ્વપ્ન શું જોયું છે?

સખીઓ—સ્વપ્નમાં આખી ચંપાનગરીને ઘોર દુઃખસાગરમાં નિમગ્ન થએલી અને પોતાના હાથે તેનો ઉદ્ધાર થએલો તેણીએ જોયું છે.

ધારિણી—આ સ્વપ્ન તો સારું છે! પુત્રીની દ્વારા આવું મહાન કાર્ય સંપન્ન અને સફલ થાય એથી વિશેષ પ્રસન્નતાની બીજી વાત શી હોઈ શકે?

સખીઓ—પણ સાથે જ, સ્વપ્નમાં ચંપાપુરીને દુઃખસાગરમાં ડૂબતી તેણે જોયુ છે. તેનુ શું?

ધારિણી— [illegible] વસુમતિ [illegible] ઉપસ્થિત કરશે.

સખીઓ—મહારાણી! [illegible] સિદ્ધ થતાં નથી!

ધારિણી—જેમનું મન, વચન અને શરીર પાપોમાં પડેલ રહે છે અને અપવિત્ર હોય છે, તેઓનું સ્વપ્ન [illegible] સિદ્ધ થાય છે પણ જેમનું મન, વચન અને શરીર પવિત્ર છે તેમનું સ્વપ્ન પ્રાયઃ સત્ય સિદ્ધ થાય છે. વસુમતિ મન, વચન અને કાયાથી પવિત્ર છે એટલા માટે તેને જે સ્વપ્ન આવ્યું છે તે ક્યારે મિથ્યા થશે નહિ. ચંપાપુરી ઉપર જે સંકટ આવી પડ્યો, તેમાંથી ચંપાપુરીનો ઉદ્ધાર વસુમતિ જ કરશે એવો મારો દૃઢ વિશ્વાસ છે.

સખીઓ—મહારાણી! માફ કરશો. અમને તો રાજકુમારીને સ્વપ્ન આવવાનું બીજું જ કારણ જણાય છે!

ધારિણી—શું કારણ જણાય છે!

સખીઓ—રાજકુમારી યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છે અને હજી સુધી તે કુમારી જ છે અને તેથી જ તેને આવું સ્વપ્ન આવ્યું છે. યુવાવસ્થાને પ્રાપ્ત થવાં છતાં વિવાહ ન થવાથી, શારીરિક ઉષ્ણતાને કારણે કન્યાઓને આ પ્રકારનાં સ્વપ્નાંઓ આવ્યાં જ કરે છે અને એટલા જ માટે કન્યાઓને વધારે ઉંમર સુધી કુમારી રહેવાનું નિષિદ્ધ બતાવવામાં આવ્યું છે.

ધારિણી—પ્રત્યેક વ્યક્તિ, કોઈ પણ વાતનો અર્થ પોતાની ભાવના પ્રમાણે બેસાડે છે અને તે સ્વાભાવિક જ છે. એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. તમે પણ તમારી ભાવના પ્રમાણે, વસુમતિના સ્વપ્નનો અર્થ ઘટાવ્યો છે પણ આ વાત તમે વસુમતિને કેમ ન કહી?

સખીઓ—કહી હતી!

ધારિણી—તો વસુમતિએ એનો શો ઉત્તર આપ્યો?

સખીઓ—વસુમતિએ જવાબમાં કહ્યું કે, 'હું વિવાહ જ નહિ કરું. પણ બ્રહ્મચર્યનું પાલન કરતી, માતાપિતાની સેવા કરી, તેમના ઋણથી મુક્ત થવાનો પ્રયત્ન કરીશ. પણ શ્વસુરગૃહનું નવું ઋણ માથે નહિ ચડાવું.'

વસુમતિની સખીઓદ્વારા વસુમતિના ઉચ્ચ અને ઉદાર વિચારો જાણી ધારિણીને ખુબ જ પ્રસન્નતા થઈ અને મનમાં વિચારવા લાગી કે, હું વસુમતિ પાસેથી જે વાતની આશા રાખી બેઠી હતી તે આશા પૂર્ણ થવાના સમાચાર તો મને આ સખીઓદ્વારા મળી ચૂક્યા જ છે. વસુમતિ બ્રહ્મચર્યનું પાલન કરે અને માનવસમાજની સમસ્ત કલ્યાણનો કોઈ એક નવીન ઉચ્ચ આદર્શ ઉપસ્થિત કરે એ જ મારી હૃદયની ભાવના છે. સખીઓના વાર્તાલાપ ઉપરથી તથા સ્વપ્નની આગાહીથી મારી હૃદયભાવના અવશ્ય પૂર્ણ થશે એમ જણાય છે. વસુમતિના હૃદયના ભાવો તો આ સખીઓદ્વારા મને જાણવામાં આવી ગયા છે તેમ છતાં વસુમતિને રૂબરૂ મળી તેના સ્પષ્ટ વિચારો મારે પ્રત્યક્ષમાં જાણી લેવા જોઈએ અને પછી તે વિષે પતિદેવને કહેવું જોઈએ.

આ પ્રમાણે નિશ્ચય કરી ધારિણીએ વસુમતિની સખીઓને કહ્યું કે, વસુમતિ જ્યારે વિવાહ જ કરવા ચાહતી નથી તો પછી તેના સ્વપ્નનું કારણ અવૈવાહિક જીવન માનવું શું ઠીક છે? ખેર! તમે હવે જાઓ. હું હમણાં થોડી વાર પછી વસુમતિને મળીશ અને પછી જેમ ઠીક લાગશે તેમ કરીશ.

વસુમતિની સખીઓ સ્વસ્થાને ચાલી ગઈ. સખીઓને રવાના કર્યા પછી, ધારિણી વસુમતિ પાસે ગઈ. તે વખતે વસુમતિ વીણા વગાડતી હતી. ધારિણી માતાને જોઈ, વસુમતિ તેમની સામે દોડી જઈ પ્રણામ કર્યા. ત્યારપછી તેમને સન્માનપૂર્વક અંદર લાવી આસન ઉપર બેસાડી અને બે હાથ જોડી કહેવા લાગી કે, આજે મારા અહોભાગ્ય છે કે તમે અહીં પધારી મને દર્શન આપ્યાં.'

ધારિણી—હમણાં તારી સખીઓદ્વારા મને સમાચાર મળ્યાં કે, આજ રાત્રે તેં એક વિચિત્ર સ્વપ્ન જોયું છે. એ સ્વપ્નના વિષયમાં તારા કુશલ સમાચાર પૂછવાની સાથે એક આવશ્યક વાત વિષે તારી સમ્મતિ લેવા હું અહીં આવી છું.

વસુમતિ—હા, માતા! કાલે રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે, 'ચંપાપુરી દુઃખસાગરમાં ડૂબી રહી છે અને ડૂબતી ચંપાપુરીનો મેં ઉદ્ધાર કર્યો.' આ સ્વપ્ન જોઈને હું અસમંજસમાં પડી ગઈ છું કે, આ સ્વપ્ન લાભદાયક છે કે દુઃખદાયક! આ સ્વપ્નને કેવું સમજું?

ધારિણી—હું તો આ સ્વપ્નને સારું સમજું છું અને માનું છું કે, આ સ્વપ્ન પ્રમાણે મારી ભાવના પણ પૂર્ણ થશે. જો કે આ સ્વપ્ન પ્રમાણે ચંપાપુરી અવશ્ય દુઃખસાગરમાં ડૂબી જશે એ દુઃખનો વિષય છે પણ સાથે સાથે તારા હાથે ચંપાપુરીનો ઉદ્ધાર થશે એ આનંદનો વિષય છે. તારા હાથે કોઈ મહાન કાર્ય સંપન્ન થાય એવી મારા હૃદયમાં પહેલેથી ભાવના રહી છે. તારું ભાવિ જીવન કેમ સુખમય બને એ વિષે આજરાત્રે મહારાજા સાથે મારી વાતચીત થઈ હતી. કોઈ સારા યોગ્ય વર સાથે તારો વિવાહ કરી નાંખવામાં આવે એવી મહારાજાની ઇચ્છા છે. આ સંબંધમાં તારી ઇચ્છા શી છે એ જાણવા મહારાજાએ મને આજ્ઞા આપી છે. મહારાજાની આ આજ્ઞાનુસાર હું તારી પાસે આવતી જ હતી ત્યાં તારી સખીઓએ તેં સ્વપ્ન જોયાના સમાચાર સંભળાવ્યા; જે સાંભળી મને બહુ પ્રસન્નતા થઈ અને મહારાજાની આજ્ઞાનુસાર તારી ઇચ્છા જાણવા હું અત્રે આવી છું.

કળિયુગમાં કોઈ મહાન્ કાર્ય ભાગ્યે જ સિદ્ધ થવાનું છે ત્યાર 'કાર્યસિદ્ધિ કરવા' આત્મશક્તિનો સંચય કર, એમ કહેતા હું માગતી હતી. એના ! હવે તો અભાવ છે, બાલ્યાવસ્થાથી તો વાત અનુકૂળ કરે કહું છે તો વિષે તારો સ્પષ્ટ અભિપ્રાય શું છે તે કહે !

વસુમતિ—પૂજ્ય બહેન, કળિયુગમાં જેમ બ્રહ્મ ચર્ચા કોઈ કોઈપણ કાર્ય સાધન થયું તો તેનું શ્રેય પણ તમને જ છે. કારણ કે, મારામાં જે શક્તિ છે અને જે શક્તિદ્વારા હું કાર્યસિદ્ધિ કરી શકીશ તે બધું આપના પ્રતાપે જ થવાનું છે. પણ હાલતું મારા પિતાજીની આજ્ઞાનુસાર આપે મને જે પ્રશ્ન કર્યો તે પ્રશ્ન સાંભળી મને આશ્ચર્ય થાય છે।

એક બાજુ તો આપ મારા હાથે કોઈ મહાન કાર્યની સિદ્ધિ થાય એમ ઇચ્છો છો અને બીજી બાજુ મને વિવાહબંધનમાં બાંધવા માગો છો તો આ બન્ને વિરોધી વાતો કેમ બની શકે ! માતુશ્રી ! તમે મને બ્રહ્મચર્ય પાળવાની શિક્ષા આપી જણાવ્યું છે કે, બ્રહ્મચર્યને પાળવું એ મનુષ્યનું કર્તવ્ય છે. જ્યારે બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોય એવી અવસ્થામાં વિવાહ કરવામાં આવે છે. જો તમે બ્રહ્મચર્ય પાળવાની શક્તિ મારામાં જોતા ન હો તો તો, મારા વિવાહ વિષે વિચાર કરવો યોગ્ય છે. પણ જો મારામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ છે એવો તમને વિશ્વાસ હોય તો મારા વિવાહ વિષે વિચાર કરવો ન જોઈએ. શું હું પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન નહિ કરી શકું એવું તમને જણાય છે ! કે જેથી મારો વિવાહ કરી દેવો તમને આવશ્યક જણાય છે !

ધારિણી—નહિ.

વસુમતિ—તો પછી મારા પિતાજીને મારા વિવાહ વિષે વિચાર કેમ આવ્યો ! અને વિચાર આવ્યો તો તમે તે જ વખતે એમની શંકાનું સમાધાન કેમ ન કરી આપ્યું !

[illegible]

“ બ્રહ્મચર્યનું [illegible]
નથી. [illegible]
બ્રહ્મચર્યની [illegible]
પાળવાની [illegible]
ઉતારનાં [illegible]
અને ત્યારે તેમની [illegible]

“ આ [illegible] બ્રહ્મચર્યનું પાલન કરવું [illegible]
કાર્ય છે, ત્યારે વિવાહ કરવો [illegible] છે. [illegible] આ જ પ્રમાણે
લોકો બ્રહ્મચર્યમાં દુઃખ અને વિવાહમાં સુખ માને છે. આ બધાં
કારણોને લીધે બ્રહ્મચર્યનો વિચાર ન કરતાં અને [illegible] વિચાર
કરીને પણ વિવાહ કરવો કે બ્રહ્મચર્ય પાળવું એ બધું તારી [illegible]
ઉપર આધાર રાખે છે. તું વિવાહ જ કરે કે બ્રહ્મચર્યનું જ પાલન કરે એ
બેમાંથી કોઈનો અમારો આગ્રહ કે અનુરોધ નથી. તું જે માર્ગે
જવા ચાહતી હો એ માર્ગ પસંદ કરી શકે છે.”

વસુમતિ—આપનું કહેવું ઠીક છે, પરંતુ જો હું આ બંનેમાંથી
કોઈપણ એક વાતનો હમણાં નિશ્ચય ન કરું તો કાંઈ વાંધો
નથી ને?

ધારિણી—કાંઈ વાંધો કે હાનિ નથી.

વસુમતિ—તો પછી હું અત્યારથી કોઈપણ પ્રતિજ્ઞામાં શા ટે બંધાઈ જાઉં ! થોડા દિવસ વધારે અનુભવ મેળવી એ બન્નેમાંથી ઈ એક વાતનો જ નિર્ણય કેમ ન કરું ? જો કે હું બ્રહ્મચર્યને જ તમ સમજું છું પણ પોતાની શક્તિનો પૂરેપૂરો વિશ્વાસ કર્યા ડી જ 'હું બ્રહ્મચર્ય જ પાળીશ કે વિવાહ જ કરીશ, એ વિષે પષ્ટ કહીશ.

ધારિણી—ઠીક છે, તને યોગ્ય લાગે તેમ કર. તું પૂર્ણ બ્રહ્મ ર્ય પાળવામાં સમર્થ થા. એવી તારા માટે હું શુભ કામના કરું છું: વિષ્યમાં તારા હાથે કોઈ શ્રેષ્ઠ કાર્ય સિદ્ધ થાય એવી જે હું ભાવના ાવું છું તે ભાવનાની સફલતા પણ બ્રહ્મચર્ય ઉપર આધાર રાખે ; ઠીક, હવે હું જાઉં છું અને મહારાજાને પણ એમ કહી દઉં છું કે, 'વસુમતિની ઇચ્છા તો બ્રહ્મચર્ય પાળવાની જ છે પણ હજી તે કોઈ વાતનો નિશ્ચય કરી શકી નથી." આ પ્રમાણે કહી ધારિણી ત્યાંથી ચાલી ગઈ. ચાલી જતી ધારિણીને વસુમતિએ પ્રણામ કર્યા. વસુમતિના વિચાર સાંભળી ધારિણીને ખૂબ પ્રસન્નતા થઈ.

રાતના સમયે મહારાજા દધિવાહન, મહારાણી ધારિણીના મહેલે પધાર્યા. મહારાણી ધારિણીએ મહારાજાને વસુમતિના વિચારો અને સ્વપ્નના સમાચારો કહી સંભળાવ્યાં, જે સાંભળી દધિવાહનને પ્રસન્નતા અને ચિન્તા બન્ને થયાં. વસુમતિના વિવાહ સંબંધી મહારાજાએ એ જ કહ્યું કે, "જ્યારે વસુમતિ હમણાં પોતે વિવાહ કરવા ચાહતી નથી તો એ વિષે મારો પણ કાંઈ આગ્રહ નથી. જો તે બ્રહ્મચર્ય પાળે તો તો વધારે ખુશી થવા જેવું છે."

આ પ્રમાણે વસુમતિના વિવાહનો વિચાર અનિશ્ચિત કાળ સુધી સ્થગિત રાખવામાં આવ્યો. તે સમય દરમ્યાન તો વસુમતિના સ્વપ્નને સિદ્ધ કરનારી એક ઘટના ઘટી ગઈ.

રા....જય....લો....ભ

પ્ર ક ર ણ

[૫]

ઢગ સુવર્ણ રૂપાનાં, હો કૈલાસસમા ભલે;
ન છીપે લુબ્ધની તૃષ્ણા, નભ જેવી અનંત જે.
હેતપ્રીત હણે ક્રોધ, માન વિનયને હણે,
મિત્રતાને હણે માયા, લોભ તો સર્વને હણે—શ્રી જિનાગમ

આત્મપતનનું પ્રધાન કારણ, લોભ છે. લોકો લોભને વશ થઈ જેટલાં પાપકર્મો આચરે છે તેટલાં પાપકર્મો બીજા કોઈ કારણે આચરતા નથી. પછી તે લોભ ધનનો હોય, જનનો હોય, રાજ્યનો હોય, વૈભવનો હોય કે પછી ગમે તે વાતનો હોય; લોભને વશ થતાં મનુષ્ય આંધળો ભીંત બની જાય છે, ત્યારે ગમે તેવું પાપ હોય તો પણ તે આચરતાં અચકાતો નથી. કારણ કે લોભનું ભૂત જ્યારે મનુષ્ય ઉપર ચડી બેસે છે ત્યારે તેના હૃદયમાં ન્યાય, સત્ય, ધર્મ કે ઔચિત્યનું જરાપણ સ્થાન રહેતું નથી અને તેને બદલે અન્યાય, અસત્ય, અધર્મ, અનાચાર અને અત્યાચાર પોતાનું ઘર કરી બેસે છે.

આ પ્રમાણે લોભાંધ બનેલો મનુષ્ય ન્યાયી અને નિરપરાધી લોકોને કષ્ટ આપતાં, વધ કરતાં, તેમના લોકોની નહી વહેરાવતાં કે તેમનો સર્વ નાશ કરતાં પણ પાછી પાની કરતો નથી. આ બધાં પાપકર્મોનું મૂળ કારણ લોભ જ છે.

મનુષ્ય જ્યારે લોભાંધ બને છે ત્યારે મનુષ્યમાંથી મનુષ્યના ચાલી જાય છે અને તે મનુષ્યરૂપે પિશાચ જ બની જાય છે. અને એવી અવસ્થામાં માતાપિતા, ભાઈબહેન કે બીજાં આત્મીય જનોનો સંહાર કરવો કે તેમને હાનિ પહોંચાડવી તે લોભાંધ મનુષ્યને માટે દુઃખ કે શરમની વાત હોતી નથી તો પછી બીજા લોકોનો સર્વનાશ કરે એમાં તો શું આશ્ચર્ય ! કારણ કે લોભને લીધે લોભાંધ મનુષ્ય અન્યાયને પણ ન્યાય પોતે માને છે અને બીજાને મનાવવા પ્રયત્ન કરે છે. અને આ કારણે જ લોભી મનુષ્યનું હૃદય દુઃખિતોના હાહાકારથી કે પીડિતોના કરુણ ક્રન્દનથી જરાપણ પીગળતું નથી પણ ઊલટું પ્રસન્ન થાય છે.

જો કે માનવહૃદય બીજાનું દુઃખ પણ સહી શકતું નથી પણ લોભી મનુષ્યમાં માનવહૃદયનું સ્થાન પશુહૃદય લઈ લે છે અને તેમની ભયંકર પાશવતાને કારણે ગમે તેટલું ખરાબ કામ પણ આચરતાં તેને જરાપણ સંકોચ થતો નથી. લોભમાં પણ રાજાઓનો લોભ તો કેટલો બધો વિનાશક હોય છે એ તો પ્રસિદ્ધ જ છે. નીતિકારોએ તો તે વિષે ત્યાંસુધી કહી નાંખ્યું છે કેઃ—

'असन्तुष्टा द्विजा नष्टा, सन्तुष्टाश्च महीभृतः ॥'

અર્થાત્—અસંતોષી બ્રાહ્મણ અને સંતોષી રાજા બન્ને નષ્ટ થઈ જાય છે.

'રાજાઓએ સંતોષ કોઈ દિવસ રાખવો ન જોઈએ, એવી શિક્ષા રાજાઓને આપવામાં આવે છે પણ રાજાઓના અસંતોષથી તો તેમના

લોભથી મનુષ્યોને કેટલું નુકસાન થાય છે તે માટે ઘણાં ઉદાહરણો આપી શકાય છે. નાદિરશાહી કતલ અને ચંગીઝખાની લૂંટ એ રાજાઓના લોભનું જ દુષ્પરિણામ હતું.

લોભને કારણે જ કંસ અને જરાસંધે હિંસાના કાર્યો કર્યાં હતાં. નામાં પૂર્ણ હતાં; કૌરવોએ પોતાના બાંધવોની સાથે યુદ્ધ કર્યું હતું અને અકબર તથા અલાઉદ્દીન ખિલજીએ લડાઈઓ કરાવી હતી. ચંપાપુરીમાં પણ લોભને કારણે એવી જ એક દુર્ઘટના બની. એક રાજાના લોભને કારણે નાદિરશાહી જેવી કતલ અને ચંગીઝખાની જેવી લૂંટ ચલાવી. ચંપાપુરીની પણ એવી જ દુર્દશા કરવામાં આવી.

ચંપાપુરીના રાજ્યની સીમા, કૌશાંબી રાજ્યના સીમાડાને અડતી હતી. ચંપાપુરી જેમ કૌશાંબી નગરી પણ ધનધાન્યથી સમૃદ્ધ અને વ્યાપારપ્રસિદ્ધ મોટી નગરી હતી. કૌશાંબી નગરીનો મહારાજા શતાનિક હતો કે જે ચંપાના મહારાજા દધિવાહનનો સાઢુભાઈ હતો. દધિવાહનની રાણી પદ્માવતી અને શતાનિકની રાણી મૃગાવતી એ વૈશાલીના ગણનાયક ચેટકની બન્ને પુત્રીઓ હતી. એ સંબંધે દધિવાહન અને શતાનિક બન્ને સાઢુભાઈ થતા હતા. જો કે બન્ને સાઢુભાઈ હતા પણ બન્નેના સ્વભાવ તથા વિચારમાં ઘણું જ અંતર હતું.

દધિવાહન શાન્તિપ્રિય, સંતોષી અને ધાર્મિક રાજા હતો. 'મારી પ્રજાને ત્રાસ ન થાય તેમ કોઈ બીજા રાજાની પ્રજાને પણ ત્રાસ ન થાય, એવી તેની ભાવના રહેતી હતી. તેને રાજ્ય વધારવાની લાલસા ન હતી. તે પોતાને પ્રજાનો મોટો સેવક માનતો હતો. પણ પ્રજાને દુઃખ આપી પોતે સુખ ભોગવવા ચાહતો ન હતો. તેનામાં મિથ્યાભિમાન ન હતું. કોઈને કષ્ટ આપી પોતાનો વિલાસવૈભવ વધારવાનો તે વિચાર સરખો પણ કરતો નહિ. તે સારી રીતે જાણતો હતો કે, નાશવાન ધનસંપત્તિને માટે બીજાને કષ્ટ આપવું એ મોટું પાપ છે.

ખરી મોટાઈ મેળવવા માટે તો બીજાના દુઃખને દૂર કરી તેને સુખ પહોંચાડવું જોઈએ અને આમ કરનાર વ્યક્તિ જ મોટાઈ મેળવી શકે છે અને યશસ્વી બની શકે છે.

દધિવાહન આવા ઉચ્ચ વિચાર અને ઉદાર સ્વભાવવાળો હતો. જ્યારે શતાનીકના વિચાર અને સ્વભાવ દધિવાહનથી તદ્દન વિપરીત હતા. શતાનીક રાજાને રાજ્ય વધારવાની ચિન્તા બહુ હતી. તે દિવસરાત એ જ વિચાર કર્યા કરતો કે, મારા રાજ્યનો વિસ્તાર કેવી રીતે વધે! તે રાજ્યવૃદ્ધિદ્વારા યશસ્વી બનવાની પ્રબળ ઇચ્છા રાખતો હતો. તેને ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાયની બહુ પરવા ન હતી પણ રાજ્યવૈભવ કેમ વધવા પામે એ જ એક માત્ર તેની પ્રબળ ઇચ્છા હતી. તે પોતાને પ્રજાનો સેવક નહિ પણ શાસક માનતો હતો. કારણ કે તેની એવી માન્યતા હતી કે, 'પ્રજાનો ધર્મ રાજાને સુખ આપવાનો છે અને રાજાનો ધર્મ, સુખનો ઉપભોગ કરવાનો છે, આ મિથ્યાભિમાનને કારણે તે બીજાના સુખ-દુઃખની જરાપણ ચિન્તા કે પરવા કરતો નહિ. તે યશવૃદ્ધિના સાધન તરીકે રાજ્યવૃદ્ધિ અને જીવનસુખના સાધન તરીકે ભોગોપભોગને જ માનતો હતો.

જો કે, શતાનીકની રાણી મૃગાવતી પ્રાતઃસ્મરણીય સોળ સતીઓમાંની એક મહાન સતી હતી અને તે શતાનીકને વારંવાર સમજાવતી હતી કે, "મહારાજ ! આ રાજ્યવૈભવ કે જેને વધારવા માટે આપ દિવસરાત ખોટા પ્રપંચો કરો છો, બીજાને કષ્ટ આપો છો અને પ્રજા ઉપર ત્રાસ વર્તાવો છો, એ રાજ્યવૈભવ આપની સાથે પરલોકમાં આવવાનો નથી માટે આપ રાજ્યવૈભવના મમત્વમાં પડી જઈ ન્યાયધર્મને ભૂલી ન જાઓ પણ ન્યાય અને ધર્મને હમેશાં નજર સામે રાખી પ્રજાને સુખ-શાન્તિ પહોંચે એ રીતે એક સેવકની જેમ રાજ્યશાસન ચલાવો તો આપ પણ સુખી થશો અને પ્રજા પણ સુખી થશે."

આ પ્રમાણે ભુજબળની [illegible] શતાનીકની [illegible] પણ ગોઠતી શતાનીક ભુજબળની એક પણ વાતને [illegible] નહિ. જ્યારે ભુજબળની વાત કરવા કરતી ત્યારે શતાનીક એમ કહીને તેને બોલતાં અટકાવતો કે,

"તમે સ્ત્રીઓ પુરુષોની [illegible] શું જાણો? [illegible] પુરુષો સ્ત્રીઓની વાતને મહત્ત્વ આપતા [illegible] દિવસોમાં પુરુષોનો સર્વનાશ જ [illegible] ધર્મ અને ન્યાયનું બંધન તો નબળાઓ માટે છે. મારા જેવા સામર્થ્યવાન ધર્મ અને ન્યાયના બંધનમાં પડી જાય તો રાજ્યનો વિસ્તાર જ કેમ વધારી શકે? જે રાજા, પોતાના બાહુબળથી રાજ્યનો વિસ્તાર વધારતો નથી પણ પૈતૃક રાજ્ય ઉપર જ સંતોષ પકડી બેસી રહે છે તે રાજ્યવંશમાં જન્મેલો હોવા છતાં વીર નહિ પણ કાયર જ ગણાય છે. આ જ પ્રમાણે જે ક્ષત્રિય રાજા હોવા છતાં પણ રાજ્યસુખની મોજમજા માણતો નથી તે કેવળ રાજા નામધારી જ છે. હું કાયર નથી, કે ન્યાય તથા ધર્મનો ઢોંગ કરી એક ઠેકાણે બેસી રહું અને પોતાની વીરતા અને પોતાના બાહુબળનો ઉપયોગ જ ન કરું."

આ પ્રમાણે શતાનીક અને દધિવાહનના સ્વભાવ અને આચાર-વિચાર એક બીજાથી તદ્દન વિપરીત હતા. શતાનીકની આંખમાં, ઋદ્ધિ–સમૃદ્ધિથી સમૃદ્ધ ચંપાપુરી, કણાની માફક ખટક્યા કરતી હતી. ન્યાયનીતિપૂર્વક રાજ્યશાસન ચલાવવાથી દધિવાહનની જે પ્રશંસા–સુવાસ ચારે બાજુ પ્રસરી હતી તે શતાનીક સહી શકતો નહિ. તે તો દિવસ અને રાત એ જ ચિન્તા કર્યા કરતો કેઃ–

"દધિવાહનની સુખસમૃદ્ધ પ્રજા મારી આધીનતામાં કેવી રીતે આવે અને ચંપાનગરીના ધનભંડારથી કૌશાંબીનો ભંડાર કેવી રીતે ભરાય!, ચંપાનું રાજ્ય કૌશાંબીના રાજ્યના છત્ર તળે આવી જાય અને દધિ-વાહનની મહત્તા માટીમાં મળી જાય," બસ! આ એક માત્ર ઇચ્છા શતા-

નીકના હૃદયમાં રહેલી હતી. આ ઇચ્છાની પૂર્તિ કરવા માટે ઉપાયો યોજવા અને વિચાર વિનિમય કરવા તે પોતાના મન્ત્રીઓ સાથે ગુપ્ત મંત્રણા પણ કરતો. તે મન્ત્રીઓને કહેતો કે, "જુઓ ! દધિવાહન ધર્મઢોંગી છે અને તેની પાસે સેના પણ બહુ થોડી છે એટલે ચંપા ઉપર વિજય મેળવવો, એ કાંઈ મુશ્કેલ કામ નથી. જ્યારે ચંપાનગરીના મહેલ ઉપર મારો વાવટો ફરકશે ત્યારે જ મને આત્મસંતોષ થશે."

શતાનીકના મન્ત્રીઓ પણ શતાનીકની ચંપા ઉપર આક્રમણ કરવાની ઇચ્છાને પ્રોત્સાહનદ્વારા વેગ આપતા હતા. તેઓ શતાનીકનો વિચારને વેગ આપવા માટે કહ્યા કરતા કે, 'મહારાજા ! ચંપા ઉપર વિજય મેળવવો એ કાંઇ મુશ્કેલ કામ નથી. આપ જ્યારે ચાહો ત્યારે ચંપા ઉપર આક્રમણ કરી વિજય મેળવી શકો એમ છો.'

આ પ્રમાણે મન્ત્રીઓને પણ પોતાના મતને મળતા જોઈ શતાનીક ચંપા ઉપર આક્રમણ કરવાનું બહાનું શોધવા લાગ્યો અને આ બાજુ અંદરને અંદર સેનાને વધારવાની તૈયારી કરવા લાગ્યો.

તે મનમાં વિચારવા લાગ્યો કે, "જો કોઈ બહાના વિના હું ચંપા ઉપર આક્રમણ કરીશ તો લોકો મારી નિંદા કરશે એટલું જ નહિ પણ લોકમત પણ મારી વિરુદ્ધમાં જશે અને એવી અવસ્થામાં મારી સેના અને પ્રજા પણ મારી વિરુદ્ધ વિદ્રોહ કરી બેસે એ પણ સંભવિત છે માટે ચંપા ઉપર આક્રમણ કરવા માટે કોઈ બહાનું ઘડી કાઢવું જોઈએ કે, જેથી લોકોમાં મારી વિરુદ્ધ કાંઈ ખળભળાટ ન થાય અને મારી અંતરેચ્છા પણ પાર પડે."

પોતાની ખરાબ ભાવનાને પૂર્ણ કરવા માટે બીજા ઉપર આરોપ ચડાવવો, બીજાને અપરાધી બનાવી તેમની પાસેથી ઇચ્છિત વસ્તુ ઝૂંટવી લઇ તેમની ઉપર પોતાનો અધિકાર જમાવવો અને બીજાનો સત્યાનાશ વાળવા છતાં પોતે નિર્દોષ છે એમ બતાવવું, એનું નામ જ આજકાલ રાજનીતિ કહેવાય છે. રાજાઓ આવી રાજનીતિનો

[illegible]

[illegible] શતાનીક [illegible] તેના મંત્રીઓ [illegible] શતાનીક [illegible] ઉપર આક્રમણ કરવાની [illegible] દધિવાહનનો [illegible] કે બીજાના રાજ્ય ઉપર આક્રમણ કરવાની [illegible] તેમ કોઈ બીજો રાજા [illegible] આક્રમણ કરે તો પણ તેને ભય નથી. કારણ કે તેણે [illegible] મિત્રતાપૂર્ણ સંધિ કરી લીધી હતી [illegible] આન્તરિક પ્રબંધ [illegible] જેટલી સેનાની જરૂર હતી તેટલી જ સેના રાખી, વધારે પડતી સેનાને [illegible] કારણ કે, કોઈ રાજ્ય ઉપર આક્રમણ કરવા માટે કે કોઈ આક્રમણ કરે હોય તો તેને રોકવા માટે તેણે વધારે સેના રાખી ન હતી.

એક રાજા, બીજા રાજા પાસે કેટલી સેના છે, યુદ્ધ માટે તેની પાસે કઈ કઈ અને કેટલી સામગ્રી છે, તેની પાસે કેટલો અર્થભંડાર છે અને તેના રાજ્યની સ્થિતિ કેવી છે! વગેરે વિષે ગુપ્ત રીતે વખતોવખત ખબર મેળવ્યા કરે છે. ગુપ્તચરોદ્વારા શતાનીકે પણ દધિવાહન પાસે કેટલી સેના, કેટલો અર્થભંડાર તથા રાજ્યની કેવી સ્થિતિ છે! વગેરે ગુપ્ત વાતોની ખબર મેળવી લીધી હતી.

આ ગુપ્ત સમાચારોને આધારે શતાનીક પોતાના મન્ત્રીઓને વારંવાર કહ્યા કરતો કે, " ધર્મઢોંગી દધિવાહન કાયર છે, તે લડાઈથી ડરે છે, તેની પાસે કેવળ આટલી જ સેના છે અને તેની પાસે આટલો અર્થભંડાર છે? તેની મુઠીભર સેનાને જીતવી એ તો

બાળકોના ખેલ જેવું કામ છે કારણ કે, હવે તો મેં સેનામાં જ્યારેથી નજર કરી લીધી છે એટલે કોઈ બીજા રાજા દધિવાહનની સહાય માટે આવે તો તેને પણ હરાવી શકાશે. પહેલાં તો કોઈ રાજા, સંધિના નિયમ પ્રમાણે દધિવાહનને મદદ આપવાની હિંમત કરશે નહિ અને કદાચ મદદ આપશે તો તે પણ પરાજિત થશે અને કાળું મોઢું કરી પાછો જાશે. જરી, એટલા માટે ચંપા ઉપર વિજય મેળવવો એ તો કાંઈ મુશ્કેલીની વાત નથી પણ ચંપા ઉપર આક્રમણ કરવા માટે કોઈ બહાનું તો અવશ્ય શોધી કાઢવું જોઈએ ! ”

જ્યાં કોઈ બે રાજ્યોની સીમા મળે છે ત્યાં કોઈને કોઈ વિવાદાસ્પદ વાત હમેશાં ચાલતી જ હોય છે. જો એ વિવાદાસ્પદ વાતનો નિકાલ કરવાની બન્ને રાજ્યોની ઇચ્છા હોય તો તો સરલતાપૂર્વક તેનો નિકાલ થઈ શકે છે. પણ જો એ વિવાદાસ્પદ પ્રશ્નનો નિકાલ કરવાની ઇચ્છા ન હોય તો તેને વિશાલરૂપ આપી ભયંકર યુદ્ધનું કારણ બનાવી શકાય છે.

રાજા શતાનીકે, દધિવાહનની ચંપાનગરી ઉપર આક્રમણ કરવા માટે એ જ કારણોનો આશ્રય લીધો. તેણે યુદ્ધ કરવા માટે કયું બહાનું કાઢયું એનો ઉલ્લેખ મળતો નથી પણ કોઈ નજીવા કારણને નિમિત્ત બનાવી, તેણે ચંપા ઉપર આક્રમણ કર્યું. શતાનીક આ પ્રમાણે ચંપા ઉપર આક્રમણ કરશે એવી દધિવાહનને આશંકા પણ ન હતી. જ્યારે શતાનીકની સેના યુદ્ધની ઘોષણા કરતી ચંપાપુરીના રાજ્યમાં ઘુસી આવી ત્યારે જ દધિવાહનને ખબર પડી કે, શતાનીકે ચંપા ઉપર આક્રમણ કર્યું છે, ત્યાંસુધી તો તેને યુદ્ધની ખબર પણ ન હતી.

રણભેરી વગાડતી, યુદ્ધની ઘોષણા કરતી અને લોકો પર ત્રાસ વર્તાવતી શતાનીકની સેના ચંપાપુરીના રાજ્યમાં ઘુસી આવી. સીમા ઉપર રાખવામાં આવેલા દધિવાહનના ચોકીદારો શતા-

નીકની સેનાને રોકી ન શક્યા. તેઓ દોડતાં દોડતાં દધિવાહનની પાસે આવ્યા અને શતાનીકની સેના ચંપા ઉપર ચડી આવી છે તેના સમાચાર આપ્યા. એટલામાં તો સેના દ્વારા ત્રાસિત પ્રજા પણ ખૂમ પાડતી દધિવાહનની પાસે આવી.

શતાનીક, ચંપા ઉપર આક્રમણ કરવા સેના લઈ ચડી આવ્યો છે એ સમાચાર સાંભળી દધિવાહનને ઘણું આશ્ચર્ય થયું અને તે મનમાં યુદ્ધનું કારણ શું છે તે વિચારવા લાગ્યો:- "શતાનીકની મારી સાથે મિત્રતાપૂર્ણ સન્ધિ થએલ છે તેમ છતાં તેણે ચંપા ઉપર આક્રમણ શા કારણે કર્યું? અચાનક જ આક્રમણ કરવાનું કોઈ કારણ પણ જણાતું નથી! મેં એક પણ સંધિ તૂટે એવું કામ કર્યું નથી કે, જેથી શતાનીકને ચંપા ઉપર આ પ્રમાણે અચાનક જ આક્રમણ કરવાની તથા સંધિ તોડવાની જરૂર પડે! શતાનીકે શા કારણે ચંપા ઉપર આક્રમણ કર્યું! તેની જ સમજણ પડતી નથી!

રાજા દધિવાહને, તે જ વખતે પોતાના મન્ત્રીઓની એક આવશ્યક સભા બોલાવી. દધિવાહનની આજ્ઞાનુસાર બધા મન્ત્રીઓ સભામાં હાજર થયા. એટલે દધિવાહને મન્ત્રીઓને શતાનીકના આક્રમણનું વૃત્તાન્ત સંભળાવી કહ્યું કે:-

"રાજા શતાનીક મારો સંબંધી છે. તેની અને મારી વચ્ચે મિત્રતાપૂર્ણ સન્ધિ પણ થએલ છે. તેમ છતાં શતાનીકે ચંપા ઉપર આક્રમણ કર્યું છે અને પ્રજાને ત્રાસ આપી રહ્યો છે તો તેનું કારણ શું છે તે સમજવામાં આવતું નથી. માટે શતાનીકે આક્રમણ શા માટે કર્યું અને એ અવસ્થામાં આપણે શું કરવું જોઈએ તે વિષે વિચાર કરવા તમને બધાને અત્રે બોલાવ્યા છે."

દધિવાહનનું પ્રાસ્તાવિક કથન પૂરું થતાં, પરરાષ્ટ્રસચિવે કહ્યું- કે, "મહારાજ! કૌશાંબીમાં નિયુક્ત આપણા રાજદૂતદ્વારા શતાનીક

સેના વધારી રહ્યો છે એ સમાચાર અને પરદેશોથી અમને મળ્યા હતા અને તે સમાચાર મેં સેનાસચિવને પણ નિયમિત પહોંચાડ્યા છે."

સેનાસચિવ—શતાનીકને પોતાની સેના ઉપર અભિમાન છે. અને પોતાની સેનાના વિશ્વાસે જ તે ચંપાપુરી ઉપર પોતાનો વિજય-વાવટો ફરકાવવા ચાહે છે પણ તેની આ દુરાશા કોઈ દિવસ પાર પડી શકે એમ નથી. તેના સેનાની સામે સામનો કરવા માટે આપણી પાસે પણ સેના તૈયાર છે. આપણી સેના કોઈપણ સમયે ઓછી ન થાય તે માટે રાજ્યમાં આજે એવી આજ્ઞા બહાર પાડવી જોઈએ કે, આવશ્યકતા પડે ત્યારે પ્રજામાંની પ્રત્યેક વ્યક્તિએ સેનામાં દાખલ થવું પડશે.

પ્રધાન સચિવ-કોઈ ખાસ કારણથી શતાનીક આક્રમણ કરવા આવ્યો નથી પણ ઘણા દિવસોથી કરેલી યુદ્ધની તૈયારી ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, તેણે નિષ્કારણ જ ચંપા ઉપર આક્રમણ કરેલ છે. અત્યારે એવું એકપણ કારણ તેની પાસે નથી કે જેથી સંધિનો ભંગ કરી આ પ્રમાણે અનાયાસ જ આક્રમણ કરવાની તેને જરૂર પડે. તે કોઈ કારણને લઈને નહિ પણ ચંપાપુરીને પોતાના રાજ્યમાં મેળવી દેવાની દુર્ભાવનાથી પ્રેરાઈને જ ચંપા ઉપર ચડી આવ્યો છે.

જેનામાં આવી દુર્ભાવના હોય છે તેઓ સાધારણ વાતને પણ યુદ્ધનું કારણ બનાવી કે બતાવી શકે છે. જો તેનામાં દુર્ભાવના ન હોય પણ કોઈ ખાસ કારણને અંગે જ યુદ્ધ કરવાની તેની ઇચ્છા હોય તો તો તે યુદ્ધ આરંભ કર્યા પહેલાં જ આપણી પાસે યુદ્ધઘોષણાની ખબર મોકલત અને જો તેણે આક્રમણ પણ કર્યું હોત તો પણ તે આપણી સીમા બહાર રહીને આપણી પાસે દૂત મોકલત અને જ્યારે આપણે યુદ્ધના

કારણનું સમાધાન ન કરત ત્યારે જ તે આપણા રાજ્યમાં સેનાસહિત ઘૂસત પરન્તુ શતાનીક રાજાએ તો આ ગૃહનીતિથી તદ્દન વિપરીત જ કર્યું છે. તેણે યુદ્ધની પહેલાં શાન્તિ માટે જરા પણ પ્રયત્ન જ કર્યો નથી તેમ કોઈને શાન્તિ સ્થાપવાનો પ્રયત્ન કરવાનો અવસર જ આપ્યો નથી.

જાણે આપણા રાજ્યનો કોઈ રાજા જ નથી અથવા આપણે નિર્બલ જ છીએ એમ માની તે આપણા રાજ્યમાં સેનાસહિત ઘુસી આવેલ છે અને પ્રજાને ત્રાસ આપી રહેલ છે, અને આ પ્રમાણે તેણે યુદ્ધની આપણને 'ચેલેન્જ' આપેલ છે.

શતાનીક ચંપા ઉપર આક્રમણ કરવા માટે નાની નાની વાતોને પણ મોટું રૂપ આપી પોતાની જે દુર્ભાવના બતાવતો હતો તેની ખબર આપી હું મહારાજાનું તે વિષે બરાબર ધ્યાન ખેંચતો હતો પણ મહારાજાના હૃદયમાં શતાનીક પ્રતિ કોઈ પ્રકારનો સંદેહ પણ ન થયો. તેઓ તો તેના કાર્યોની ઉપેક્ષા જ કરતા રહ્યા અને મને વિગ્રહથી બચવા અને શાન્તિની સ્થાપના કરવા માટે શક્ય પ્રયત્ન કરવાની આજ્ઞા આપતા રહ્યા.

મહારાજાની આ આજ્ઞાનુસાર મેં શતાનીકના વિરોધને પરરાષ્ટ્રસચિવની સલાહ પ્રમાણે શાન્ત કરવા પ્રયત્ન કર્યો, અને કોઈ વિરોધી વાતને આગળ વધવા ન દીધી પરંતુ આપણે શાન્તિ સ્થાપવા માટે જે નમ્રતા ધારણ કરી તેથી શતાનીકનું દુઃસાહસ વધતું જ ગયું અને આપણી શાન્તિને નિર્બળતા ગણી, આખરે આપણા રાજ્યને 'સ્વાહા' કરી જવા માટે તેણે મોટી સેના લઈ આપણી ઉપર આક્રમણ કર્યું. જે થયું તે થયું. હવે આપણે સતર્ક અને સાવધાન થઈ તેની સામે થવું જોઈએ અને તેની યુદ્ધકામનાને સદાને માટે દબાવી દેવી જોઈએ. એ જ મને ઠીક લાગે છે. કેમ યુદ્ધસચિવો આપનો અભિપ્રાય શું છે?

યુદ્ધસચિવ–આપના પ્રસ્તાવનું હું પણ સમર્થન કરું છું. જ્યારે શતાનીક સૂચના આપ્યા વિના અને શાન્તિ સ્થાપવાનો જરાપણ પ્રયત્ન કર્યા વિના જ આપણા રાજ્યમાં ઘુસી આવેલ છે ત્યારે તેની સામે ન થવું અને ઉલટું તેને સમજાવવાનો પ્રયત્ન કરવો તે આપણી નિર્બળતા બતાવવા સમાન છે. માટે આપણે તેની સામે યુદ્ધ કરવું એ જ યોગ્ય છે. બીજો કોઈ માર્ગ ઠીક નથી.

મન્ત્રીઓના વિચારો સાંભળી દધિવાહન પોતાના વિચારો જણાવવા લાગ્યો કે,

“મંત્રીઓ! જ્યારે શતાનીક પોતે જ સામે લડવા આવ્યો છે તો નીતિ અનુસાર તેની સામે યુદ્ધ કરવામાં આપણે વિચાર પણ કરવો ન જોઈએ; પણ કેવળ નીતિના આધારે બેસી રહેવાથી કામ ચાલતું નથી. શતાનીક લોભના ભૂતથી ઘેરાયેલો જણાય છે અને તેથી જ પૂર્વાપર કશો વિચાર કર્યા વિના લડાઈ કરવા આવ્યો છે.

“લોભી મનુષ્ય લાભાલાભનો કે સાર–નરસા કે યોગ્ય–અયોગ્યનો વિચાર કરતો નથી. તે તો પોતાના લોભની પૂર્તિ કરવામાં જ મશગૂલ રહે છે આવા લોભી લોકો દયાને પાત્ર છે. અને ત્યાં સુધી શતાનીકનો લોભ શાન્ત કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. જો એમ ન કરતાં આપણે પણ તેની વિરુદ્ધમાં યુદ્ધ કરવા તૈયાર થઈ જઈએ અને તેની સામે મોરચા માંડીએ તો તેથી ધન–જનની કેટલી બધી હાનિ થાય!

“મારી કે શતાનીકની તુચ્છ વાસનાની પૂર્તિ માટે હજારો લાખો મનુષ્યોની નિષ્કારણ હત્યા જ થશે ને! શતાનીકના હૃદયમાં કોઈએ આપણી વિરુદ્ધ ભ્રમ પેદા કર્યો હોય અને તે કારણે આપણી સાથે લડાઈ કરવા ચડી આવ્યો હોય એ પણ સંભવિત છે.

જો મારું આ અનુમાન સાચું હોય તો તે ભેદ આપનું નિરાકરણ કરી યુદ્ધને બંધ કરવું જોઈએ. પણ જો મારું આ અનુમાન ખોટું હોય અને રાજાજીના હૃદયમાં ચંપાપુરીના રાજ્યનો લોભ જ હોય તો તે ભલે ચંપાપુરીનું રાજ્ય લઈ લે પણ યુદ્ધ કરી મનુષ્યોની હત્યા કરાવવી એ મને ઠીક લાગતું નથી. કારણ કે, રાજ્યથી ચ્યુત થવું ખરાબ નથી પણ મનુષ્યોની હત્યા કરાવવી, ખરાબ છે. કદાચ મારે રાજ્ય ખોવું પડે તો રાજ્યત્યાગની અશાતા અનુભવીશ પણ યુદ્ધ કરવામાં આનંદ માનીશ નહિ.

"કદાચ આપણે યુદ્ધ કરીએ તો આપણો જ વિજય થશે એ પણ નક્કી નથી. હું યુદ્ધ કરું, યુદ્ધમાં હજારો-લાખો મનુષ્યોનો ઘાણ વળી જાય તો પણ આપણો જ વિજય થશે એ નક્કી નહિ" એ દશામાં યુદ્ધથી હાનિ જ થવાનો વિશેષ સંભવ છે, લાભ શું થશે!

દધિવાહનના અભિપ્રાયના જવાબમાં પ્રધાન મન્ત્રીએ જણાવ્યું કે;—

"રાજનીતિ પ્રમાણે કોઈ રાજા લડવા આવે ત્યારે સામે લડવું આવશ્યક છે. પણ જો ત્યારે કાયરની માફક બેસી રહીએ તો તેથી હાનિ થવાનો વિશેષ સંભવ રહે છે. વળી, યુદ્ધ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ જ છે.

"જે યુદ્ધની ભયંકરતાથી ડરી જઈ યુદ્ધથી બચવા ચાહે છે તે ક્ષત્રિય નથી. આવો ડરપોક ક્ષત્રિય, ક્ષત્રિયજાતિ અને ક્ષત્રિયધર્મને કલંક લગાડે છે. સાચા ક્ષત્રિયો તો યુદ્ધનો પડકાર કરે છે. તેઓ ઘરમાં મરવા કરતાં શત્રુઓ સાથે યુદ્ધ કરતાં બહાદુરીપૂર્વક મરવાનું વધારે પસંદ કરે છે.

"ક્ષત્રિયોનો આવો ક્ષાત્રધર્મ હોવા છતાં આપ સામે લડવા આવેલ શત્રુની સાથે લડવાના સમયે આ પ્રકારની ડરપોક વાતો કેમ કરો છો! એ જ સમજમાં આવતું

નથી. જ્યારે શત્રુ, પોતાની સેનાદ્વારા આપણા રાજ્યને ઝડપી રહ્યો છે, આપણી પ્રજાને ત્રાસ આપી રહ્યો છે ત્યારે યુદ્ધ કરવાને બદલે રાજ્યત્યાગ કરવા ઉદ્યત થવું, એ વીરતા નહિ પણ કાયરતા છે.

"આપે હમણાં જે વાતો કહી તે વીરને છાજે એવી નથી. આપ આવી કાયર વાણી ઉચ્ચારો નહિ. આપની આવી કાયર વાણીથી સૈનિકો પણ શિથિલ અને ઢીલાઢફ થઈ જાય એ સ્વાભાવિક છે. આવા સમયે તો આપે એવો વીરોચિત પડકાર કરવો જોઈએ કે, જેથી વીરોમાં વીરરસ ઉભરાઈ જાય અને તેઓ ઉત્સાહ અને સાહસપૂર્વક યુદ્ધ કરી શકે; માટે આપ હતોત્સાહ બની રાજ્યત્યાગની ભાવના કરો નહિ પણ કાયરવૃત્તિનો ત્યાગ કરી, રણશીંગું વગાડી યુદ્ધની તૈયારી કરવા માટે બધાને આજ્ઞા કરો.

"યુદ્ધ માટે આપ તૈયાર થશો તો બધા સુભટો આપના પગલે ચાલશે. શતાનીકની પાસે કેટલી સેના છે અને તેનો કેવો પ્રબંધ છે તેની મને બધી ખબર છે. મને તો વિશ્વાસ છે કે, જો દૃઢતા અને ઉત્સાહપૂર્વક આપણે લડીશું તો અવશ્ય આપણો જ વિજય થવાનો છે. વિજયની ચાવી આપણા હાથમાં છે માટે વિજયડંકો વગાડી આપ જ આગળ કૂચ કદમ કરો તો ફતેહ આપણી જ છે."

દધિવાહન—"મન્ત્રી! રાજનીતિ પ્રમાણે તમારું કહેવું બરાબર છે. આવા કટોકટીના સમયે રાજનીતિ પ્રમાણે તમારે મને આવી સલાહ પણ આપવી જોઈએ; પણ કેવળ રાજનીતિથી, પ્રજાજીવનને કોઈ દિવસ શાન્તિ પહોંચી શકતી નથી પણ તેથી ઊલટું પ્રજાજીવન અશાન્તિમય બની જાય છે. એટલા માટે રાજનીતિની સાથે ધાર્મિકતાને પણ સ્થાન આપવાની જરૂર છે. ધાર્મિકતાને રાજનીતિમાં સ્થાન આપવાથી રાજનીતિમાં જે કેવળ સ્વાર્થબુદ્ધિ હોય છે તે ટકી નહિ શકે અને નિષ્કારણ બીજાને સંકટગ્રસ્ત કરવાની ભાવના પણ રહેવા નહિ પામે. પછી એ જ રાજનીતિ

બીજાને કષ્ટદાયક–અશાન્તિકારક નહિ નીવડે પણ સુખદાયક અને શાન્તિકારક નીવડશે.

મેં યુદ્ધથી બચવા વિષે જે કાંઈ કહ્યું છે તે આ ધાર્મિકતાની દૃષ્ટિએ કહ્યું છે, કાયરતાની દૃષ્ટિએ નહિ. હું કાયર નથી પણ વીર છું. પણ બીજાને દુઃખ પહોંચાડવામાં જ એ વીરતાનો ઉપયોગ કરવો ન જોઈએ. હું યુદ્ધથી ડરતો નથી પણ બીજા લોકોને કષ્ટ થશે, બીજાને હાનિ પહોંચશે, એ ભયથી ડરું છું.

તમે એમ સમજો છો કે, 'હું ક્ષત્રિયોચિત કર્ત્તવ્યથી વિરુદ્ધ કહી રહ્યો છું,' પણ મન્ત્રીઓ ! હું જે કાંઈ કહી રહ્યો છું તે ક્ષાત્રધર્મની રક્ષા કરવા માટે જ કહી રહ્યો છું. યુદ્ધ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે એ વાત સાચી પણ તે ધર્મ, પ્રજાની રક્ષા માટે હોવો જોઈએ. પોતાના સ્વાર્થ કે અભિમાનને સિદ્ધ કરવા માટે યુદ્ધ કરવું અને પ્રજાને કષ્ટમાં પાડવી એ ક્ષત્રિયોનો ધર્મ નથી.

"હું ક્ષાત્રધર્મના પાલન માટે પણ યુદ્ધ ન થાય એમ ચાહું છું. અન્યાયને દૂર કરવો એ ક્ષત્રિયોનો ધર્મ છે. પણ અન્યાયને વધારવો એ અધર્મ છે. યુદ્ધથી કેવો ઘોર અન્યાય થાય છે અને તેથી કેટલી બધી ધન–જનની હાનિ થાય છે તે તો તમે જાણો જ છો કે યુદ્ધના સમયે નિરપરાધી તથા શાન્તિપ્રિય પ્રજાને લૂંટવામાં આવે છે, મારી નાખવામાં આવે છે તથા વહૂબેટીઓ ઉપર અત્યાચાર પણ કરવામાં આવે છે. આ બધું પોતાની દુર્ભાવનાને સંતોષવા માટે, પોતાની લાલસાને પૂરી કરવા માટે તથા પોતાના અભિમાનને પુષ્ટ કરવા માટે જ કરવામાં આવે છે.

"પ્રધાન ! તમે જ કહો કે, યુદ્ધના સમયે પ્રજાએ શો અપરા' કરેલો હોય છે કે, તેમની ઉપર આ પ્રકારનો અત્યાચાર કરવામાં આ છે ! પણ યુદ્ધના સમયે તો શત્રુપક્ષની પ્રજાને ત્રાસ આપવો, ક આપવું કે હેરાન કરવા એને 'ન્યાય' માનવામાં આવે છે અને આ

કૃત્યને 'ક્ષાત્રધર્મ'નું નામ આપવામાં આવે છે. પણ પ્રધાના જ્ઞાન-વમાં આ ક્ષાત્રધર્મ નથી. પ્રજાની રક્ષા માટે યુદ્ધ કરવું એ 'ક્ષાત્રધર્મ' છે પણ પ્રજાનો નાશ કરવા માટે યુદ્ધ કરવું એ ક્ષાત્રધર્મ નથી."

પ્રધાનમન્ત્રી—મહારાજ ! શતાનીકની સામે જેટલી નમ્રતા બતાવવામાં આવશે તેટલો તે નમ્રતાનો દુરુપયોગ કરશે. આપણે પહેલાં જે નમ્રતા બતાવી તેનું પરિણામ જો આવ્યું કે, આજે તે ચંપાના રાજ્યને કાપી લેવા તૈયાર થયો છે. જો પહેલેથી જ આપણે તેની સામે કડકાઈ રાખી હોત તો આજે તે ચંપાના રાજ્યને કાપી લેવાનું દુસ્સાહસ કરી શકત નહિ. આપણી અને તેની વચ્ચે મિત્રતાની સંધિ થયેલ હતી. તે સંધિને તેણે પોતે જ તોડી છે એટલા માટે તે દંડને પાત્ર છે. તેને યોગ્ય દંડ આપવો જ જોઈએ.

આવા સ્વમાન સાચવવાના સમયે જો વીરતા દાખવવામાં ન આવે તો રાજ્ય બરાબર ચાલી ન શકે. આ વખતે જો કોઈ પણ ઉપાયે શતાનીકને શાન્ત પાડવામાં આવશે તો તેને જોઈ ને બીજા મિત્ર રાજાઓ પણ ચંપા ઉપર આક્રમણ કરવાનું સાહસ કરશે પણ જો ચંપા ઉપર નિષ્કારણ આક્રમણ કરવા આવેલ શતાનીકની સામે થઈ તેને પરાજિત કરવામાં આવે તો પછી કોઈની મગદૂર નથી કે, ચંપા ઉપર કુદૃષ્ટિ પણ ફેંકી શકે ! પછી તો આપણા રાજ્યની બધા રાજ્યો ઉપર એવી છાપ પડી જશે કે, ચંપાપુરીનું રાજ્ય નિર્બળ નથી, પણ પ્રબળ છે. અને તેથી આપણું રાજ્ય સદાને માટે સુરક્ષિત થઈ જશે. કહેવત પણ છે કે, વૈરી અને સર્પને બળવાન બને તે પહેલાં જ મારી નાંખવા જોઈએ.' નહિ તો તે સદાને માટે ભયંકર અને દુઃખદાયિ નીવડે છે.

આ જ કારણે હું યુદ્ધ ન કરવા વિષે આપના વિચારને સહમત થઈ શકતો નથી. તેમ બીજાઓ પણ તમારી આ પ્રકારની ધાર્મિકતાને ઠીક ગણતા નથી. બધા લોકો આપની આવી ધાર્મિકતાને કાયરતા

જ ગણાશે માટે આપ આ વિષે બીજો વિચાર ન કરતાં યુદ્ધ માટે બધાને તૈયાર થવાની આજ્ઞા આપો.

દધિવાહન—" પ્રિય પ્રધાન! મેં કહ્યું જે ધાર્મિકતાની વાત કહી તેને તમે કાયરતા ગણો છો તે તમારી ભૂલ છે. હું જે કાંઈ કહી રહ્યો છું તે કાયરતાથી નહિ પણ ક્ષાત્રધર્મની પ્રેરણાથી કહી રહ્યો છું. કોઈપણ ઉપાયે યુદ્ધ ન થાય તો સારું એમ હું માનું છું. પહેલાં તો શતાનીકના આક્રમણનું કોઈ સ્પષ્ટ કારણ જણાતું નથી.

કોઈ વાતમાં ભ્રમ પેદા થવાથી તે ચડી આવ્યો હોય તો એ ભ્રમનું નિરાકરણ કરવાથી તે આક્રમણ માટે પશ્ચાત્તાપ કરતો પાછો ચાલ્યો જાય એ શક્ય અને સંભવિત છે. જો મારું આ અનુમાન ઠીક હોય તો આ વાતનો નિર્ણય કર્યા વિના, કેવળ તેનું અનુકરણ કરી, યુદ્ધ-દ્વારા હજારો માણસોની હત્યા કરાવવી શું ઉચિત કહેવાય? માટે સર્વપ્રથમ આક્રમણ કરવાનું કારણ પૂછવામાં આવે એ જ યોગ્ય છે. જો તેણે કોઈ કારણ બતાવ્યું અને તે કારણનું સમાધાન થઈ ગયું તો યુદ્ધદ્વારા થનારી જનહત્યા અટકી ગઈ તો તો ઘણું સારું! પણ જો તે આક્રમણ કરવાનું કોઈ કારણ ન બતાવે પણ રાજ્યલોભથી પ્રેરાઈ ને તે આક્રમણ કરવા ચડી આવેલ છે એમ જણાય તો તો તેને ન્યાય અને ધર્મના ઉપાયોદ્વારા સમજાવવાનો પણ પ્રયત્ન કરી શકાય.

જો આ બધાં ઉપાયોદ્વારા યુદ્ધ બંધ થઈ જાય તો ઘણું જ સારું. પણ જો કોઈપણ ઉપાયે યુદ્ધ બંધ નહિ થાય અને યુદ્ધ કરવું આવશ્યક જણાશે તો તે વિષે બીજો કોઈ વિચાર કરીશું. પરન્તુ યુદ્ધ રોકવાનો પ્રયત્ન કર્યા પહેલાં જ યુદ્ધ કરવા માટે તૈયાર થઇ જવું, તે યોગ્ય લાગતું નથી."

પ્રધાનમન્ત્રી—" મહારાજ! શતાનીક, ચંપાપુરીના રાજ્યને પોતાના રાજ્ય સાથે જોડી દેવાના નિશ્ચયથી જ ચંપા ઉપર આક્રમણ

કરવા આવ્યો છે એટલે તે કોઈને કોઈ કારણ કે બહાનું બતાવી દેશે. એવી અવસ્થામાં ન્યાય, નીતિ અને ધર્મ તરફ તેનું ધ્યાન ખેંચવાથી શો લાભ ! તે વખતે ન્યાયધર્મનો તે વિચાર શા માટે કરે ! મને તો આ પ્રયત્નમાં કાંઈ લાભ જણાતો નથી, ઊલટું યુદ્ધ કરવામાં વિલંબ કરવાથી આપણી સેનામાં શિથિલતા અને તેની સેનામાં ઉત્સાહની વૃદ્ધિ થશે. એ હાનિ તો સ્પષ્ટ જણાય છે.

દધિવાહન—જો શતાનીકે ભ્રમને કારણે ચડાઈ કરી હશે તો તો ભ્રમનું નિરાકરણ થવાથી તે પાછો જ ચાલ્યો જશે. અને જો તેણે નિશ્ચયપૂર્વક જ ચંપા ઉપર આક્રમણ કર્યું હશે તથા ન્યાયધર્મ ઉપર વિચાર કરશે નહિ તો એટલું તો કહેવાનું આપણને રહેશે કે, શતાનીકે અન્યાયપૂર્વક નિષ્કારણ ચંપા ઉપર આક્રમણ કર્યું હતું અને તેને યુદ્ધવિરામ માટે અનેક વાર સમજાવવામાં આવ્યો છતાં પણ તે સમજ્યો નહિ. એ કારણે એક વાર યુદ્ધ રોકવા માટે પ્રયત્ન કરી જોવો મને યોગ્ય લાગે છે.

શ્રી કૃષ્ણ એ જાણતા હતા કે, “ દુર્યોધન પાંચ ગામો આપીને પણ પાંડવો સાથે સન્ધિ નહિ કરે અને તેથી તેની સાથે ભૂમિ પાછી મેળવવા માટે યુદ્ધ અવશ્ય કરવું પડશે.” એ જાણવા છતાં તેમણે કેવળ એટલા માટે પ્રયત્ન કર્યો કે, જેથી લોકોને માલુમ પડે કે આટલો પ્રયત્ન કરવા છતાં પણ દુર્યોધન માન્યો નહિ. આ પ્રમાણે ભલે શતાનીક આપણું માને કે ન માને પણ આપણે તેને સમજાવવાનો પ્રયત્ન તો અવશ્ય કરવો જોઈએ જ.”

પ્રધાન મન્ત્રી—મહારાજ ! આપે શતાનીકને સમજાવવા માટે કોને મોકલવાનું યોગ્ય ધાર્યું છે ?

દધિવાહન—પ્રિય પ્રધાન ! તમારી દૃષ્ટિએ હું, યુદ્ધ અને શત્રુથી ડરું છુ એમ તમે માનો છો. પણ હું કાયર નથી પણ વીર છું એ

બતાવવા માટે હું એકલો જ ઘોડા ઉપર બેસી શતાનીક પાસે જઈ તેને સમજાવવાનો પ્રયત્ન કરવા માગું છું.

પ્રધાન મન્ત્રી—મહારાજ! આપનો આ નિશ્ચય જાણી અમને ચિન્તા થાય છે કે, મહારાજને આવા અનિષ્ટ વિચારો કેમ આવે છે! આપના આવા વિચારથી અમને તો એમ જણાય છે કે, આ વખતે વિજયલક્ષ્મી શતાનીકને વરવાની છે. શત્રુપક્ષના રાજા એકલા પોતાની સેનાની વચ્ચે આવે અને તેમને ચારે બાજુથી ઘેરી લેવામાં આવે, એથી વિશેષ વિજયપ્રાપ્તિ માટે બીજું શું જોઈએ!

જ્યારે આપ એકલા અને અસહાય શતાનીકની પાસે જશો ત્યારે શું તેની સેના આપને કેદ નહિ કરી લે? પાછા તમને આવવા દેશે! તમારા આ વિચારથી તો એમ જણાય છે કે તમે પોતે જાણી જોઈને તેમના કેદી થવાનો અને શતાનીકને વિજય અપાવવાનો માર્ગ શોધ્યો છે!

દધિવાહન—પ્રિય પ્રધાન! હું જાણી જોઈને મારા હાથે શતાનીકનો કેદી બનું એ તમારો ભ્રમ છે. શતાનીક મને કેદી બનાવી લે એવો હું કાયર નથી. પ્રધાન! તમે મારા ઉપર વિશ્વાસ રાખો. જરા પણ ભય કે ચિન્તા ન કરો. હવે સભા વિસર્જિત કરો. હું હમણાં શતાનીકની પાસે જઈ આવું છું. ત્યાંથી પાછા ફર્યા બાદ આપણે આગળ વિચાર કરીશું.

આ પ્રમાણે કહી દધિવાહને સભા વિસર્જિત કરી અને એક સેવકને ઘોડો તૈયાર કરવાની આજ્ઞા આપી. મંત્રીઓ આ વિષે વાતચીત કરતાં પોતાને ઘેર ગયા અને દધિવાહન પોતાના મહેલે ગયો.

પ્રકરણ

[૬]

અમાનુષિક અત્યાચાર

લડો સૌ આત્મસંગ્રામે,
બીજાં સંગ્રામ શાં કરો ?
શુદ્ધાત્માથી દુરાત્માને,
જીતીને સુખ મેળવો—જિનાગમ

માનવહૃદયમાં સારી કે ખરાબ જે ભાવના દઢરૂપે ઘર કરી લે છે એ ભાવનાને દૂર કરવા માટે ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તો પણ તે ભાવના મરતાં સુધી દૂર કરી શકાતી નથી, પણ જ્યાંસુધી ભાવનાના રંગથી મનુષ્યહૃદય રંગાએલું હોતું નથી અને ભાવનાનો પ્રભાવ પૂરેપૂરો હૃદય ઉપર પડ્યો હોતો નથી ત્યાં સુધીમાં તો પ્રયત્નદ્વારા, ઘટનાદ્વારા કે સ્થિતિદ્વારા એ ભાવના થોડીઘણી બદલાવી શકાય છે. પણ જ્યારે જીવનમાં ભાવના તાણા-વાણાની માફક વણાઈ જાય છે ત્યારે એ ભાવના પ્રયત્નદ્વારા કે ઘટનાદ્વારા બદલાવી શકાતી નથી.

[illegible]

[illegible] બદલી શકાતી નથી.

[illegible] થએલી તેનાથી [illegible] અનેક પ્રયત્નો કર્યાં પણ તે બધાં નિષ્ફળ ગયાં. કૈકેયી રાણીમાં ભરતને રાજ્ય અપાવવાની ભાવના દૃઢ થએલી હતી. તે પણ કોઈ પણ રીતે દૂર ન થઈ. કંસમાં અન્યાય—અધર્મની ભાવના પર ચાલી રહી હતી તે પણ મરતાં સુધી દૂર થઈ ન શકી. દુર્યોધનમાં પાંડવોનો વિરોધ કરવાની ભાવના મજબૂત થઈ ગઈ હતી કે જેને શ્રી કૃષ્ણ, વિદુર અને ભીષ્મ જેવાઓ પણ દૂર કરી ન શક્યા. મતલબ કે, એકવાર જો કોઈ ભાવના હૃદયમાં દૃઢ થઈ જાય છે તે ભાવના ગમે તેટલાં પ્રયત્નો કરવાં છતાં પણ બદલી શકાતી નથી. હા, કોઈવાર એમ બની શકે છે કે કોઈ

અસાધારણ મહાપુરુષના સત્સંગથી અને તેમની કૃપાથી ખરાબ ભાવનાનું પરિવર્તન કરી સારી ભાવના આવવી શક્ય છે પણ જેમના હૃદયમાં સારી ભાવના હોય છે તેમની ભાવના અસાધારણ દુષ્ટ પુરુષોની સોબત થતાં છતાં દુષ્ટ પુરુષોદ્વારા અનેક અત્યાચારો કરેલા છતાં પણ બદલી શકાતી નથી.

શતાનીકના હૃદયમાં ચંપાનું ગજ્ઞ ઝડપી લેવાની ભાવનાએ ઘર કરી લીધું હતું, જ્યારે દધિવાહનના હૃદયમાં ધર્મભાવનાએ ઘર કરી લીધું હતું. આ બન્નેમાંથી કોઈની ભાવના બદલે છે કે નહિ તે અત્રે જોવાનું છે.

સભા વિસર્જન કરી દધિવાહન, ઘોડા ઉપર બેસી એકલો જ શતાનીકની પાસે ગયો. દધિવાહનને શતાનીકની સેનામાં એકલા જતાં જોઈ, રાજકર્મચારીઓ તથા પ્રજાજનો હાહાકાર કરવા લાગ્યા પણ દધિવાહને કોઈની વાત ઉપર ધ્યાન આપ્યું નહિ. કારણકે, તેનું મન ધર્મભાવના ઉપર કેન્દ્રિત થએલું હતું.

દધિવાહન નિર્ભય થઈ શતાનીકની સામે એકલો જઈ પહોંચ્યો. દધિવાહનને આ રીતે અચાનક એકલો આવેલો જોઈ શતાનીક પ્રસન્ન થયો. 'દધિવાહન મારી શરણે આવ્યો છે, એ વિચાર આવતાં જ તે અભિમાનથી ફુલાઈ ગયો. પણ દધિવાહને મારી સાથે યુદ્ધ કર્યું નથી અને શરણે આવેલ છે એટલે હવે હું મારી ઇચ્છા પ્રમાણે ચંપાપુરીને લૂંટી શકીશ નહિ આવી સ્થિતિમાં જો હું ચંપાપુરીનો વિધ્વંસ કરું તો લોકોમાં મારી ખૂબ નિંદા થશે અને મારું આવું કાર્ય કલંકિત ગણાશે. એ વિચાર આવતાં જ તેને નિરાશા થઈ.

શતાનીકની નજદીક જઈ દધિવાહન કહેવા લાગ્યો કેઃ— "મહારાજ! મારી અને આપની વચ્ચે મિત્રતાપૂર્ણ સંધિ થએલ છે. આપણો પરસ્પરનો સંબંધ પણ ગાઢ છે અને એ સંબંધને લીધે આપણે અનેકવાર સાથે ભોજન પણ કરેલ છે. આવો આપણો

પારસ્પરિક સ્નેહસંબંધ હોવા છતાં આપને એવું અચાનક શું કારણ આવી પડ્યું કે, આપે એકદમ કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના નિષ્કારણ જ ચંપા ઉપર આક્રમણ કર્યું ? જો તમે નિષ્કારણ જ ચંપા ઉપર ચડાઈ કરી છે તો શું તે આપને માટે શોભા છે? શું તે આપ જેવા ક્ષત્રિયવીરને છાજે એવું કામ છે!

ક્ષત્રિયોનું કામ તો 'શાન્તિ સ્થાપી અને પ્રજાને સુખી બનાવવાનું છે, અશાન્તિ ફેલાવી પ્રજાને કષ્ટ પહોંચાડવું એ ક્ષત્રિયોનો ધર્મ નથી.' આમ હોવા છતાં આપ જેવા ક્ષત્રિયવીરે યુદ્ધદ્વારા અશાન્તિ ફેલાવવાનો વિચાર કેમ કર્યો ? મેં, આપની પ્રજાને કોઈ પણ પ્રકારનું કષ્ટ પહોંચાડ્યું નથી, આપના રાજ્યની કોઈ એક તસુ જમીન પણ દબાવી નથી તેમ કોઈ પ્રકારનું સંધિવિરુદ્ધ મેં કામ કર્યું નથી. તો પછી આપે શા કારણે ચંપા ઉપર ચડાઈ કરી ? શું આ પ્રમાણે નિષ્કારણ ચડાઈ કરવી તે ન્યાયયુક્ત છે ?

હું ન્યાયનીતિપૂર્વક ચંપાની પ્રજાનું પાલન કરી રહ્યો છું. જો મારા તરફથી પ્રજાને કોઈ પ્રકારનું કષ્ટ પહોંચતું હોત અને એ દશામાં પ્રજાની રક્ષા કરવા માટે આપે આક્રમણ કર્યું હોત, તો પણ આપના આક્રમણને અનુચિત કહી શકત નહિ પણ મારી પ્રજાને મારા તરફથી કોઈ પ્રકારનું કષ્ટ નથી. તો પછી આપે શા કારણે ચંપા નગરી ઉપર ચડાઈ કરી ?

આપ જરા ન્યાયની તરફ નજર ફેંકી જુઓ ! અન્યાય તરફ ઝૂકી જઈને યુદ્ધદ્વારા મનુષ્યોની હત્યાના કારણભૂત બનો નહિ; પણ આપનો અમારી સાથે જેવો સ્નેહસંબંધ રહ્યો છે તેવો સંબંધ ચાલુ રાખો. જે પ્રમાણે આપ યુદ્ધ માટે ચડી આવ્યા તે પ્રમાણે હું પણ યુદ્ધ માટે ચડાઈ કરી શકતો હતો પરન્તુ મને એકવાર આપની સાથે એકલા મળી જઈને વાતચીત કરવાનું ઠીક લાગ્યું અને એટલા જ માટે હું આપની પાસે આવ્યો છું."

આ પ્રમાણે શતાનીકની સામે દધિવાહને ન્યાય અને ધર્મની ઘણી વાતો કરી પણ યુદ્ધપિપાસુ શતાનીકના હૃદય ઉપર તેનો કાંઈ પ્રભાવ પડયો નહિ. તેના હૃદયમાં તો ચંપાનગરી ઉપર આધિપત્ય જમાવવાનો લોભ લાગ્યો હતો એટલે દધિવાહનની વાતો તેના ગળે કેમ ઉતરી શકે ! શતાનીક, દધિવાહનની વાતોનો ઉચિત ઉત્તર આપી શકે એવી સ્થિતિમાં ન હતો એટલે તેણે ચડાઈનું કારણ ન બતાવતાં બીજો જ માર્ગ પકડયો.

તે દધિવાહનને કહેવા લાગ્યો કે, "યુદ્ધના સમયે આ પ્રમાણે ન્યાય પૂછવાનું તમારા જેવા કોઇ ધર્મઢોંગી અને કાયર પુરુષને જ સૂઝે, બાકી વીર પુરુષને તો આવું કામ છાજે નહિ.

યુદ્ધના સમયે ન્યાય–અન્યાયનો પ્રશ્ન જ રહેતો નથી. તે વખતે તો યુદ્ધ કરવા આવેલ શત્રુઓ સાથે યુદ્ધ કરવું એ જ ન્યાય છે. પરંતુ તમારામાં યુદ્ધ કરવાની શક્તિ નથી. તમે વીર નહિ પણ કાયર છો; એટલે ન્યાય–અન્યાય વિષે પૂછવા આવ્યા છો. જુઓ ! હું ન્યાય પણ બનાવી દઉં છું. ક્ષત્રિયો માટે યુદ્ધ કરવું, દેશ જીતવો તથા રાજ્યનો વિસ્તાર વધારવો, એ જ ન્યાય છે અને તેથી વિરુદ્ધ બધું અન્યાય છે. આપણે રાજા છીએ, ક્ષત્રિય છીએ એટલે આપણા ન્યાય–અન્યાયનો નિર્ણય યુદ્ધમાં જ થઈ જશે.'

દધિવાહન–મહારાજ ! તમારા કહેવા ઉપરથી તો એમ જણાય છે કે, તમે લોભને વશ થઈ યુદ્ધ કરવા ચડી આવ્યા છો પણ આપના આ અનુચિત લોભને કારણે કેટલા મનુષ્યોની હત્યા થશે ! એ વિષે પણ આપ જરા વિચાર કરો ! પોતાની તૃષ્ણાને શાન્ત કરવા માટે કરવામાં આવતા યુદ્ધની કોઈ દિવસ પ્રશંસા થતી નથી. એવા યુદ્ધની પ્રશંસા ભાટ કે ચારણ લોકો ભલે કરે, પણ વીરપુરુષો તો એવા યુદ્ધને યોગ્ય ગણતા નથી તેમ તેની પ્રશંસા કરતા નથી. તમે એક રાજા છો. છતાં તમારામાં આટલી બધી તૃષ્ણા છે તો

[illegible] વિચાર કરો.

[illegible] નવાં રાજ્યોનો વધારો કરવો એ જ અમારો ધર્મ છે.

[illegible] ચડાઇ કરી આવ્યા હોત [illegible] સામે થાત અને જો શક્તિ ન હોત તો [illegible] અધીનતા સ્વીકારત. [illegible] શકતા નથી તો [illegible] અન્યાયનો ન્યાય કરાવવા [illegible] ઉચિત નથી. અમે તમારા જેવા કાયર નથી કે, ન્યાય-અન્યાયના વિચારથી બાહુબળે મેળવેલી શક્તિનો ઉપયોગ કરીએ નહિ!"

મન્ત્રીઓની ના હોવા છતાં, શતાનીકને સમજાવવાથી કદાચ તે યુદ્ધ બંધ કરશે એ આશાએ દધિવાહન તેની પાસે ગયો હતો પણ શતાનીકનો ઉત્તર સાંભળી તેને ખાત્રી થઇ ગઇ કે, શતાનીક કોઇપણ હિસાબે ચંપા ઉપર આધિપત્ય જમાવવા માટે ચડી આવ્યો છે. તેના મનમાં રાજ્યવિસ્તાર કરવાનો લોભ પૂરેપૂરો લાગેલો છે. એટલે મારા કથનથી તેના ઉપર જરાપણ અસર થઇ નથી. પણ ઊલટો મને યુદ્ધ માટે ઉત્તેજિત કરે છે.

દધિવાહને ઇતિહાસની સાથે જે અનુભવપૂર્ણ વાતો કહી હતી અને તેને જે અનુભવપૂર્ણ રાજ્ય કર્યા હતા તે સંભળાવીને કહ્યું કે કોઈ આક્રમણ કરે તો તેને જરૂર ઉત્તેજિત થઈ જવું અને પોતાના બળાબળનો વિચાર કર્યા વિના યુદ્ધ માટે તૈયાર થઈ જવું પણ બુદ્ધિ-માન બુદ્ધિમાન પુરુષો અને ધર્મના જાણકારો એવું સ્પષ્ટ કહે છે કે, "આ રીતે યુદ્ધ માટે ઉત્તેજિત કરે છે તો પણ પૂરે એવી વાતે કોઈ ઉત્તેજિત થઈને વિવેકને તરછોડી દેવો ન જોઈએ, પણ પ્રત્યેક વાત વિષે શાંતિપૂર્વક પૂર્વાપર વિચાર કરવો જોઈએ. કારણ કે ઉત્તેજિત થઈ અવિચારી પગલું ભરવામાં આવે તો તેનું પરિણામ હમેશાં આખર જતાં પશ્ચાત્તાપપૂર્ણ આવે છે."

શતાનીક જોકે પ્રચંડ સેના લઈને યુદ્ધની પૂરેપૂરી તૈયારી કરીને ચઢી આવ્યો છે, તેણે પ્રજા પાસેથી જે કરના પૈસા આવ્યા છે તે ધનનો અધિકાંશ ભાગ સેના પાછળ ખર્ચી છે અને એ રીતે તેણે પોતાની સેનાને મજબૂત બનાવી છે. જ્યારે મેં પ્રજા પાસેથી તેની રક્ષા માટે જેટલી પૈસાની જરૂર હતી એટલા જ પૈસા કરરૂપે લીધા છે એટલે મારી પાસે શતાનીકની સેનાની સામે થવા જેટલી યોગ્ય સેના પણ નથી તેમ યુદ્ધસંબંધી બીજી સામગ્રી પણ નથી.

આમ છતાં મારી પ્રજા કાયર નથી, વીર છે અને રાજભક્ત પણ છે; તો પણ યુદ્ધશિક્ષાથી કેળવાએલી શતાનીકના સૈનિકોને જીતી શકે એવી કેળવાએલી નથી. આવી દશામાં યુદ્ધ કરી નિષ્કારણ અનેક માણસોની હત્યા કરાવવી એ યોગ્ય તેમજ લાભદાયક નથી.

શતાનીકે યુદ્ધ કરવા સિવાય બીજો માર્ગ અધીનતા સ્વીકાર-વાનો બતાવ્યો છે પણ કોઈ પણ પ્રજાહિતૈષી અને સ્વતન્ત્રતાપ્રિય વીર પુરુષ એ માર્ગને સ્વીકારી શકે નહિ. કારણ કે જો એમ કરવામાં આવે તો તેની આજ્ઞાનુસાર તેના હિત માટે અને તેની ધનપિપાસા શાન્ત કરવા માટે મારે પ્રજા ઉપર આકરાં કર નાખવા પડશે અને પ્રજા

ઉપર તે માટે અત્યાચાર પણ કરવા પડશે તો પછી હું તો નામ માત્રનો રાજા કહેવાઈશ. મારે શતાનીકની આજ્ઞા શિરોધાર્ય કરવી પડશે અને તેથી પ્રજાની રક્ષા અને તેમની કલ્યાણ કરવાની સત્તા મારા હાથમાં રહેશે નહિ. આ સિવાય અત્યારસુધી હું તેની બરોબરીનો રાજા રહ્યો છું અને અમે એક બીજાનો મિત્રભાવે આદરસત્કાર કરતા રહ્યા છીએ. પણ હવે જો હું તેની અધીનતા સ્વીકારું તો અમારો મિત્ર તરીકે સંબંધ ન રહેતાં સ્વામિ-સેવકના જેવો સંબધ રહેશે.

આ બધી વાતોને દષ્ટિમાં રાખી તેની અધીનતા સ્વીકારવા કરતાં તેણે બતાવેલો-વનમાં ચાલ્યા જવાનો-માર્ગ સ્વીકારવો તે યોગ્ય છે. આ માર્ગે જવાથી કોઈ પ્રકારની ઝંઝટ માથે વહોરવી નહિ પડે.

આ પ્રમાણે વનમાં ચાલ્યા જવાનો નિશ્ચય કરી, દધિવાહન પોતાના ઘોડા ઉપર બેસવા જતાં શતાનીકને કહ્યું કેઃ- "ઠીક, મહારાજ! તમારી ઈચ્છા જ ચંપા ઉપર આક્રમણ કરી તેને અધિકારમાં લાવવાની છે તો આપ ખુશીથી ચંપા ઉપર અધિકાર કરો. અત્યારસુધી ચંપાનું તથા ત્યાંની પ્રજાનું હું પાલન કરતો હતો, હવે આપ પાલન કરો.

હું પણ એ જ વિચાર કરતો હતો કે, હું વૃદ્ધ થયો છું, મારે પુત્ર નથી, કેવળ એક કન્યા જ છે એટલે પ્રજાને પાલન કરવાનો ભાર કોને સોંપીશ? જો કન્યા ઉપર રાજ્યનો ભાર નાખું તો તે દુઃખી થઈ જાય! એટલે રાજ્યનો ભાર કોને સોંપુ એની મને હમેશાં ચિન્તા રહ્યા કરતી હતી. પણ હવે આપ ચંપાના રાજ્યનો ભાર તમારી ઉપર લઈ લેશો એટલે હું ચિન્તામુક્ત થઈ જઈશ. આ મારા માટે આનંદનો વિષય છે."

આ પ્રમાણે શતાનીકને કહી દધિવાહન ઘોડા ઉપર બેસી, જંગલમાં જવા માટે રવાના થયો.

દધિવાહનને જંગલ તરફ જતો જોઈ શતાનીકને ઘણો આનંદ થયો. તેણે તુરત પોતાના સેનાપતિ વગેરે રાજ્યાધિકારીઓને પોતાની પાસે બોલાવ્યા અને તેમને કહેવા લાગ્યો કે, "યુદ્ધ કર્યા પહેલાં જ મારો વિજય થયો છે. આક્રમણથી ભય પામી દધિવાહન હમણાં અહીં આવ્યો હતો. મારી સાથે તેની જે વાતચીત થઈ છે તેનો સાર માત્ર એટલો જ છે કે, તે ચંપાનું રાજ્ય મને સોંપી પોતે જંગલમાં ભાગી જવા ચાહે છે એટલે હવે તો યુદ્ધ કરવાની પણ જરૂર ન રહી. હવે તો ચંપામાં જઈને આપણો વિજયવાવટો ફરકાવવાનો છે અને ત્યાંના ભંડારને આપણા અધિકારમાં લાવવાનો છે. મારું ભાગ્ય ખુલ્યું જણાય છે અને વિજયલક્ષ્મી મને જ વરવા ચાહે છે અને તેથી જ એક પણ સૈનિકનો ભોગ આપ્યા વિના કેવળ મારી ધાકથી ચંપાનું રાજ્ય મારા હાથમાં આવ્યું છે.

શતાનીક હજી પોતાનું કથન પૂરું કર્યું ન હતું ત્યાં તો સેનાપતિ વગેરે રાજ્યકર્મચારીઓ તેની પ્રશંસા કરવા લાગ્યા કે, "વાસ્તવમાં આપના પ્રતાપ આગળ કોની તાકાત છે કે, કોઈ શત્રુ પોતાનું મસ્તક ઊંચું રાખી શકે ! તમારું વચન પડતાં જ શત્રુઓને નમતું આપવું પડે એવો આપનો પ્રભાવ છે, તો પછી તમારી કેળવાએલી વિશાળ સેનાને સાથે યુદ્ધ કરવાનું કોણ એવો મૂર્ખ શત્રુ હોય કે, જે સાહસ કરે ! તમને ચંપાનું રાજ્ય પરિશ્રમ કર્યા વિના જ હાથ આવી ગયું એ ઘણો જ હર્ષનો વિષય છે પણ સાથે જ આપ જેવા ચતુર અને રાજનીતિજ્ઞ મહારાજાદ્વારા એક ભયંકર ભૂલ કેમ થઈ ગઈ એ આશ્ચર્યજનક છે.

"નીતિમાં કહેલ છે કે શત્રુને જીવતો જ છોડવો ન જોઈએ. પછી ભલે તે શત્રુ નિર્બળ હોય કે સબળ હોય પણ તેને જીવતો રાખવાથી જેમ પગમાં ભોંકાયેલો કાંટો વારંવાર દુઃખ આપે છે તેમ જીવતો શત્રુ

[illegible]

[illegible] ... હોય અને બીજા રાજાઓની મદદ લઈ પોતાના રાજ્યને પાછું મેળવવા માટે પ્રયત્ન કરતો નહિ હોય!

આ પ્રમાણે આપે દધિવાહનને જવા દઈને મોટી ભૂલ કરી છે. જો એ વખતે અમે હાજર હોત તો, ત્યાંજ દધિવાહનને કેદ કરી લેત અથવા તેની હત્યા કરી નાખત પણ તેને સ્વતન્ત્રતાપૂર્વક જીવતો તો જવા જ ન દેત."

સેનાપતિ અને મન્ત્રીઓની વાત સાંભળી શતાનીક કહેવા લાગ્યો કેઃ—વાસ્તવમાં મને તે વખતે તેનું જરાપણ ધ્યાન ન રહ્યું. દધિવાહનને જીવતો જવા દેવામાં અવશ્ય મેં ભૂલ કરી છે. પણ તે હમણાં જ ગયો છે એટલે બહુ દૂર ગયો નહિ હોય! માટે તેને

પકડવા માટે બહાદુર સૈનિકોને તેની પાછળ રોકો. સંભવ છે કે, કદાચ તે પકડાઈ પણ જાય."

શતાનીકની આજ્ઞા પ્રમાણે સેનાપતિએ દધિવાહનને પકડવા બહાદુર ઘોડેસવાર સૈનિકોને પાછળ દોડાવ્યા અને તેમને કહ્યું કે, " બને ત્યાં સુધી તો દધિવાહનને જીવતો જ પકડી લાવજો અને કદાચ જીવતો પકડાય નહિ તો તેનો શિરચ્છેદ કરી તેનું માથું અહીં લાવજો પણ તે જીવતો ભાગી ન જાય તેનો ખાસ ખ્યાલ રાખજો." સૈનિકો આજ્ઞા મળતાં જ દધિવાહનની પાછળ દોડ્યા પણ તેનો કશો પત્તો ન લાગવાથી નિરાશ થઈ પાછા ફર્યા.

સૈનિકોને આવી રીતે પાછા આવતાં જોઈ, સેનાપતિ તથા મન્ત્રીઓ શતાનીકને કહેવા લાગ્યા કે, " મહારાજ ! એ નાલાયક ક્યાંક છુપાઇ ગયો હશે એટલે પકડાયો નહિ. ખેર ! હવે તેની સાવધાનપૂર્વક ખબર રાખવામાં આવશે અને તે ક્યાં જાય છે, શું કરે છે, વગેરે તેની ગતિ-વિધિ ઉપર પણ ખૂબ જાપ્તો રાખવામાં આવશે. હવે તો આપણે વિના વિલંબે ચંપાપુરી ઉપર આક્રમણ કરી તૂટી પડવું જોઈએ. અને જેટલું લૂંટી શકાય એટલું ત્યાંથી લૂંટી લેવું જોઈએ.

" આપણી સેનામાં ઘણા સૈનિકો તો એ આશાએ દાખલ થયા છે કે, ' યુદ્ધ સમાપ્ત થયા પછી ચંપાનગરીમાં લૂંટફાટ કરવાની આપણને રજા મળશે અને લૂંટફાટમાં ઘણું દ્રવ્ય મળશે.' માટે સૈનિકોની આ આશાને પૂરી કરવા માટે ચંપામાં યુદ્ધ બાદ લૂંટ ચલાવવાની પણ આજ્ઞા મળવી જોઈએ."

સેનાપતિનું આ કથન સાંભળી, શતાનીકે ઉત્તર આપ્યો કે, " સેનાપતિ ! જ્યારે યુદ્ધ જ થયું નથી તો પછી લૂંટ કેમ ચલાવી શકાય ? નિષ્કારણ લૂંટફાટ કરવાથી તો તે ઘોર અન્યાયરૂપ ગણાશે !"

સેનાપતિ—"મહારાજ! દધિવાહને યુદ્ધ ન કર્યું એ એની કાયરતા છે, તેમાં સેનાને શો અપરાધ ? દધિવાહનની કાયરતાને કારણે, સેનાને લૂંટના માલથી શા માટે વંચિત રાખવામાં આવે! સેના તો અત્યારે પણ યુદ્ધ કરવા માટે તૈયાર જ છે. અને દધિવાહન હમણાં કે પછી, કોઇ રાજાની સહાયતાથી લડવા આવશે ત્યારે તે ફરીવાર લડવા પણ તૈયાર જ રહેશે.

"આવી દશામાં સેનાને નિરાશ અને હતોત્સાહ કરવી યોગ્ય નથી. કારણકે, જો સેનાને નિરાશ કરવામાં આવશે તો કદાચ તે વિદ્રોહ કરી બેસશે, સંકટના સમયે આપણો સાથ છોડી આપણી વિરુદ્ધ ઊભી રહેશે અને કદાચ દધિવાહન સેનાની તૈયારી કરી સામો લડવા આવશે તો તેની સાથે સેના નહિ લડે તો આપણે ઊલટા સંકટમાં આવી પડશું. માટે સૈનિકોને નિરાશ અને હતોત્સાહ કરવા એ ઠીક નથી. વધારે દિવસો નહિ તો કેવળ ત્રણ દિવસ ગમે તેમ કરીને ચંપાની લૂંટ ચલાવવાની છૂટ મળવી જોઈએ. અમને તો આમ કરવામાં જ આપણું હિત સમાયેલું લાગે છે. પછી તો આપની જેવી મરજી. આપ આજ્ઞા આપશો તેમ અમે કરીશું."

સેનાપતિ તથા મન્ત્રીઓની વાત સાંભળી શતાનીક, ઘડીભર તો ખૂબ વિચારમાં પડી ગયો. પણ સેનાપતિઓના અનુરોધથી અને સેના કદાચ વિદ્રોહ કરી બેસશે એ ભયથી અનિચ્છાપૂર્વક તેણે સ્વીકાર કર્યું કે, "ઠીક, તમે જેમ ચાહો છો તેમ કરવામાં આવશે." આ પ્રમાણે કહી તેણે સેનાપતિઓને ઠંડા કર્યા. આ બાજુ શતાનીક પોતાની સેનાને ચંપામાં લૂંટ ચલાવવાની અનુમતિ આપી રહ્યો છે; ત્યારે બીજી બાજુ દધિવાહન શતાનીકની પાસેથી રવાના થઈ જંગલ તરફ રવાના થયો અને જંગલમાં જવાની સૂચના તેણે સીમારક્ષક સૈનિક દ્વારા કે કોઈ પ્રજાજનદ્વારા મન્ત્રીઓને પહોંચાડી અને સાથે એ પણ મન્ત્રીઓને કહેવડાવ્યું કે, "શતાનીકની પાસે કેળવાએલી

સેના ઘણી છે એટલે તેની સાથે લડવામાં આપણી સેના વિજય પ્રાપ્ત કરી શકે એમ નથી માટે યુદ્ધ કરી આપણી સેના અને પ્રજાની હત્યા કરાવવી યોગ્ય નથી. અત્યારસુધી ચંપાની રક્ષા મેં કરી પરંતુ હવે શતાનીક ત્યાંનો રાજા બની પોતાને માથે પ્રજાની રક્ષા કરવાનો ભાર લેવા ચાહે છે માટે હવેથી મારી જગ્યાએ શતાનીકને રાજા તરીકે માનજો."

દધિવાહનની આ ખબર જેવી ચંપામાં પહોંચી કે, આખી ચંપાપુરીમાં ખળભળાટ મચી ગયો. મન્ત્રીઓ તથા પ્રજાજનો દધિવાહનને કાયર ગણી તેની નિંદા કરવા લાગ્યા અને 'હવે શું કરવું !' તે વિષે વિચાર કરવા લાગ્યા.

વિચાર કરતાં બધા એ નિશ્ચય ઉપર આવ્યા કે, "ગમે તે પરિણામ આવે પણ શતાનીકની સાથે યુદ્ધ તો કરી જ છૂટવું. રાજાની માફક આપણે પણ કાયર બની શતાનીકના હાથમાં ચંપાનું રાજ્ય આપણે હાથે તેને સોંપીએ એ યોગ્ય નથી. આપણી પાસે સેના છે. તે આપણી સેનાનો ચંપાની રક્ષા કરવામાં તથા શતાનીક સાથે દઢતાપૂર્વક યુદ્ધ કરવામાં ઉપયોગ કરવો જોઈએ.

" રાજા તો એવા કાયર નીકળ્યા કે પાછા તે સમાચાર દેવા પણ ચંપામાં ન આવ્યા. પહેલાં તો અમારી બધાની સંમતિ વિરુદ્ધ જઈ શતાનીકની પાસે જવું જ યોગ્ય ન હતું તેમ છતાં ગયા તો પાછા આવી અમને ખબર તો આપવી હતી ! આ તો શતાનીકની સેનાથી ભય પામી અમારી રક્ષા કરવાને બદલે સીધા જંગલમાં ચાલ્યા ગયા ! પ્રજાની ચિન્તા કે રક્ષા કરવી તો દૂર રહી પણ પોતાની રાણી તથા રાજકુમારીની પણ તેમણે ચિન્તા ન કરી !

" રાજાએ ભલે કાયરતા બતાવી પણ આપણે તો કાયરતાની કાલિમા ઉતારી, વીરતા ધારણ કરી શત્રુ શતાનીકની સાથે યુદ્ધ કરવું જોઈએ અને યુદ્ધ કરી તેની યુદ્ધપિપાસાને હમેશાંને માટે શાન્ત કરી દેવી જોઈએ."

આ પ્રમાણે નિશ્ચય કરી પ્રધાનમન્ત્રીએ યુદ્ધની ઘોષણા કરી સેનાને તૈયાર થઈ જવાની આજ્ઞા આપી. તેણે સેનાને ઉદ્દેશીને કહ્યું કે, " આજે ચંપાપુરીની રક્ષાનો ભાર તમારા જ હાથમાં છે. તમે તેની આબરુ સાચવજો. આપણા મહારાજા અત્યારે અહીં નથી એટલે ચંપાની રક્ષાનું બધું ઉત્તરદાયિત્વ તમારી ઉપર રહેલું છે. એટલા માટે તમે વીરતાપૂર્વક એવું યુદ્ધ કરો કે જેથી શતાનીકને પરાસ્ત થઈ પાછું જવું પડે."

આ પ્રમાણે સેનામાં ઉત્સાહપ્રાણ ફૂંકી પ્રધાનમન્ત્રીએ સેનાપતિની સાથે સેનાને યુદ્ધ માટે નગર બહાર ગોઠવી. આ બાજુ શતાનીક પોતાની સેના લઈ, ચંપા ઉપર વિજયવાવટો ફરકાવવા માટે રવાના થયો. તે એમ જ ધારતો હતો કે, " હું ત્યાં જતાં જ ચંપા ઉપર અધિકાર જમાવી લઈશ અને ત્યાં મારો વિજયવાવટો ફરકાવી લઈશ." સેના પણ એ આશાએ આગળ ધપ્યે જતી હતી કે, " અમે ચંપામાં પ્રવેશ કરતાં જ લૂંટફાટ ચલાવી દઈશું અને જ્યાંથી મળે ત્યાંથી ધનનો ઢગલો એકઠો કરી લઈશું."

આ પ્રમાણે શતાનીક અને તેની સેના વિચાર કરતી ચંપા તરફ પ્રસ્થાન કરતી હતી પણ ચંપાની નજદીક પહોંચતાં જ તેમને વિપરીત સ્થિતિ જણાવા લાગી. ચંપાના મુખ્ય દરવાજા પાસે પહોંચતાં તેમણે જોયું કે 'દરવાજો બંધ છે.' અને ચંપાની સેના યુદ્ધ કરવા તૈયાર ઊભી છે. એ જોઈને શતાનીકે પણ પોતાની સેનાને લડવા માટે તૈયાર થવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં જ શતાનીકની સેના, દધિવાહનની સેના સાથે લડવા લાગી.

દધિવાહનની સેનાએ શતાનીકની સેના ઉપર ઉગ્ર આક્રમણ કર્યું અને વીરતાપૂર્વક ઘોર યુદ્ધ લડવા લાગી. રણભૂમિ રક્તરંજિત થઈ ગઈ અને લોહીની નદી વહેવા લાગી. જ્યાં જુઓ ત્યાં માથાં ને ધડ જુદાં પડવાં લાગ્યાં. થોડી વાર તો દધિવાહનની સેનાએ

શતાનીક સેનાને હંફાવી દીધી પણ શતાનીકની કેળવાયેલી વિશાળ સેના આગળ નાયક વિનાની નાની સેના કેટલો વખત ભાગે ટકી શકે ! શતાનીકની સેનાથી પરાજ્ય પામી ચંપાની સેના રણભૂમિ છોડી ભાગી.

ચંપાની સેનાને ભાગતી જોઈ શતાનીકનું માથું ગર્વથી ઊંચું થઈ ગયું અને પોતાના થએલા વિજય માટે અભિમાન કરવા લાગ્યો. અને એ અભિમાનમાં સેનાને ચંપાનો દરવાજો તોડી નાંખી નગરમાં ઘૂસી જવાની અને તેને લૂંટી લેવાની તેણે આજ્ઞા આપી.

શતાનીકની આજ્ઞા મળતાં જ વિજયમદથી ઉન્મત્ત બનેલી તેની સેનાએ ચંપાપુરીનો દરવાજો તોડી નાંખ્યો. અને ચંપાપુરીમાં ઘૂસી જઈ જેમ ભૂખ્યું બાજ પક્ષી, પક્ષીઓ ઉપર તૂટી પડે તેમ, ચંપાની પ્રજા ઉપર સેના તૂટી પડી. અને તેઓની ધનસંપત્તિ લૂંટવા લાગી. જે કોઈ ધનસંપત્તિ લૂંટતાં અટકાવતું, તેને તલવારદ્વારા મોતને સ્વાધીન કરી દેવામાં આવતો.

આ પ્રમાણે ભયભીત થએલી પ્રજા જ્યાં જવાનો માર્ગ મળ્યો તે તરફ છૂટ લઈને નાઠી. ચંપાપુરીમાં તે વખતે જાણે સૈનિકોનું રાજ્ય થઈ ગયું હોય તેમ લાગતું હતું. તે વખતે ચંપાપુરીની કેવી દુર્દશા થઈ હતી તેની કલ્પના તો વિક્રમ સંવત્ ૧૯૧૪ ના બળવાનો ઇતિહાસ વાંચવાથી સહેજે આવી શકે. બળવાના સમયે જેવી દુર્દશા થાય છે તેવી દુર્દશા ચંપાપુરી અને ત્યાંની પ્રજાની થઈ હતી.

તે વખતનું બીભત્સ દશ્ય અને કરુણ ક્રન્દન, પથ્થર જેવા કઠોર દિલવાળાને પિગળાવી મૂકે એવાં હતાં; પણ પથ્થરથી પણ વધારે કઠોર એવા વજ્રહૃદયવાળા શતાનીક અને તેના સૈનિકોને ચારે બાજુ દેખાતા બીભત્સ દશ્યની અને વેદનાભર્યા સંભળાતાં કરુણ ક્રન્દનની કાંઇ પણ અસર થઇ નહિ, પણ 'ત્રાહિ ત્રાહિ'ના પોકારમાં અને હાહાકારમાં પણ શતાનીકની સેના અમાનુષિક અત્યાચાર કર્યે જતી હતી અને નરપિશાચ શતાનીક એ અત્યાચારોને જોઈ જોઈ ને પ્રસન્નતા અનુભવતો હતો.

પ્ર ક ર ણ

[૭]

ઉપદેશ



જીવનધર્મનું ધ્યેય, વિશ્વબન્ધુત્વસાધના;
વિશ્વશાન્તિ જગાવાને, એને જીવનમાં વણો.
જીવનમાં વણાશે જો, વિશ્વબન્ધુત્વભાવના;
સૌ સાથે મિત્રતા થાશે, ઝેરવેર શમી જશે. —જિનાગમ

ઉપદેશકનો માર્ગ ઘણો જ મુશ્કેલ છે. ખાંડાની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવું તો સરલ પણ કહી શકાય પણ સાચા ઉપદેશકનો માર્ગ એટલો સરલ નથી, પણ તેથી વધારે મુશ્કેલ છે. કારણકે ઉપદેશકને અનેક વિરોધી વિચારો અને વિરોધી કાર્યોમાંથી પસાર થવું પડે છે, એટલું જ નહિ પણ એ બધા વિરોધોને શાન્ત કરવા માટે અને પોતાના ઉપદેશનો પ્રભાવ બીજા ઉપર પાડવા માટે ત્યાગ અને વિવેકને જીવનમાં સક્રિય રૂપ આપવું પડે છે.

ઉપદેશકનું બળ, ત્યાગ અને વિવેક હોય છે. જે ઉપદેશકમાં જેટલો ત્યાગ અને વિવેક હોય છે, તે ઉપદેશકના ઉપદેશનો તેટલો પ્રભાવ શ્રોતાઓ ઉપર અવશ્ય પડે છે. જેઓમાં ત્યાગ કે વિવેક નથી, જે ત્યાગ વિનાનો કેવળ કોરો ઉપદેશ આપે છે તેનો ઉપદેશ પણ નિષ્ફળ જાય છે અને જે ઉપદેશકે ત્યાગ અને વિવેકને જીવનમાં વણ્યાં છે અને જરૂર પડયે પોતાના પ્રિય પ્રાણોનો પણ ત્યાગ કરવાની ભાવના કેળવી છે તે ઉપદેશકનો ઉપદેશ પણ અવશ્ય સફળ અને કાર્યસાધક નીવડે છે. પછી તે ઉપદેશ, ઉપદેશકના મૃત્યુ બાદ પણ સફળ કેમ થતો ન હોય પણ એ ઉપદેશ પાછળ ત્યાગ અને વિવેક-ભાવના ઊભેલી હોવાથી તે ઉપદેશ અવશ્ય સફળ થાય છે.

દેશભક્ત મહારાણા પ્રતાપ અને તેના ભાઈ શક્તસિંહની વચ્ચે એક શિકારને કારણે જંગલમાં ઝગડો થઈ ગયો. મહારાણા પ્રતાપ કહેતા હતા કે, આ શિકાર મેં કર્યો છે. ત્યારે શક્તસિંહ તેની વિરુદ્ધમાં કહતા હતા કે, એ શિકાર મેં કર્યો છે! બસ! આ નાનકડા વિવાદે જ, ભયંકર ઝગડાનું રૂપ ધારણ કરી લીધું હતું. તે એટલે સુધી કે બન્ને જણાએ પોતપોતાની તલવારને મ્યાનમાંથી કાઢી અને એ તલવારદ્વારા એ વિવાદનો નિકાલ કરવા તૈયાર થઈ ગયા.

તે વખતે ત્યાં રાજપુરોહિત પણ હાજર હતો. રાજપુરોહિતે બન્ને ભાઈઓને શાન્ત થવાનો ઘણો ઉપદેશ આપ્યો અને ધર્મગ્રન્થોમાંથી અનેક શિક્ષાસૂત્રો પણ કહી સંભળાવ્યાં. આ પ્રમાણે કલહને દૂર કરવા માટે તેણે ઘણો પ્રયત્ન કર્યો પણ એ કરોડીના સમયે એ ઉપદેશ બન્નેમાંથી કોઈને શાન્ત કરી શકયો નહિ. બન્નેય આ વિવાદને તલવારદ્વારા ન્યાય આપવા તૈયાર થયા હતા. મ્યાનમાંથી તલવાર બહાર કાઢવામાં આવી હતી, કેવળ એક બીજા ઉપર ઘા કરવાની વાર હતી. પુરોહિતે જોયું કે, આ વખતે મારા કેવળ મૌખિક ઉપદેશથી કામ નહિ ચાલે. અત્યારે તો આત્મત્યાગની આવશ્યકતા છે. અને તે પણ

સાધારણ નહિ પણ જો બંનેના હૃદયનું પરિવર્તન કરી નાંખે એવા અદ્ભુત ત્યાગની જરૂર છે.

તેણે મનમાં વિચાર્યું કે, "મેં આ રાજ્યકુળનું નમક ખાધું છે અને આ મારું શરીર એ રાજકુળમાં અન્ન-જળથી પોષાયું છે તો આ બન્ને ભાઈઓનાં આ પ્રાણઘાતક વિવાદને શાન્ત કરવામાં તેનો સદુપયોગ થઈ જાય તો આ બન્ને વીર ભાઈઓની રક્ષા થઈ શકશે અને સાથે સાથે હું પણ રાજાના ઋણથી મુક્ત થઈ શકીશ. જો અત્યારે મહાન ત્યાગના સક્રિય ઉપદેશદ્વારા આ બન્ને વીર ભાઈઓને સમજાવવામાં નહિ આવે તો આ બન્ને ભાઈઓ નાહક વિવાદની તાણાતાણીમાં કપાઈ મરી જશે."

આ પ્રમાણે વિચાર કરી પુરોહિત, યુદ્ધને માટે તૈયાર થએલા પ્રતાપ અને શક્તસિંહની વચ્ચે ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો કે, "આપ બન્ને તમારી તલવાર મારી ગરદન ઉપર ચલાવો." પણ જ્યારે તેણે જોયું કે, આ બન્ને ભાઈઓ કોઈ પણ રીતે તેમ માનવા તૈયાર નથી અને મને પોતાને એક બાજુ છોડી લડી મરવા તૈયાર થએલા છે ત્યારે તેણે કટાર કાઢી, પોતાના પેટમાં ભોંકી દીધી !

પુરોહિતના આ બલિદાનથી, કોઈ પણ રીતે નહિ માનનાર પ્રતાપ-સિંહ અને શક્તસિંહ કાંપી ઊઠ્યા. વૃદ્ધ પુરોહિતના મૃત શરીરે બન્નેના વિવાદને આગળ ન વધવા દેતાં સદાને માટે શાન્ત કરી દીધો. બન્નેની તલવારો એક બીજા ઉપર પ્રહાર કરવાને બદલે મ્યાનમાં છુપાઈ ગઈ અને આ પ્રમાણે આત્મત્યાગના ઉપદેશથી બન્ને ભાઈઓનો વાદજનિત ક્લેશ સદાને માટે શમી ગયો.

આ તો ઇતિહાસની વાત થઈ. ધર્મકથાઓમાં પણ, થોડા રૂપાન્તરમાં આવી અનેક ઘટનાઓ મળી આવે છે. અને તેમાં ધારિણીના બલિદાનની ઘટના અનુપમ છે. પોતાના ઉપદેશને સફળ અને સાર્થક કરવા માટે ધારિણીએ જે બલિદાન આપી ઉપદેશકોને

આત્મત્યાગનો જે માર્ગ બતાવ્યો છે, તેનું જ્વલંત ઉદાહરણ બીજા કોઈ સાહિત્યમાં બહુ ઓછું જોવામાં આવશે.

ચંપાની સેના રણક્ષેત્ર છોડી ભાગી ગઈ. અને શતાનીકની સેના ચંપાનગરીનો દરવાજો તોડી અંદર ઘૂસી ગઈ. શતાનીકની ક્રૂર આદતના પરિણામે અનાથ સ્ત્રીને ગુંડાઓ લૂંટી લે તેમ ચંપાપુરીને શતાનીકની સેના લૂંટવા માંડી. જ્યાં જુઓ ત્યાં અરાજકતાનું તાંડવ નૃત્ય થઈ રહ્યું હતું. ચંપાની પ્રજા શતાનીકની સેનાથી ત્રાસી ગઈ હતી.

જ્યાં જુઓ ત્યાં સૈનિકો લૂંટફાટ કરતા જ નજરે પડતા. આવી અવસ્થામાં ચંપાની પ્રજાને કાંતો શતાનીકની સેનાની રક્તપિપાસા શાન્ત કરવા માટે સદાને માટે પૃથ્વીના પેટમાં સમાઈ જવાનો કે પ્રાણ લઈ કોઈ જગ્યાએ નાસી જવા સિવાયનો બીજો કોઈ માર્ગ ન હતો.

ચંપાપુરીમાં જ્યારે એક બાજુ આ પ્રમાણે અરાજકતાનું તાંડવ નૃત્ય થતું હતું ત્યારે બીજી બાજુ રાજમહેલમાં બેઠેલી ધારિણી માતા વસુમતિને ધાર્મિકતાનો ઉપદેશ આપી રહી હતી. દધિવાહનના જંગલ ચાલ્યા જવાના સમાચાર ધારિણીને મળી ગયા હતા. છતાં તે સ્વાભાવિક ધૈર્યનો ત્યાગ કરી અધીરી ન થઈ તેમ જ્યારે ચંપાપુરીમાં ચાલેલી લૂંટ તથા પ્રજા ઉપર થએલા અત્યાચારની ખબર પડી ત્યારે પણ તે દુઃખથી ગભરાઈ નહિ. અને રાજ-સેવકોએ હમણાં રાજમહેલને પણ શતાનીકની સેના લૂંટવા આવવાની છે એવી સાવચેતી આપી છતાં તે હાયવોય કરવા ન લાગી.

તેનું હૃદય આ બધાં કારણોથી જરા પણ વિચલિત ન થયું. તે નિર્ભય હતી અને નિર્ભયતાનો ઉપદેશ વસુમતિને આપી રહી હતી. વાસ્તવમાં જેમનું હૃદય નિર્ભય હોય છે તે લોકો વર્તમાનમાં આવી પડેલી વિપત્તિઓથી જરા પણ ગભરાતા નથી પણ ભવિષ્યનો દૃઢતાપૂર્વક વિચાર કરે છે.

ધારિણીની પાસે વસુમતિ બેઠેલી છે અને શાન્તચિત્તે ધારિણી ઉપદેશ આપી રહી છે કે, "પુત્રી! તારા સ્વપ્ન પ્રમાણે ચંપાપુરી દુઃખસાગરમાં ડૂબી રહી છે; તારા પિતા જંગલમાં ચાલ્યા ગયા છે, એટલે મારી અને તારી રક્ષા કે સહાયતા કરનારું અહીં કોઈ રહ્યું નથી. પણ તેથી તું કાંઈ ગભરાઈશ નહિ. આપણને જે ધર્મની શિક્ષા મળી છે તેને કાર્યમાં પરિણત કરવાનો આ જ શુભ અવસર છે. આપત્તિના સમયે ધૈર્ય ધારણ કરો એવી ધર્મશિક્ષા આપે છે. આપણે ધર્મની આ શિક્ષાનું બરાબર પાલન કરીએ છીએ કે નહિ, એની પરીક્ષાનો આ વિપત્તિનો સમય છે. એટલે આપણે જો આ વિપત્તિના સમયે ધૈર્યનો ત્યાગ કરી દઈશું તો આપણે કાંઈ કરી શકીશું નહિ કારણકે, જે અધીર બને છે કે ગભરાઈ જાય છે તે વ્યક્તિ કાંઈ કરી શકતી નથી. માટે ધૈર્ય ન ગુમાવતાં સ્વપ્નનો બીજો ભાગ કેમ સત્ય થાય તે વિષે હે! પુત્રી! ધૈર્યપૂર્વક વિચાર કર. આ વિપત્તિનો સમય તારે માટે ગભરાઈ જવાનો નહિ પણ પ્રસન્ન થવાનો છે કે તારા હાથે જે મહાન કાર્ય થવાનું છે તેની આ ભૂમિકા તૈયાર થઈ રહી છે. માટે હૃદયમાં ધૈર્ય ધારણ કરી રાખજે. જરા પણ ગભરાઈશ નહિ.

"તારા પિતા, કોઈ ઉચ્ચ વિચારથી જ જંગલમાં ચાલ્યા ગયા હશે. માટે તેમના વિષે કોઈ પ્રકારની ચિન્તા કરવી તે ઠીક નથી. તેઓ ગયા તો ભલે ગયા. આપણું બધું લૂંટાઈ જાય પણ આપણો ધર્મ લૂંટાઈ ન જાય તો બધુંય સારું થઈ જશે. જે ચંપાપુરી આજે નષ્ટ થઈ રહી છે તે કોઈ દિવસ ફરી વાર નવી વસાવી શકાશે, પરંતુ જો ધર્મ નષ્ટ થઈ ગયો તો તે પાછો લાવી શકાશે નહિ. જો આપણામાં ધર્મ રહ્યો તો તારા સ્વપ્નનો શેષ ભાગ પણ સિદ્ધ થશે. અર્થાત્ દુઃખસાગરમાં ડૂબેલી ચંપાપુરીનો તું ઉદ્ધાર કરી શકશે પણ જો વિપત્તિના કારણે ધર્મભ્રષ્ટ થયાં તો પછી મારાથી કે તારાથી કાંઈ થઈ શકવાનું નથી.

“ હે ! પુત્રી ! [illegible] અહીં [illegible] આપણે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ, પણ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, ' [illegible] પુરુષો [illegible] પણ [illegible] છે, [illegible] [illegible] જ પુરુષો [illegible] [illegible] [illegible] જન્મ આપનાર પણ મેં જ છે [illegible] [illegible] પુરુષોનો [illegible] [illegible] [illegible] [illegible] નથી.' આવી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ આ [illegible] [illegible] છે, તેથી તેને ઉપાલંભ આપવાની જરૂર નથી. આ સમયે તો દુઃખસાગરમાં ડૂબેલી ચંપાપુરીનો ઉદ્ધાર કેમ થાય એ વિષે જ ધૈર્યપૂર્વક વિચાર કરવાનો છે.”

ધારિણી આ પ્રમાણે વસુમતિને ઉપદેશ આપી રહી હતી, એટલામાં તો ત્યાં શતાનીકની સેનાનો એક નાયક આવી પહોંચ્યો. ચંપાપુરીને લુંટતો લુંટતો તેને વિચાર આવ્યો કે, “ પ્રજાને લુંટવાથી બહુ થોડું મળશે માટે એના કરતાં રાજમહેલને જ લુંટું તો રાજભંડારમાંથી પુષ્કળ સંપત્તિ હાથ લાગશે. વળી દધિવાહનની સેના તો નાસી જ ગઈ છે એટલે રાજમહેલને લુંટવામાં પણ કોઈ પ્રકારની બાધા ઉભી નહિ થાય માટે હું જ પહેલવહેલો જઈને રાજાની સંપત્તિને લુંટી આવું ત્યાંથી જે સંપત્તિ મળશે તે બીજી પણ નહિ હોય અને વધારે મૂલ્યવાન હશે એટલે આપણો એજ માર્ગ છે.” આ પ્રમાણે વિચાર કરી તે પ્રજાજનોને લુંટવાનું છોડી, સીધો રાજમહેલ તરફ ગયો. રાજમહેલના રક્ષકો અને સેવકો પ્રાણનાશના ભયે ભાગી ગયા હતા અથવા છુપાઈ ગયા હતા, તેથી રાજમહેલની રક્ષા કરનાર કોઈ ન હતું. એટલે રાજમહેલમાં પ્રવેશ કરતા સેનાપતિને જરા પણ મુશ્કેલી ન પડી. તે પોતાનો રથ એક બાજુ ઉભો રાખી સરળતાપૂર્વક રાજમહેલમાં દાખલ થઈ ગયો. રાજભંડારમાં અનેક પ્રકારના હીરા, માણેક, રત્ન વગેરે જોઈ સેનાપતિના આનંદનો

પાર ન રહ્યો. તે પોતાના ભાગ્યનો ઉદય થયો સમજવા લાગ્યો અને મનમાં કહેવા લાગ્યો કે, "મારા ભાગ્યનો ઉદય થયો છે તેથી જ હું અહીં આવ્યો. નહિ તો મને આટલી બધી સંપત્તિ પ્રાપ્ત થાત નહિ. મને તો એમ જણાય છે કે મારા ભાગ્યોદયે જ યુદ્ધ થયું. જો યુદ્ધ થયું ન હોત તો મને આ રત્ન-રાશિ મહેનત વિના કેવી રીતે મળી શકત ?"

આ પ્રમાણે પ્રસન્ન થતો સેનાપતિ રત્ન-રાશિ ઉપાડવાનો વિચાર કરતો જ હતો ત્યાં તેની નજર એકાએક ધારિણી ઉપર પડી. ધારિણીને જોતાં જ તે મુગ્ધ થઈ નિશ્ચેષ્ટ ઊભો રહ્યો. તે ધારિણીના સૌંદર્ય ઉપર એટલો બધો મોહિત થઈ ગયો કે તે સામે પડેલાં રત્નોને ભૂલી ગયો. તેણે વિચાર્યું કે, "આ સ્ત્રી દધિવાહનની પત્ની જણાય છે. વાસ્તવમાં દધિવાહન મહા ભાગ્યશાળી હતો કે તેને ત્યાં અપ્સરાઓને પણ શરમાવે એવી આ સ્ત્રી છે. આ સૌંદર્યની સાક્ષાત્ પ્રતિમા આગળ આ રત્નો કાંકરા-પથ્થરની માફક ફેંકી દેવા યોગ્ય છે; આ બધાં રત્નો તો આ સ્ત્રીના એક જ અંગ ઉપર ન્યોછાવર કરી શકાય એમ છે તો હું આ પથ્થરરત્ન અને આ સ્ત્રીરત્ન એ બેમાંથી કોને વધારે મહત્ત્વ આપું ? વાસ્તવમાં આ ચૈતન્ય રત્નને છોડી આ રત્ન-કાંકરા પથ્થરને મહત્ત્વ આપવું તે તો મૂર્ખતા જ ગણાય. માટે અપ્સરાઓના માનનું મર્દન કરનારી આ સ્ત્રીને જ હું પસંદ કરું એ જ મારા માટે યોગ્ય છે. જો આ સ્ત્રીએ મને પોતાનો પ્રેમપાત્ર બનાવી લીધો તો હું અવશ્ય ભાગ્યશાળી બનીશ. પણ આ રાજરાણી છે, ક્ષત્રિય કન્યા છે એટલે એ મારી પ્રાર્થનાને સરલતા-પૂર્વક સ્વીકારી લે એ સંભવ નથી માટે તેને ભયદ્વારા પોતાના વશમાં કરી લેવી જોઈએ. ગમે તેમ થાય, ભલે બધું ચાલ્યું જાય પણ આ સ્ત્રીરત્ન કોઈ પણ હિસાબે મારા હાથમાં આવે તો મારું યુદ્ધ કરવું સફલ જ છે. કોઈ પણ ઉપાયે તે મારી પ્રેયસી બની જાય તો સારું !"

આ પ્રમાણે વિચાર કરી મૈનાર્પીન, હાથમાં ખુલ્લી તલવાર [illegible] [illegible] આવ્યો [illegible] એવું જોઈ તે વસુમતિ [illegible] [illegible] કહેવા લાગી કે, "દુષ્ટ! આવું [illegible] છે! [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] છે. હવે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ની [illegible] [illegible] આવ્યો છે [illegible] [illegible] જશો! [illegible] પણ વિશ્વાસ કરો નહિ. [illegible] વિશ્વાસ [illegible] [illegible] નથી. આ તરવાર, [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] તરવાર દ્વારા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રક્તપાત કર્યું છે તેમ મારું પણ રક્તપાત કરો. માટે વિશ્વાસ કર્યા વિના [illegible] [illegible] એવી જશો ! "

મૈનાર્પીનની ક્રૂરતાભરી લાલ આંખો જોઈ ધારિણીએ વિચાર્યું કે, " આ સમયે આ માણસના હૃદયમાં દયાભાવ નથી એટલે તે મારી નાંખવા પણ તૈયાર થઈ ગયો છે. તો આ સમયે મારે શું કરવું જોઈએ ! જો હું તેની સાથે જતી નથી તો તે મારી નાંખવા તૈયાર થઈ ગયો છે. વળી વસુમતિને મારે જે શિક્ષા આપવી છે તે પણ હું પૂરી આપી શકી નથી ત્યાં તો આ કાળ આવી ઊભો ! હવે જો તેની સાથે જાઉં નહિ તો તે મને તલવારદ્વારા હમણાં જ મારી નાંખે અને મારે જે વસુમતિને આપવાનો ઉપદેશ આપવાનો છે તે પણ આપી શકાય નહિ અને સાથે જાઉં છું તો તે માણસ મારું શનીત્વ લૂંટશે તેવો ભય રહે છે. પરંતુ એની સાથે ન જતાં તેની તલવાર દ્વારા હમણાં મરી જવામાં કાંઈ લાભ જણાતો નથી, કારણકે આ પ્રમાણે પ્રાણત્યાગ કરવા કરતાં વસુમતિને પૂરો ઉપદેશ આપ્યા બાદ વીરતાપૂર્વક જ શા માટે પ્રાણત્યાગ ન કરું ! એટલા માટે હમણાં

[illegible]

[illegible] રહેલું છે. કારણ કે અત્યારે પ્રાણત્યાગ કરવાથી હું વસુમતિને [illegible] ઉપદેશ આપી શકીશ નહિ તેમ આ વીર સેનાપતિને સુધારવાનો પ્રયત્ન પણ કરી શકીશ નહિ. પણ તેની સાથે જવાથી વસુમતિને [illegible] બાળકીને ઉપદેશ આપી શકીશ. તેનામાં ધર્મશ્રદ્ધાનો પ્રાણ ફૂંકી શકીશ, પોતાના સતીત્વની રક્ષા કરવાનો માર્ગ બતાવી શકીશ, આ વીર સેનાપતિને સુધારવાનો પ્રયત્ન કરી શકીશ અને અંતે જ્યારે સતીત્વની રક્ષા માટે બીજો કોઈ માર્ગ નહિ રહે ત્યારે પ્રાણત્યાગ કરી, વસુમતિની સમક્ષ બલિદાનનો એક આદર્શ પણ ઉપસ્થિત કરી શકીશ. આ દૃષ્ટિએ આ સેનાપતિની તલવારથી અત્યારે મરવા કરતાં તેની સાથે જવું એ ઠીક છે. આ વીર સેનાપતિ છે, પણ તે વિકારને વશ થએલો હોવાથી અત્યારે કામાંધ બની ગયો છે. એટલે અત્યારે તેની બુદ્ધિ કામાવેશથી જડ જેવી થઈ ગઈ છે. માટે

અત્યારે તેનું કહેવું માની લેવું એ યોગ્ય છે. કદાચ એ વીર સેનાપતિ મારા ઉપદેશથી સુધરી ગયો તો તો મને એક વીર ભાઇનો પણ લાભ મળશે."

આ પ્રમાણે વિચાર કરી ધારિણી, વસુમતિને સાથે લઈ ઊભી થઈ. તે વખતે તેના મુખ ઉપર ચિંતા, દુઃખ કે રોષની રેખા પણ જણાતી નહતી. તે તો હમેશાંની માફક શાન્ત અને પ્રસન્નચિત્તે વસુમતિને સાથે લઈ રાજમહેલની બહાર નીકળી. ઉઘાડી તલવાર હાથમાં લઈ સેનાપતિ તેની પાછળ ચાલ્યો. રથ પાસે પહોંચતાં સેનાપતિએ રથમાં બેસી જવાનું કહ્યું ત્યારે જેમ ભાઈની સાથે બેનને જવામાં સંકોચ થતો નથી તેમ નિઃસંકોચ થઈ ધારિણી, વસુમતિની સાથે રથમાં બેઠી. પુત્રી સહિત ધારિણીને રથમાં નિઃસંકોચ બેઠેલી જોઈ, સેનાપતિ ઘણો પ્રસન્ન થયો. તે કોઈ વાર પોતાના ભાગ્યની પ્રશંસા કરતો, કોઈ વાર ભયપ્રદર્શનની નીતિની બડાઈ મારતો તો કોઈ વાર પોતાની વીરતાભરી આકૃતિની, યોગ્યતાની, પોતાના સુંદર શરીરની કે પોતાની યુવાવસ્થાની પ્રશંસા કરતો હતો. કોઈ વાર એમ વિચારતો કે જો મેં એમને મરણનો ભય બતાવ્યો ન હોત તો આ સ્ત્રીરત્ન મારા હાથમાં આવત નહિ. એ તો સારું થયું કે, મેં કોઈ બીજા ઉપાયોનો ઉપયોગ કરવાને બદલે તલવારનો જ ઉપયોગ કર્યો. કોઈ વાર એમ વિચારતો કે મારા નસીબ જ ચડિયાતા છે એટલે બધું સારું જ થાય છે. જો મારું નસીબ ચડિયાતું ન હોત તો પ્રજાને લૂંટવાનું છોડી અહીં આવવાની અને આ સ્ત્રીને અપનાવવાની મને એવી બુદ્ધિ જ કેમ સૂઝત ! કોઈ વાર એવી કલ્પના કરતો કે આ સ્ત્રી મારી વીરતાભરી આકૃતિ, તથા યુવાવસ્થા તથા મારું સુંદર શરીર જોઈને મારી ઉપર મુગ્ધ થઈ ગઈ હોય તો, તેમાં કાંઈ આશ્ચર્ય નહિ ! કારણકે તેનો પતિ તો ભાગી ગયો છે એટલે તેને કોઈ બીજા પુરુષના શરણે તો જવું જ પડત. એવી અવસ્થામાં મારા જેવો બીજો કયો વીરપુરુષ મળવાનો હતો ! મારી સાથે

આવવામાં તેણે પોતાનો સ્વાર્થ જોયો છે અને તેથી જ તે પ્રસન્નતા-પૂર્વક, કશી આનાકાની કર્યા વગર મારા રથમાં બેસી ગઈ છે. હું તો એમ જ માનું છું કે આ લડાઈ અને લૂંટફાટ મારા ભાગ્યોદયથી જ થઈ છે. જો યુદ્ધ થયું ન હોત કે યુદ્ધ થવા છતાં પણ શતાનીકે ચંપાપુરીને લૂંટવાની આજ્ઞા આપી ન હોત તો મને આ સૌન્દર્યની સાક્ષાત પ્રતિમાઓની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકત ? આ બન્ને કેવી અનુપમ સુન્દરીઓ છે. અને તેમાં એક તો અવિકસિત કલીની સમાન જ છે. એવો સમય ક્યારે આવશે કે જ્યારે એ યુવતીઓને પોતાની કરી ધન્ય થઈશ !

આ પ્રમાણે પોતાની કલ્પનાઓથી ઉન્મત્ત બનેલો સેનાપતિ, રથની ચારેય બાજુ પડદો નાંખી રથને હાંકવા લાગ્યો. તેણે વિચાર્યું કે આ રથને ચંપાપુરીની મધ્યમાંથી હાંકી જવો ઠીક નથી, કારણકે મહારાજા શતાનીક કે બીજા કોઈને આ વાતની ખબર પડશે તો આ સુંદરીઓને શતાનીક પોતાના મહેલમાં લઈ જશે એટલા માટે ચંપાપુરીની મધ્યમાંથી જવું યોગ્ય નથી, તેમ એકદમ સીધા કૌશાંબી જવું એ પણ ઠીક નથી માટે આ રથને જંગલ તરફ હાંકી જવો એ સલામતીભર્યું છે. કારણકે ત્યાં કોઈ પણ ઉપાયે આ રમણી સાથે સુખભોગ કરી શકીશ અને તેને મારી પત્ની બનાવી શકીશ. પછી કૌશાંબી જઈશ તો ઠીક રહેશે કે જેથી કોઈ પ્રકારની ગડબડ જ પેદા ન થાય તેમ આ સ્ત્રીઓ મારી વિરુદ્ધ કાંઈ બોલી પણ શકશે નહિ. હમણાં તો આ બે સુંદરીઓમાંથી એકને જ મારી પત્ની બનાવવાનો મારે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે જ્યારે એક મને પતિરૂપે સ્વીકારી લેશે—મારી સ્ત્રી બની જશે તો પછી બીજી તો મારી થવાની જ.

ધારિણી તથા વસુમતિને કોઈ ઉપાડી જશે એ ભયથી અને પોતાની કામવાસનાને પૂરી કરવા માટે સેનાપતિ રથને જંગલ તરફ

દોરી ગયો. રસ્તામાં તે અનેક પ્રકારની કલ્પનાઓ કરે જતો હતો.
આ બાજુ સેનાપતિ કલ્પનાજાળમાં ઉન્મત્ત બની ગયો હતો તે
વખતે બીજી બાજુ રથમાં બેઠેલી ધારિણી વસુમતીને સંબોધન-
માં અત્યન્ત કરુણ રડતી હતી તે ધારિણી વસુમતિને કહેવા લાગી કે,
" વહાલી પુત્રી ! તું કેમ વિચાર કરી રહી છે કે તારા પિતાજી
અમને છોડીને કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા છે અને આ દુષ્ટ
અમને ક્યાં લઈ જઈ રહ્યો છે ! હવે અમારી કોણ જાણે કેવી
દુર્દશા થશે. પણ પુત્રી ! આ પ્રમાણે વિચાર કરવો તે કાયરોનું કામ
છે. ભવિષ્યમાં તારે તો મહાન કાર્ય કરવાનું છે એટલે તારે કાયરતા
નહિ પણ વીરતા ધારણ કરવી જોઈએ. કારણકે જેનામાં વીરતા
હોય છે તે કોઈ પણ સમયે ગમે તેવી દશામાં જરા પણ ગભરાતો નથી
તેમજ બીજાની મદદ પણ ચાહતો નથી. બીજાની સહાયતા ચાહનારો
અને બીજાના આશ્રયે જીવનારો કાયર મનાય છે. વીર તો પોતાની
રક્ષા પોતે જ કરે છે બીજાની સહાયતાની અપેક્ષા રાખતો નથી,
એટલા માટે તું તારા પિતા ચાલ્યા ગયા છે એ વિષે જરા પણ
ચિન્તા કર નહિ. તારા પિતા તો ગયા જ છે પરન્તુ હું પણ તારી
સાથે વધારે સમય સુધી રહી શકીશ નહિ. જો હું તારી સામે જ
આ સેનાપતિના કહેવા પ્રમાણે રથમાં બેસી ચાલી આવી તે જ પ્રમાણે
ન જાણે હું ક્યારે તને પણ છોડી ચાલી જઈશ ! જો તારા હૃદયમાં તું
વીરતાને ધારણ કરી રાખીશ, તો તો તું એકલી હોવા છતાં તારે જરા
પણ દુઃખ ભોગવવું નહિ પડે. તારે જે મહાન કાર્ય કરવાનું છે, તે પણ કરી
શકીશ તથા તને જે સ્વપ્ન આવ્યું હતું તે સ્વપ્નનો બાકીનો ભાગ પણ
સત્ય સિદ્ધ કરી શકીશ. પણ જો તું તારા પગ ઉપર ઊભા રહેતાં
શીખીશ નહિ, સ્વાવલંબિની બનીશ નહિ તો તો તું ભવિષ્યમાં કાંઈ
કરી શકીશ નહિ અને દુઃખી થઈને મરી જઈશ. માટે હું એકલી
થઈ જઈશ એ વાતનું તને જરા પણ દુઃખ હોવું જ ન જોઈએ.

" પુત્રી વસુમતિ ! હું હવે તને એવો ઉપદેશ આપવા ચાહું છું કે

જે ઉપદેશ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
પ્રમાણે વર્તીશ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે કે [illegible]
ઉપદેશની વિરુદ્ધ કાંઈ પણ વિચાર કરીશ નહિ.

"પુત્રી ! તેં જે સ્વપ્ન જોયું હતું તેનો એક ભાગ તો સત્ય સિદ્ધ થયો. ચંપાપુરી અત્યારે દુઃખસાગરમાં ડૂબી રહી છે, તેની ઉપર મોટું કલંક લાગ્યું છે. નિષ્કારણ તેની ભૂમિ ઉપર હજારો-લાખો મનુષ્યોના રક્તની નદીઓ વહી છે. [illegible] [illegible] [illegible] આવી અને અનેક પ્રકારનું કષ્ટ તેને પહોંચાડવામાં આવ્યું છે એટલું જ નહિ પણ અભિમાની પ્રજાજનોને [illegible] [illegible] [illegible] આવ્યાં છે. જન્મભૂમિ ચંપાપુરી ઉપર આ એક મોટું કલંક છે. આ કલંકનું લાગવું એ જ ચંપાપુરીનું દુઃખસાગરમાં ડૂબવું છે. ચંપાપુરી એ તારી જન્મભૂમિ છે. તારું શરીર એ જન્મભૂમિના અન્નજળથી પોષાયું છે. તું ત્યાં જ ઉત્પન્ન થઈ અને આટલી મોટી પણ ત્યાં જ થઈ છો. એટલે ચંપાની ભૂમિની તું ઋણી છે. જો તેં તારી જન્મભૂમિ ઉપર લાગેલા કલંકને ધોયું નહિ તો તારું જીવન ધિક્કારને પાત્ર ગણાશે, માટે તારી જન્મભૂમિ ચંપાપુરી ઉપર લાગેલા કલંકને ધોવાનો બધો ભાર તારી જ ઉપર છે એમ માન અને ચંપાપુરી ઉપર લાગેલા કલંકને ધોવું એ જ દુઃખસાગરમાં પડેલી ચંપાપુરીનો ઉદ્ધાર છે એમ સમજ અને આ પ્રમાણે એ જન્મભૂમિ ચંપાપુરીનું કલંક ધોવાનું માથે લે તો જ તને આવેલા સ્વપ્નનો શેષ ભાગ સત્ય સિદ્ધ થઈ શકશે.

"વહાલી પુત્રી ! જન્મભૂમિ ચંપાપુરીનું કલંક ધોવું અને તેનો ઉદ્ધાર કરવો એ કાંઈ સરલ નથી. એ માટે તો તારે યુદ્ધ ખેડવું પડશે. જેવું યુદ્ધ ચંપાપુરીમાં થયું છે અને યુદ્ધને કારણે ચંપાપુરીને કલંક

આગનું છે તેવું યુદ્ધ નાદે એકનું પણ નહિ. અનુભૂતિમાં જે યુદ્ધ થતું
હતું તે હિંસાત્મક યુદ્ધ હતું. તે યુદ્ધથી મનુષ્યજાતિની જે હાનિ થએલી
તે તે પ્રત્યક્ષ જોયાં છે. આવું હિંસાત્મક યુદ્ધ કરવું, તે પશુતા છે.
કેમકે યુદ્ધ તો પશુઓ પણ કરે છે તો મનુષ્યો આવું હિંસાત્મક યુદ્ધ
કરે એ તો પશુઓના યુદ્ધ કરતાં પણ ખરાબ છે. પશુઓ કોઈ
પ્રકારના અસ્ત્ર-શસ્ત્રોની મદદના લેતા નથી પણ તેમને જે પ્રાકૃ-
તિક સાધનો મળેલાં છે તે સાધનોથી યુદ્ધ કરે છે. પશુઓ પ્રાકૃતિક
સાધનોનો આ પ્રમાણે બીજાને હરાવવામાં ઉપયોગ કરે છે એ તેમની
અવશ્ય ભૂલ છે પણ આખરે તે પશુ હોવાથી તે ક્ષમ્ય છે.
પશુઓ વિવેક ન હોવાને કારણે જ આવી ભૂલ કરે છે પણ મનુષ્યોમાં
વિવેકબુદ્ધિ છે છતાં પણ મનુષ્યો મળેલાં સાધનોનો બીજાને હાનિ
પહોંચાડવા માટે—બીજાની હત્યા કરવા માટે—વિવેકબુદ્ધિનો દુરુપ-
યોગ કરી કૃત્રિમ સાધનો ઊભાં કરે છે અને તેનો ઉપયોગ કરે છે
એટલા જ માટે શસ્ત્રસંગ્રામ કરવો, એ પશુતાથી પણ ખરાબ છે.
આ પ્રકારનો શસ્ત્રસંગ્રામ કરવાથી કોઈને શાન્તિ કોઈ દિવસ મળી
નથી તેમ મળી પણ શકતી નથી. ઉત્તેજિત થઈ બીજાને શત્રુ માની
તેની સાથે લડવું, કોઈને હાનિ કરવી, કોઈના પ્રાણ હરવા, કોઈની સંપત્તિ
લૂંટવી, વગેરે પ્રકારે જે પોતાનામાં રહેલી પશુતાનું પ્રદર્શન કરે
છે તે કોઈ દિવસ પોતે સુખે રહી શકતા નથી તો બીજાને સુખ ક્યાંથી
આપી શકે ! તેઓ તો બીજા લોકોને પણ નિષ્કારણ દુઃખી બનાવે છે.
ચંપાપુરીની પ્રજાની જે દુર્દશા થઈ છે, તેમને માથે જે વિપત્તિઓ પડી
છે, તે બધું હિંસાત્મક યુદ્ધની પશુતાનું જ પરિણામ છે. જો કદાચ
કોઈનો અપરાધ હશે તો તે તારા પિતાનો કે શતાનીકનો હશે તેમાં
બિચારી પ્રજાએ શો અપરાધ કર્યો કે તેની ઉપર અન્યાય-અત્યાચાર
કરવામાં આવ્યો ! પણ હિંસાત્મક યુદ્ધની પશુતા, ન્યાય-અન્યાયનો
વિવેક કરતી નથી આ સિવાય આવા હિંસાત્મક યુદ્ધમાં જે વિજયી કે
પરાજિત થાય છે તે બન્ને દુઃખના ભાગીદાર બને છે. કારણકે જે

પરાજિત થાય છે તે તો દુઃખી થાય જ છે પણ જે વિજયી બને છે તે પણ સુખે રહી શકતો નથી પણ તેનામાં થોડીઘણી રહેલી મનુષ્યતા પણ ગુમાવી બેસે છે અને શતાનીકની માફક નિરપરાધી લોકો ઉપર અત્યાચાર કરે છે અને એ રીતે તે પોતાના પરલોકને વધારે દુઃખમય બનાવે છે. માટે હે ! પુત્રી ! તું શસ્ત્રસંગ્રામથી ચંપાપુરીનો ઉદ્ધાર કરવાની કલ્પના પણ કરીશ નહિ. તારે તો ચંપાપુરીનો ઉદ્ધાર કરવા માટે, તારી જન્મભૂમિ—તારા સ્વદેશ—ઉપર લાગેલું કલંક ધોવા માટે, સંસાર સમક્ષ એક નૂતન આદર્શ ઉપસ્થિત કરવા માટે અને લોકોને શસ્ત્રસંગ્રામની ખૂનખરાબી અને નિરુપયોગિતા સમજાવવા માટે અહિંસાત્મક યુદ્ધ ખેડવું પડશે. અને અહિંસાત્મક યુદ્ધ દ્વારા જ તું ચંપાપુરીને દુઃખ સાગરમાંથી ઉગારી શકીશ.

"વહાલી પુત્રી! અહિંસાત્મક યુદ્ધ કરવામાં હિંસાત્મક યુદ્ધની માફક કાંઈ હિંસા થતી નથી પણ અહિંસાત્મક સંગ્રામ તો હિંસાત્મક સંગ્રામથી તદ્દન વિપરીત જ હોય છે. આમાં હિંસાત્મક યુદ્ધની માફક પશુતાને જરા પણ સ્થાન નથી. આ યુદ્ધથી કોઈ પણ વખતે પોતાને કે બીજાને અશાન્તિ કે દુઃખ થતાં નથી. આમાં વિજય કે પરાજય થવાથી કોઈ પ્રકારનું દુઃખ, અભિમાન કે પશ્ચાત્તાપ થતાં નથી. હિંસાત્મક સંગ્રામમાં તો કેવળ ખરાબી જ છે, જ્યારે આ અહિંસાત્મક સંગ્રામમાં તેથી વિપરીત બધું સારું જ છે. આમાં હારવા કે જીતવાથી દુઃખ કે પ્રસન્નતા થતી નથી. જીતવાથી ગર્વ થતો નથી અને હારવાથી હાનિ થતી નથી. એટલા માટે હે પુત્રી ! તારે જન્મભૂમિના ઉદ્ધાર માટે અહિંસાત્મક યુદ્ધ જ કરવું જોઈએ. આ યુદ્ધદ્વારા તું મોટા મોટા વિરોધીઓને પણ તારા હિતચિંતક બનાવી શકીશ અને તેઓમાં શત્રુતાના સ્થાને મિત્રતાને પ્રગટાવી શકીશ. હિંસાત્મક યુદ્ધમાં તો પરાજિત શત્રુ પુનઃ વિજય પ્રાપ્ત કરવા માટે વેરનો બદલો લેવાનો અવસર શોધ્યા કરે છે, તેનામાં વૈરબુદ્ધિ વધવા પામે છે અને અવસર મળતાં જ પોતાને જીતી જનારને પરાજિત કરવાની ચેષ્ટા

[illegible]

[illegible]

[illegible] ગણવી નહિ. પોતાનું [illegible] [illegible] માની તેની સાથે [illegible] વ્યવહાર કરવો, [illegible] ન રાખવો. એવી નિર્વેદ ભાવના રાખવી એ, [illegible] છે.

" હે ! મુની ! જન્મભૂમિ સંબંધીના વિકાર [illegible] ભી સંવિગ્ન [illegible] નિર્વેદ [illegible] પ્રથમ [illegible] અને [illegible]

ત્મક યુદ્ધ પ્રારંભ કર્યા પછી વિશ્રામ કરવાનો તને જરા પણ અવકાશ નહિ મળે. તારે દિવસ અને રાત અવિરત કામ કરવું પડશે. ભય કે શ્રમને કારણે શરીરમાં જરા પણ શિથિલતા આવી ન જાય તેની ખાસ ચીવટ રાખવી પડશે. વળી, જ્યાંસુધી તારું કાર્ય સફળ ન થાય ત્યાં સુધી તારે દેશોદ્ધાર માટે સચિંત રહેવું પડશે. તારે એ વાત હમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે મારે માથે દેશોદ્ધાર કરવાનો મોટો ભાર રહેલો છે એટલે જ્યાંસુધી એ ભાર માથા ઉપરથી ઉતારું નહિ ત્યાં સુધી મને વિશ્રામ કે નિશ્ચિંતિતા ક્યાંથી હોઈ શકે ? આ પ્રમાણે ઉદાર વિચાર દૃષ્ટિસમક્ષ રાખી દેશનું કલંક ધોવા માટે તારે નિર્ભય થઈ અહિંસાત્મક યુદ્ધ ખેડવું પડશે. આ અહિંસાત્મક યુદ્ધમાં બીજાના લોહીનું ટીપું પણ ન પડવું જોઈએ, એનો ખ્યાલ સમજી રાખવો પડશે ને પોતાના લોહીને પાણી સમજીને તેની દ્વારા દેશ ઉપર લાગેલ કલંક રૂપ ડાઘ ધોવો પડશે. અને તે પણ વેરરૂપે ક્રોધથી નહિ પણ હર્ષપૂર્વક ધોવો પડશે. અર્થાત્ દેશ ઉપર લાગેલા કલંકના ડાઘને દૂર કરવા માટે તારે જરૂર પડ્યે તારા લોહીનો પણ ભોગ આપવો પડે તો તે માટે પણ તૈયાર રહેવું પડશે. એટલું જ નહિ પણ કદાચ દેશોદ્ધાર કરવા જતાં મૃત્યુને પણ ભેટવાનો પ્રસંગ આવે તો મૃત્યુથી ડરવું નહિ પણ આ શરીર તો નાશવાન છે તો એનો નાશ થવાથી કાંઈ મારા આત્માનો નાશ થવાનો નથી, હું તો અવિનાશી છું. મારો નાશ કોઈ કરી શકે એમ નથી. આ પ્રમાણે આત્મા અને શરીરને ભિન્ન માની આત્માને અવિનાશી અને શરીરને વિનાશી સમજી દેશોદ્ધાર કરવા જતાં આ ભૌતિક શરીરનો ભોગ આપવો પડે તો સહર્ષ આપવો. હે ! પુત્રી ! આત્મસમર્પણ કરવાની આવી ઉન્નત ભાવના દેશોદ્ધાર માટે હૃદયમાં જ્યારે ઉદ્ભવશે ત્યારે તું દેશનું કલંક અવશ્ય ધોઈ શકીશ. પણ એક વાત તારે ભૂલી ન જવી જોઈએ કે તારે જે સત્યાનુમોદિત માર્ગ હોય તે જ માર્ગે પ્રયાણ કરવું પડશે. જે માર્ગ સત્યરહિત અને સ્વાર્થ—કાંટાથી

પૂર છે તે માર્ગે ભૂલેચૂકે પણ પગ મૂકવો નહિ અને માતૃભૂમિના
.ગ માટે જ હું જીવીશ અને મરીશ અને જ્યાંસુધી મારા હૃદયમાં
દધર્મ રહેલો છે ત્યાંસુધી મારો જ જય થવાનો છે એવી
નત ભાવના હમેશાં તારે રાખવી તો સદા તારો જ જય
વાનો છે.

"વહાલી પુત્રી! મેં હમણાં અહિંસાત્મક યુદ્ધ માટે જે વાત
.રી તેની હિંસાત્મક યુદ્ધમાં પણ જરૂર રહે છે એવો તને કદાચ
મ થાય એ સ્વાભાવિક છે. કારણકે હિંસાત્મક
દ્ધ—શસ્ત્રસંગ્રામ માટે પણ ધર્મ અને સહિષ્ણુતાની જરૂર
હે છે. અને જેઓમાં આ ગુણો નથી તેઓ શસ્ત્રસંગ્રામમાં ફતેહ
ામતા નથી. આ જ પ્રમાણે હિંસાત્મક યુદ્ધમાં પણ ભય, શ્રમ,
વેશ્રામ, અને નિશ્ચિંતતાને સ્થાન જરા પણ હોતું નથી. આવું યુદ્ધ
ારનારો પણ પોતાના માથે પણ જય મેળવવાનો ભાર સમજે છે.
તે પણ મોતથી ડરતો નથી, પ્રાણની પરવા કરતો નથી અને પોતાનું
બલિદાન આપવા પણ તે હમેશાં સહર્ષ તૈયાર રહે છે. આવી દશામાં
હિંસાત્મક યુદ્ધ અને અહિંસાત્મક યુદ્ધમાં શું અંતર રહેલું છે, આ
પ્રકારનો સંદેહ તને થાય તો હું તને એ જ કહીશ કે, તું હજી હિંસા-
ત્મક યુદ્ધ અને અહિંસાત્મક યુદ્ધ વચ્ચે શું અંતર રહેલું છે તે સમજી
શકી નથી. હિંસાત્મક યુદ્ધમાં પણ જો કે ધૈર્યાદિ ગુણો કેળવવા
પડે છે પણ તે બીજાની હત્યા તથા હાનિ કરવા માટે. 'શત્રુઓને
હું કેવી રીતે મારું, રીબાવું અને દુઃખી કરું' એ જ ભાવના એમાં
રહે છે. તેનામાં ક્રોધ હોય છે, બદલો લેવાની વૈરવૃત્તિ હોય છે અને
બીજા ઉપર વિજય મેળવવાની, બીજાને પોતાને આધીન બનાવવાની,
બીજાને અપમાનિત કરવાની અને બદલો લેવાની ઇચ્છા તેનામાં રહે
છે. જ્યારે અહિંસાત્મક યુદ્ધમાં આ વિરોધી વાતોને જરા પણ સ્થાન
હોતું નથી. અહિંસાત્મક યુદ્ધનો યોદ્ધો હમેશાં અહિંસક જ હોય છે.
તે પોતે બીજાને મારવાની ઇચ્છા રાખતો નથી પણ તેને બદલે પોતે

કુળ સાગરમાં ડુબેલી ચંપાનગરીનો ઉદ્ધાર કરી [illegible] સાથે તારા આત્માનો પણ ઉદ્ધાર કરી શકીશ. માટે હે ! પુત્રી ! તારે માથે જે મહાન કાર્યનો ભાર રહેલો છે તે [illegible] માટે તું વીરતા ધારણ કરી. ધર્મને માટે [illegible] મરવા તૈયાર રહી શકે એટલું આત્મસામર્થ્ય પ્રાપ્ત કર એ જ મારી અંતરની આશા છે.”

આ પ્રમાણે વીરતાધારિણી ધારિણી માતા વસુમતિને ઉપદેશ આપી રહી છે અને વસુમતિ શાંતચિત્તે ઉપદેશને સાંભળતી જાય છે અને હૃદયમાં ઉતારતી જાય છે. માતા જ્યારે વસુમતિને ઉપદેશ આપી રહી હતી ત્યારે તેની મુખમુદ્રા ઉપર એવી તેજસ્વિતા, વીરતા અને સાહસિકતા ઝળકી રહી હતી જેવી કોઈ દિવસ વસુમતિએ એવી તેજસ્વિતા, સાહસિકતા કે વીરતા જોઈ ન હતી કે સાંભળી ન હતી. જેમ એક વિદ્યાર્થી શિક્ષક આગળથી શિક્ષાને હૃદયમાં ઉતારી લે છે તેમ વસુમતિ ધારિણી માતાનો ઉપદેશ એક ચિત્તે સાંભળી રહી હતી અને એ શિક્ષાને હૃદયમાં ઉતારી રહી હતી.



પ્રકરણ

[૮]

આત્મસમર્પણ

> મૃત્યુ કેરું સ્વરૂપ જે, શાને માનવ કોઈએ,
> હારે અજ્ઞાનતાથી, ત્યારે વિશ્વમાં દીસે
> એ અજ્ઞાનતાથી, પણ આખું સુખ થશે,
> મૃત્યુ સદા ઉત્તમ થયું, જીવન વિના ન બીજું મળે.
>
> —કેશ. નરસિંહરાવ

ભારતની સ્ત્રીઓએ સતીત્વની રક્ષા કરી પોતાની પ્રતિષ્ઠા જગાવી છે ને પ્રસિદ્ધિ પામેલ છે. આજના પ્ર- થઈ ગઈ છે કે જેમણે સતીત્વની રક્ષા માટે પોતાનું સર્વસ્વ–પોતાના પ્રાણ સુદ્ધાં–પણ હસતે મુખે અર્પી દીધાં છે. તેમને સતીત્વથી વિચલિત કરવા માટે કોઈ પણ શક્તિ કે સામ દામ, દંડ અને ભેદ એ ચારેય નીતિ પણ સફળ નીવડી નથી. તેઓએ જીવનપર્યંત ઘોર યાતનાઓ સહેવાનું કબૂલ કર્યું, પોતાની આંખ સામે પોતાના પ્રિયજનોનો કરુણ વધ જોવા પણ તૈયાર થઈ પણ સતીત્વ વેચવાનો કે

[illegible]

... સમય છે અને [illegible]
થવાની છે. જ્યાં સુધી પોતાની [illegible] વિષમ પરિસ્થિતિ આવી
હોતી નથી, અને જ્યાં સુધી કોઈ [illegible]
ચૂંતોપવાની પ્રાર્થના કરતો નથી ત્યાંસુધી તો પ્રાય પ્રત્યેક સ્ત્રી [illegible]
સાહસિક અને સદાચારિણી પણ રહી શકે છે, પણ [illegible] તો
ત્યારે છે કે આવી વિકટ પરિસ્થિતિમાં સ્ત્રી સાહસને [illegible] ન ખોએ,
ધૈર્યને છોડી દે નહિ, સદાચારિણી રહે અને પોતાના ધર્મનો નાશ

થવા ન દે, આ સેનાપતિ વીરપુરૂષ છે એટલે જ મને, આવી મદના
આવી રહ્યો છે પણ અત્યારે તેની દૃષ્ટિ વિકૃત થઈ ગઈ હોવાથી
કામાંધ બની ગયો છે અને આવી કામોત્તેજક વાતો કહી રહ્યો છે.
તોપણ તેનો વીર સ્વભાવ હોવાથી તે પોતે જ 'સ્વમુખેથી તું જેવી
સુંદરી છો તેવો જ સુંદર કર.' એવો મારા માટે સુંદર ઉપદેશ આપી
રહ્યો છે. જો કે અત્યારે એની દૃષ્ટિ વિકારવિષયથી વિકૃત થઈ ગઈ
છે અને વિકારને વશ થઈ તે આવી વાતો કરી રહ્યો છે તો તે વાતો
ઉપર ધ્યાન ન આપતાં, તેના કર્તવ્યઉપદેશ ઉપર જ મારે ધ્યાન
આપવું જોઈએ. જે પ્રમાણે હંસ મિશ્રિત થએલા દૂધપાણીમાંથી
પાણી અને દૂધનો વિવેક કરી દૂધને જ ગ્રહણ કરે છે તેમ મારે
પણ આ સેનાપતિની કામવૃત્તિ ઉપર ધ્યાન ન આપતાં તેના
જીવનમાંથી જે કર્તવ્યનો ઉપદેશ મળે છે તેને અપનાવવો જોઈએ.

"એ સેનાપતિ મારી દ્વારા પોતાના જીવનને સફલ કરવા ચાહે
છે તો જ્યારે હું તેને મારો ભાઈ સમજું છું તો તેના જીવનમાં જે
વિકારવિષ ફેલાઈ ગયું છે તેને દૂર કરી તેના જીવનને અમૃતમય
બનાવી મારે સફળ બનાવવું જોઈએ. વળી તે કહે છે કે, ' તને
મેળવીને હું મને પોતાને ભાગ્યશાળી થયો સમજું છું ,' આ કથન
પણ તેનું ઠીક છે કારણકે જે બહેન પોતાના ભાઈને
સુધારવા માટે પોતાનું બલિદાન આપવા તૈયાર હોય તેવી બહેનને
મેળવીને એવો કયો ભાઈ હશે કે પોતાને ભાગ્યશાળી થયો માનતો
હોય! વાસ્તવમાં હું તેને તેના સૌભાગ્યથી જ મળી છું. અંતર
... એટલું જ છે કે તે પોતે ખોટે માર્ગે જવામાં પોતાને સદ્ભાગી
... છે જ્યારે હું તેને ખોટે માર્ગેથી બચાવી સન્માર્ગે લઈ જવામાં
...ગી બનાવવા ચાહું છું."

આ પ્રમાણે વિચાર કરતી ધારિણી જરા હસી પડી. ધારિણીને
હસતી જોઈ સેનાપતિનું હૃદય પ્રસન્નતાથી ફુલાઈ ગયું.
...કથનની અસર એની ઉપર પડી છે અને તેથી જ તે હસી

પડી છે અને હવે મેં પણ જ [illegible] મારી [illegible]
વિચાર આવતાં તે વધારે પ્રસન્ન થઈ.

આ પ્રમાણે પ્રસન્ન થયેલ [illegible] ફરી કહેવા લાગ્યો કે, " હે! હૃદયેશ્વરિ! તારા નિર્મળ સુંદર મનમોહક રૂપમાં હું [illegible] રનો માફક ઉન્મત્ત થઈ ગયો છું. તારા મધુર વચનથી હું મારી પ્રાર્થનાને તુચ્છકારતી નથી એ સ્પષ્ટ જણાય છે છતાં તું મારી પ્રાર્થનાની સ્પષ્ટ સ્વીકૃતિ કેમ નથી આપતી? તેનું કારણ પણ હું સમજી ગયો છું. તું એમ સમજતી હોઈશ કે 'હું એક સામાન્ય છું. અને અત્યારસુધી એક રાજાની રાણી રહી છું. મારે ત્યાં અનેક દાસદાસીઓ હતી. કોઈ એ મારી ઉપર કોઈ દિવસ આજ્ઞાશાસન કર્યું નથી. તેમ મેં અત્યાર સુધી દરેક પ્રકારનાં સુખો ભોગવ્યાં છે. તો હવે આ પુરુષને ત્યાં ન જાણે કેવો વ્યવહાર કરવામાં આવે! અને કોણ જાણે ત્યાં સુખ મળે કે દુઃખ?' હું સમજું છું કે, આવાં સંશયોને કારણે જ તેં મારી પ્રાર્થનાને સ્પષ્ટ સ્વીકૃતિ આપી નહિ હોય! વાસ્તવમાં તું બુદ્ધિમતી સ્ત્રી હોવાથી આ પ્રકારનો સંશય તને થાય એ સ્વાભાવિક છે. પણ હું તારા એ સંશયને મટાડી દઉં છું. હું તને વિશ્વાસ આપું છું કે, તેં જે સંશય કર્યો છે તે સંશયને અવકાશ જ નહિ રહે એ પ્રમાણે હું તારી સાથે વર્તીશ. 'જો, હું તારી સામે પ્રતિજ્ઞા કરું છું કે, તને હું મારી પ્રેયસી બનાવીશ તો પણ હું તારી ઉપર કોઈ પ્રકારની આજ્ઞા ચલાવીશ નહિ પરંતુ હું પોતે તારો આજ્ઞાકારી થઈ ને રહીશ.' હું તને મારી પ્રાણેશ્વરી બનાવી રહ્યો છું એટલે મારું શરીર જ નહિ પણ મારા પ્રાણો પણ તારા સંકેત પ્રમાણે જ આ શરીરમાં રહેશે નહિ તો શરીરની બહાર નીકળી જશે. જ્યારે મારા પ્રાણો પણ તારી આજ્ઞાનું પાલન કરશે તો શરીર તો પ્રાણાધીન જ છે. એટલે આ શરીર તો તારી આજ્ઞાનું પાલન કરશે જ. હું તારી સાથે કદાપિ વિશ્વાસઘાત નહિ કરું પણ જે હું તને વિશ્વાસ આપી રહ્યો છું તેનું અક્ષરશઃ પાલન કરીશ. હું પણ વીરક્ષત્રિય છું

એટલે હું જે કાંઈ પ્રતિજ્ઞા કરું છું તેને અક્ષરશઃ પાર ઉતારું છું. માટે તું મારી પ્રતિજ્ઞા ઉપર વિશ્વાસ રાખ. અને જો તને વિશ્વાસ ન આવતો હોય તો હું સોગંદપૂર્વક કહું છું કે, 'જો હું તારી ઉપર આજ્ઞા કરું કે હું તારો આજ્ઞાધીન થઈને ન રહું અને તારા સુખનું અક્ષરશઃ ધ્યાન ન રાખું તો હું ક્ષત્રિય નહિ. અને મને ગોહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યાનું પાપ લાગે.' હું ઈશ્વર અને ધર્મની સાક્ષીએ કહું છું કે મારી પાસે જે વિશાળ સંપત્તિ છે તેની એક માત્ર તું જ અધિકારિણી છે અને તે સંપત્તિનો તું ચાહે તેમ ઉપયોગ કરી શકે છે, હું તારા કોઈ કાર્યમાં હસ્તક્ષેપ કરીશ નહિ. તારી કોઈ વાતને અનુચિત માનીશ નહિ પણ જેમ આજ્ઞાકારી સેવક સ્વામીની સેવા કરે છે તેમ હું પણ તારો આજ્ઞાકારી સેવક થઈને રહીશ. બસ! હવે તો તારો સંદેહ મટી ગયો ને! હવે તો મારી પ્રાર્થનાનો સ્પષ્ટરૂપે સ્વીકાર કરી મને તારી સેવા કરવાનો અવસર આપ!"

સેનાપતિની આ બધી વાત સાંભળી, ધારિણી તો પહેલાંની માફક વિચારમગ્ન જ બેસી રહી. અને મનમાં વિચારવા લાગી કે, "અહા! કામની કેવી વિચિત્ર માયા છે! આ સેનાપતિ શતાનીકનો મહારથી છે અને તેની વીરતા ઉપર શતાનીક વિશ્વાસ કરતો હતો. તેની આકૃતિ પ્રકૃતિ ઉપરથી પણ તે વીર હોય એમ સ્પષ્ટ જણાય છે અને પોતે પણ પોતાને વીર માને છે છતાં આવો વીર પુરુષ પણ મારા કહ્યા વિના જ મારો આજ્ઞાકારી સેવક બનવા તૈયાર થયો છે અને કહ્યા વિના ઈશ્વર અને ધર્મના સોગંદ પણ ખાઈ રહ્યો છે! એમ તો કોઈ એને આજ્ઞાકારી સેવક બનવાનું કહે અથવા આજ્ઞાકારી સેવક બનવા માટે કોઈ મોટી જાગીર આપવા તૈયાર થાય તોપણ તે એ પ્રસ્તાવ સ્વીકારે કે નહિ એ વિચારણીય પ્રશ્ન છે. અને આવા પ્રસ્તાવને પોતાનું અપમાન સમજી પ્રસ્તાવકનો શિરોચ્છેદ કરવા પણ તૈયાર થઈ જાય તો તે કાંઈ આશ્ચર્યજનક નથી. પણ અત્યારે તે પોતે જ મારો આજ્ઞાકારી સેવક બનવાની પ્રતિજ્ઞા કરે છે

અને તે વિષે ઈશ્વર અને ધર્મના સોગંદ પણ ખાય છે! આ ખરું એ વીરપુરુષ શા માટે કરી રહ્યો છે? કેવળ કામવાસનાને વશ થઈ પોતાની દુર્ભાવનાઓને પૂરી કરવા માટે તે આમ કરી રહ્યો છે! ધિક્કાર છે એ કામવિકારને, કે જે કામવિકાર, મારા આવા વીર ભાઈને પણ પતિત કરી રહ્યો છે, કાયર બનાવી રહ્યો છે અને ભ્રષ્ટ કરી રહ્યો છે! આ સમયે મારું એ જ કર્તવ્ય છે કે તેને હું પતિત થવા ન દઉં, કાયર થવા ન દઉં અને તેને ભ્રષ્ટ પણ થવા ન દઉં. આ વીરપુરુષ મારો આજ્ઞાકારી સેવક બનવા તૈયાર છે તેમ છતાં જો હું તેનો ઉપકાર કરું નહિ કે બહેન તરીકે મારું કર્તવ્ય બજાવું નહિ તો તે ઠીક કહેવાય નહિ. જ્યારે તે મારા માટે બધુંય કરવા તૈયાર છે તો પછી મારે પણ તેનું કલ્યાણ કરવું જ જોઈએ!"

આ પ્રમાણે ધારિણી શાન્તચિત્તે વિચાર કરી રહી હતી. ધારિણીની પ્રસન્ન મુખમુદ્રા જોઈ સેનાપતિ ઘણો જ ખુશી થયો. અને એમ વિચારવા લાગ્યો કે, "આ મારા પ્રસ્તાવનો સ્વીકાર કરવા માટે જ વિચાર કરી રહી છે અને હમણાં જ થોડી વારમાં 'હું તમારી વાત સ્વીકારું છું' એમ પોતાના મુખે જ કહેશે." આ પ્રમાણે આશાના તરંગોમાં ગોથાં ખાતો સેનાપતિ આ રમણી ક્યારે બોલે અને તેના સુખદાયક વચનામૃતો હું ક્યારે સાંભળી શકું એવી પ્રતીક્ષા કરતો ધારિણી સામું જોયા કરતો હતો.

સેનાપતિ ધારિણીનો ઉત્તર સાંભળવા ઉત્સુક થઈ ગયો હતો. એટલામાં જ તેણે જોયું કે ધારિણી કાંઈ કહેવા હોઠ હલાવી રહી છે. આશાનદીના તરંગોમાં ગોથાં ખાતો સેનાપતિ ધારિણીના મુખેથી અનુકૂલ ઉત્તર સાંભળવા ચાહતો હતો પણ ધારિણીએ જે ઉત્તર આપ્યો તેથી સેનાપતિની આશા નિરાશમાં ફેરવાઈ જતી હોય એમ લાગ્યું.

સેનાપતિની પ્રાર્થનાના ઉત્તરમાં ધારિણીએ કહ્યું કે, "ભાઈ! તમે પોતાને વીર કહેવડાવો છો પણ તમારી આવી અનુચિત વાતો

ઉપરથી તો એમ જણાય છે કે તમને તમારી વીરતાનું તથા ઉચિત-અનુચિતનાનું ભાન નથી। તમે મને સુંદરી કહી મારી પ્રશંસા કરો છો અને મને સુંદર વિચાર કરવાનું કહો છો પણ તમે પોતે મારી પાસેથી વિપરીત ચાહો છો તેનું શું? હું તમને પૂછું છું કે, નિયમ ધર્મનું પાલન કરવું એ સુંદર વિચાર કહેવાય કે નિયમ-ધર્મનો ભંગ કરવો એ વિચાર સુંદર કહેવાય ? મને સુંદર વિચાર કરવાનું કહીને પણ 'હું ધર્મનિયમને ભૂલી જાઉં અને તમારી દુર્વાસનાને પૂરી કરું ' એમ તમે મારી પાસેથી ચાહો છો! તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે એટલે જ તમે કહો છો જુદું અને ચાહો છો જુદું! જો તમે સાચા વીરપુરુષ હો તો વીરોચિત વચન પ્રમાણે વીરોચિત કાર્ય કરો. પણ તમારી નીતિ-કહેવું જુદું અને કરવું જુદું-તો કાયરોચિત છે, વીરોચિત નથી. કારણકે જે સાચો વીર હોય છે તે આવી પરસ્પર વિરુદ્ધ વાતો કોઈ દિવસ કરતો નથી. માટે તમે તમારી બુદ્ધિને ઠેકાણે લાવો, અને તમારી જાતને સંસ્કારો અને તમારી વીરતાને કલંક લાગે એવી વાતો કહો નહિ. કદાચિત્ તમે મારી વાત માનો નહિ તોપણ-હું તમારી બહેન છું એટલા માટે-હું તમારી રક્ષા કરું એ મારું કર્તવ્ય છે; જ્યારે તમે તમારી બુદ્ધિને સ્થિર કરો, તમારામાં જે ઉન્મત્તતા આવી ગઈ છે તેને શાન્ત કરો અને તમે જે પહેલાં પ્રતિજ્ઞા લીધી છે તેને યાદ કરો તો જ અને ત્યારે જ મારી વાત તમને ગળે ઊતરી શકશે.

"તમે હમણાં મારા આજ્ઞાવર્તી સેવક થઈ રહેવાની તથા મારી સાથે વિશ્વાસઘાત ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી અને એ પ્રતિજ્ઞાઓનું દઢતાપૂર્વક પાલન કરવા માટે ઈશ્વર તથા ધર્મની સાક્ષીએ સોગંદ પણ ખાધા, પરંતુ તમારી એવી પ્રતિજ્ઞાઓ અને એવાં સોગંદો ઉપર કોણ વિશ્વાસ કરશે ! કારણકે, જે વ્યક્તિ પહેલાં લીધેલી પ્રતિજ્ઞાઓનું તથા સોગંદોનું બરાબર પાલન કરતો નથી, પ્રતિજ્ઞાભંગ કરે છે, તે વ્યક્તિની નવીન પ્રતિજ્ઞા તથા સોગંદ ઉપર કોઈ વિશ્વાસ

કરી શકતું નથી. આ જ વાત તમને પણ લાગુ પડે છે. એટલે તમારી એ પ્રતિજ્ઞાઓનું તથા એ સોગંદોનું મારી આગળ કાંઈ મૂલ્ય નથી, કારણકે, જેમ જેમ મારી આગે પ્રતિજ્ઞા કરી રહ્યા છો અને સોગંદ ખાઈ રહ્યા છો તેમ મારી ભોજાઈ અર્થાત્ તમારી પત્નીની સામે પણ તમે તેજ પ્રતિજ્ઞા કરી હતી અને સોગંદ ખાધા હતા; પણ આજે તમે એ પ્રતિજ્ઞા અને એ શપથને તોડી નાખવા તૈયાર થયા છો કે નહિ? શું એ જ તમારી વીરતા છે? એવી દશામાં તમે જે પ્રતિજ્ઞા અને સોગંદ લો છો તેની ઉપર કોણ વિશ્વાસ કરશે? તમે તમારા વિવાહના સમયે અનેક લોકોની સમક્ષ ધર્મ, ઈશ્વર, અગ્નિ, નદીઓ અને દેવતાઓને આહ્વાન કરી બધાની સાક્ષીએ તમારી પત્નીની સાથે જે પ્રતિજ્ઞાઓ કરી હતી તેને પાળવામાં પણ વીરતા બતાવી શકતા નથી, કાયરતા બતાવો છો તો હવે જે નવી પ્રતિજ્ઞા લેવા તૈયાર થયા છો તો તેને કેવી રીતે પાળી શકશો અને તમારી ઉપર કોણ વિશ્વાસ કરશે? ભાઈ! જો તમે સાચા વીર છો, જો પ્રતિજ્ઞા અને સોગંદનો ભંગ કરવા ચાહતા નથી, જો તમે ધર્મને સમજો છો તો પહેલાં વિવાહના સમયે તમારી પત્નીની સાથે લીધેલી પ્રતિજ્ઞાઓથી પતિત થવાનો વિચાર સરખો પણ ન કરો. તમારી પત્નીએ તમારી પાસેથી વચન લીધું હતું કે, તમે પરસ્ત્રીનું–પછી તે રંભા કે રમાની સમાન સુંદરી જ કેમ ન હોય–સેવન કરશો નહિ કિન્તુ પરસ્ત્રીને માતા કે બહેન સમાન માનશો. તમે તમારી પત્નીને વચન આપ્યું હતું અને એ વચનને પાળવાની પ્રતિજ્ઞા પણ કરી હતી. તો પછી આજે એ પ્રતિજ્ઞાનો ભંગ કરી રહ્યા છો! અને જો તમે એ પ્રતિજ્ઞાને તોડવા પણ ચાહો તો હું તમારી બહેન–તમને પતિત થવા કેમ દઉં? હે વીર ભાઈ! કદાચ તમે મારું કહેવું ન પણ માનો, પહેલાં કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવા પણ તૈયાર થઈ જાઓ અને વીરતાનો પણ ત્યાગ કરી દો તો પણ હું તો મારી પ્રતિજ્ઞા ઉપર દૃઢ રહીશ. હું તો મહારાજ દધિવાહનની જ પત્ની છું અને તમારી

તો બહેન જ છું. તમે જે પ્રતિજ્ઞા તમારી પત્ની પાસે કરી હતી તે પ્રતિજ્ઞાનુસાર પણ હું તમારી બહેન છું અને મેં મારા પતિ પાસે જે પ્રતિજ્ઞા કરી હતી તે પ્રતિજ્ઞાનુસાર પણ હું તમારી બહેન છું. તમે તમારી પત્નીને કહ્યું હતું કે, 'મારા માટે પરસ્ત્રી માતા અને બહેનની સમાન છે.' આ જ પ્રમાણે મેં પણ મારા પતિ સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે, મારા માટે પરપુરુષ પિતા, ભાઈ કે પુત્ર સમાન છે, આ બન્નેય પ્રતિજ્ઞાનુસાર તમે મારા ભાઈ છો અને હું તમારી બહેન છું. તમે ભલે તમારી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈ જાઓ પણ હું તો ક્ષત્રિય કન્યા છું, વીરપુત્રી છું અને વીરપત્ની છું એટલા માટે હું તો મારી પ્રતિજ્ઞા ઉપર મેરુપર્વતથી પણ અધિક દૃઢ રહીશ. મેં મારા પતિને જે વચન આપ્યું છે તે વચનનો કદાપિ જીવના ભોગે પણ ભંગ કરીશ નહિ. તમને પણ હું એ જ કહું છું કે તમે તમારી પત્નીને જે વચન આપ્યું છે તેનું બરાબર પાલન કરો; તેનો ભંગ કરો નહિ. વચનનું પાલન કરવામાં જ તમારું કલ્યાણ છે. વીર ક્ષત્રિયો એક વાર જે પ્રતિજ્ઞા કરે છે તે પ્રતિજ્ઞાને જીવન પર્યંત પાળે છે. તો પછી તમારા જેવા વીરક્ષત્રિય પુરુષ નિષ્કારણ પ્રતિજ્ઞાભ્રષ્ટ કેમ થઈ રહ્યા છો! અને ક્ષત્રિય પુરુષને ન શોભે એવાં વચનો કાઢી મુખને દૂષિત કેમ કરી રહ્યા છો! આહ! તમે કોણ છો! તેનો ખ્યાલ કરો, તમે જે પહેલાં પ્રતિજ્ઞાઓ લીધી છે તેને યાદ કરો અને બહેનને ન કહેવા જેવી વાત કહો નહિ!"

ધારિણીની હિતકારી વાત સાંભળી સેનાપતિ થોડો તો શરમાયો પણ કામુકતાને કારણે એ લજ્જા વધારે વખત ટકી શકી નહિ. નિર્લજ્જ થતાં જ તે પાછો એ જ વિચાર કરવા લાગ્યો કે, મારી–સામ, દામ નીતિનો પ્રયોગ તો નિષ્ફળ ગયો! તેણે તો મારું મોઢું જ સીવી લીધું. એની બુદ્ધિમત્તાપૂર્ણ વાતોએ મને વધારે મુગ્ધ બનાવ્યો છે. ગમે તે થાય પણ એ બુદ્ધિમતી સુંદરીને ગમે તે ભોગે પ્રેયસી તો બનાવવી જ જોઈએ.

આ પ્રમાણે નિશ્ચય કરી સેનાપતિ ધારિણીને કહેવા લાગ્યો કે, "તમે જે કાંઈ કહ્યું તે ઠીક છે, હું મારી પત્નીને જે વચન આપ્યું છે તેનું પાલન કરું એ તમારી વાત હું સ્વીકારું છું. હું એ પ્રતિજ્ઞાનું પાલન અવશ્ય કરીશ અને મારી સાથે પ્રેમ કરવો હોય તો 'તમારી પહેલી પત્નીનો ત્યાગ કરી દો' એમ જો તમે મને કહ્યું હોત તો હું તમને નિર્દય અને અધર્મી સમજત પણ તેથી ઊલટું તમે જે કાંઈ કહ્યું છે તે તમારા ઉદાર હૃદય અને નિઃસ્વાર્થભાવને પ્રકટ કરે છે. તમારી ઉદાર વૃત્તિની વાતો સાંભળી હું તમારી ઉપર વધારે મુગ્ધ થઈ ગયો છું. હું તમારી વારંવાર પ્રશંસા કરું છું અને તમને વિશ્વાસ આપું છું કે તમને મારી પત્ની બનાવીશ તોપણ હું મારી પત્નીને આપેલું વચન બરાબર પાળીશ અને તેનો ત્યાગ કદાપિ કરીશ નહિ. હું તમને દગો નહિ જ આપું તેમ તેને પણ દગો નહિ આપું. કિન્તુ તમને બન્નેને મારી બન્ને આંખોની સમાન આદર આપીશ હું ધર્મની મર્યાદા સમજું છું એટલા માટે એ મર્યાદાનું ઉલ્લંઘન કોઈ દિવસ કરીશ નહિ. પણ અત્યારે મારે એક જ પત્ની છે અને તે તમારા જેવી સુંદરી નથી એટલે એક તમે અને એક તે એમ બે પત્ની મારે થાય એમ હું ઇચ્છું છું. અત્યાર સુધી મારે એક પત્ની હોવાથી એક આંખવાળો જ હતો. જ્યારે તમે પણ મારી થઈ જશો ત્યારે જ હું બે આંખોવાળો થઈશ. માટે બીજો કોઈ વિચાર ન કરતાં મારા કહેવા ઉપર ધ્યાન આપો અને મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો."

સેનાપતિના કથનના ઉત્તરમાં ધારિણીએ તેને જણાવ્યું કે, "ભાઈ, અત્યારે તમે સ્વાર્થના પંજામાં વધારે સપડાઈ ગયા છો અને તેથી જ તમે ન્યાય-અન્યાયનો, ધર્મઅધર્મનો, ઉચિતઅનુચિતનો વિવેક કરી શકતા નથી. જો એમ ન હોત તો, તમે એમ ન કહેત કે, હું પહેલાં લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરું અને આ નવી પ્રતિજ્ઞાનો

પણ ભંગ નહિ કરું. હું તમને પૂછું છું કે, જ્યારે તમે વિવાહના સમયે તમારી પત્નીની સામે પ્રતિજ્ઞા કરી હતી ત્યારે શું તમે એ વાત નક્કી કરી હતી કે, ' હું તને પણ મારી સાથે રાખીશ અને બીજી સ્ત્રી લાવીશ તેને પણ સાથે રાખીશ ! ' જો એ વખતે કરવામાં આવેલી પ્રતિજ્ઞામાં આ વાત નક્કી કરવામાં નથી આવી તો પછી તમે એમ કેમ કહી શકો છો કે તમે પહેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવા ચાહતા નથી ! ભાઈ, વાસ્તવમાં તમારી બુદ્ધિ જ અત્યારે ઠેકાણે નથી અને તેથી જ પરસ્ત્રીને—જે તમારી બેન છે તેને—પણ પોતાની સ્ત્રી બનાવવા ચાહો છો અને સાથે સાથે હું પ્રતિજ્ઞાનો ભંગ કરતો નથી એમ ધર્મની સાક્ષીએ કહી રહ્યા છો ! હું તો પરસ્ત્રીને પોતાની સ્ત્રી બનાવનાર પુરુષની વારંવાર નિંદા કરું છું, તેને કાયર સમજું છું અને ધિક્કારને પાત્ર ગણું છું."

ધારિણીની આ વાતની અસર સેનાપતિ ઉપર જરા પણ ન પડી. તે તો વિકારપાશમાં પૂરેપૂરો ફસાઈ ગયો હતો. તે તો એ જ વિચાર કરતો હતો કે, "આ સ્ત્રી આજે નહિ માને તો કાલે માનશે. પણ કોઈ પણ ઉપાયે તે માનશે જરૂર. અત્યારે તે મારા હાથમાં છે. ગમે તેમ કરી તેને મનાવી લઈશ. હું તો એમ જ ચાહતો હતો કે કોઈ, સામ-દામની નીતિથી સમજી જાય તો ભેદનીતિ કે દંડનીતિનો પ્રયોગ જ કરવો ન પડે. પણ જ્યારે સામ-દામનીતિથી સમજતી જ નથી તો હવે ભેદનીતિથી જ કામ લેવું જોઈએ અને જ્યારે ભેદનીતિ સફલ નહિ થાય ત્યારે દંડનીતિ તો આખરે છે જ."

આ પ્રમાણે નિશ્ચય કરી સેનાપતિ ધારિણીને ફરી કહેવા લાગ્યો કે, " હે ! મધુરભાષિણી ! તમે જે ડાહી વાતો કહી તે ઠીક છે, પણ અત્યારે તમારું ધ્યાન કેવળ એક બાજુ હોવાથી બીજી બાજુનો વિચાર કરી શકતા નથી. તમે મારી પ્રતિજ્ઞા ઉપર તો ધ્યાન આપો છો પણ તમારા હિતા-હિત વિષે જરાપણ ધ્યાન આપતા નથી. હું જે કાંઈ કરી રહ્યો છું તે

તમારા ભલા માટે કરી રહ્યો છું એ વિષે વિચાર પણ કરતા નથી. હું તમારો ઉપકાર કરવા માટે જ તમને અપનાવવા તૈયાર થયો છું અને તમારી સાથે સેવક થઈ રહેવાની પ્રતિજ્ઞા કરી રહ્યો છું. કદાચ હું મારી પહેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈ રહ્યો છું—તેનું ઉલ્લંઘન કરી રહ્યો છું–તો તે પણ તમારો ઉપકાર કરવાની દૃષ્ટિએ જ પ્રતિજ્ઞા ભ્રષ્ટ થઈ રહ્યો છું. હું તો એ જ વિચાર કરતો હતો કે આ રત્ન કાગડાના ગળે શોભા આપતું નથી. કાગડાના ગળામાં પહેરેલું રત્ન જોઈને પણ એ રત્નને કાગડાના ગળામાં રાખવા જ દેવું એ રત્નનું અપમાન કરવા બરાબર છે. કોઈ મૂર્ખ શિરોમણિ પણ આવા મૂલ્યવાન અને સુંદર રત્નને જ્યાં તેની કિંમત થતી નથી. ત્યાં રહેવા દેશે નહિ. જો કોઈ વ્યક્તિ કાગડાના ગળામાં પડેલી રત્નમાલા લઈ લે અને તેની કિંમત વધારે તો કાંઈ અપરાધ નથી, પણ એ તો રત્ન ઉપર ઉપકાર છે. આ જ વાત મારા અને તારા વિષે પણ સમજ. તારા જેવી સુંદરી અને વીર પુત્રી દધિવાહન જેવા કાયર પુરુષના હાથમાં જાય એ તો તારું અપમાન છે. દધિવાહન જેવા કાયર પુરુષની સાથે તારી શોભા ન હોઈ શકે. દધિવાહન એ તદ્દન કાયર પુરુષ છે, તેનામાં વીરતાનો અંશ નથી. જેનામાં વીરતા હોય તે ક્ષત્રિયપુત્ર ભલે યુદ્ધમાં લડતો મરી જાય પણ યુદ્ધના ભયથી તે ભાગી જતો નથી. દધિવાહન તો સેના જોતાં જ એવો ડરીને ભાગ્યો કે અત્યાર સુધી તેનો પત્તો પણ લાગતો નથી. પ્રાણનાશના ભયથી એ તમને છોડીને પણ ચાલ્યો ગયો. એણે એટલું પણ વિચાર્યું નહિ કે, હું નાશી તો જાઉં છું પણ મારી પાછળ મારી સ્ત્રી વગેરેની શી દશા થશે? તેમના ઉપર કેટલી મુશ્કેલીઓ આવી પડશે? દધિવાહનની ઉપર તમારી રક્ષા કરવાનો ભાર હતો, એટલે જ્યાંસુધી શરીરમાં પ્રાણ હોય ત્યાંસુધી તમારી રક્ષા કરવી એ તેનું કર્તવ્ય હતું. પણ એણે કર્તવ્યનું પાલન ન કર્યું. અને તમને અરક્ષિત અવસ્થામાં મૂકી જઈ પોતે જંગલમાં ભાગી ગયો. એ તો સારું થયું કે, તમારા મહેલમાં હું જ આવી

પહોંચાડ્યો અને તમને સુરક્ષિત અવસ્થામાં મારી પાસે આણ્યો, નહિ તો કોઈ બીજો સૈનિક ત્યાં આવત તો કોણ જાણે તમારી કેવી અવદશા થાત ! હવે તમે જ બતાવો કે, જે પોતાનું કર્તવ્ય સમજતો જાણતો નથી, જે પોતાના પ્રભુની રક્ષા માટે પોતાની સેનાને પણ અરક્ષિત અવસ્થામાં મૂકી દઈ ભાગી ગયો છે અને જે યુદ્ધના ભયથી ભાગી જઈ પોતાની રક્ષા કરવા માટે છે તે કાયર પુરુષની સાથે તમારે રહેવું એ શું તમારા શૌર્ય અને સૌંદર્યનું અપમાન નથી ! તમારા એ અપમાનમાંથી તમને મુક્ત કરવા માટે જ હું તમને મારી પત્ની બનાવવા માગું છું.

આ પ્રમાણે સેનાપતિ ધારિણી ઉપર ભેદનીતિનો પ્રયોગ કરવા લાગ્યો અને દધિવાહનને કાયર બનાવી તેના તરફ ધારિણીના હૃદયમાં ઘૃણા પેદા કરવાની ચેષ્ટા કરવા લાગ્યો પણ શુદ્ધ અને પ્રેમ આગળ તેની ભેદનીતિ તદ્દન નિષ્ફળ જ નીવડી. ધારિણી એવા કાચા હૃદયની ન હતી કે તે સેનાપતિની નીતિની જાળમાં ફસાઈ જાય. દધિવાહન પ્રતિ ધારિણીને અનન્ય પ્રેમ હતો. તે પતિવ્રત ધર્મની મહત્તા સમજતી હતી અને તેનું બરાબર પાલન કરવામાં પોતાની પ્રતિષ્ઠા રહેલી માનતી હતી. પતિવ્રતા સ્ત્રી, પોતાના પતિની સિવાય સંસારમાં કોઈને સુંદર, વીર કે વૈભવશાળી માનતી નથી. તેની દૃષ્ટિમાં તો પતિ એ જ સર્વસ્વ છે. પતિથી વધારે સંસારમાં બીજી બીજું કાંઈ નથી. પતિવ્રતા સ્ત્રી, પતિના કોઈ દુર્ગુણ ઉપર ધ્યાન જ આપતી નથી. તેનું ધ્યાન તો પતિના સદ્ગુણો ઉપર રહેલું હોય છે. પ્રેમીજનોનો આવો જ વ્યવહાર હોય છે. શુદ્ધ પ્રેમી, પોતાના પ્રેમાસ્પદના દુર્વ્યવહાર ઉપર ધ્યાન ન આપતાં સદ્વ્યવહારને જ પોતાના હૃદયમાં સ્થાન આપે છે. અને પ્રેમાસ્પદને કોઈથી ઊતરતો માનતા નથી. આ જ વાત ધારિણીને પણ લાગુ પડતી હતી. દધિવાહનની પ્રતિ ધારિણીના હૃદયમાં જે પ્રેમભાવ હતો તેને દૂર કરવા માટે સેનાપતિ દધિવાહનની નિંદા કરતો હતો, પણ દધિવાહનના

પ્રેમરંગથી રંગાએલી ધારિણી ઉપર તે નિંદાની અસર જરા પણ પડી શકતી ન હતી.

સેનાપતિની વાત સાંભળી, ધારિણીને ઘણું જ દુઃખ થયું પતિની નિંદા સાંભળવી તે તેને માટે અસહ્ય હતું તોપણ તેણે પોતાનું સ્વાભાવિક ધૈર્ય ગુમાવ્યું નહિ અને સ્વાભાવિક દઢતાપૂર્વક તેણે સેનાપતિને કહ્યું કે, " ભાઈ ! વધારે બોલવું બંધ કરો અને મારા પતિની વિરુદ્ધ એક પણ શબ્દ બોલો નહિ. તમે ભાઈ થઈને બહેનના પતિની નિંદા કરો અને બહેનના હૃદયને દુઃખ પહોંચાડો એ ઠીક ન કહેવાય. વળી મારા પતિ વિષે જે કાંઈ કહી રહ્યા છો તે તદ્દન ખોટું છે. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એ કહેવત મુજબ તમારી બુદ્ધિ ઠેકાણે ન હોવાથી પતિના ગુણોને પણ તમે દુર્ગુણો બનાવી રહ્યા છો અને મારા પતિને કાગડા કહી તમે પોતાને હંસ બનાવી રહ્યા છો પણ હંસ બનવું સરલ નથી. હંસ અને કાગડાની ઓળખાણ ગુણ-દુર્ગુણનો વિવેક કરવાથી જ થાય છે, પણ મોઢે કહી દેવાથી કોઈ હંસ કે કાગડો બની શકતું નથી. તમે પોતાને મોઢે હંસ કહેવડાવો છો, પણ વસ્તુતઃ તમે હંસ નહિ પણ કાગડા જ છો. કારણકે બીજાનું એઠું ખાવાનો સ્વભાવ કાગડાનો જ છે, હંસ કોઈ દિવસ કોઈનું એઠું ખાતો જ નથી. હું દધિવાહનની સ્ત્રી છું છતાં તમે દધિવાહન દ્વારા વમાએલી મને અપનાવવા તૈયાર થયા છો અને પછી હંસ થવા ચાહો છો ? ધિક્કાર છે તમને કે કાગડા જેવી તમારી વૃત્તિ હોવા છતાં હંસ બનવા તૈયાર થયા છો !

" ભાઈ ! તમે મારા પતિને કાયર અને પોતાને વીર માનો છો પરન્તુ આ તમારું કથન પણ સર્વથા ખોટું છે. કારણકે મારા પતિ કાયર નહિ પણ વીર છે. કાયર તો તે છે કે જે ધર્મનો ત્યાગ કરે છે. પણ જે ધર્મનો ત્યાગ કરતા નથી પણ ધર્મનું પાલન કરે છે તે તો વીર છે. જો મારા પતિ કાયર હોત-વીર ન હોત તો એકલા જ શત્રુ-સેનામાં આવવાની હિંમત જ કરત નહિ. મારા પતિએ યુદ્ધ ન કર્યું અને

જંગલમાં ચાલ્યા ગયા એનું કારણ તેમની કાયરતા નહિ પણ યુદ્ધમાં થતી હિંસા જ છે. હિંસાથી જે ધન-જનની હાનિ થાય છે તે તેમને પસંદ નથી એટલે જ મારા પતિએ અહિંસાના ઉચ્ચ ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખી જંગલમાં ચાલ્યા જવાનું પસંદ કર્યું છે. બાકી કોઈ કારણ નથી. છતાં તમે મારા પતિને કાયર કહો છો અને તમે પોતાને વીર માનો છો એ સર્વથા મિથ્યા—ખોટું છે.

"જો તમે સાચા વીર પુરુષ હોત તો તમે અન્યાય—અત્યાચારને કદાપિ અપનાવ્યો ન હોત પણ અન્યાયનો વિરોધ કર્યો હોત. હું તમને પૂછું છું કે, મારા પતિએ એવો કયો અપરાધ કર્યો હતો કે જેથી શતાનીકને ચંપા ઉપર ચડાઈ કરવાની જરૂર પડી! અને જો મારા પતિએ કોઈ અપરાધ કર્યો ન હતો એટલે શતાનીકે જે આક્રમણ કરેલું તે અન્યાયપૂર્ણ હતું એમ તમે માનો છો તો તમે શતાનીકને સહકાર શા માટે આપ્યો? અને તેનો વિરોધ કેમ ન કર્યો? થોડી વાર માટે એમ માની લો કે મારા પતિનો અપરાધ હતો અને શતાનીકે નિષ્કારણ ચંપા ઉપર ચડાઈ કરી ન હતી તો પણ પ્રજાએ શો અપરાધ કર્યો હતો કે તેને મારવામાં આવી, કાપવામાં આવી અને લૂટવામાં આવી? અને એ લૂંટમાં તમે શા માટે ભાગ લીધો? અન્યાય કરવો, અત્યાચાર કરવો, બીજાને નિષ્કારણ કષ્ટ પહોંચાડવું, બીજાના પ્રાણ હરવા, બીજાની સંપત્તિ લૂંટવી એમાં જ શું વીરતા છે! તમે ભલે આને વીરતા માનતા હો પણ કોઈ એને વીરતા નહિ પણ ક્રૂરતા જ કહેશે. તમે પોતાને વીર કહેવડાવો છો પણ અન્યાયનો વિરોધ તો કરી ન શક્યા. અને એ રીતે તમે તમારી કાયરવૃત્તિનો પરિચય આપેલ છે. તમે હત્યા, લૂંટ, ચોરી અને પરદારહરણ કરવા છતાં પણ પોતાને વીર માની રહ્યા છો એટલે જ તમારી બુદ્ધિ અત્યારે ઠેકાણે નથી એમ હું તમને કહું છું.

"ભાઈ! તમે મારી ઉપર જે ઉપકાર કરવા ચાહો છો તે ઉપકાર તમે તમારી જ પાસે રાખો! તમારે મારા માટે કષ્ટ સહેવાની કે

પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવાની જરાપણ જરૂર નથી મારા પતિ પ્રવાસે છે કે વીર, તેમણે કર્તવ્યનું પાલન કર્યું છે કે નહિ, અથવા તમે સુદર્શન મુની થયા છે કે અરિહંત, એ બાબતની તમારે શા માટે આટલી ચિંતા કરો છો ! કદાચ મારા પતિએ કાયરતા બતાવી હો કે તેમણે કર્તવ્યનું પાલન કર્યું નથી તો હું શા માટે કાયરતા બતાવું ! હું કર્તવ્યચ્યુત શા માટે થાઉં અને હું ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન શા માટે કરું ? હું એક વીરપુત્રી અને વીરપત્ની છું. મેં વિવાહ સમયે પ્રતિજ્ઞા કરી છે કે મારો વિવાહ જેમની સાથે થયો છે તે મહારાજા દધિવાહનના સિવાય સંસારના બીજા બધા પુરુષો પિતા, ભાઈ કે પુત્રની સમાન છે. હું એ પ્રતિજ્ઞાનું પાલન મરણાંત સુધી બરાબર કરીશ. પતિ ઉપર તેમના ધર્મનો ભાર છે અને મારી ઉપર મારા ધર્મને પાળવાનો ભાર છે. પોતાનો ધર્મ પોતે જ પાળી શકે છે. એટલે એ ધર્મથી પતિત થઈ ગયા છે એ કહેવું સર્વથા અનુચિત છે. હું ધર્મની રક્ષા માટે ભલે પ્રાણનો ભોગ આપી દઉં પણ ધર્મનો ભોગ આપી હું જીવવાનું પસંદ કરતી નથી. માટે તમે તમારી દુર્ભાવનાને સંતોષવા મને ધર્મભ્રષ્ટ કરવા માટે તમે જેટલા પ્રયત્ન કરો છો તે બધાં વ્યર્થ જવાના છે. હું ધર્મની મર્યાદાનું કદાપિ ઉલ્લંઘન કરીશ નહિ. એટલા માટે હું તમને મારો અંતિમ નિર્ણય તમને સાફસાફ સંભળાવી દઉં છું કે, ભલે સૂર્ય પ્રકાશને બદલે અંધકાર આપવા લાગે, ભલે ચંદ્ર શીતલતા આપવાને બદલે તાપ આપવા લાગે કે બધાની આધારભૂત પૃથ્વી રસાતળમાં ધસી જાય પણ મેં જે પ્રતિજ્ઞા લીધી છે તે પ્રતિજ્ઞાનો ભંગ કદાપિ થઈ શકશે નહિ તેમ તે ધર્મથી ભ્રષ્ટ પણ થઈ શકશે નહિ તો પછી પર પુરુષને સ્વીકારવાની વાત જ ક્યાં રહી ? ભલે ગંગાનો પ્રવાહ સમુદ્ર તરફ ન જતાં ઊલટો હિમાલય તરફ વહેવા લાગે પણ મારો પ્રેમનો પ્રવાહ જે મહારાજા દધિવાહનની તરફ વહે છે તે બીજા પુરુષની તરફ વહી શકે તેમ નથી. ભાઈ ! તમે ભલે નલ–કુબેરની સમાન સુંદર હો,

અર્જુનની સમાન વીર યોદ્ધા હો તો પણ હું તમને પતિરૂપે સ્વીકાર
કરી શકું એમ નથી; માટે તમે બાળબ્રહ્મચારી અને તરુણ વય
વાળાની દુર્બુદ્ધિનો ત્યાગ કરો, વિષયવૃત્તિને હૃદયમાંથી દૂર કરો,
પહેલાં તમે જે પ્રતિજ્ઞા લીધી છે તેનું દૃઢ પાલન કરો, એ જ
મારી નમ્ર પ્રાર્થના છે."

પાલિણીની ધીરતાભરી વાતો સાંભળીને સેનાપતિનું મન તેની
તરફ વધારે આકર્ષાયું પણ જ્યારે પાલિણીએ પોતાનો અંતિમ નિર્ણય
સંભળાવી દીધો ત્યારે તેના હૃદયમાં ઘણી નિરાશા થઈ અને ક્રોધ
પણ આવ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે, " આ સ્ત્રી રત્ન મેળવી
હું મારું જીવન ધન્ય બનાવીશ એ આશાએ રાજમહેલમાંથી બીજાં
રત્નો ન લેતાં આ સ્ત્રીરત્નને ઉપાડી લાવ્યો પણ આ તો મને પતિરૂપે
સ્વીકારતી પણ નથી! મેં એને મારી સ્ત્રી બનાવવા માટે સામ, દામ,
અને ભેદ એ ત્રણેય નીતિને અજમાવી જોઈ પરંતુ એણે તો મારી
બધી આશા પણ ઉડાડી નાખી! મેં તેને અપનાવવા માટે ખૂબ
પ્રયત્નો કર્યાં પણ બધા નિષ્ફળ નીવડ્યા. જો તે મને વશ ન થઈ
તો આ યુદ્ધથી મને કોઈ લાભ પણ ન થયો! મેં રત્નો પણ ગુમાવ્યાં
અને આ સ્ત્રીરત્ન પણ મારા હાથમાંથી જતું રહે છે, જો એની
વાત માની હું તેના ઉપરથી પ્રેમ હટાવી લઉં તો તો મારો બધો પરિશ્રમ
નકામો જાય! ગમે તેમ થાય પણ હું તો તેને મારી સ્ત્રી બનાવીશ
અને એ રીતે મારા હૃદયની ભાવનાને સંતોષીશ. જો સામ, દામ,
અને ભેદ નીતિથી મને વશ ન થઈ તો દંડનીતિનો ઉપયોગ કરીશ
અને અને તે દ્વારા મારી પત્ની બનાવવા માટે તેને ફરજ પાડીશ.
દંડનીતિ આગળ તો મોટામોટા ધનુર્ધર યોદ્ધાઓ પણ મૂછ છોડે છે
અને પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ પણ કરી નાખે છે તો પછી આ
અબળાની તો શી શક્તિ છે કે મારી દંડનીતિને વશ ન થાય! હવે
તેને વશ કરવા માટે દંડનીતિના પ્રયોગ સિવાય બીજો એકેય માર્ગ
નથી મારી દંડનીતિનો પ્રયોગ અવશ્ય સફળ થશે. રાજમહેલમાંથી

આ દંડનીતિના પ્રયોગ કરવા જ જોઈએ [illegible] [illegible] [illegible] [illegible]
એનો ત્યારે પ્રયોગ કરવો ન જોઈએ કે, જે [illegible] [illegible] [illegible] [illegible] નહિ."

આ પ્રમાણે નિશ્ચય કરી સેનાપતિ [illegible] [illegible] [illegible] [illegible] ધારિણીને કહેવા લાગ્યો કે, "અરર! અરર! બહુ થયું! તારી વાતો બધી રહેવા દે! બહુ પતિવ્રતાની ડીંગળી [illegible] [illegible] જાણીએ છીએ. તારી પતિવ્રતા હોત તો પતિનો વિયોગ થતાં જ મરી કેમ ન ગઈ અને મારી સાથે શા માટે ચાલી આવી! અહીં તો મારી સાથે ચાલી આવી અને અહીં આવ્યા બાદ પતિવ્રતાનો ઢોંગ કરી ત્રિયાચરિત્ર બતાવી રહી છે! હું તને તેમ માની તારી સેવા ચાકરી કરવા અહીં લાગ્યો નથી; પણ તને મારી પ્રેયસી બનાવવા માટે લાગ્યો છું. હું તો એમ માનતો હતો કે, તું રાજી રાજી થઈને મને પતિરૂપે સ્વીકારી લઈશ અને મારે તને જરાપણ દુઃખ આપવું નહિ પડે પણ તું તો કોઈ વિચિત્ર પ્રકારની છે તે તો આજે જાણ્યું. હું તને બુદ્ધિમતી જાણતો હતો પણ અનુભવ ઉપરથી સ્ત્રીઓમાં બુદ્ધિ જ હોતી નથી એ આજે જાણ્યું. હું તને ફરી વાર કહું છું કે, હું વીરક્ષત્રિય છું. એક વાર જે વાતનો નિર્ણય કરી લઉં છું તે વાતને ગમે તે ભોગે પાર ઉતારું છું. એટલા માટે તને ફરી વાર ચેતવણી આપું છું કે તું સીધી રીતે મારી વાત માની લે. જે મારા વિચારને અનુકૂલ રહે છે તેનો તો હું રક્ષક છું પણ જે મારા વિચારની વિરુદ્ધ જાય છે તેનો તો હું કાળની માફક ભક્ષક જ છું. જો તું પ્રસન્નતા-પૂર્વક મારી વાતને માની લે તો તો હું તારો રક્ષક જ નહિ પણ આજ્ઞાકારી સેવક થઈને રહીશ. પણ જો મારા વિચારની વિરુદ્ધ જઈ મને વશ નહિ થાય તો તો હું તારો શત્રુ બનીને પણ તને મારી બનાવીશ. જો, અહીં તારી રક્ષા કરનાર કોઈ નથી. તેમ તને સહાયતા આપનાર પણ કોઈ નથી. હવે તું તો મને તારો રક્ષક બનાવી શકે છે અને જો તારે કષ્ટમાં જ પડવું છે તો મને તારો ભક્ષક પણ બનાવી શકે

કે. હું એવો કાયર નથી કે અસફલતાનાં લક્ષણ જોઈ કાર્યને પડતું મૂકી દઉં. જ્યાં પ્રાણની પણ પરવા ન હોય તેવા ભયાનક સંગ્રામમાં પણ જ્યારે હું કાયરતા બતાવતો નથી તો પછી તારી આવી નમાલી વાતોમાં હું કાયર કેમ બની જાઉં ! જો આ તરવાર કેવી છે ! આ તેજ તલવાર છે કે જેને જોઈને તું ભયભીત થઈ ચૂં–ચા કર્યા વિના ચૂપચાપ રથમાં બેસી મારી સાથે અહીં આવી છો ! હવે જો તેં મારી વાતનો અસ્વીકાર કરવાનું દુઃસાહસ કર્યું તો આ જ તાતી તલવાર દ્વારા તારા માથાને ધડથી જુદું કરી નાંખીશ અને તારા શરીરના ટુકડે–ટુકડા કરી નાંખીશ. હું આટલું કરીને જ સંતોષ પકડીશ નહિ પણ એમ કર્યા પહેલાં તારી સાથે સહવાસ કરી મારી ઈચ્છાને પૂરી પાડી તારું પતિવ્રતાનું ગુમાન ઉતારીશ. આ નિર્જન વનમાં તારા જેવી અસહાય સ્ત્રી મારી વાતનો અસ્વીકાર કરે એ હું કદાપિ સહી શકું નહિ. એટલા માટે હું તને ફરીથી કહું છું કે મારી વાત તું સ્વીકારી લે. એમાં જ તારા જીવનનું કલ્યાણ અને કુશલ રહેલું છે."

સેનાપતિની આ ભયોત્પાદક વાતોનો પ્રભાવ ધારિણી ઉપર જરા પણ ન પડ્યો ! ધારિણી તેની વાતોથી જરા પણ ડરી નહિ. તે તો પહેલાંની માફક જ પ્રસન્નચિત્ત રહી. સેનાપતિની વાત સમાપ્ત થતાં જ ધારિણીએ જવાબ આપ્યો કે, "ભાઈ ! વાસ્તવમાં વીરપુરુષો માટે એજ ઉચિત છે કે, જે વાત એક વાર મોઢેથી કહેવામાં આવી હોય તેને કોઈ પણ હિસાબે પાર ઉતારવી જ જોઈએ. હું પણ તમને એ જ વાત કહી રહી છું, કે તમે પહેલાં જે પ્રતિજ્ઞા લીધી છે તેનું બરાબર પાલન કરી તમારી વીરતાની રક્ષા કરો. પણ તમે મારી વાત સમજતા નથી અને તમારો દુરાગ્રહ છોડતા નથી. જ્યારે તમે તમારો ખરાબ વિચાર અને દુરાગ્રહ છોડતા નથી તો પછી હું મારો સદાચાર, સત્યધર્મ અને સત્યવ્રતનો આગ્રહ કેવી રીતે છોડી શકું ! તમે મારા શરીરનો નાશ કરી શકો છો. તલવાર દ્વારા

માથાને ધડથી જુદું પણ કરી શકો છો. હું તમારી તલવારનો સ્પર્શ કરવા અચકાઈશ નહિ, તેનું પ્રસન્નતાપૂર્વક સ્વાગત કરવા પણ પાછી પડીશ નહિ પણ પર-પુરુષનો સ્પર્શ સ્વપ્નમાં કરી શકીશ નહિ. હા, શરીરમાંથી પ્રાણ ચાલ્યા બાદ તો આ મૃત શરીરને ગીધ પણ ચૂંથી નાંખે છે તો પછી ગીધ જેવી મનોવૃત્તિ કરી તમે પણ મૃત શરીરનો સ્પર્શ કરો તો એમાં નવાઈ નથી."

ધારિણીનો ઉત્તર સાંભળી સેનાપતિ બહુ ક્રોધિત થયો. ક્રોધાવેશને કારણે તે ભયંકર લાગતો હતો. ધારિણીએ હજુ બોલવું બંધ કર્યું ન હતું ત્યાં તો તે ક્રોધાવેશમાં બોલી ઊઠયો, "જો હું તને જીવતાં જ સ્પર્શ કરું છું." એમ કહીને તે ધારિણીને પકડવા અને તેની ઉપર બલાત્કાર કરવા ઉદ્યત થયો. આ પ્રમાણે સેનાપતિને પાશવિક વ્યવહાર કરવા માટે ઉદ્યત થએલો જોઈ ધારિણીએ તેને કહ્યું કે, "ભાઈ ! તમે વીરપુરુષ છો છતાં એક અસહાય સ્ત્રીને નિર્જન વનમાં લઈ જઈ તેની ઉપર આ પ્રમાણે અત્યાચાર કરવા ઉદ્યત થયા છો; એ તમારા જેવા વીરપુરુષને શોભતું નથી. મેં તમને સમજાવવાનો બહુ પ્રયત્ન કર્યો પણ તમે સમજી શકયા નહિ. તમારા હૃદયમાં જે દુર્ભાવનાએ ઘર કર્યું છે એ દુર્ભાવનાને દૂર કરવા માટે અસાધારણ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. સાધારણ ઉપદેશથી તમારી એક દુર્ભાવના બદલી શકશે નહિ. મેં મારી યથામતિ શક્તિથી તમને સમજાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે અને મેં મારું કર્તવ્ય બજાવ્યું છે. પણ તમને હું સમજાવી શકી નહિ કે તમારા હૃદયનું પરિવર્તન કરી શકી નહિ એ વાત જુદી છે. હવે કેવળ એક જ પ્રશ્ન વિચારવાનો બાકી રહે છે કે, હું તમને મારું સતીત્વ સમર્પી દઉં કે સતીત્વની રક્ષા કરવાનો બીજો કોઈ ઉપાય છે ? થોડી વાર માટે તમે દૂર ઊભા રહો અને મને એ વિષે વિચાર કરવાનો સમય આપો. આવા વિકટ સમયે મારે શું કરવું જોઇએ એ વિષે હું બરાબર વિચાર કરી લઉં અને જે ધર્મ અને જે પરમાત્મા ઉપર મારો દૃઢ વિશ્વાસ

કે તેમની આ વિષે શી સમ્મતિ છે તે પણ જાણી લઉં માટે તમે મને થોડી વાર માટે છૂટી મૂકો અને તમે જરા દૂર ઉભા રહો તો હું શાન્ત હૃદયે 'મારે અત્યારે શું કરવું જોઈએ' એ વિષે વિચાર કરી લઉં અને ધર્મ તથા ઈશ્વરની આ વિષે સમ્મતિ શી છે તે પણ જાણી લઉં! પછી જે નિશ્ચય ઉપર આવીશ તે પ્રમાણે હું કરીશ. તેટલો વખત તમે પણ ઈશ્વરની પ્રાર્થના કરો. એમ કરવાથી કદાચ તમારી બુદ્ધિ નિર્મલ થઈ જશે અને પછી આ પ્રમાણે બલાત્કાર કરવાનું કષ્ટ પણ માથે ઉપાડવું નહિ પડે!"

ધારિણીનું કથન સાંભળી, સેનાપતિએ વિચાર્યું કે, એ વિચાર કરવા માટે થોડો સમય માગે છે તો તેને સમય ન આપતાં બલાત્કાર કરવો એ ઠીક નથી. જે કામ સરલતાપૂર્વક થઈ શકે તેને મુશ્કેલ બનાવવું તે બુદ્ધિમત્તાનું કામ નથી. જે ગોળથી અથવા-ઘીથી મરી શકે તેને વિષથી મારવાનો પ્રયત્ન કરવો એ યોગ્ય નથી. આ પ્રમાણે જ્યારે તે પોતે જ મને સમર્પણ કરવા તૈયાર થાય છે તો પછી તેના ઉપર બલાત્કાર શા માટે કરવો! જો કે અત્યાર-સુધી તેને બહુ સમજાવ્યા છતાં તે સમજી નથી પરંતુ હવે જ્યારે તે પોતે જ સમય માગે છે તો સંભવ છે કે પોતાની રક્ષાનો કોઈ માર્ગ ન જોતાં, મને પતિરૂપે સ્વીકાર કરવાનો વિચાર કરવા માટે તેણે સમય માગ્યો હોય!! તે અહીંથી ક્યાંય ભાગી જઈ શકે તેમ નથી, તેમ મારી વિરુદ્ધ કોઈ પ્રકારનો વિચાર કરવામાં જ કલ્યાણ સમજે છે. એટલા માટે તેની ઇચ્છાનુસાર તેને સમય આપવો એ જ યોગ્ય છે.

સેનાપતિએ આ પ્રમાણે વિચાર કરી ધારિણીને કહ્યું કે, "તારી પ્રાર્થનાનો સ્વીકાર કરી તને એક ઘડીનો હું સમય આપું છું. તે સમય દરમ્યાન તારે જે વિચાર કરવાનો હોય તે વિચાર કરી લે. પણ મેં હમણાં તને જે વિચાર જણાવ્યો છે તેને ખ્યાલમાં રાખીને જ વિચાર કરજે."

આ પ્રમાણે કહી, સેનાપતિ ધારિણીની પાસેથી દૂર જઈને ઊ રહ્યો. અને મનમાં વિચારવા લાગ્યો કે, હમણાં એક ઘડી બાદ કહેશે કે, મને તમારી વાત સ્વીકાર્ય છે. અને હું તમારી પ બનવા તૈયાર છું. આ રીતે હું તેનો પતિ બની જઈશ.

આ પ્રમાણે સેનાપતિ, ધારિણીના પતિ બનવાનું સ્વપ્ન સે રહ્યો હતો ત્યારે બીજી બાજુ થોડે દૂર બેઠેલી વસુમતિ એ વિચાર કરી રહી હતી કે, મારી માતાએ ઘોર તથા માર્ગમાં આ ત્તિના સમયે ધૈર્ય રાખવાનો અને કોઈના ઉપર ક્રોધ નહિ કરવાને જે ઉપદેશ આપ્યો હતો તે ઉપદેશને આજે માતા પોતે કાર્ય પરિણત કરી રહી છે। આ ઘોર આપત્તિના સમયે પણ માત ગભરાઈ નથી તેમ રોઈ પણ નથી, તેમ મારી માતાએ સેના પતિ ઉપર જરા ક્રોધ પણ કર્યો નથી. માતા વીરપુત્રી છે એટલે તેઓ ધારે તો આ સેનાપતિ સાથે યુદ્ધ પણ કરી શકે છે તથ તેઓ ચાહે તો પોતાનાં સતીત્વની શક્તિદ્વારા કેવળ એક દૃષ્ટિદ્વાર તેને ભસ્મ કરી શકે, પણ માતા આ પ્રમાણે હિંસા કરવી કે વેરને બદલો વેરથી લેવાનું ઉચિત સમજતી નથી. માતાએ મને એવી જ શિક્ષા આપી છે અને એવી જ શિક્ષાનું આજે માતા પોતે આચરણ કરી રહી છે. હવે માતાએ એક ઘડીનો સમય વિચારવા માટે માગ્યો છે, તો માતા એ સમયનો ઉપયોગ કેમ કરે છે એ હું જોઉં છું. આ પ્રમાણે વિચાર કરતી વસુમતિ માતાની તરફ એકીટસે જોવા લાગી.

આ બાજુ સેનાપતિ કાંઈ જુદો વિચાર કરી રહ્યો હતો, તો બીજી બાજુ વસુમતિ જુદો વિચાર કરી રહી હતી, તો પેલી બાજુ ધારિણી પણ કોઈ જુદો વિચાર કરી રહી હતી. સેનાપતિ તેની પાસેથી દૂર જતાં જ, ધારિણીએ પરમાત્માને વંદન કર્યું અને તેની અંતિમ પ્રાર્થના કરી. પ્રાર્થનામાં તે કહેવા લાગી કે, " હે ! પ્રભો ! આ સેનાપતિએ તારી પ્રાર્થના કરવા માટે એક ઘડીનો સમય આપી મારી ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. એટલું જ નહિ પણ કઠિ

નશ્વરતાનો ઉપદેશ આપી આગમમાં પ્રવેશ અને ધર્મ પ્રતિ દૃઢ વિશ્વાસ છે તેની પણ તે પરીક્ષા કરી ચૂક્યો છે. આ પ્રમાણે તે મારો ઘણો ઉપકારી છે પણ હું તેના ઉપકારનો બદલો વાળવા અસમર્થ છું, કારણ કે આ મારો ભાઈ મારું મનોહર સુંદરતા માટે છે. તે મોહને વશીભૂત થઈ મારા આ નશ્વર શરીર ઉપર મુગ્ધ બની ગયો છે. મેં એને ઘણો સમજાવ્યો પણ જેમ સન્નિપાત-રોગથી પીડાતા રોગીને વૈદ્યની દવા ગમતી નથી તેમ મારી વાત તેને ગમતી નથી. તે કામાંધ બની ગયો છે. અને તે કારણે ધર્મ, કર્તવ્ય અને તારી શક્તિનું પણ તેને ભાન નથી. આમાં કેવળ એનો જ અપરાધ નથી. આ સમયમાં અધિકાંશ પુરુષોની આવી જ ભાવના હોય છે. એવા કામાંધ પુરુષોમાં- આ સેનાપતિ પણ એક છે. તે મારા શરીર ઉપર મોહિત થઈ ગયો છે એટલે તેને બીજી કોઈ સારી વાત પણ પસંદ આવતી નથી! એટલા માટે આ નશ્વર શરીર તેને સોંપી દઉં અને જે આત્મા અત્યાર સુધી એ શરીરમાં રહીને તારી કિંચિત્ સેવા કરી શક્યો છે એ આત્મા હવે એ શરીરમાંથી નીકળી જઈ તારા શરણે આવી જાય એ મને ઠીક લાગે છે. હે! પ્રભો! મને મારા આ ભાઈ તરફ જરા પણ ક્રોધ ન આવે, તેના તરફ જરા પણ વેરભાવ ન રહે અને જે પુરુષો સ્ત્રીરૂપી દીપક ઉપર પતંગની માફક પ્રાણનો ભોગ આપે છે તે પુરુષોનો સુધાર થાય એ જ હું તારી પાસે માગી લઉં છું. બીજી કોઈ વસ્તુની મને જરૂર નથી. કેવળ શરીરના રૂપરંગને જોનાર અને આત્માને ભૂલી જનાર આ સેનાપતિની માફક પુરુષો આત્મ-શક્તિને ઓળખે અને વિષય-લાલસાનો ત્યાગ કરે એ જ હે! પ્રભો! તારી પાસે માગું છું. મને એમ લાગે છે કે આ સેનાપતિ જેવા કામી પુરુષોને સુધારવા માટે બલિદાન આપવું એ એક જ અમોઘ ઉપદેશ છે. મેં વસુમતિને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશને ક્રિયાત્મક રૂપ આપી ઉપદેશનું રહસ્ય મારે વસુમતિને સમજાવવું છે,

અને એ રીતે વસુમતિનો મોક્ષનો માર્ગ સાફ કરી દીધો છે. ધર્મની શક્તિ અલૌકિક છે અને ધર્મ સદૈવ અને સર્વત્ર રક્ષા કરે છે એ વાતને પ્રત્યક્ષ સિદ્ધ કરી વસુમતિને હું બતાવવા માગું છું. આ પ્રમાણે વસુમતિને ધર્મના ખોળામાં બેસાડી તેને સદાને માટે નિર્ભય બનાવવા માગું છું. હે ! પ્રભો ! તું મને. જે ઉપદેશ મેં વસુમતિને આપ્યો છે તે ઉપદેશને કાર્યમાં ઉતારવાની શક્તિ આપ એ જ મારી પ્રાર્થના છે."

આ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરી, ધારિણીએ અઢાર પાપસ્થાનોનો ત્યાગ કર્યો અને બધા જીવોની ક્ષમા માગી અને બધા જીવોને ક્ષમા આપી સાગારી-સંથારો કર્યો અને ધ્યાન ધર્યું. ધ્યાન સમાપ્ત કરી તે બોલી કે, "હે ! પ્રભો ! મેં મારા તરફથી તો શરીરનો ત્યાગ કરી નાખ્યો છે. જો આ શરીર રહ્યું તો તો આત્મા તે શરીરમાં રહી થોડા દિવસો વધારે તારી સેવા કરશે પણ જો શરીર ન રહ્યું તો આ શરીરનો તો મેં મારા તરફથી ઉત્સર્ગ કરી જ નાંખ્યો છે ! !"

થોડેક દૂર ઊભો રહેલો સેનાપતિ ધારિણી સામું જોઈ મનમાં "તેની બુદ્ધિ નિર્મલ થાય અને મારી વાતને માની લે" એમ વિચાર કરી રહ્યો હતો. ધારિણીનું ધ્યાન સમાપ્ત થતાં જ, સેનાપતિ કૃતાન્તની માફક તેની સામે જઈ ઊભો રહ્યો અને કહેવા લાગ્યો કે, "મેં તને જે સમય આપ્યો હતો તે પૂરો થઈ ગયો. હવે તેં શો નિશ્ચય કર્યો તે મને કહી બતાવ"

સેનાપતિની વાત સાંભળી ધારિણી તેના તરફ સદ્ભાવની દૃષ્ટિએ જોતી કહેવા લાગી કે, "વીર ! ભાઈ ! મેં પરમેશ્વરની સાથે વિચાર-વિનિમય કરી લીધો. તેણે મારા અને તમારા માટે જે આજ્ઞા આપી છે તે ઉપર હું તો વિશ્વાસ કરીશ અને એ આજ્ઞાને શિરોધાર્ય કરીશ પણ તમે પણ તે આજ્ઞાને માથે ચડાવો તો સારું. પરમેશ્વરે મને એવી આજ્ઞા આપી છે કે, 'જે શરીરના રૂપરંગ જોઈ

આ સેનાપતિ મોહાંધ થઈ ગયો છે, પોતાનું કર્તવ્ય ભૂલી ગયો છે અને પરભ્રષ્ટ થવા માટે તત્પર થઈ રહ્યો છે, તે શરીરનું જ અમર તું જોતી રે.' આ જ પ્રમાણે પાર્વતીએ તમારા માટે એવી આજ્ઞા આપી છે કે, 'તું જે શરીર ઉપર મુગ્ધ થઈ રહેલ છે તે હાડ, રુધિર છે, વસ્તુઓનો ભંડાર છે, ક્ષણિક છે, નાશવંત છે માટે એવા નશ્વર શરીરનો મોહ છોડી દે.' કારણ કે શરીર ઉપર મોહ કરવાથી અને આત્માનું ભાન ભૂલી જવાથી નરકની ઘોર યાતના સહેવી પડે છે."

ધારિણી પોતાની વાત પૂરી કરે તે પહેલાં જ સેનાપતિ ક્રોધથી લાલચોળ થઈ ગયો અને કહેવા લાગ્યો કે, "હે ! ભગિના ! મુગ્ધા ! તેં મારો આટલો બધો સમય ગુમાવ્યો અને હવે મને ઈશ્વરની આજ્ઞા સંભળાવી રહી છે ! એ આજ્ઞા આપનાર ઈશ્વર વળી કેવું છે ! ક્યાં રહે છે ! જો એ ઈશ્વરનું અસ્તિત્વ હોય તો તેને તારી રક્ષા માટે બોલાવતી કેમ નથી ! અને તે પોતે જ આવી મને આજ્ઞા શા માટે આપતો નથી ! તું આવું બધું જાળકપટ છોડી દે, ઈશ્વરને ભૂલી જા અને મને જ ઈશ્વર માની મારે વશ થઈ જા."

સેનાપતિની વાતના ઉત્તરમાં ધારિણીએ કહ્યું કે, "ભાઈ ! મોહને વશ થઈ ઈશ્વરને ભૂલી જવું અને નાસ્તિક બની જવું એ સ્વાભાવિક છે પણ તમે મોહને વશ થએલા છો, હું કાંઈ મોહને વશ થએલી નથી એટલે મારા માટે તો ઈશ્વરની આજ્ઞા શિરોધાર્ય કરવી એ જ મારું કર્તવ્ય છે. તમે, મોહને વશ થઈને જ ઈશ્વરને બોલાવવાનું મને કહી રહ્યા છો પણ તે ક્યાં નથી કે તેમને બોલાવું ! તે બધી જગ્યાએ વ્યાપ્ત છે, અનંત શક્તિમાન છે અને જ્ઞાનગમ્ય છે; પણ તમે તેને ઇન્દ્રિયો દ્વારા જોવા ચાહો છો ! તે પણ તે જ મોહનો પ્રતાપ છે, જેને વશ થઈ તમે ઈશ્વરના અસ્તિત્વનો જ ઇનકાર કરી રહ્યા છો ! પણ જો પરમાત્માનું અસ્તિત્વ ન હોત, અને તેમની ઈશ્વરીય શક્તિ મારામાં ન ન હોત તો તમે આટલાં કઠોર વચનો સંભળાવી રહ્યા છો છતાં

હું પ્રસન્ન કેમ રહી શકું છું! મને ક્રોધ કેમ ન આવ્યો ? અને મને દુઃખ તથા ભયનો અનુભવ પણ કેમ ન થયો ? એ બધી શક્તિ એ જ ઈશ્વરનો પ્રતાપ છે, પણ જ્યારે મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે ઈશ્વરની શક્તિ પ્રાપ્ત થતી નથી તેમ તે શક્તિનો પરિચય પણ થતો નથી."

સેનાપતિ ધારિણીની વાતો સાંભળી બહુ જ ક્રોધિત થઈ ગયો અને કહેવા લાગ્યો કે, "બસ! બસ! તારો ઉપદેશ તારી જ પાસે રાખ, મારે તારા ઉપદેશની જરા પણ જરૂર નથી! મને હવે ખાત્રી થઈ ગઈ છે કે, તું પ્રસન્નતાથી મારી વાત માનીશ નહિ. હવે જોઈ લે કે હું મારી વાત હમણાં તારી પાસે મનાવું છું!" એમ કહી સેનાપતિ ધારિણી તરફ ધસી આવ્યો. ભૂખ્યા કૂતરાની માફક પોતાની તરફ ધસી આવતા સેનાપતિને જોઈ ધારિણી કહેવા લાગી કે, "મારી વાત ન માનવામાં કેવળ તમારો જ દોષ નથી, પણ મારા આ શરીરનો પણ દોષ છે. હે! પ્રભો! જે શરીરનું રૂપ જોઈ આ મારો ભાઈ વિવેકહીન અને કામાંધ બની ગયો છે, એ શરીરનો હું ત્યાગ કરું છું અને અન્તમાં આ મારા ભાઈને સદ્બુદ્ધિ મળે અને તેનું કલ્યાણ થાય એવી તારી પાસે પ્રાર્થના કરું છું."

આ પ્રમાણે પ્રભુ પ્રાર્થના કરી સેનાપતિ તેના શરીર ઉપર ધસારો કરે તે પહેલાં જ ધારિણીએ પોતાની જીભ ખેંચી કાઢી. જીભ ખેંચતાં જ ધારિણીના મુખમાંથી રક્તની ધારા વહેવા લાગી. અને તેના શરીરમાંથી પ્રાણ નીકળી ગયો. તેનું નિષ્પ્રાણ શરીર પૃથ્વી ઉપર ઢળી પડ્યું. આ પ્રમાણે ધારિણીએ પોતાના બલિદાન દ્વારા પોતાના સતીત્વની રક્ષા કરી વસુમતિને જે ઉપદેશ આપ્યો હતો તેને આદર્શમય કરી બતાવી આપ્યો તથા વસુમતિનો જે કાંટાળો માર્ગ હતો તે પણ સાફ કરી દીધો અને સાથે સાથે જે સેનાપતિ કામાંધ થઈ તેનું કહેવું માનતો ન હતો તેને પણ બલિદાન દ્વારા અમોઘ ઉપદેશ આપી, સુધારના માર્ગે ચડાવ્યો.

: પ્રકરણ :

[૯]

હૃદયપલટો

વેરઝેર હોમાયે ઝાળાં,
ખંડ ખંડના તૂટે તાળાં,
વિશ્વ-મુક્તિનાં સ્હેરે બ્હાણાં,
મારો પ્રાણ ઉગારા !
લે પ્રસરે સ્વાર્પણજ્વાળા !

—સ્નેહરશ્મિ

મનુષ્યના હૃદય ઉપર કોઈ ઘટના કે દશ્યનો, કોઈ કોઈ વાર એવો પ્રભાવ પડે છે કે તેના જીવનમાં એકદમ પરિવર્તન થઈ જાય છે. તે એટલે સુધી કે રાગીમાં વૈરાગ્ય, વિરક્તમાં રાગ, ક્રોધીમાં ક્ષમા, ક્ષમાધીશમાં ક્રોધ, હિંસકમાંથી દયાળુ, દયાળુમાંથી હિંસક, ચોરમાંથી શાહુકાર, શાહુકારમાંથી ચોર, દુરાચારીમાંથી સદાચારી અને સદાચારીમાંથી દુરાચારી સુધી બની જાય છે. કોઈ કોઈ ઘટના અને દશ્યનો એવો અસાધારણ પ્રભાવ પડે છે કે તેથી પ્રભાવિત વ્યક્તિના

જીવનમાં પણ અસાધારણ પરિવર્તન થઈ જાય છે. જેમના જીવનમાં પરિવર્તન કરવા માટે હજારો પ્રયત્નો કરવામાં આવ્યાં હોય, અનેક પ્રકારે ઉપદેશ આપવામાં આવ્યો હોય છતાં પણ જેના જીવનમાં જરા પણ પરિવર્તન થયું ન હોય તે વ્યક્તિના જીવનમાં કોઈ સામાન્ય ઘટનાથી પણ પરિવર્તન થઈ જાય છે. આવા જીવન-પરિવર્તન થયાના અનેક ઉદાહરણો સાંભળવામાં આવે છે,—મહારાજા હિરણ્યગર્ભમાં વૈરાગ્યનું ચિહ્ન પણ ન હતું પણ કેવળ એક સફેદ વાળના દેખવાના નિમિત્તથી તેમને સંસાર પ્રતિ વૈરાગ્ય ભાવ પેદા થયો. નમીરાજ રાજર્ષિને પણ પહેલાં વૈરાગ્ય ન હતો પણ સ્ત્રીઓની બંગડીના અવાજ માત્રથી—રણકાર સાંભળતાં જ સંસાર પ્રતિ ઉદાસીનતા પેદા થઈ અને વિરક્ત થયા. ચન્ડકૌશિક સર્પ પૂર્વભવમાં ઘણો જ ક્ષમાશીલ હતો પણ શિષ્યના દુર્વ્યવહારની ઘટનાએ તેને મહા ક્રોધી બનાવી મૂક્યો અને સર્પના ભવમાં તે મહાક્રોધી હતો પરંતુ ભગવાન મહાવીરને કરડવાની ઘટનાએ તેને પાછો અતયન્ત ક્ષમાશીલ બનાવી દીધો. આવાં જીવન-પરિવર્તનનાં અનેક ઉદાહરણો મળી આવે છે કે જે કેવળ શાસ્ત્રીય જ નહિ પણ ઐતિહાસિક ઉદાહરણો પણ છે કે જે જીવનપરિવર્તનની વાતને પુષ્ટ કરતાં હોય. મહારાજા અશોકમાં, પહેલાં દયાળુતા અને અહિંસા ન હતી કે જે તૈલંગ દેશના યુદ્ધમાં ભીષણ રક્તપાત જોઈને તેમના જીવનમાં અહિંસા ઉદ્ભવી. શીખોમાં પણ પહેલાં એવી વીરતા ન હતી કે જે મુસલમાનોના અત્યાચારની ઘટનાથી તેમના જીવનમાં વીરતાનું જોમ પ્રગટ્યું. આ જ પ્રમાણે પંડિત મોતીલાલજી નેહરુમાં પહેલાં એવો દેશપ્રેમ અને એવી સાદાઈ ન હતાં કે જે તેમના જીવનમાં ૧૯૨૧ના અસહયોગ આંદોલનની ઘટનાથી દેશપ્રેમ અને સાદાઈનાં ગુણો પેદા થયાં હતાં. આ પ્રમાણે ઘટનાઓથી જીવનપરિવર્તન થયાંનાં અનેક ઉદાહરણો મળી શકે છે. શતાનીક મહારાજના સેનાપતિના જીવનમાં ધારિણીના બલિદાનની ઘટનાથી જે પરિવર્તન થયું તે પણ જીવનપરિવર્તનનું એક જ્વલંત ઉદાહરણ છે.

શતાનીકનો આ સેનાપતિ કેટલો બધો ક્રૂર અને દુરાચારી હતો કે મનુષ્યોનો વધ કરવો, બીજાની સંપત્તિ લૂંટવી, પરસ્ત્રીનું હરણ કરવું અને તેના સતીત્વનો નાશ કરવો એ એને મન સાધારણ કામ હતું એ આપણે ધારિણીના બલિદાનના પ્રકરણમાં જોઈ ગયા. આવા પાપણ-હૃદયી લંપટી પુરુષ ઉપર ધારિણીના સાત્ત્વિક ઉપદેશનો પ્રભાવ ન પડે એ સ્વાભાવિક છે. તે સેનાપતિ ધારિણીને પોતાની પત્ની બનાવવા ચાહતો હતો અને ધારિણી મારી પત્ની થશે તો આ તેની પુત્રી પણ મારા કબજામાં આવી જશે. અને જો પહેલાં આ છોકરીને અપનાવવાનો પ્રયત્ન કરીશ તો તો તેની મા તેનો વિરોધ કરશે અને મને સફળતા નહિ મળે એમ તેનું માનવું હતું. જ્યારે એક આ મારા વશમાં આવી જશે. ત્યારે આ બીજીને વશ કરતાં કોઈ પ્રકારની બાધા નહિ આવે. હું તેને સરલતાપૂર્વક વશ કરી શકીશ એ દુષ્ટ વિચારથી તે ધારિણીના ઉપદેશની ઉપેક્ષા કરી તેનું સતીત્વ લૂંટવા તૈયાર થયો હતો અને જો તેના આ પ્રયત્નમાં સફળતા મળત તો વસુમતિને વશ કરવામાં તેને જરા પણ મુશ્કેલી આવત નહિ, પણ તેનો પ્રયત્ન ધારિણીને વશ કરવામાં નિષ્ફળ નીવડ્યો અને પરિણામે ધારિણીના બલિદાને તેના જીવનમાં નવું જ ચેતન આપ્યું.

સેનાપતિ ધારિણીને પકડવા માટે આગળ વધ્યો હતો પણ જ્યારે તેણે ધારિણીને જીભ ખેંચી કાઢતી જોઈ ત્યારે તે આગળ વધી ન શક્યો અને ત્યાં જ રાડ પાડી ધારિણીને કહ્યું પણ ખરું કે, "અરે! મર નહિ! મર નહિ! હું તારી ઉપર બલાત્કાર કરીશ નહિ." પણ ધારિણીના મુખમાંથી જીભ અને સેનાપતિના મુખમાંથી શબ્દ બન્ને એક સાથે જ નીકળ્યા એટલે તેની રાડ નકામી ગઈ.

ધારિણીના મુખમાંથી રક્તની ધારા વહેતી અને તેના મૃત શરીરને પૃથ્વી ઉપર ઢળી પડતું જોઈ, સેનાપતિનું હૃદય ધ્રૂજી ઊઠ્યું, તેની આંખની સામે અંધકાર છવાઈ ગયો. ધારિણીની હત્યા કરવામાં પોતે કારણભૂત થયો છે એમ સમજી તે કિંકર્તવ્યમૂઢ

[illegible] હશે. અને તું વિધવા [illegible] [illegible] [illegible]
ન કરવો, એમ કહીને [illegible] ન શકી.

[illegible] દૂર [illegible] ધૈર્ય [illegible] [illegible] કરી. [illegible], [illegible] કરતાં [illegible] વિચાર ન [illegible] પણ મનમાં એમ વિચારવા લાગી કે, " હે ! માતા ! [illegible] છે તેં મને જે શિક્ષા આપી હતી તે શિક્ષાને આજે [illegible] કરી બતાવી અને ધર્મને માટે કેવી રીતે રહેવું અને મરવું એ બધું મને પ્રત્યક્ષ બતાવી શીખવાડ્યું. હે ! માતા ! તેં મને ધર્મને માટે [illegible] મરવાની જે આદર્શ શિક્ષા આપી છે તે હું [illegible] આવી વિકટ પરિસ્થિતિમાં પણ દુઃખ, શોક અને ભયને હું ભૂલી ગઈ છું એ પણ તારી જ શિક્ષાનો પ્રતાપ છે. પોતાની માતાનો વિયોગ થતાં, પોતાની માતાનાં મૃત્યુનું કારણ [illegible] જોતાં અને પોતાને [illegible] આપત્તિમાં પડેલી જોઈ મને દુઃખ થયા [illegible] જોતાં છતાં પણ તારી શિક્ષાથી હું દુઃખ, શોક અને ભયથી રહિત બની ગઈ છું. હે ! માતા ! તેં પ્રાણનાશના સમયે પણ ધૈર્ય છોડ્યું નહિ, ક્રોધ કર્યો નહિ, શોક અને રુદન પણ કર્યું નહિ, તો પછી તારો બતાવેલો માર્ગ છોડી, વિપરીત માર્ગે હું શા માટે જાઉં ? માતા ! તેં મને જે શિક્ષા આપી છે તે આવા વિકટ સમયે જ શાન્તિની રક્ષા માટે આપી છે. મારી માતાએ શીલની રક્ષા માટે વિકટ સમયે શું કરવું જોઈએ તે માર્ગ મને બતાવ્યો છે. આ રીતે વિચાર કરતાં મારી માતા મને અરક્ષિત નહિ પણ સુરક્ષિત અવસ્થામાં મૂકી ગઈ છે. જ્યારે માતાએ પ્રાણત્યાગ કરતાં પણ રુદન કર્યું નહિ તો પછી હું શા માટે ધૈર્યનો ત્યાગ કરું ? શા માટે દુઃખી થાઉં ? માતાના વિયોગ માટે દુઃખ–શોક કરવાની આવશ્યકતા નથી તેમ પોતાનું ભવિષ્યમાં શું થશે એ માટે ભય પામી દુઃખ–શોક કરવાની પણ જરૂર નથી. મારે તો હવે મારા ધર્મની રક્ષા કેમ થઈ શકે એ જ વિચારવાનું છે. જ્યારે આ સેનાપતિ મારી માતાના પ્રભાવશાળી ઉપદેશથી પણ

સમજ્યો નહિ તો પછી મારી વાતથી કેમ સમજી શકે ! મારી માતાએ એ સેનાપતિની ઇચ્છા પાર પાડી નહિ અને પોતાના જીવનનું બલિદાન આપી દીધું એટલે આ સેનાપતિ વધારે ક્રુદ્ધ થઈ મને મનાવવા માટે પ્રયત્ન કરશે ! આવી અવસ્થામાં મારા ધર્મની રક્ષા માટે મારે વધારે સાવચેત થવું જોઈએ ! પણ આ વિષે હું વધારે વિચાર શા માટે કરું ! ધર્મરક્ષાનો જે માર્ગ મારી માતાએ બતાવ્યો છે તે જ માર્ગે શા માટે ન જાઉં ! અને આ સેનાપતિને કાંઈ કહેવાનો, સાંભળવાનો કે પ્રયત્ન કરવાનો અવસર જ શા માટે આપું ! "

આ પ્રમાણે નિશ્ચય કરી વસુમતિ સેનાપતિને કહેવા લાગી કે, " વીર ! હું પણ મારી માતા જે માર્ગે ગઈ તે જ માર્ગે જાઉં છું. જેથી તમારે મારા માટે કોઈ પ્રકારનું કષ્ટ સહન જ કરવું ન પડે. " એમ કહી વસુમતિ પ્રાણત્યાગ કરવા માટે તૈયાર થઈ।

વસુમતિની વાત સાંભળી સેનાપતિ કે જે ધારિણીના વિષે દુઃખ અને પશ્ચાત્તાપ કરી રહ્યો હતો તે એકદમ તે વાતને ભૂલી ગયો અને વિચારવા લાગ્યો કે, "હજી તો એક હત્યાનું પાપ મારા માથે પડેલું છે, ત્યાં વળી આ બીજી પણ મારા કારણે પ્રાણત્યાગ કરી રહી છે ! હું આ એક હત્યાના પાપનો દંડ કોણ જાણે કેટલો વખત ભોગવીશ ત્યાં આ બીજા પાપનો દંડ કેવી રીતે સહી શકીશ !" આ પ્રમાણે વિચાર કરતો સેનાપતિ દોડીને પ્રાણત્યાગ કરવા માટે તૈયાર થએલી વસુમતિ પાસે આવ્યો અને આંખમાં આંસુ લાવી કહેવા લાગ્યો કે, "પુત્રી ! મને ક્ષમા કર ! મને વધારે પાપી બનાવ નહિ. હું અધમાધમ અને નીચથી પણ નીચ છું. મેં જે ઘોર પાપકર્મો કર્યાં છે, તેનું ખરાબ ફળ મને ભોગવવા દે. મારી ઉપર વધારે પાપનો બોજો મૂક નહિ ! તારી માતા વાસ્તવમાં મહાન સતી હતી. તેણે મારા પાપપૂર્ણ વિચારોને બદલાવવા માટે અથાક પ્રયત્નો કર્યા, મને અનેક પ્રકારે ઉપદેશ આપ્યો

પણ મોહ નિદ્રામાં ભાન ભૂલેલા મારા જેવા કામાંધ પર તેના સદુપદેશની અસર જરા પણ પડી નહિ. અન્તે તેણે પ્રાણત્યાગ કરી સતીત્વની રક્ષા કરી અને મને અનંત નરકની વેદના સહેવા માટે અહીં રહેવા દીધો ! મને હવે દુઃખ અને પશ્ચાત્તાપને કારણે ક્યાંય શાન્તિ મળતી નથી. એ સતીની હત્યાનો અપરાધી હું જ છું. મેં જ એ ઘોરતમ પાપ કર્યું છે. મને એ એક જ મહાપાપની અગ્નિમાં બળવા દે. તું મરીને એ પાપાગ્નિમાં આહુતિ હોમ નહિ ? તું એમ વિચારતી હશે કે આ દુષ્ટે મારી માતા સાથે જેવો દુર્વ્યવહાર કર્યો હતો તેવો દુર્વ્યવહાર મારી સાથે પણ કરશે અને એ ભયે તું પ્રાણત્યાગ કરવા તત્પર થઈ હશે, પણ વહાલી પુત્રી! તું એ ભયને હવે છોડી દે ! હું પહેલાં તને અવશ્ય પાપદૃષ્ટિએ જોતો હતો પણ હવે હું તને મારી પુત્રી માનું છું. પુત્રી જ નહિ પણ તને માતાની દૃષ્ટિએ પણ જોઉં છું. હું હવે કોઈ દિવસ પણ તને પાપદૃષ્ટિએ જોઈશ નહિ. હે પુત્રી ! હું પ્રતિજ્ઞા કરું છું અને સૂર્ય, ચન્દ્ર તથા પૃથ્વીની સાક્ષીએ સોગંદ ખાઉં છું કે, હું તારી સાથે કોઈ પણ પ્રકારનો દુર્વ્યવહાર કરીશ નહિ. તેમ તને પાપ-દૃષ્ટિએ જોઈશ પણ નહિ. તારી માતાએ મારી દૃષ્ટિ અને મારા હૃદયનું પરિવર્તન કરી નાખ્યું છે. હવે મારી દૃષ્ટિમાં તે પાપ નથી તેમ તે કામવિકાર પણ નથી. અત્યારે હું જે પ્રતિજ્ઞા કરી રહ્યો છું તે સાચા હૃદયથી કરી રહ્યો છું. હું હવે તને કોઈ પણ દિવસ ખરાબ દૃષ્ટિએ જોઈશ નહિ. એટલા માટે તું મહેરબાની કરી પ્રાણત્યાગનો વિચાર છોડી દે. તારી માતા મને જે ઈશ્વરીય શક્તિનું ભાન કરાવી રહી હતી તે ઈશ્વરીય શક્તિનું ભાન હવે મને પ્રગટ્યું છે. તે વખતે તો મારી દૃષ્ટિ આગળ કામવિકારનો પડદો પડેલો હતો, જેથી હું એ ઈશ્વરીય શકિતને જોઈ શકતો ન હતો. હવે જેમ જેમ એ કામવિકારનો પડદો દૂર દૂર ખસતો ગયો તેમ તેમ મને ઇશ્વરીય શકિતનું ભાન થતું ગયું અને મને સમજાવા લાગ્યું કે ધર્મની રક્ષા માટે પ્રાણત્યાગ કરવા જેટલું

સાહસ પ્રગટવું એ જ ઈશ્વરીય શક્તિ છે. હું એ ઈશ્વરીય શક્તિનો મહિમા હવે સમજી શક્યો છું. માટે હે ! પુત્રી ! તું મારાથી જરા પણ ડર નહિ. હું તારી રક્ષા કરીશ. તારી સામે ખરાબ દૃષ્ટિએ જોઈશ નહિ. હું જે કહી રહ્યો છું તે સાચા હૃદયથી કહી રહ્યો છું. માટે મારું કહેવું માની તું પ્રાણત્યાગ કરવાનો વિચાર છોડી દે. આમ છતાં મારું કહેવું ન માની જો તું પ્રાણત્યાગ કરી દઈશ તો મારા હૃદયને બહુ જ આઘાત અને સંતાપ પહોંચશે. અને મારા જીવનને સુધારવા માટે પણ કોઈ રહેશે નહિ. તું હઈશ તો મને મારાં પાપ કર્મો માટે ધિક્કાર અને ઉપાલંભ આપી મારા જીવનસંતાપને ઓછું કરશે. તું મને ગમે તેટલા કડવા ઠપકા આપીશ તો પણ હું તેને પ્રસન્નતાપૂર્વક સાંભળીશ અને મારાં પાપકર્મોને ઓછાં કરવા માટે તું મને ઉપાલંભ આપી રહી છે, તેમ માની તારો ઉપકાર માનીશ. માટે હે ! પુત્રી ! મારા જીવનસુધાર માટે પણ તું પ્રાણત્યાગ કરવાનો વિચાર છોડી દે અને મારા કહેવા ઉપર તું વિશ્વાસ રાખ. કદાચિત તને મારા કથન ઉપર વિશ્વાસ ન પણ આવતો હોય તો પણ જ્યાં સુધી મારા હાથે વિશ્વાસનો ભંગ થાય એવું કૃત્ય ન થાય ત્યાંસુધી તો પ્રાણત્યાગ કરવાનો વિચાર એક બાજુ મૂકી દે. જ્યારે હું વિશ્વાસનો ભંગ કરું ત્યારે ભલે તું પ્રાણત્યાગ કરજે. પ્રાણત્યાગ કરવાનો અધિકાર તારી પાસે સુરક્ષિત જ છે. એટલે જ્યારે મારાથી વિશ્વાસનો ભંગ થાય એવું કૃત્ય થાય ત્યારે તું પ્રાણત્યાગ કરી શકે છે. પણ તારા પ્રાણત્યાગથી મારા જેવા પાપીના પાપોનો અન્ત આવશે નહિ; માટે મારા જીવનનો ઉદ્ધાર કરવા માટે પણ તું પ્રાણત્યાગ કરવાનો વિચાર છોડી દે."

આટલું કહી સેનાપતિ વસુમતિના પગે પડી ગયો અને હૃદયફાટ રોવા લાગ્યો. સેનાપતિને આ પ્રમાણે વિલાપ કરતો જોઈ વસુમતિનું હૃદય કરુણાથી પીગળી ગયું. તેને તે વખતે સ્પષ્ટ જણાયું કે માતાએ પોતાની શિક્ષાને મૂર્ત સ્વરૂપ આપી આ સેનાપતિનો જીવન-

સુધાર કરી નાંખ્યો, આપના [illegible] સેનાપતિજીના હૃદયનું પરિવર્તન
કરી નાંખ્યું અને આ જ હું [illegible]
આગ્રહ હતો તે જ માતાએ [illegible] છે.
તેનું મલિન હૃદય આજે નિર્મળ અને પવિત્ર બની ગયું છે. અને
તેથી જ તે આજે હૃદયપૂર્વક પાપનો પશ્ચાત્તાપ કરી રહ્યો છે. આવી
અવસ્થામાં મારે પ્રત્યુત્તર કરવો કરતાં એને આશ્વાસન આપવાની
આવશ્યકતા છે. આ પ્રમાણે વિચાર કરી વસુમતિએ સેનાપતિને
કહ્યું કે, "પિતાજી ! તમો જરા પણ ગભરાશો નહિ ! જે થવાનું હતું
તે થઈ ગયું. હવે તે વિષે રુદન કરવું કે વિલાપ કરવો નકામું છે.
મારી માતાએ પોતાના પ્રાણનો શું ત્યાગ કર્યો માનો કે મને આપના
ખોળામાં મૂકી આપને મારા ધર્મપિતા બનાવી દીધા. જો માતાએ
પ્રાણત્યાગ ન કર્યો હોત તો તો તમે મને પુત્રી ન ગણત અને
આપના જીવનનો સુધાર પણ ન થાત. માતાના પ્રાણત્યાગથી—બલિદાનથી જ તમે મારા પિતા બન્યા છો, અને હું આપની ધર્મપુત્રી બની
છું. હવે આપ ગઈ ગુજરી વાતને ભૂલી જાઓ અને માતાના
શરીરની અન્ત્યેષ્ટિ કરવાનો પ્રબંધ કરો."

વસુમતિની વાત સાંભળી સેનાપતિને સાનંદ આશ્ચર્ય થયું.
તેને એમ લાગ્યું કે આ છોકરી તો એની માતા કરતાં આગળ વધેલી
છે. એની માતાએ મેં અપશબ્દ તથા કઠોર શબ્દ કહ્યા હતા છતાં
મારી ઉપર ક્રોધ ન કર્યો તેમ પ્રાણત્યાગ કરતી વખતે પણ મને
કોઈ અપશબ્દ કે દુરાશીષરૂપ વચન કહ્યાં નહિ. એની માતાએ જેવી
ક્ષમા બતાવી તેવી ક્ષમા તેની પુત્રી પણ બતાવી રહી છે અને તેની
માતાની હત્યા કરાવનાર મને અપશબ્દ ન કહેતાં કે ઉપાલંભ ન
દેતાં મને આશ્વાસન આપી રહી છે અને ગઈ ગુજરી વાતને ભૂલી જઈ
જીવનસુધાર કરવાની પ્રેરણા આપી રહી છે. ધન્ય છે તેને અને તેની
માતાને તથા તેના પિતાને !

વસુમતિનો ધિક્કાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] સોટી કઢી. તેના મુખ ઉપર વિષાદની [illegible] [illegible] [illegible] [illegible] મનમાં એ જ વિચારથી હતો કે મારી [illegible] પણ મારી માતાની [illegible] પ્રમાણે [illegible] કરી [illegible] [illegible] લાગેલું કર્યું [illegible] નાખ્યો। આ પ્રમાણે વસુમતિ [illegible] [illegible] વિષે વિચાર કરી રહી હતી, પણ આ [illegible] સેનાપતિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] રોવા લાગ્યો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે, " હે ! પુત્રી ! તારી માતાની હત્યાનું કારણ હું પાપી જ છું. મારાથી [illegible] [illegible] તેણે શરીરનો ત્યાગ કર્યો છે અને તેથી જ [illegible] પણ [illegible] એવું તેનું સુંદર શરીર આજે આગને [illegible] [illegible] છે. આ સતીની હત્યાનું પાપ મને હમેશાં બાળ્યા કરશે। માટે એ પાપથી બચવા માટે હું પણ આ જ ચિતામાં પડી જાઉં તો મારું શ્રેય મને લાગે છે. તું આ મારા રથમાં બેસી કૌશામ્બીમાં ચાલી જા, હું તો આ જ ચિતામાં બળીને મરી જઈશ અને એ પ્રમાણે પાપનું કિંચિત પ્રાયશ્ચિત્ત કરીશ."

વસુમતિને આમ કહી તે સેનાપતિ ચિતામાં કૂદવા માટે પોતાના શરીર ઉપરનાં કપડાં કાઢવા લાગ્યો. એને જોઈને વસુમતિનું હૃદય પીગળી ગયું તે કહેવા લાગી કે, " વાસ્તવમાં અત્યારે આ બહુ જ દુઃખી છે. જો એને અત્યારે સમજાવવામાં નહિ આવે તો કદાચ એ ચિતામાં કૂદી પડશે અને મરી જશે. " આ પ્રમાણે વિચાર કરી વસુ-

મતિ તેનો હાથ પકડી સમજાવવા લાગી કે, "પિતાજી! તમે આ શું કરી રહ્યા છો? જે કામ કરતાં મને આપે રોકી હતી તે જ કામ તમે પોતે કેમ કરી રહ્યા છો? આ પ્રમાણે ચિતામાં બળી જવાથી શું વળવાનું છે? અગ્નિમાં પડી જઈ મરી જવું એ બાલ-મરણ છે જે અનન્ત સંસારને વધારનારું છે. તમે પાપથી ગભરાઈ ને અગ્નિમાં બળી મરી જવા ચાહો છો, પણ આ પ્રમાણે બળી મરી જવાથી પાપ કાંઈ ઓછું થતું નથી. ઊલટું એથી તો પાપ વધવા પામે છે. માતાએ તો પોતાના શરીરનો ત્યાગ કરી આપને સુધાર્યા છે અને હવે સુધરીને તમે નિષ્કારણ અગ્નિમાં બળી મરો એ શું ઠીક કહેવાય? પહેલી વાત તો એ છે કે, હવે તમારામાં પાપ રહ્યું જ નથી. પશ્ચાત્તાપને લીધે પાપનો નાશ થઈ ગયો છે. આમ છતાં તમારામાં પાપ રહેલું છે એમ તમે માનો છો તો તે પાપ કાંઈ આમ અગ્નિમાં બળી મરવાથી દૂર થવાનું નથી. એ પાપને દૂર કરવાનો ઉપાય તો સદાચારપૂર્વક દીન દુઃખીઓની સેવા કરવી અને પહેલાંનાં પાપનો પ્રાયશ્ચિત્તપૂર્વક પશ્ચાત્તાપ કરવો એ જ છે. માટે તમે આત્મહત્યા કરવાનો કાયરતાપૂર્ણ વિચાર છોડી દો. આ સિવાય તમે મને પુત્રી તુલ્ય ગણો છો અને હું તમને ધર્મપિતા માનું છું તો મારી રક્ષાનો ભાર તમારી ઉપર જ છે. જો તમે બળી મરી જશો તો પછી મારું રક્ષણ અને મારું પાલન કોણ કરશે? એટલા માટે તમારે પ્રાણત્યાગ કરવો એ કોઈ પણ દૃષ્ટિએ યોગ્ય નથી."

વસુમતિએ આ પ્રમાણે સેનાપતિને સમજાવ્યો, ધીરજ આપી અને મરતાં બચાવ્યો. વસુમતિના ઉપદેશથી સેનાપતિ સમજ્યો અને વસુમતિને રથમાં બેસાડી કૌશાંબી તરફ રથને હાંકયો। માર્ગમાં વસુમતિ સદુપદેશ આપી તેનો સંતાપ દૂર કરતી હતી. તેણે સેના-પતિને એ પણ કહ્યું કે, "તમે મારી માતાના મૃત્યુના સમાચાર અને મારો પરિચય કોઈને આપશો નહિ. કારણકે તેમ કરવાથી અનિષ્ટ અને અકલ્યાણ થવાની સંભાવના છે. માટે તમે એ વાતને તમારા

હૃદયમાં ખૂબ ગુપ્ત રાખશો. કોઈને મૃત્યુના સમાચાર કે મારો પરિચય આપશો નહિ. જાણે કોઈ ઘટના એવી બની જ નથી, તેમ મને તમે જાણતા જ નથી એમ તમે માનજો. હું પણ અનિમિત્ત સમય સુધી કોઈને એ વૃત્તાન્ત કહીશ નહિ તેમ મારો પરિચય પણ કોઈને આપીશ નહિ. "

સેનાપતિને આ પ્રમાણે વસુમતિએ માર્ગમાં ખૂબ સમજાવ્યો. સેનાપતિએ એ વાત કબૂલ કરી. રથ કૌશાંબીમાં પોતાને ઘેર પહોંચ્યો અને વસુમતિ સેનાપતિને ઘેર ઊતરી. સેનાપતિની સ્ત્રી સેનાપતિની પ્રતીક્ષા કરી રહી હતી. તે મનમાં એમ વિચારતી હતી કે ચંપાની લૂંટ કરી અહીંના સૈનિકો ઘણું દ્રવ્ય ઉપાડી લાવ્યા છે તો મારા પતિ તો સેનાપતિ છે એટલે તો તે ઘણું દ્રવ્ય ઉપાડી લાવશે ! આ પ્રમાણે સેનાપતિની સ્ત્રી સેનાપતિની પ્રતીક્ષા કરી રહી હતી એટલામાં તો સેનાપતિ રથને લઈ ત્યાં આવી પહોંચ્યો. પોતાના પતિને આવતા જોઈ સેનાપતિની સ્ત્રી ખૂબ પ્રસન્ન થઈ ! થોડી વારમાં રથમાંથી વિપુલ દ્રવ્ય મારા ઘરમાં લાવવામાં આવશે એવી તે આશા રાખી બેઠી હતી પણ રથમાંથી કેવળ એક સુંદર કન્યા નીચે ઊતરી ઘરમાં ગઈ અને ખાલી રથ રથશાળામાં લઈ જવામાં આવ્યો ત્યારે તેની આશા નિરાશામાં ફરી ગઈ. વસુમતિને જોઈ સેનાપતિની સ્ત્રીને આશ્ચર્ય થયું અને સાથે સાથે સંદેહ પણ થયો. વસુમતિનું રૂપ સૌંદર્ય જોઈ આ તો કોઈ દેવ-કન્યા છે કે ગંધર્વ-કન્યા એવો તે વિચાર કરવા લાગી, અને સાથે સાથે એવી શંકા પણ ઉદ્‌ભવી કે આ કન્યા મારું સૌભાગ્ય સુખ લૂંટવા અને મારા પતિના હૃદય ઉપર અધિકાર જમાવવા તો અહીં આવી નથીને !

સેનાપતિની સ્ત્રી, આ પ્રમાણે વિચાર કરી રહી હતી, એટલામાં તો વસુમતિ તેની પાસે આવી પગે પડી અને પ્રણામ કર્યા. પ્રણામનો ઉચિત ઉત્તર આપી સેનાપતિની સ્ત્રીએ વસુમતિને પૂછ્યું

કે, "તમે કોની પુત્રી છો ! અને અહીં શા માટે આવ્યા છો ?" આ પ્રશ્નના ઉત્તરમાં વસુમતિએ કહ્યું કે, "માતા ! હું તમારી જ પુત્રી છું. અને આ ઘર મારું છે. હું તમારી સેવા કરવા અહીં આવી છું."

વસુમતિ અને સેનાપતિની સ્ત્રીની વચ્ચે વાતચીત થઈ રહી હતી ત્યાં તો સેનાપતિ પણ ત્યાં આવ્યો. અને પોતાની સ્ત્રીને કહ્યું કે, "જો, આપણને કાંઈ સંતાન નથી એટલે હું આ કન્યાને લાવ્યો છું. તેને પોતાની જ પુત્રી માનીને તેનું પાલન-પોષણ કરજે અને તેને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય તેનું ધ્યાન રાખજે. આ કન્યાનું તો દુર્ભાગ્ય જ છે કે તેને આપણી પુત્રી થઈને જીવન વ્યતીત કરવું પડશે પણ આપણું તો એ સદ્‌ભાગ્ય જ છે કે આપણને આવી સુંદર કન્યા મળી છે. આપણે ત્યાં આવી સુંદર કન્યા જન્મધારણ કરે એવું આપણું ભાગ્ય નથી, તોપણ કોઈ પૂર્વના પુણ્યના પ્રભાવે આપણને આવી સુંદર કન્યા મળી આવી છે તો એના પાલન-પોષણ તથા ખાનપાન વિષે ખાસ ધ્યાન રાખજે."

આટલું કહી સેનાપતિ ચૂપ રહ્યો. સેનાપતિની સ્ત્રીએ ભયને કારણે સેનાપતિને એમ જ કહ્યું કે, "હું આપની આજ્ઞાનુસાર તેનું ધ્યાન રાખીશ અને તેનું પાલન-પોષણ આપણી કન્યાની માફક જ કરીશ." પણ તેના હૃદયમાં એ સંદેહ તો ઘર ઘાલી બેઠો હતો કે, આ સુંદરી છે અને નવયુવતી છે તો એની પાછળ જરૂર કાંઈ ભેદ રહેલો હોવો જોઈએ. જો કે મારા પતિ એને પુત્રી કહી બોલાવે છે પણ મને પતિના આ કથનમાં વિશ્વાસ બેસતો નથી. મારું હૃદય તો એ જ કહે છે કે આ મારી શોક્ય બની મારું સૌભાગ્ય-સુખ લૂંટવા માટે જ આવી છે ! ગમે તે હો, પરંતુ મારા પતિ અત્યારે યુદ્ધમાંથી આવે છે, હજી તેમની આંખો લાલ છે એટલે અત્યારે તો પતિ જેમ કહે તેમ માની લેવામાં જ કલ્યાણ છે. છતાં મારે તેમના પ્રતિ સતર્ક અને સાવધાન તો રહેવું જોઈએ ! સેનાપતિની સ્ત્રીના હૃદયમાં વસુમતિ પ્રતિ સંદેહ પેદા થયો હતો પણ

વસુમતિએ તે દિવસ [illegible] ઘણુ ધ્યાન [illegible] ધ્યાન તે
[illegible] 'હું [illegible]
[illegible]
વસુમતિના હૃદયમાં આ જ વિચાર રમી રહ્યો હતો.

વસુમતિએ [illegible] કહ્યું કે, " [illegible]
[illegible] " [illegible]
કોઈ [illegible] ન હતું [illegible] ભોજન [illegible] ન હતું [illegible]
[illegible] ભોજન [illegible] હતું તે જ [illegible]
[illegible] વસુમતિને આપ્યું. વસુમતિ [illegible]
ખાતું ભોજન કોઈ દિવસ ખાધું ન હતું, તેમ છતાં તેણે કોઈ જ
આનાકાની કર્યા વિના એ ભોજન તેણે પ્રેમપૂર્વક આપ્યું તે ભોજન
આનંદપૂર્વક ખાધું. વાસ્તવમાં જ્યારે સાચી ભૂખ લાગે છે ત્યારે
ગમે તેવું ભોજન હોય તો પણ તે મીઠું જ લાગે છે. અને જ્યારે
સાચી ભૂખ હોતી નથી ત્યારે મિષ્ટાન્ન પણ મીઠું લાગતું નથી. જો
લોકો ભૂખને ભાંગવા માટે જ ભોજન કરતા હોય તો તેમને અનેક
પ્રકારના શાક, અથાણું, ચટણી, પાપડ વગેરેની આવશ્યકતા રહે
નહિ. ભૂખ ન હોવા છતાં ભોજન કરતી વખતે એની આવશ્યકતા
પડે છે.

ભોજન કરી બાદ વસુમતિએ સેનાપતિના ઘરને એક સાધારણ
દૃષ્ટિએ બરાબર જોઈ લીધું અને એ ઘરમાં શું શું સુધાર કરવાની
જરૂર છે તે પણ જાણી લીધું. તે તો એમ જ માનતી હતી કે હવે
આ જ મારું ઘર છે એટલે એને વ્યવસ્થિત અને સ્વચ્છ રાખવું
એ મારું કર્તવ્ય છે. અને હું આ મારા કર્તવ્યનું પાલન કરવા માટે
તનમનથી પ્રયત્ન કરીશ.

આ પ્રમાણે વિચાર કરતી વસુમતિ રાતે સૂઈ ગઈ. તે હમેશ
રાજમહેલમાં કોમળ શય્યા ઉપર સૂતી અને તેના શયનના સ્થાને
અનેક પ્રકારની સુગંધ પ્રસરતી હતી અને તેની સેવા માટે અનેક

[illegible]

વસુમતિ, સૂર્યોદય થતાં પહેલાં જ પથારીમાંથી ઊઠી ગઈ અને શૌચાદિથી નિવૃત્ત થઈ ગૃહકાર્યમાં જોડાઈ ગઈ. ધારિણી પાસેથી શિક્ષા જ કેવળ આવી હતી, [illegible] [illegible] ગૃહકાર્ય કરવાનો પ્રસંગ આવ્યો ન હતો [illegible] ગૃહકાર્ય કરવામાં વસુમતિને કોઈ પ્રકારની મુશ્કેલી ન આવી. વસુમતિએ સવારના પહોરમાં ઘર તથા ઘરનું આંગણું વાળીઝૂડીને સાફ કર્યું અને કચરો બહાર ફેંકી આવી. પછી [illegible] કરી વ્યવસ્થિત [illegible]. પાણી ગળ્યું, [illegible] વગેરે સાફ કરી, [illegible] વ્યવસ્થા કરી અને [illegible] રસોઈ કરવા બેઠી.

ચતુર સ્ત્રીઓ, સાધારણ ચીજમાંથી પણ વિશિષ્ટ ભોજન બનાવી લે છે અને મૂર્ખ સ્ત્રીઓ, વિશેષ ચીજને પણ ખરાબ બનાવી મૂકે છે. તે જ વસ્તુ ચતુર સ્ત્રીના હાથમાં આવે છે તો તે વસ્તુઓમાંથી શ્રેષ્ઠ, સુસ્વાદુ અને સાત્વિકતા પૂર્ણ ભોજન બનાવી દે છે. પણ મૂર્ખ સ્ત્રીઓ એ જ વસ્તુઓમાંથી કુસ્વાદુ, તામસિક અને સ્વાસ્થ્યને હાનિકર ભોજન બનાવે છે. આ પ્રમાણે ભોજનનું સારા નરસાપણું કેવળ વસ્તુઓ ઉપર જ આધાર રાખતું નથી પણ એ વસ્તુઓના ઉપયોગ કરનાર ઉપર પણ આધાર રાખે છે.

વસુમતિએ સેનાપતિને ઘેર ભોજન બનાવ્યું. સેનાપતિની સ્ત્રી

[illegible] બન્યા મલિન [illegible] મનુષ્યોની [illegible] [illegible] [illegible] [illegible]
[illegible], ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible], [illegible] [illegible]
[illegible] છે, આ [illegible] ત્યારે [illegible] મનુષ્યોની [illegible] [illegible] [illegible]
મનુષ્યોને, ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
પતિના ધર્મનું પરિવર્તન કરી નાખ્યું જેમ મનુષ્યોએ [illegible]
પતિવ્રતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].
ત્યારે [illegible] ઘર [illegible] કરવા લાગ્યા છે, [illegible] [illegible] [illegible] [illegible]
દેવોનું ઘર બનાવી દીધું.

: પ્રકરણ :

[૧૦]

અગ્નિ–પરીક્ષા

મહા હેતુ માટે
મહાસિદ્ધિ માટે અડગ દિલથી અંત મથવું;
ગ્રહીને સંયોગો જગ સકળને શોધી વળવું;
અખૂટ શક્તિ લક્ષ્ય રળવું.

— દેશળજી પરમાર

આપતિ–વિપત્તિ એ ધૈર્યની કસોટી છે. ધીર–વીર પુરુષની વિપત્તિના સમયે જ પરીક્ષા થાય છે. જે વિપત્તિના સમયે જરા પણ ગભરાતો નથી, હાયવોય કરતો નથી પણ દૃઢ રહે તે જ સાચો ધીર છે. સંપત્તિના સમયે તો બધાય ધીર રહે છે, પણ વિપત્તિના સમયે પણ નિશ્ચલ રહેવું, પોતાના ધ્યેયથી ચ્યુત ન થવું અને વિપત્તિને પણ ગણકારવી નહિ એમાં જ ધીર પુરુષની સાચી ધીરતા રહેલી છે. કવિ તુલસીદાસજીએ પણ ઠીક જ કહ્યું છે કેઃ—

ધીરજ ધર્મ મિત્ર અરુ નારી આપત્તિ કાલ પરખિયે ચારી, અર્થાત્—ધૈર્ય, ધર્મ, મિત્ર અને સ્ત્રીની આપત્તિના સમયે જ સાચી પરીક્ષા થાય છે.

જે ધીર પુરુષ હોય છે તેજ વિપત્તિ ઉપર વિજય મેળવી શકે છે, તે જ ધર્મની આરાધના કરી શકે છે અને તેજ નિશ્ચિત ધ્યેય સુધી પહોંચી શકે છે, પણ જેનામાં ધૈર્ય હોતું નથી તે વિપત્તિઓથી ગભરાઈ જાય છે અને પોતાના ધ્યેયને પહોંચી શકતો નથી. સંસારમાં એવું એક પણ કાર્ય નથી કે જેમાં કોઈ પ્રકારની વિઘ્નબાધા કે વિપત્તિ આવતી ન હોય. એ વિઘ્નબાધાઓ ઉપર જે વિજય મેળવે છે તે જ પોતાના અર્થને સિદ્ધ કરી શકે છે અને જે વિઘ્નબાધાઓથી ગભરાઈ જાય છે તે કાર્યસિદ્ધિ કરી શકતો નથી. આ પ્રમાણે લૌકિક કે બન્ને પ્રકારનાં કાર્યોની સિદ્ધિ કરવા માટે ધૈર્યની અનિવાર્ય આવશ્યકતા રહે છે. જે ધૈર્યને પોતાના જીવનમાં સ્થાન આપે છે તે જ વીરતાને પામે છે અને સાચો ધીર-વીર બની શકે છે.

વસુમતિ ઘણી જ ધૈર્યવતી હતી. એક રાજકન્યાને માટે પિતાનો વિયોગ થવો, માતાનું અકાળે અવસાન થવું, અને પોતાને બીજાના ઘરનો આશ્રય લઈ કોઈ દિવસ નહિ કરેલાં કામો કરવા પડે એવા વિપત્તિના સમયે ધૈર્ય ગુમાવવું નહિ, ગભરાઈ જવું નહિ અને વિપત્તિને પણ સુખ માનવું એ કાંઈ સરળ નથી. એ તો જે સાચી ધૈર્યવતી હોય તે જ દુઃખને સુખ માની શકે. ધારિણી માતાએ વસુમતિને જે ધૈર્યની શિક્ષા આપી હતી તે શિક્ષાના પ્રતાપથી જ તે વિપત્તિઓથી ગભરાઈ ન હતી અને પોતાના ઉચ્ચ ધ્યેયને ભૂલી ગઈ ન હતી. તે તો વિપત્તિને વિપત્તિ નહિ પણ સંપત્તિ માનતી હતી એટલે વસુમતિને ગભરાઈ જવાનું પણ કશું કારણ ન હતું. ઘરબાર, રાજ્ય, દાસદાસી, તથા પિતાનો વિયોગ થવો, માતાનું મરણ થવું અને સેનાપતિને ઘેર નહિ કરેલાં કામ કરવાં એ બધાં દુઃખોને

વસુમતિ દુઃખરૂપ માનતી જ ન હતી પણ એને સુખરૂપ માની પોતે પ્રસન્ન રહેતી હતી. વાસ્તવમાં વિપત્તિને જો વિપત્તિ જ માનવામાં આવે તો ધૈર્ય ટકી શકતું નથી અને ગભરાઈ જવાય છે.

સેનાપતિના ઘરને પોતાનું ઘર, સેનાપતિને પિતા તથા તેની પત્નીને માતા માની વસુમતિ ઘરનાં બધાં કામો પોતાના હાથે કરવા લાગી. નાના મોટાં દરેક કામો કરવામાં તે આળસ, સંકોચ કે શ્રમને ગણકારતી નહિ. જો કે સેનાપતિને ઘેર નોકર–ચાકર હતા તો પણ તેમની ઉપર આજ્ઞા ચલાવીને પોતે બેસી રહેતી નહિ પણ પોતે પણ કામ કરવા લાગતી. જ્યારે વસુમતિ પોતાના હાથે કામ કરતી તો પછી નોકર–ચાકર નવરા કેમ બેસી શકે! તેઓ પણ કામ કરવા લાગતા. વસુમતિ પોતાના નોકર–ચાકરની ખાવાપીવા વગેરે વિષે ખાસ કાળજી રાખતી, સુખ–દુઃખમાં તેમને સહાયતા આપતી, તેમનું સન્માન કરતી, અને તેમને હલકી દૃષ્ટિએ ન જોતાં પોતાના આત્મીય જનની માફક ગણતી. આ કારણોને લીધે નોકર–ચાકર પણ વસુમતિથી પ્રસન્ન રહેતા હતા અને આદરની દૃષ્ટિએ જોતા હતા. ઘરમાં કામકાજથી નિવૃત્ત થતાં વસુમતિ બધાંની સાથે બેસી જતી અને બધાંને ધર્મની વાતો સંભળાવતી. બધાંને ખવડાવ્યા પછી ખાતી અને બધાંને સુવાડ્યા પછી પોતે સૂતી. અને બધાંની પહેલાં વહેલી ઊઠી ઘરના કામકાજમાં લાગી જતી. આ પ્રમાણે તેણે પોતાના સદ્વ્યવહારથી ઘરના બધા લોકોનું હૃદય જીતી લીધું હતું. બધા લોકો તેની પ્રશંસા કરતા અને પ્રત્યેક કાર્યમાં તેની સલાહ પણ પૂછતા.

વસુમતિની વ્યવસ્થાશક્તિ જોઈ સેનાપતિ ઘણો પ્રસન્ન થયો. અને મનમાં વિચારવા લાગ્યો કે, “ આ રાજકન્યા અનેક દાસદાસીઓથી સેવાયેલી હોવા છતાં મારા ઘરમાં કેવું કામ કરી રહી છે! તેણે મારા ઘરને પોતાની વ્યવસ્થાશક્તિદ્વારા કેટલું બધું વ્યવસ્થિત અને સુંદર બનાવી દીધું છે! તેને પોતાના શરીરની તો કશી ચિંતા જ

નથી. તે ખાવા-પીવાની, ઓઢવા-પહેરવાની તથા સુખ-સગવડની પણ પરવા કરતી નથી અને મારી તથા મારી પત્નીની માતાપિતાની માફક સેવા-ભક્તિ કરે છે. મારી હાર તેની માતનું પણ થયું છે તે વાત જાણે તે ભૂલી જ ગઈ છે. તેને તે વાતનું સ્મરણ હોય એમ તેના વ્યવહારથી તો કશું જણાતું નથી. તેણે મને પવિત્ર બનાવી દીધો છે અને મારા ઘરને પણ પવિત્ર બનાવી દીધું છે. આ વસુમતિના પ્રતાપથી જ મારામાં પહેલાંના દુર્ગુણો પણ રહેવા પામ્યા નથી. મારી ઉપર તેનો અનહદ ઉપકાર છે અને મારા ઘરનું કામકાજ કરી મારી ઉપર ઉપકારનો વધારે ભાર ચઢાવી રહી છે. મારા માટે તો આ પુત્રી જ નહિ પણ આરાધ્ય દેવીના માફક જીવનદાત્રી છે. હું એના ઋણથી કેવી રીતે મુક્ત થઈ શકીશ!"

આ પ્રમાણે વસુમતિના સદ્‌વ્યવહારથી સેનાપતિ તથા તેના ઘરના બધાં માણસો પ્રસન્ન રહેતાં પણ કેવળ સેનાપતિની સ્ત્રીને વસુમતિ પ્રતિ સંદેહ હોવાથી તે હમેશાં અપ્રસન્ન રહ્યા કરતી. તેનો પતિ કે નોકર-ચાકરો વસુમતિની પ્રશંસા કરતાં તો તે સહી શકતી નહિ. અને તે મનમાં બળ્યા કરતી કે, "આ બધા લોકો આ છોકરી કોણ છે! ક્યાં જન્મી છે! કોની પુત્રી છે! શું નામ છે! શા માટે અહીં આવી છે! વગેરે કશું પૂછતા નથી, કેવળ એની પ્રશંસા જ કર્યા કરે છે. આ છોકરી પણ ચાલાક છે. તેણે પોતાની ચાલાકીથી થોડા જ દિવસોમાં ઘરનાં બધાં માણસો ઉપર પોતાનું આધિપત્ય જમાવી દીધું છે! મારા પતિને પણ તેણે પોતાને વશ કરી લીધેલ છે અને તેના આંગળીના ઇશારા ઉપર મારા પતિ નાચતા હોય એમ જણાય છે. જાણે તેનું પોતાનું જ ઘર ન હોય તેમ તે ઘરનું કામ કરે છે અને ઘરની વ્યવસ્થા જાળવે છે. એટલું જ નહિ, ઘરની વ્યવસ્થા પાછળ તે પોતાના શરીરનું અને ખાવાપીવાનું પણ ધ્યાન રાખતી નથી. આ મારું ઘર છે તોપણ હું એટલું કામ કરતી નથી અને આ છોકરી તો ઘરની વ્યવસ્થા પાછળ

ગાંડી થઈ કામકાજ કર્યા કરે છે! એટલે તેના હૃદયમાં અવશ્ય કોઈ દુર્ભાવના હોવી જ જોઈએ. એ આ ઘરની સ્વામિની બનવા માટે જ અને એટલા જ માટે આ પ્રમાણે ઘરની વ્યવસ્થા કરવાની ભાવના તે બધું ભૂલી જાય છે. અને મારા પતિ પણ તેના પ્રતિ પ્રેમ બતાવે છે તો જરૂર એની પાછળ કોઈ ભેદ રહેલો હોવો જોઈએ! માટે હવે સાવધાન થવું જોઈએ અને મારા જીવનમાંના આનંદની વચ્ચે પડેલા કાંટાને મારે અત્યારથી દૂર ફેંકી દેવો જોઈએ, નહિ તો આગળ જતાં આ જ કાંટો મને કષ્ટદાયક થઈ પડશે. મારા સૌભાગ્ય-સુખને લૂંટવા જ આ છોકરી અત્રે આવી છે અને પોતાના હાવભાવથી બધાને પોતાને વશ કરી રહી છે!!"

સેનાપતિની સ્ત્રીના હૃદયમાં વસુમતિ તરફ દ્વેષભાવ પેદા થયો હતો અને એટલા માટે તે વસુમતિની ઈર્ષ્યા કરવા લાગી. તે મનમાં એમ વિચારતી કે, "મારા ઘરમાં તો સૌ એને જ પૂછે છે. મારો તો કોઈ ભાવ પણ પૂછતું નથી. જાણે તે જ ઘરની માલિક બની ગઈ ન હોય તેમ તે રહે છે. માટે સૌથી પહેલાં તો એનું ગૌરવ ઓછું કરવું જોઈએ અને પછી ગમે તે ઉપાયે તેને ઘરની બહાર કાઢવી જોઈએ. જ્યારે આ બલા ઘરમાંથી બહાર નીકળશે ત્યારે જ મારું સૌભાગ્ય સુખ સુરક્ષિત રહેશે, નહિ તો મારે દુઃખ સહેવું પડશે!"

લોકો, પ્રતિસ્પર્ધા કરવામાં તો પરિશ્રમ કરવો પડે છે અને ઈર્ષ્યા કરવામાં પરિશ્રમ કરવો પડતો નથી એમ માને છે અને એ કારણે કામ કરીને નહિ પણ બીજાને નીચા પાડીને પોતે મોટા બનવા ચાહે છે. સેનાપતિની સ્ત્રીએ પણ બીજાને નીચા પાડી પોતે મોટા થવાનો માર્ગ લીધો અને વસુમતિને બધાની દૃષ્ટિમાં હલકી પાડવાનો પ્રયત્ન કરવા લાગી. એ માટે તે પોતે કોઈ વાર સાફ કરેલી જગ્યાએ કૂડો કચરો ફેંકી આવતી અને પછી વસુમતિ પાસે આવીને તેને કહેતી કે, "તું તો બધાંને હું ઘરને સાફસૂફ રાખું છું એમ કહે છે અને અહીં તો જો કેટલો બધો કચરો પડેલો

છે! " કોઈ કોઈ વાસણને ચોકે જ ખરાબ કરી નાખતી, કોઈ કોઈ વસ્તુને અસ્તવ્યસ્ત કરી નાંખતી, તો કોઈ વાર સાફ કરેલી ચીજો ફરી ગોળગોળ કરી આવતી અને પછી તે માટે વસુમતિને અપરાધી બનાવતી અને તેની નિંદા અને નિર્ભર્ત્સના કરતી. જો કે વસુમતિ, સેનાપતિની સ્ત્રીની આ બધી કુનેહબાજી સમજી ગઈ હતી તોપણ તે કોઈ દિવસ ક્રોધાવેશમાં આવી જતી નહિ પણ શાન્તિથી જવાબ વાળતી કે, " માતાજી! ક્ષમા કરો! ભૂલથી મારો અપરાધ થઈ ગયો હશે! હવે એ વિષે ખાસ ધ્યાન આપીશ અને એવી ભૂલ ભવિષ્યમાં નહિ કરું! અત્યાર સુધી તમે મારા કામમાં ભૂલ કાઢતા ન હતા એટલે મારામાં બેદરકારી આવી ગઈ હશે. હવે હું બરાબર સાવધાની રાખીશ."

ધારિણી માતાએ વસુમતિને કોઈના ઉપર કોઈ પણ વખતે ક્રોધ ન કરવો એવી શિક્ષા આપી હતી. વસુમતિએ એ શિક્ષાને પોતાના જીવનમાં ઉતારી હતી. તે સેવાધર્મની ગહનતા અને તેમાં રહેલી મુશ્કેલીઓને બરાબર સમજતી હતી અને સેવાધર્મને શા માટે ગહન અને કઠિન માનવામાં આવે છે તેનાં કારણો પણ તે જાણતી હતી. સેવાધર્મની ગહનતા, કાર્યની લઘુતા કે ગુરુતા ઉપર આધાર રાખતી નથી પણ સારા કામને ખરાબ અને ખરાબ કામને સારું કહેવાની લોકોની આદતને કારણે તથા એ લોકપ્રવાદને અટકાવવો મુશ્કેલ હોવાને કારણે સેવાધર્મને ગહન અને કઠિન માનવામાં આવ્યો છે. કોઈ પણ કામને વધારે અને સારું કરવું એ મુશ્કેલ નથી પણ સારા કામને ખરાબ અને વધારે કામને ઓછું થયું છે એ સાંભળવું મુશ્કેલ છે. આવી સ્થિતિમાં શાન્તિ રાખવી કઠિન છે અને એટલા જ માટે સેવાધર્મને ગહન અને કઠિન માનવામાં આવ્યો છે. વસુમતિ સેવા–ધર્મની ગહનતા બરાબર સમજતી હતી એટલે તે સેનાપતિની સ્ત્રીના દુર્વ્યવહારથી જરા પણ ક્રોધી થતી નહિ પણ નમ્રતાપૂર્વક પોતાનો અપરાધ સ્વીકારી તે માટે ક્ષમા માગી લેતી અને તે ખરાબ થયેલા કામને ફરી કરી નાંખતી.

સેનાપતિની સ્ત્રી વસુમતિ સાથે લડવાનો પ્રસંગ આવે એવી તક શોધ્યા કરતી હતી, તે એમ જ ચાહતી હતી કે જો વસુમતિ મારી સાથે લડે તો તેને ઘરની બહાર સુગમતાથી કાઢી શકાશે એટલે તે વસુમતિ પ્રતિ સારો વ્યવહાર પણ રાખતી નહિ. એટલામાં તો એવી વાત બની કે વસુમતિને નીચે પાડવાની તેને તક મળી અને તેનો લાભ લઈ તેણે ખૂબ કોલાહલ મચાવી મૂક્યો.

વસુમતિને ઘરનું કામ તનમનથી કરતી જોઈ સેનાપતિને એમ લાગ્યું કે, આ રાજપુત્રી હોવા છતાં નોકર–ચાકર કરતાં પણ કેટલું બધું ઘરનું કામ કરે છે અને તેમ છતાં ખાનપાનની તથા ઓઢવા પહેરવાની ચિન્તા પણ કરતી નથી. મેં પણ કોઈ દિવસ એની ખબર લીધી નથી તો આજે એની ખબર કાઢીશ.

આ પ્રમાણે વિચાર કરી સેનાપતિ વસુમતિની ખબર કાઢવા તેની પાસે આવ્યો. તે વખતે વસુમતિ મારે હવે શું કામ કરવું બાકી છે તે વિષે વિચાર કરી રહી હતી. સેનાપતિની સ્ત્રી વસુમતિને બદનામ કરવાની તક જ શોધી રહી હતી. મારા પતિ આ છોકરીને શા માટે અહીં લાવ્યા છે એ બધો ભેદ આજે ખુલ્લો પડી જશે એમ વિચાર કરી તે ઘરના એક ખૂણામાં છુપાઈ ગઈ અને મારા પતિ વસુમતિને શું કહે છે તે સાંભળવા ઉત્સુક થઈ કાનને સવળા કરી ઊભી રહી. જોકે સેનાપતિ હવે પહેલાં જેવો દુરાચારી ન હતો. ધારિણીના બલિદાનથી અને વસુમતિના ઉપદેશથી તેનાં જીવનમાં ઘણુંય પરિવર્તન થઈ ગયું હતું, અને તે સાફ દિલનો થઈ ગયો હતો. તેના હૃદયમાં હવે પાપભાવના રહી ન હતી. તે હવે વસુમતિને જ નહિ પણ બધી પરસ્ત્રીઓને માતા અને બહેન સમાન ગણવા લાગ્યો હતો. પણ સેનાપતિની સ્ત્રીને એની શી ખબર! એ તો હજી સેનાપતિને પહેલાના જેવો જ દુરાચારી સમજતી હતી, એટલે તેણે વસુમતિના વિષે પણ એ જ અનુમાન કર્યું કે મારા પતિ ઉપરથી

તો એને પુત્રી કહી બોલાવે છે પણ વાસ્તવમાં તેને પોતાની સ્ત્રી બનાવવા ચાહે છે। પણ તેનું આ અનુમાન સાચું છે એને લગતું એક પણ પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું નહિ એટલે તેનાં અનુમાનને પુષ્ટ કરવા માટે તે કોઈ પ્રત્યક્ષ પ્રમાણ ગોતી રહી હતી। વસુમતિની પાસે પોતાના પતિને વાતચીત કરતા જોઈ સેનાપતિની સ્ત્રી ઘરના એક ખૂણામાં સંતાઈ ગઈ અને શું વાતચીત કરે છે તે ચૂપચાપ સાંભળવા લાગી.

જે પુરુષ કે સ્ત્રી પોતાના કાર્યમાં હમેશાં મશગૂલ રહે છે તેઓનાં કપડાં બહુ કિંમતી હોતાં નથી તેમ બહુ સાફ પણ રહેતાં નથી તો પછી કામ કરનાર પોતાના શરીર ઉપર આભૂષણોનો ભાર જ શા માટે લાદે। કામ કરનાર સ્ત્રી પુરુષો સારી રીતે જાણે છે કે બહુ કિંમતી વસ્ત્ર પહેરવાથી આલસ્ય વધે છે અને કામ કરતી વખતે એ બહુ મૂલા વસ્ત્ર બગડી જશે તો। એ લીધે કામ કરતાં પણ આળસ આવી જાય છે. આ વિષે વધુ વિચાર કરવામાં આવે તો આ વાત અમુક અંશે સત્ય પણ છે. કોઈ બહુ જ કિંમતી કપડાં પહેરેલી સ્ત્રીને, પોતાનો ખોળો બગડી જશે અથવા બાળક હંગી મૂતરી જશે તો કપડાં બગડી જશે એ ભયે પોતાનાં નાનાં બાળકને પણ ખોળામાં લેતાં આળસ આવે છે એટલું જ નહિ પણ શરમ આવે છે. આ પ્રમાણે પોતાનાં સંતાનને કિંમતી કપડાં બગડી જશે એ બીક ધવરાવતાં પણ સ્ત્રીઓ અચકાય છે, સંકોચ પામે છે। જ્યારે પોતાના પ્રાણપ્રિય બાળકને પણ કપડાં બગડી જશે એમ બીક ધવરાવતાં કે ખોળામાં લેતાં પણ સ્ત્રીઓ સંકોચ પામે છે તો પછી કિંમતી વસ્ત્રો પહેરી ઘરનું કામ કરવાની ઇચ્છા કેમ થઈ શકે! આ જ વાત પુરુષોને પણ લાગુ પડે છે. માટે સ્ત્રી કે પુરુષ જેઓ પોતાનાં કામો પોતાના હાથે કરવા ચાહે છે તેઓ બહુ જ કિંમતી કપડાં પહેરી કામ કરી શકતા નથી, તેમ આભૂષણોના ભાર પોતાના શરીર ઉપર લાદવા ચાહતા નથી કારણકે તેઓ સારી રીતે સમજે

છે કે, પોતાના હાથે કામ કરનારાઓનાં કિંમતી અને સ્વચ્છ કપડાં પણ મેલાં થઈ જાય છે.

વસુમતિ પણ પોતાના હાથે અનેક કામો કરતી હતી એટલે તે કિંમતી કપડાં અને આભૂષણો પહેરતી ન હતી. તે જે સાધારણ કપડાં પહેરતી હતી તે પણ એટલાં બધાં સ્વચ્છ ન હતાં કેમ સ્વાસ્થ્યને બગાડે કે જૂઆ ઉપજાવે એવાં ગંદાં પણ ન હતાં. ઘણાં લોકો કામ કરવાના બહાને સ્વાસ્થ્યને હાનિકારક અને જૂઓત્પાદક કપડાં પહેરી રાખે છે પણ વસુમતિ ગંદાં કપડાં પહેરી રાખવાનું ઠીક સમજતી ન હતી અને તેથી બધા સમયે પોતાનાં કપડાંઓને ધોઈ નાંખતી પણ તેમ છતાં કામ નહિ કરનારાઓનાં કપડાં જેવાં પોતાનાં કપડાં સ્વચ્છ તો કેમ રહી શકે ?

વસુમતિ બપોરના સમયે બધું કામ પતાવી હવે શું કામ કરવું બાકી છે એ વિષે વિચાર કરી રહી હતી એટલામાં સેનાપતિ ત્યાં આવ્યો અને હાથ જોડી તેને કહેવા લાગ્યો કે, " હે પુત્રી ! હે ! ભગવતી ! તું કોણ છે ! કોની કન્યા છે અને અહીં તું કેવી રીતે રહે છે તે બધું હું જાણું છું. તુ કેવી સ્થિતિમાં મારે ત્યાં આવી છે, તે પણ મારા ધ્યાન બહાર નથી. તેં પહેલાં કોઈ દિવસ ઘરનું કામ કર્યું નહિ હોય ! તું અનેક દાસદાસીઓથી સેવાયેલી હતી એટલે તારે કામ પણ શું કરવાનું હોય ! તુ મારે ઘેર આવી જે ઘર સંબંધી કાર્ય કરે છે તેથી તું મારી ઉપર ઉપકારનો બોજો વધારી રહી છે. મારી ઉપર તો પહેલાં પણ તેં અસીમ ઉપકાર કરેલ છે. અને હવે મારા ઘરનું કામ કરી તું ઉપકારનો બોજા વધારી રહી છે ! મારા ઘરના કામકાજ પાછળ તો તું ખાવા-પીવાનું તથા ઓઢવા પહેરવાનું પણ ભૂલી ગઈ છે ! આ પ્રમાણે તું મારે ત્યાં કષ્ટો સહી રહી છે. મારાથી તારું આ કષ્ટ જોઈ શકાતું નથી. તેમ તારા કરેલા ઉપકારનો બદલો પણ મારાથી વાળી શકાતો નથી.

માટે તું ઘરના કામકાજમાં આટલો બધો પરિશ્રમ કર નહિ એ જ મારી પ્રાર્થના છે. ઘરનાં કામકાજ માટે દાસીઓ તો છે જ. અને દાસીઓ વધારે રાખવાની જરૂર જણાતી હોય તો બીજી દાસીઓને કામ કરવા બોલાવું. જો તારી ઇચ્છા હોય તો દાસીઓ ઉપર દેખરેખ રાખ્યા કર અને ઘરની વ્યવસ્થા બરાબર જળવાય. પણ તું તારે હાથે તો એટલો બધો પરિશ્રમ કર નહિ. અને આ બધો પરિશ્રમ કરવો છોડી તું તો સારાં વસ્ત્રો અને આભૂષણો પહેર અને આનંદથી રહે ! આમ છતાં જો કામકાજ કરવાની તારી ઇચ્છા જ હોય તો ધર્મ કાર્ય કર અને માળા લઈ પરમાત્માનું સ્મરણ કર્યા કર."

સેનાપતિની સ્ત્રી, પોતાના પતિએ વસુમતિને કહેલી વાત બરાબર સાંભળી રહી હતી. સેનાપતિની વાતમાં એવી એક પણ વાત ન હતી કે જેમાં દુર્ભાવનાની ગંધ હોય. પણ તેણે જે વાત કરી હતી તે વાત ઉપરથી તેના મનમાં જે સંદેહ પેદા થયો હતો તે સંદેહ અને ભ્રમ દૂર થઈ જવો જોઈતો હતો. પણ જેની આંખે કમળો હોય તે બધે ઠેકાણે પીળું જ દેખે છે. તેમ દુર્જન લોકો કોઈના સદ્‌ગુણને જોઈ શકતા નથી. તેઓ તો બીજાનાં દુર્ગુણો જ શોધ્યા કરે છે. કહ્યું પણ છે કેઃ—

अति रमणीये वपुषि व्रणमेव हि मक्षिकानिकरः।

અર્થાત—ઉત્તમ અને સુંદર શરીરમાં પણ માંખીઓ તો ઘાવ કે ગુમડાને જ શોધ્યા કરે છે.

આ જ પ્રમાણે સેનાપતિની સ્ત્રીને પતિએ પવિત્ર હૃદયની કહેલી વાતચીતમાં પણ દુર્ભાવનાની ગંધ આવવા લાગી. પતિની વાત સાંભળી તે કહેવા લાગી કે, "આ છોકરીને મારા પતિ અહીં શા માટે લાવ્યા છે એનું રહસ્ય આજે માલૂમ પડ્યું ! મારા પતિ એને તો 'બાળકી' માને છે, તેને ઘરનાં કામોમાંથી મુક્ત કરાવી કિંમતી વસ્ત્રો અને આભૂષણો પહેરાવવા ચાહે છે. આ છોકરીને જે

[illegible] વધારે [illegible] ઉપરથી [illegible] સ્પષ્ટ જણાય છે કે આ છોકરીને [illegible] માટે જ અહીં લાવ્યા છે ! નહિ તો અહીં આ છોકરી [illegible] શું કરે છે ! આ છોકરી [illegible] આવી છે [illegible]." આ આજની વાત ઉપરથી મારું અનુમાન સાચું પડતું જાય છે."

આજની સ્ત્રીઓનાં જેવાં વિચારો છે તેવાં વિચારો વસુમતિના હોત તો તે જરૂર સેનાપતિનું કથન સાંભળી પ્રસન્ન થાત કે, 'ચાલો! કામકાજનો ભાર માથેથી ઉતર્યો એ સારું થયું ! હું આટલું બધું ઘરનું કામકાજ કરું છું, કષ્ટો સહું છું છતાં ઉપરથી તો અપમાનનાં જોડાં જ મળે છે. માટે સેનાપતિનું કહેવું માની લઉં તો, મારે ઘરનું કામ કરવું ન પડે, કષ્ટો સહેવાં ન પડે, અને આરંભ સમારંભના પાપથી બચી જાઉં, ધર્મધ્યાન કરી શકું અને ખાઈ-પીને સુખેથી રહી શકું.

જો વસુમતિ આજની સ્ત્રીઓના વિચારવાળી હોત તો જરૂર સેનાપતિની વાત સ્વીકારી લેત અને સુખેથી રહી શકત; પણ વસુમતિ કામની એવી ચોર ન હતી. એટલે તેણે સેનાપતિના ઉત્તરમાં જણાવ્યું

કે, "પિતાજી ! આજે તમારી વાત સાંભળી મને ઘણું જ આશ્ચર્ય થાય છે ! તમે આટલા બધા સમજદાર અને વ્યવહારકુશળ હોવા છતાં આવું કહેશો એવી કલ્પના પણ મેં કરી ન હતી. પિતાજી ! હું તમને 'પિતા' અને તમે મને 'પુત્રી' તરીકે માનો છો એ શું લોકોને બતાવવા માટે જ માનો છો અને કહો છો ! શું તમે મારા પિતા અને હું તમારી પુત્રી નથી ! શું ધર્મને જાણવા છતાં આપણામાં મિથ્યાચાર બાકી રહ્યો છે કે ઉપરથી તો બીજાને કાંઈ કહીએ અને હૃદયમાં કાંઈ રાખીએ ! મને તો મારો એવો વિશ્વાસ છે કે હું જે પ્રમાણે કહું છું તે જ પ્રમાણે વર્તુ છું પણ તમારી આજની વાત ઉપરથી તો એમ જણાય છે કે હજી તમારાં હૃદયમાં ભેદભાવ ભરેલો છે. જો તમારા હૃદયમાં જરા પણ ભેદભાવ ન હોય તો તમે એમ કદાપિ કહેત નહિ કે, 'મારા ઘરનું કામ કરીને તું મારા ઉપર ઉપકારનો બોજો વધારી રહી છે !' આ તમારું ઘર છે તો શું એ મારું નથી ! જ્યારે હું તમારી પુત્રી છું તો તમારું ઘર એ મારું ઘર કેમ ન કહેવાય ! તમે તમારા હૃદયમાં રહેલો ભેદભાવ દૂર કરો. તમારા હૃદયમાં આવો ભેદભાવ હોય એ સારું ન કહેવાય ! હવે હું તમારા ઉપર ઉપકારનો ભાર લાદી રહી છું એ વાત રહી. પણ ઉપકારનો ભાર તો તમારી ઉપર ત્યારે આવે કે જ્યારે હું તમારા ઘરને મારું ઘર સમજતી ન હોઉં. હું મારા ઘરનું કામ કરું એમાં તમારી ઉપર ઉપકારનો ભાર કેમ આવી શકે ! આ જ પ્રમાણે પોતાના ઘરનું કામ કરવામાં હું કષ્ટ કે દુઃખ કેમ માનું ! જ્યારે હું પારકા ઘરનું કામ કરતી હોઉં ત્યારે મને કષ્ટ કે દુઃખનો અનુભવ થાય પણ મારા ઘરનું કામ કરવામાં મને કષ્ટ કે દુઃખ શા માટે થાય ? ઊલટું જેમ બીજાને પોતાના ઘરનું કામ કરવામાં મઝા આવે છે તેમ મને પણ મારા ઘરનું કામકાજ કરવામાં આનંદ આવે છે.

"વળી, તમે કહો છો કે, 'ઘરનું કામકાજ છોડી દે અને સારાં વસ્ત્રાભૂષણો પહેરી, પરમાત્માનું ભજન કર, ઘરનું કામ તો દાસ-

દાસીઓ કરી નાખશે.' પણ પિતાજી આપનું આ કહેવું ન્યાય-યુક્ત નથી પણ ધર્મનું અપમાન કરવા જેવું છે. કારણકે ઘરમાં તો રહેવું, ઘરનાં કામોનો લાભ લેવો, અને પોતાના હાથે કામ ન કરતાં પોતાનું કામ દાસ–દાસીઓને કરવાનું છે એમ માનવું એ તો ધર્મનો મર્મ ન સમજવાનું જ પરિણામ છે. જે લોકો એમ માને છે અને એ પ્રમાણે પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે તેઓ ધર્મનો મર્મ સમજતા નથી. સારું ખાવું, પીવું, ઓઢવું, પહેરવું, એશઆરામ ભોગવવો એ બધું તો છોડી શકાતું નથી અને કેવળ કામ બીજાને માટે કરવા છોડી દેવું એ શું યોગ્ય છે? જો કોઈ વ્યક્તિ, સંસાર-વ્યવહારથી પોતાનો બધો સંબંધ છોડી, મમત્વભાવનો ત્યાગ કરી, સાધુ જ થઈ જાય અને એ દશામાં ઘરનું કામ ન કરે તો તે ઠીક પણ કહેવાય. પણ જ્યારે પોતે સંસારાવસ્થામાં છે, સંસારનું બધું કામકાજ કરે છે, સંસારનાં ભોગોનો ઉપભોગ કરે છે એવી અવસ્થામાં ગૃહકાર્ય છોડી દઈ નિરુદ્યોગી થઈ બેસી રહે એ કોઈ પણ રીતે યોગ્ય કહી શકાય નહિ. જ્યાંસુધી સંસાર–વ્યવહારમાં છે ત્યાંસુધી તો સંસારવ્યવહારમાં સાવધાનીપૂર્વક ઉદ્યોગ કરવો જોઈએ અને જ્યારે સંસારવ્યવહારનો સંબંધ તોડી સંયમ સ્વીકારે ત્યારે પરલોકને માટે ઉદ્યોગ કરવો જોઈએ. પણ નિરુદ્યોગી થઈ બેસી રહેવું, એમાં ધાર્મિકતા નથી. સંસારવ્યવહારમાં રહેનારા લોકો, સંસારવ્યવહારનો ઉદ્યોગ કરતાં અવકાશ મળે તો અથવા અવકાશ મેળવીને પણ પરલોક માટે ઉદ્યોગ કરી શકે છે પણ જેમણે સંસારવ્યવહારનો સંબંધ તોડી નાંખ્યો છે તે સંસારવ્યવહારના કાર્યોમાં ઉદ્યોગ કરી શકતા નથી. પણ જેમણે સંસારવ્યવહાર છોડયો નથી, 'હું, મારું ઘર છે, આ મારા પુત્રો છે, આ મારા નોકરો છે' આદિ વ્યવહારનું મમત્વ છે, તે લોકો ઘરનું કામ નોકર–ચાકરનું છે એમ માની પોતાને આરંભ સમારંભના પાપથી બચી ગએલા માને છે; એ તેમનું ધર્મનું અજ્ઞાન જ જણાવે છે.

" પિતાજી ! જ્યારે આ મારું ઘર છે એમ હું માનું છું ત્યારે ઘરનું કામ પણ મારે કરવું જ જોઈએ. હા, જે કામ મારાથી થઈ શકતું ન હોય તે કામ કરવામાં હું બીજાની સહાયતા લઉં એ વાત જુદી છે પણ ' આ કામ મારું નથી પણ નોકર-ચાકરને કરવાનું છે. હું તો ઘરની માલિક છું એટલે મારાથી ઘરનું કામ શી રીતે થઈ શકે ! એ તો જે નોકર-ચાકર હોય તે જ ઘરનું કામકાજ કરે ' આદિ વિચારથી ઘરનું કામકાજ પોતે ન કરતાં, નોકર-ચાકરને કામ સોંપવું અને તેમાં જ પોતાનું સ્વામિત્વ અને ગૌરવ માનવું એ તો બહુ જ હલકી ભાવના છે. આવી હલકી ભાવનાથી જ ઊંચ-નીચનો ભેદભાવ મનમાં જાગે છે, ખોટું અભિમાન આવે છે અને પાપમાં વધારો થાય છે. વળી, નોકર-ચાકર પાસે કામ કરાવવાથી પાપ પોતાને લાગતું નથી એ માન્યતા પણ ભૂલભરેલી છે. કારણકે જ્યારે પોતાના હાથે સાવધાનીપૂર્વક કામ કરવામાં આવે છે ત્યારે પાપ ઓછું લાગે છે અને નોકરચાકર પાસે કામ કરાવવામાં આવે છે તો બેદરકારી બહુ વધી જાય છે અને પરિણામે વિશેષ પાપ થાય છે. માટે પિતાજી ! પોતાના ઘરનું કામ પોતાના હાથે કરું છું તો પાપ ઓછું થાય છે, કારણકે હું ધર્મનો વિચાર કરી વિવેકપૂર્વક દરેક પ્રવૃત્તિ કરું છું. જ્યારે મારી માફક નોકર-ચાકર મારા જેટલો વિવેક રાખી શકે નહિ એટલે પાપ વધારે થાય. માટે જે કામ હું થોડા પાપમાં પૂરું કરું છું તે જ કામ નોકર-ચાકર પાસે આપ કહો છો તેમ કરાવું તો મહાપાપ થાય. આ સિવાય જ્યારે માલિક પોતે પોતાના હાથે કામ કરે છે ત્યારે તેનો પ્રભાવ નોકર-ચાકર ઉપર પણ પડે છે અને જો નોકર-ચાકર ઉપર જ બધું કામ મૂકી દેવામાં આવે અને પોતાના હાથે જરા પણ કામ કરવામાં ન આવે તો પરતંત્રતા આપણે ભોગવવી પડે, એટલું જ નહિ, નોકર-ચાકર પણ માલિકનું કામ આપણા વિના ચાલશે નહિ એમ જાણી બેદરકાર થઈ જશે. આ પ્રમાણે પોતાનું કામ બીજાને આધારે મૂકી દેવાથી પરતંત્રતા ભોગવવી પડે છે અને

[illegible]

[illegible]

તો નોકર-ચાકર પણ મેં આદર્શ પ્રમાણે કામ ન કરે. પણ [illegible]
પોતે પણ તેમની સાથે કામ કરતી રહું છું એટલે આદર્શ પ્રમા[illegible]
કામ પણ થાય છે; કામ કરવામાં કોઈને શરમ પણ આવ[illegible]
નથી અને આ કામ ખરાબ છે કે હલકું છે એવી શેઠ-શેઠાણીઓ[illegible]
ભાવના પણ પેદા થતી નથી. આ પ્રમાણે ઘણું કામ કરવામાં મ[illegible]
આનંદ આવે છે. જો હું મારા હાથે કામ ન કરત અને કેવ[illegible]
બીજાને કામ કરવાની આજ્ઞા જ આપ્યા કરત તો લોકોને મા[illegible]
પ્રત્યે સન્માન પ્રગટત નહિ અને હું પણ મિથ્યાચારિણી કહેવા[illegible]
હું બધાને 'મારો અને તમારો આત્મા સમાન છે' એમ કહું પ[illegible]
તેમના પ્રત્યે દુર્વ્યવહાર કરું, નોકર-ચાકરના આત્માને હલકો અથવ[illegible]
નીચ સમજું અને પોતાના આત્માને ઊંચો માનું તો એ ચોખ્ખે[illegible]

[illegible]

[illegible] ભજન ઉપર જેટલી પરમાત્માનું સ્મરણ કરવું અને પછી વ્યવહારમાં
પરમાત્માને ભૂલી જવું એ ભલું કરતું નથી. વ્યવહાર કરતી વખતે
પરમાત્માને યાદ રાખવાથી, તેમને ન ભૂલવાથી [illegible] વર્તેનું
પાપકર્મનું બનવું નથી પ્રત્યેક કાર્યમાં વિવેક રહે છે અને [illegible]
[illegible] કાર્યમાં પ્રવૃત્તિ કરવા પામે નથી.
આ પ્રમાણે દરેક કામ કરતી વખતે જ હું પરમાત્માનું ભજન કરી લઉં
છું. માટે મારું કામ છોડી દઈ પરમાત્માનું ભજન કરવાની વાત આપ
મને કહો નહિ. મારી માતાએ કર્મવાદની મને જે શિક્ષા આપી છે તેનું
જ હું બરાબર પાલન કરું છું. જે લોકો એમ તો હમેશાં પરમાત્માનું
સ્મરણ કરે છે પરંતુ વ્યવહારમાં પરમાત્માને ભૂલી જઈ ન કરવા
જેવાં કામો કરે છે ને 'પરમાત્મા નથી' એમ માની એવાં ખરાબ કામ
કરવા અચકાતા પણ નથી, તે લોકો પરમાત્મા અને ધર્મનું અપમાન કરે
છે. હું ધર્મનું અને પરમાત્માનું અપમાન કરવા ચાહતી નથી. તમે

મને કામ કરતી જોઈ એમ માનતા હશો કે હું કષ્ટ સહન કરી રહી છું અને તેથી કદાચ કરૂણાભાવથી પ્રેરાઈને મને ઘરનું કામ છોડી દેવાનું તમે કહ્યું હશે, પણ પિતાજી ! મને ઘરનું કામ કરતાં જરા પણ દુઃખ લાગતું નથી, પણ આનંદ આવે છે. માટે તમે મારા વિષે જરા પણ ચિન્તા કરશો નહિ. ”

વસુમતિનો ખુલાસો સાંભળી સેનાપતિને દુઃખ થયું અને સાથે સાથે આનંદ પણ થયો. ‘ મેં વસુમતિને પોતાના ઘરથી જુદી વ્યક્તિની વાત શા માટે કહી ?’ આ વિચારથી તેને દુઃખ થયું અને વસુમતિનો ઉપદેશ તે કારણે સાંભળવા મળ્યો એ વિચારથી તેને આનંદ થયો. તે બે હાથ જોડી વસુમતિને કહેવા લાગ્યો કે, “ હે ! ભગવતી ! હે આરાધ્યા ! મને ક્ષમા કર. મારા મનમાં તારા પ્રતિ જરા પણ ભેદભાવ નથી. મેં તો સાધારણ રીતે જ એમ કહ્યું હતું કે તારો મારા ઉપર અસીમ ઉપકાર થએલો છે. મેં તને આ પ્રમાણે કહ્યું એ એક રીતે ઠીક કર્યું. કારણકે જો મેં તને એ પ્રમાણે કહ્યું ન હોત તો મને તારો ઉપદેશ સાંભળવાનો જે અવસર મળ્યો તે કેમ મળત ? આજે તારો ઉપદેશ સાંભળી હું ધર્મનો માર્ગ સમજી શક્યો છું. અત્યાર સુધી હું આળસ ને એશઆરામને જ ધર્મ માની બેઠો હતો પણ આજે તેં મારો ભ્રમ ભાંગ્યો અને પ્રયત્નમાં જ ધર્મ છે, તે મને આજે સમજાયું. આજે તારો આ સદુપદેશ સાંભળી મારા જીવનમાં નવું ચેતન આવ્યું છે. હવેથી હું મારા જીવનને આળસમાં વ્યર્થ ગુમાવીશ નહિ અને નિષ્કારણ બીજા ઉપર હુકમ ચલાવીશ નહિ. નોકરચાકરોના આત્માને હલકા અને નીચ કોટીના ગણીશ નહિ અને મને પોતાને ઉચ્ચ માનીશ નહિ. હવેથી અમુક કામ મારાથી બની જ ન શકે, અમુક કામ નોકરચાકરનું જ એમ માનીશ નહિ પણ હું પોતે જ ઉદ્યોગરત અને પ્રયત્નશીલ રહીશ. ”

આ પ્રમાણે સેનાપતિ વસુમતિનો ઉપકાર માની અને તેના

પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ બતાવતો ત્યાંથી ચાલ્યો ગયો. અને વસુમતિ ઊઠી પોતાના કામમાં લાગી ગઈ. પણ સેનાપતિની સ્ત્રીના હૃદયમાં વસુમતિ પ્રત્યેનો સંદેહ વધવાને કારણે અશાન્તિ વધવા લાગી. કહ્યું પણ છે કેઃ—

> अवगुण को उमंगी गहत गुण न गहत खल लोग ।
> रक्त पियत पय ना पियत, लेगी पयोधर जौंक ॥

અર્થાત્—સજ્જનો અવગુણને પણ ગ્રહણ કરે છે જ્યારે દુર્જન મનુષ્યો ગુણોને પણ ગ્રહણ કરતા નથી.

આ જ પ્રમાણે સેનાપતિ અને વસુમતિ વચ્ચે થએલી ધર્મવાર્તા જીવનમાં સુધાર કરી નાંખે એવી હતી, પણ સેનાપતિની સ્ત્રીએ તેનો સવળો અર્થ લેવાને બદલે અવળો જ અર્થ લીધો અને પોતાની રુચિ પ્રમાણે તે અર્થને ઘટાવ્યો. તે મનમાં વિચારવા લાગી કે, "બસ! હવે તો એ વાત તદ્દન નક્કી થઈ ગઈ કે, 'આ છોકરી હવે મારા પતિની દેવી, ભગવતી, આરાધ્યા અને આ ઘરની માલિક બની ગઈ છે.' તે મારા પતિને કહે છે કે, 'આ ઘર તો મારું જ છે. તમારા મનમાં ભેદભાવ કેમ છે?' પતિએ પણ આ વાત સ્વીકારી લીધી છે. હવે બાકી જ શું રહ્યું? જો કે તેનો વ્યવહાર હજી બહાર આવ્યો નથી પણ જો તે થોડા દિવસ આ ઘરમાં વધારે રહી તો તો જરૂર તે આ ઘરની માલિક થઈ બેસશે! પતિ, નોકરચાકર વગેરે બધા લોકો તેના પક્ષમાં જ છે. ઘરનું બધું કામકાજ પણ તેના પોતાના જ હાથમાં છે. મારા હાથમાં તો કાંઈ નથી. એટલે થોડા દિવસ પછી કાંતો મારે આ ઘરમાંથી નીકળી જવું પડશે અથવા તેની દાસી થઈ મારે જીવન વીતાવવું પડશે. આવી ભરજોબનવાળી સુંદર, સુકોમળ બીજી કોઈ પણ સ્ત્રી આટલું કામ કદાપિ કરી ન શકે પણ આ તો પોતાને જ આ ઘરની માલિક સમજે છે અને તેથી જ પોતાનું ઘર

[illegible]

સેનાપતિની સ્ત્રી આ પ્રમાણે એકાએક પ્રશ્ન પૂછવા લાગી તેથી
વસુમતિ તેનું શું કારણ સમજી શકી નહિ. તે તો જેમ જેવી બોલી
કે તેથી જ તે પણ બોલી હશે એમ તે સમજી હતી. એટલે આ પ્રમાણે
સેનાપતિની સ્ત્રીનો વ્યવહાર તથા પ્રશ્ન પૂછવાની રીતભાત જોઈ વસુમતિને
પહેલાં તો આશ્ચર્ય થયું પણ તે ગભરાઈ નહિ તે સ્વાભાવિક સરલતા તે

નમ્રતાપૂર્વક તેણે જવાબ આપ્યો કે, " માતાજી ! તમે તમારી પુત્રીને આવા પ્રશ્નો કેમ પૂછો છો ! મારી માતા તો તમે જ છો. જે પાલન-પોષણ કરે તે જ માતાપિતા છે. અને મારું પાલનપોષણ તમે તથા પિતાજી કરો છો એટલા માટે તમે મારી માતા છો, અને પિતાજી મારા પિતા છે. મારું ઘર પણ આ જ છે. આ જ પ્રમાણે મારી જાતિ પણ તમારી જે જાતિ છે તે જ છે, તથા જે નામથી મને તમે બોલાવો છો તે જ મારું નામ છે. તમે તથા મારા પિતાએ મારું નામ 'પુત્રી' રાખ્યું છે અને એ જ નામથી તમે મને બોલાવો છો અને હું બોલું છું એટલે મારું નામ 'પુત્રી' છે. આ બધી વાત તો તમે જાણો છો અને પહેલાં પણ મને આ વિષે પૂછ્યું હતું તો પછી આજે ફરી એ પ્રશ્નો પૂછવાનું કષ્ટ કેમ લીધું ! "

વસુમતિએ જે ઉત્તર આપ્યો તે પથ્થર જેવા હૃદયવાળાને પણ પીગળાવી દે એવો હતો પણ ક્રોધમાં પોતાનું ભાન ભૂલી ગએલી સેનાપતિની સ્ત્રીને તેની જરા પણ અસર ન થઈ. વસુમતિનો ઉત્તર સાંભળી તે એકદમ તાડૂકી ઊઠી અને વસુમતિના હાથને છટકાવી દઈ જોરથી બોલી ઊઠી કે, " બિચારી ! મારી પુત્રી થવા આવી છે ! જોને એની સિફત ! કોણ જાણે કઈ જાતની છે ! ક્યાં પેદા થએલી છે ! ક્યા કુળની છે તે તો કાંઈ બતાવતી નથી, અને ' હું તો તમારી પુત્રી તથા આ ઘર મારું જ છે ' એમ કહે છે ! ઉપરથી તો બિચારી પુત્રી થવા આવી છે અને હૃદયમાં તો મારી શોક્ય બનવાની ભાવના સેવે છે ! આજે બધી વાતો સાંભળી, હું કાંઈ તારા ચકાવામાં ભૂલી પડી જાઉં એમ નથી ! તું મારું સૌભાગ્ય-સુખ લૂંટવા આવી છો તે હું બધું જાણી ગઈ છું. "

સેનાપતિની સ્ત્રી આ પ્રમાણે જોરજોરથી બકવા લાગી અને કહેવા લાગી કે, " જ્યાંસુધી તું મારા ઘરમાંથી નીકળીશ નહિ ત્યાંસુધી હું અન્નજળ પણ લેવાની નથી. ચંપા ઉપર ચડાઈ કરી બધા

લોકો થોડોઘણો માલતાલ ઉપાડી લાવ્યા છે પણ મારે ત્યાં આ મારી શોક્ય આવી છે! અને 'આ તો મારું જ ઘર છે' એમ કહી પોતે જ મારા ઘરની માલિક બનવા તૈયાર થઈ ગઈ છે. જો હું પહેલેથી આ વિષે સાવધાન ન રહેત તો તો મને થોડા જ દિવસોમાં ઘરની બહાર કાઢી મૂકત અથવા મને પોતાની દાસી બનાવી દેત. આ તો સારું થયું કે, હું સમયસર ચેતી ગઈ. હવે તો આ રાંડને ભરબજારમાં વેચવા મોકલીશ અને જ્યાંસુધી તે વેચાશે નહિ ત્યાંસુધી ખાઈશ નહિ અને પીઈશ પણ નહિ."

સેનાપતિની સ્ત્રીએ આ પ્રમાણે ધ્રાંધ્રાટ કરી આખું ઘર ગજવી મૂક્યું, ઘરના બધા લોકો એનું વિકરાળ રૂપ જોઈ દિઙ્મૂઢ થઈ ગયાં અને વસુમતિ ઉપર કલંક-આરોપ મૂકવાને કારણે તેને ધિક્કારવા લાગ્યા. સેનાપતિની સ્ત્રી તો ત્રિયાચરિત્ર ફેલાવીને સ્ત્રીહઠ લઈ બેસી ગઈ. પોતાની સ્ત્રી આજે બહુ કુપિત થઈ છે અને સ્ત્રીહઠ પકડી બેઠી છે, એ સમાચાર સેનાપતિને મળતાં જ તે ઘેર આવ્યો. પોતાની સ્ત્રીને આવું વિકરાળ રૂપ ધારણ કરેલી જોઈ સેનાપતિને ઘણું જ આશ્ચર્ય થયું! તેણે પોતાની પત્નીને પૂછ્યું કે, "અરે! આજે વળી એવું શું બન્યું છે કે તેં આવું વિકરાળ રૂપ ધારણ કર્યું છે?" પતિનો આ પ્રશ્ન સાંભળી સેનાપતિની સ્ત્રીનો પારો ઊંચો ચડી ગયો. તે કહેવા લાગી કે, "મારું રૂપ તો વિકરાળ છે અને આ રાંડનું રૂપ સારુ છે એટલે જ તમે એને ઘરમાં રાખી બેઠા છો? તે સારી છે અને હું ખરાબ છું. વાસ્તવમાં જો મને ખરાબ ન સમજ્યા હોત તો એને અહીં લાવત જ શા માટે અને ઘરની માલિક પણ શા માટે બનાવત? એને મારી શોક્ય બનાવવા માટે જ તમે લાવ્યા છો? એ તો મારું સૌભાગ્ય સુખ લૂંટવા આવી છે એ હું સારી રીતે જાણું છુ, એટલા માટે મેં નિશ્ચય કર્યો છે કે કાં તો એ જ આ ઘરમાં રહે ને કાં તો હું જ આ ઘરમાં રહું! આને ઘરમાંથી બહાર કાઢશો ત્યારે જ હું અન્નજલ ગ્રહણ કરીશ. બલકે એને ઘરમાંથી કાઢવા માત્રથી મને સંતોષ

[illegible]
[illegible]
[illegible]
આ [illegible]
[illegible], પણ આ [illegible]
[illegible]
[illegible] લાખ સોનામહોર [illegible] હું [illegible]
પણ [illegible] કરીશ નહિ અને [illegible] વાત [illegible] કરીશ
કે, ‘આવા [illegible]
કે અને [illegible] છે ? [illegible]
[illegible]. તમારી અને આ [illegible]
[illegible] ન હતી. પણ હવે હું તમારી [illegible] છું.
તમે તો કપટી છો જ પણ આ [illegible] પણ કોઈ કપટી છે કે જેની
વાત જ પૂછો નહિ ! એ તો એવી કપટી અને લુચ્ચી છે કે મારી
આગળ ભોળું ભોળું બોલે છે અને મને બનાવે છે. હું [illegible]
કોઈ [illegible] છું કે કોઈ [illegible] વચન કહું છું તો [illegible]
હમણાં [illegible] પડે છે અને ક્રોધ પણ [illegible] નથી ! ક્રોધ કરે પણ
કોની ઉપર ? એ તો આ ઘરનું માલિક બન્યું છે ! જો ક્રોધ કરી
મારી સામે [illegible] કરે તો ઘરની માલિક શી રીતે બની શકે ?
તમારું અને આ ચોરનું કુડ-કપટ હું બરાબર સમજી ગઈ છું. માટે
હવે તો મને ત્યારે જ સંતોષ થશે, અને ત્યારે જ હું [illegible]
કરીશ કે જ્યારે આ ચોરને આ ઘરમાંથી બહાર કાઢી બજારમાં
વેચીને મને વીસ લાખ સોનામહોર લાવી આપશો.

——x——

: પ્રકરણ :

[૧૧]

બજારમાં

સંસારમાં સ્પષ્ટ દેખાય છે કે જે વ્યક્તિ, કોઈ વસ્તુનું મહત્ત્વ, તેની વિશેષતા, અને તેના ગુણ જાણતી નથી, તે તે વસ્તુનો આદર કરતી નથી, બલ્કે અનાદર કરે છે. આદર તો તે જ કરે છે કે જે તે વસ્તુના ગુણને જાણે છે, સમજે છે. આને માટે આ પ્રસિદ્ધ કહેવત છે કે—ભીલણી જંગલમાં હાથીનું મોતી દેખીને તેને કોઈ પક્ષીનું ઈંડું સમજી, તેને ફોડવા માટે તે પર હાથનો પ્રહાર કરે છે, અને જ્યારે તે ફૂટતું નથી ત્યારે તેને ઉપાડીને, જોઈને તથા નકામું જાણીને ફેંકી દે છે, પરન્તુ ચણોઠીઓને અતિ આનંદથી લઈને તેની માલા બનાવી શોખથી પહેરે છે. સંસારમાં મોતીને કિંમતી માનવામાં આવે છે, અને ચણોઠીની કાંઈ કિંમત ગણાતી નથી. પરન્તુ ભીલણ મોતીની વિશેષતા, તેનાં ગુણ, તથા તેનાં મહત્ત્વને જાણતી નથી, એટલા માટે તેને તે ફેંકી દે છે અને ચણોઠીઓ વીણતી ફરે છે.

બરાબર આજ બાબત રથીની સ્ત્રી સંબંધમાં પણ હતી. તે પણ નહોતી જાણતી કે વસુમતિ કોણ છે, તેનામાં શી વિશેષતા છે, તેને લીધે મારા પતિમાં કઈ જાતના સુધારા થયા છે, તથા તેણે આ ઘર પણ કેવું બનાવી દીધું છે. જો કે વસુમતિએ જે સુધારો કરી દીધો હતો, તે પ્રત્યક્ષ ઘર જ બતાવી આપતું હતું, પણ રથીની સ્ત્રી તે સુધારાને દેખતી હોવા છતાં, ન દેખ્યા જેવી હતી. તેમાં વસુમતિ પ્રત્યે શંકા અને ઈર્ષ્યા મુખ્યપણે હતી. આ કારણથી તેની દૃષ્ટિ વસુમતિની કોઈ પણ વિશેષતા તરફ ગઈ જ નહિ. તે તો તેનામાં દોષો જ જોતી રહી.

રથીની સ્ત્રી વસુમતિની સાથે જે વ્યવહાર કરતી હતી, તે તો અજ્ઞાનવશ, સત્યથી અપરિચિત હોવાને લીધે કરતી હતી, પણ વસુમતિ તો તે બધું જાણતી હતી. હું કોણ છું, અહીં કેમ આવી છું, અને અહીંની રાણી સાથે મારે શું સગપણ છે, વગેરે બાબતોની તેને માહિતી હતી; છતાં પણ તે રથીની સ્ત્રી પોતાની સાથે જે દુર્વ્યવહાર કરતી હતી, તે શા માટે સહન કરતી હતી? એ જ કારણે તે આ બધું સહન કરતી હતી કે સત્ય પ્રકટ થઈ જવાથી, જે રથીને મેં મારા પિતા માન્યા છે તેને આફતમાં ઊતરવું પડશે. વસુમતિ કોઈ હલકી જાતિ કે હલકા કુળની ન હતી, કે જેથી તેને રથીની સ્ત્રીના પૂછવાથી પોતાનું નામ, ઠેકાણું બતાવવામાં સંકોચ થાય, અને એ જ કારણે તેણે પોતાનું નામ, ઠેકાણું ન બતાવ્યું હોય. તેણે પોતાનું ઠેકાણું એટલા માટે ન બતાવ્યું કે આ રથીની સ્ત્રી મારું નામ, ઠેકાણું જાણીને સર્વત્ર ખુલ્લું કરશે; જેથી મારા રથીપિતાની જિંદગી સંકટમાં આવી પડશે. કારણકે અહીંની રાણી મૃગાવતી મારી માસી થાય છે મારું નામ સાંભળીને તે મને અવશ્ય બોલાવશે, અને પછી લાખો શત્રુઓ હોવા છતાં પણ મારા માસા સેનાનિક, આ રથીપિતાને મારું તથા મારી માતાનું અપહરણ કરવા બદલ તથા માતાને પ્રાણહત્યા કરાવ્યાના કારણ બદલ, જરૂર

[illegible]

[illegible] ત્રીસ લાખ સોનામહોરોની [illegible] નીકળવી મુશ્કેલ છે. માતાના [illegible] ત્રીસ લાખ સોનામહોરોની જે વાત નીકળી છે, તે મારા સુંદર [illegible] છે. માટે મારે માતાની વાતથી આનંદમગ્ન બનવું જોઈએ, અને માતાનો ઉપકાર માનવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી [illegible] તે સમયે પણ પ્રસન્નવદની રહી.

રથીની સ્ત્રીએ રથીને કહ્યું કે, "હું પ્રતિજ્ઞા લઈ ચૂકી છું કે જ્યારે તમે આ છોકરીને વેચીને મને ત્રીસ લાખ સોનામહોરો લાવી આપશો ત્યારે હું અન્નજળ લઈશ, નહિ તો અન્નજળ નહિ લઉં, અને ચોરા પર જઈને પોકારીશ કે, 'મારા પતિ દુરાચારી છે, અને તે કોણ જાણે કોની છોકરી ઉઠાવી લાવ્યા છે.' આ છોકરીનું રૂપ-રંગ બતાવી આપે છે કે તે કોઈ મોટા ઘરની જ છોકરી છે. મારો પોકાર રાજા વગેરે સાંભળશે. ત્યારે આ છોકરીનું હરણ કરવાના અપરાધ બદલ રાજા તમને શિક્ષા કરશે અને તમારી બધી આબરુ ધૂળમાં મળી જશે."

પોતાની સ્ત્રીની વાત સાંભળીને, રથીને ક્રોધ ભર્યો સ્વભાવ ચિડ હતો; પરન્તુ ધારિણી અને વસુમતિના ઉપદેશથી તેનું જીવન કોઈ બીજી જ દિશાપર વળી ગયું હતું. આ કારણથી તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે, "હે સુભગે ! હે સુનયના ! આજે તને શું થયું છે કે તું આ જાતની વાત કરી રહી છે, અને આવી સાક્ષાત્ લક્ષ્મીતુલ્ય કન્યાને ઘરમાંથી કાઢી મૂકવાની વાત કરી રહી છે ! તેની સાથે આટલા બધા દિવસો સુધી તું રહી, છતાં પણ તેના મહત્ત્વની તને સમજણ ન પડી ! મારા સ્વભાવમાં જે પરિવર્તન થયું છે તેની પણ તને શું ખબર ન પડી ? તું તો જાણે જ છે કે, હું પહેલાં કેવા સ્વભાવવાળો હતો, મારામાં કઈ કઈ કુટેવો હતી અને હું કેવો અભિમાની તથા દુરાચારી હતો ! પણ આ સતીના પ્રતાપે મારો સ્વભાવ તદ્દન જ પલટાઈ ગયો છે. આ ઘર પણ પહેલાં કેવું હતું. અને તેના આવ્યા પછી કેવું બની ગયું ! આ મંગળમયી જ્યારથી આવી છે, ત્યારથી આપણે ત્યાં બધી બાજુથી આનંદ રહે છે. છતાં આજે તને આ કેવી કુબુદ્ધિ ઉપજી, કે તું તેને કાઢી મૂકવાનું કહે છે ! તું તેના બદલામાં વીસ લાખ સોનામહોરો માગે છે, તેથી એ તો સ્પષ્ટ છે કે તેં તેને વીસ લાખ સોના-મહોરોની કિંમતની તો માની છે; પરન્તુ ખરી રીતે જોતાં, વીસ લાખ સોનામહોરો લઈને તેને વેચવાનો વિચાર કરવો તે કોડી-ઓના બદલામાં ચિંતામણી રત્ન આપી દેવા જેવો મૂર્ખતા ભર્યો વિચાર છે. તું બુદ્ધિશાળી છે, બધું જાણે છે, સમજે છે, છતાં પણ આજે શું કરવા માટે તત્પર બની છે તે વિચાર. અને તારા નિશ્ચયની બાબતમાં એક વાર ફરીથી શાંત ચિત્તે વિચાર કર. હું જે કાંઈ કહી રહ્યો છું, તે તારી આપેલી ધમકીથી ભય પામીને નહિ, પણ એટલા માટે કહી રહ્યો છું કે આવી સતી આપણે ત્યાંથી ન જાય, તથા તેને કાઢી મૂકવાના પાપનું નિમિત્ત તું ન બને."

રથીની સરળતા તથા નમ્રતાપૂર્ણ વાતોથી રથીની સ્ત્રીનું સાહસ

વધારે વધ્યું. તે વિચારવા લાગી કે, ' અત્યારે તે મારી સાથે નમ્ર બન્યા છે અને મને સુભગે, સુનયના, વગેરે કહી રહેલ છે. તેમણે મારા માટે આવા અલંકારવાળા શબ્દ આજ સુધીમાં કદી પણ કહ્યા નથી. માત્ર આજે જ આ દુષ્ટાને ઘરમાં રહેવા દેવા માટે, મને આ જાતના સન્માન ભર્યા શબ્દ કહી રહ્યા છે. પરન્તુ હું આ જાતની વાતોના ભૂલાવામાં ફસાઉં તેવી નથી. '

રથીની વાતના જવાબમાં રથીની સ્ત્રી કડક બનીને કહેવા લાગી કે, " બસ, તમારી એ બધી વાતો રહેવા દો. તમારે માટે સુભગે, સુનયના જે હશે તે હશે; તમારી દૃષ્ટિમાં જો હું સુભગે, સુનયના હોત, તો મને સુખ–સૌભાગ્યથી વંચિત રાખવા માટે આ દુષ્ટાને શા માટે લાવત ! તમારે માટે તો આ કુલટા જ સુભગે, સુનયના છે. એથી તો તેની એટલી પ્રશંસા કરી રહ્યા છો કે સંસારમાં બસ આ એક જ સર્વોત્કૃષ્ટ છે, બાકીની બધી સ્ત્રીઓ નિકૃષ્ટ છે. જે વ્યક્તિ વહાલી લાગે છે, તેનું પ્રત્યેક કામ સારુ લાગે છે, તેનામાં દુર્ગુણ તો દેખાતો જ નથી, પછી ભલેને તે વ્યક્તિ ગમે તેટલી ખરાબ કેમ ન હોય ? એ જ પ્રમાણે તમને તે પ્રિય છે, તેથી તમે તેની આટલી પ્રશંસા કરો છો; પણ મારી દૃષ્ટિમાં તો તે પતિત, કુલટા અને કુલક્ષણા છે. તેણે મારા ઘરમાં આવતાં જ મારા માટે તો નરક જેવું દુઃખ ઉત્પન્ન કરી દીધું છે. તેના આગમન પછી, મને તો પૂછવા જેવુંયે ન રહ્યું—જાણે કે ઘરની માલિક તે જ હોય !

" જો હું બરાબર વખતે સાવધ ન થઈ હોત, તો તેણે તથા તમે—બંને જણાએ મને સુખ–સૌભાગ્યથી વંચિત રાખીને, આ ઘરમાંથી કાઢી મૂકવાનો જ પ્રપંચ રચ્યો હોત. હવે હું માત્ર એટલું જ કહું છું કે મારી પાસે હવે વધુ ન કાંઈ ન બોલાવરાવો. પરન્તુ

ભલાઈ એમાં જ છે કે વસુમતિને બજારમાં વેચીને મને વીસ લાખ સોનામહોરો લાવી આપો. નહિ તો હું હમણા જ જઈને સર્વત્ર પોકારી પોકારીને કહીશ કે જેથી તમને કેટલું દુઃખ પડશે તે કાંઈ કહી શકાય નહિ. "

જો કે ધારિણી તથા વસુમતિની કૃપાથી રથીના સ્વભાવમાં થોડી ઘણી નમ્રતા આવી ગઈ હતી, પણ કહેવત છે કેઃ—

અતિશય રગડ કરે જો કોઈ ।
અનલ પ્રકટ ચંદન તે હોઈ ॥

એ પ્રમાણે પોતાની પત્નીદ્વારા આપવામાં આવેલી ધમકી તથા વસુમતી પર કરવામાં આવેલા આક્ષેપો સાંભળીને, રથીને પણ ક્રોધ આવી ગયો. તેણે પોતાની સ્રીને કહ્યું કે, " હું તો તને નમ્રતાથી સમજાવવા માગતો હતો, અને મારી ઇચ્છા હતી કે કોઈ રીતે તું માની જાય. પરન્તુ તું તો મારી નમ્રતાનો દુરુપયોગ કરી રહી છું. આ સતી પર પણ કલંક ચઢાવી રહી છું, અને મને પણ ડર બતાવી રહી છું. હું તારી આ જાતની વાતો સાંભળીને ભય પામું તેમ નથી. જા, તારે જે કાંઈ કરવાનું હોય તે કર. રાજા વગેરે પાસે ફરિયાદ કરવી હોય તો ખુશીથી કર. મને કોઈ જાતનો ડર નથી. અને તારા જેવી દુષ્ટા ઘરમાંથી નીકળી જાય તો એ જ વધારે સારું છે. કોઈએ ઠીક જ કહ્યું છે કેઃ—

घरं न दारा न कदार दारा

અર્થાત્—સ્રી ન હોવી તે સારું છે, પણ કર્કશા સ્રી હોવી એ સારું નથી.

" એ જ પ્રમાણે, તું ન હો તે જ સારું છે. હું તો તને નમ્રતાથી સમજાવી રહ્યો હતો, પણ તું નીચ સ્વભાવની છે, એથી નમ્રતાથી સમજાવવાનાં તું ક્યાં માને તેમ છે! ખૂબ બનુભવ પછી કોઈએ કહ્યું

[illegible] નહિ કરી શકું."

રથી પણ આ પ્રમાણે મોહિત થઈ ગયો. પતિ-પત્નીમાં વાગ્યુદ્ધ થવા લાગ્યું. વસુમતી બન્નેની વાતો સાંભળી રહી હતી. વસુમતિની જગ્યાએ જો કોઈ બીજી સ્ત્રી હોત, તો તો તે રથીની વાત સાંભળીને ખુશી થાત; મનમાં તે એવો વિચાર કરત કે, 'આ સ્ત્રી મારા પર બિનજરૂરી દ્વેષ રાખી ક્લેશ કર્યા કરે છે અને મારા પર ખોટું કલંક નાખે છે. માટે ઠીક છે કે પિતા એનું ને પરણાંગી બહાર ગૂરવાની શિક્ષા કરી રહ્યા છે; તે પરણાંગી નીકળી જશે તો મારો રાતદિવસનો ક્લેશ પણ મટી જશે અને તેને એનાં પાપનો બદલો પણ મળી જશે. હું પિતાની ચાકરી કરીશ.' સાધારણ સ્ત્રીને આ જાતના વિચારો થવા સ્વાભાવિક હતા, પણ વસુમતિને આવા વિચારો ન થયા. જો વસુમતિને આ જાતના વિચારો આવત, તો તો તે રથીની સ્ત્રીનો ધારત તેવી રીતે બદલો લઈ શકત, કેમકે રથી વસુમતિને શ્રદ્ધા તથા આદરની દૃષ્ટિથી જોતો હતો, વસુમતિ પર સંપૂર્ણ વિશ્વાસ રાખતો હતો, તેને આરાધ્યદેવી માનતો હતો, અને એથી વસુમતિના કથન પર તે પોતાનું માથું કાપીને પણ આપી દેત. પોતાની સ્ત્રીને કાઢી મૂકવી અથવા તેને કોઈ જાતની શિક્ષા કરવી એ તો તેને મન બહુ સરળ બાબત હતી. પરન્તુ વસુમતિના મનમાં રથીની સ્ત્રી વિરુદ્ધ કોઈ જાતના વિચાર ન થયા. તે તો રથીની સ્ત્રીની વાતો સાંભળીને એવું વિચારતી હતી કે "માતા જે કાંઈ કહે છે, તે ઠીક જ છે. તેના હૃદયમાં મારા પ્રત્યે વિશ્વાસ ન રહ્યો. તે સમજે છે કે આ મારી શોક્ય (સપત્નીક)

આવ્યા, મારી [illegible] જેવા જ કે [illegible]
[illegible] છે, [illegible]
[illegible] છે, [illegible]
[illegible]
હોય છે, [illegible] છે, [illegible]
[illegible] છે, [illegible]
[illegible] છે, [illegible] કર્તવ્ય છે કે [illegible]
[illegible] હું [illegible]
પિતા છે [illegible] કર્તવ્ય પણ [illegible] છે, હું એ [illegible]
[illegible]
[illegible] છે, અને [illegible]
[illegible]
માટે મારે [illegible] છે, "

આ પ્રમાણે વિચાર કરી વસુમતિ, [illegible]
વચમાં આવી ઊભી રહી ને નમ્રતાપૂર્વક ધારિણીને કહેવા લાગી કે,
" માતા ! તમે ધીરજ રાખો, હું હમણાં જ તમારી આજ્ઞાનું પાલન
કરીશ. તમારા હૃદયમાં મારા માટે જેવા જોઈએ તેવા [illegible]
[illegible], પણ મારે તમારી [illegible] બનવું નથી. મારી [illegible]
તમારી આજ્ઞાનું પાલન કરીને [illegible] અને તમને આનંદિત
તથા સંતુષ્ટ કરવામાં મને શું વાંધો હોય, માટે હું તમારી પુત્રી છું.
એટલા માટે તમને સંતોષ આપવો એ મારું આવશ્યક કર્તવ્ય છે.
છતાં આ ખાસ કારણ ઉત્પન્ન થયું હોવા છતાં, હું તમારી આજ્ઞાનું
પાલન ન કરું, તમને સંતોષ ન આપું, તે કેમ સંભવિત હોય ! તમે
થોડા વખતને માટે શાંત બની જાવ, કે જેથી હું પિતાજીને સમ-
જાવી શકું."

રથીની સ્ત્રીને આ પ્રમાણે કહીને વસુમતિ રથીને કહેવા લાગી કે,
" પિતાજી, તમે મારી માતા પર વિના કારણ ક્રોધાયમાન થયા છો.

મારી માતાએ મને વેચવાનું કહીને શું અનુચિત કર્યું છે ? તેમણે આટલા દિવસો સુધી મારું રક્ષણ કર્યું, પછી જો તે મારા બદલે વીસ લાખ સોનામહોરો મેળવવા ઇચ્છે તો શું ખોટું કરે છે ? તેમની મારા પર ઘણી કૃપા છે, એથી જ તે મને વીસ લાખ સોનામહોરોમાં જ છુટકારો આપે છે, નહિ તો હું અનેક જન્મો સુધી તેમના ઋણથી મુક્ત ન બની શકત, માટે તમે મારી સાથે ચાલો, હું વેચાવા માટે આવું છું. માતાએ મારી કિંમત વીસ લાખ સોનામહોરોની કરી છે, પરન્તુ ખરી રીતે મારી કિંમત કેટલી છે તે તો બજારમાં જણાશે. મારા વેચાયા વગર માતાને સંતોષ નહિ થાય. માતાના હૃદયમાં મને વેચવાની જે વાત ઉત્પન્ન થઈ છે, તે કોણ જાણે કઈ પ્રેરણાથી થઈ હશે. મારી મારફત આગળ જતાં કોણ જાણે કેવાંયે કામો થશે, એથી જ માતાએ મને બજારમાં વેચાવવાનો નિશ્ચય કર્યો છે. જો કૈકેયીએ રામને વનમાં ન મોકલ્યા હોત તો રામને કોઈ ન ઓળખત એ જ પ્રમાણે જો માતા મને વેચવા માટે ન મોકલે તો હું પણ આ જ ઘરની રહી જાઉં. આ ઘરમાં હવે મારી બિલકુલ જરૂર પણ નથી રહી. આ ઘરનો સુધારો થઈ ગયો છે. હવે તો જ્યાં સુધારાની આવશ્યક્તા છે ત્યાં જ મારી જરૂર છે. જે ઘરમાં અંધારું હોય ત્યાં જ દીપકની જરૂર છે. જ્યાં પ્રકાશ છે ત્યાં દીપકની જરૂર નથી, એ જ પ્રમાણે હવે મારું અહીં રહેવું પણ નકામું છે. માટે તમે મારી સાથે જલ્દી ચાલો, જેથી માતાને વધુ વખત સુધી સંતાપમાં ન રહેવું પડે. ”

વસુમતિની વાતોથી ત્યાં ઉપસ્થિત થયેલા સઘળા લોકોનું હૃદય ભીંજાઈ ઊઠયું, પણ રથીની સ્ત્રી પર કોઈ જાતનો પ્રભાવ પડયો નહિ. વસુમતિની વાતો સાંભળીને તે પોતાના મનમાં કોણ જાણે કેવાયે વિચાર કરવા લાગી, પણ રથીથી ચૂપ રહી શકાયું નહિ. તેણે વસુમતિને કહ્યું કે, “ પુત્રી તું આ શું કહે છે ? શું આ કર્કશાના કહેવાથી હું તને વેચાવા દઉં ? તારા જેવી મંગળમયી સતીને

મારે ત્યાંથી ચાલી જવા દઉં ! શા હું તને વેચીને હું કન્યાવિક્રેતા કહેવાઉં ! હું આવું કદાપિ નહિ કરી શકું. આ ડાકણ જો મારા ઘરમાંથી નીકળતી હોય તો ભલે આજે જ તે નીકળી જાય, પરન્તુ તેના કહેવાથી હું તને કેમ વેચી શકું !"

રથીના કથનના જવાબમાં વસુમનિ બોલી કે, "પિતાજી ! તમે ભૂલ કરી રહ્યા છો. માતાએ તમને જે ઉપદેશ આપ્યો હતો, તેને તમે ભૂલી ગયા છો. મેં પણ તમને હમણાં તથા પહેલાં જે કાંઈ કહ્યું છે, તે પણ તમારા ધ્યાનમાં નથી. જો તમે મને સતી મંગળમયી અને લક્ષ્મી માની રહ્યા છો, તો મારા સંબંધમાં કોઈ જાતની ચિંતા શા માટે કરો છો ? હું જે કાંઈ કહું છું, તે પર વિશ્વાસ કેમ નથી મૂકતા ? મને તમે નથી વેચતા, પણ હું પોતે જ વેચાઉં છું. મારી બાબતમાં માતાને જે સંદેહ થયો છે, તે સંદેહ દૂર કરવો એ મારું પણ કર્તવ્ય છે, અને તમારું પણ કર્તવ્ય છે. જો માતાનો સંદેહ દૂર નહિ થાય તો વિના કારણ મને પણ કલંક લાગશે અને તમને પણ કલંક લાગશે. માટે તમે કોઈ જાતનો બીજો વિચાર ન કરતાં મારી સાથે ચાલો. મનુષ્યનું કર્તવ્ય છે કે તે દરેક શક્ય ઉપાયથી પોતાને કલંકથી બચાવે. તો પછી શું આપણે આપણા પર ખોટું કલંક લાગવા દઈશું ? તેનાથી બચવાનો ઉપાય શું નહિ કરીએ ! હું દરેક દૃષ્ટિથી એ જ ઠીક માનું છું કે, માતાની આજ્ઞાનુસાર મારે બજારમાં વેચાઈ જવું જોઈએ, અને એ રીતે માતાનો સંદેહ દૂર કરાવી મને પોતાને તથા તમને મિથ્યા કલંકથી બચાવવા જોઈએ, એટલા માટે તમે મારી સાથે ચાલો. હું મને વેચીને વીસ લાખ સોનામહોરો અપાવીશ. તે લાવીને તમે માતાને આપી દેજો."

વસુમનિએ રથીને આ પ્રમાણે સમજાવીને શાંત કરી દીધો. રથી વધારે કાંઈ કહી શક્યો નહિ. તેણે માત્ર એ જ કહ્યું કે, "તમને જે યોગ્ય લાગે તે કરો. હું તમારી આજ્ઞાનું પાલન કરવામાં મારું

કર્તવ્ય સમજું છું.” આ પ્રમાણે રથીને અનુકૂળ બનાવી, વસુમતિએ રથીની સ્ત્રીને પ્રણામ કર્યા. અને કહ્યું, “ માતા, મારે લીધે તમારે અનેક કષ્ટ સહન કરવાં પડયાં છે. હું તે બધા માટે તમારી ક્ષમા માગું છું અને વિનંતિ કરું છું કે આ પુત્રી પર તમારી કૃપાદૃષ્ટિ હમેશાં રહ્યા કરે.”

વસુમતિએ રથીની સ્ત્રીને પ્રણામ કર્યા અને ક્ષમા પણ માગી, છતાં રથીની સ્ત્રી તો નાગિણીની જેમ ફુત્કાર કરતી કરતી ચૂપચાપ જ બેસી રહી. કાંઈ પણ બોલી નહિ. હા, પોતાના મનમાં જરૂર એટલું બોલતી હતી કે, ‘ આ કુલટાએ મારા પતિને થોડા જ દિવસોમાં કેવા આધિન બનાવી દીધા છે કે તેની ઇચ્છાં વિરુદ્ધ પતિ કોઈ કામ નથી કરી શકતા. મને આ રીતે વિફરેલી જોઈને, તે ડરી ગઈ છે કે, મારી બધી ગુપ્ત વાતો પ્રકટ થઈ જશે તેથી તેણે વેચાવાનું અને પતિએ તેની સાથે જવાનું કબૂલ કર્યું છે. જો મેં આવું રુદ્ર સ્વરૂપ સાધારણ કર્યું ન હોત તો, તે કદી પણ નીકળત નહિ; એટલું જ નહિ પણ થોડાક દિવસોમાં મને જ ઘરમાંથી કાઢી મૂકત. પતિની વાતોથી સ્પષ્ટ સાબિત થાય છે કે વસુમતિને ઘરમાં રાખવાની પ્રતિજ્ઞા કરીને જ પતિ તેને લાવ્યા છે. અને એટલા માટે જ તેઓ કહે છે કે હું તને કાઢી શકું નહિ. બલકે તેને બદલે મને કાઢી મૂકવા તૈયાર થઈ ગયા હતા. સારું થયું કે ભય પામીને તે વેચાવા માટે તૈયાર થઈ ગઈ, નહિ તો પતિએ તો ભારે વિષમ સ્થિતિ ઉત્પન્ન કરી હતી.’

રથીની સ્ત્રી આ પ્રમાણે પોતાના સ્વભાવાનુસાર વિચાર કરતી રહી અને વસુમતિ તરફ લાલ નેત્રે જોતી રહી. તેને પ્રણામ કરીને અને તેની ક્ષમા માગીને વસુમતિ ઘરના અન્ય માણસો-નોકરચાકર વગેરેને મળી અને પછી બજારમાં જવા માટે નીકળી પડી. તેણે ઘરમાંથી નીકળતાં પહેલાં દાસીઓ પહેરે તેવાં વસ્ત્રો પહેરી લીધાં.

ચરણોથી નીકળતી અન્ય જેને ઉલ્લાસ અનુભવ્યો હતો. પરંતુ પ્રશ્નના ઉત્તરમાં જેણે મને કહ્યું છે, "ચિન્તા ન કરશો, જરૂર આવશે." એમ કહીને વસુમતિ ચાલ્યાં ... ઉપદેશથી આર્યજનોના ... ન શકશો. એ વસ્તુ આંખોમાંથી આંસુઓ આવ્યાં, સૂચના વસુમતિની ... કાઢવા લાગ્યાં.

જ્યારે ત્યારે આવીને વસુમતિ, કૌશાંબીની મુખ્ય બજારમાં આવી, બજારના મધ્ય ભાગમાં, ઊંચા પર ઊભી થઈ ગઈ અને કે પોકારીને કહેવા લાગી કે, "આર્યજનો ! હું દાસી છું, મને ખરીદી લ્યો."

દૃષ્ટિ નીચે રાખીને, વસુમતિ બજારમાં ઊભી રહીને આ પ્રમાણે પોકારી પોકારીને કહેતી હતી, અને ક્યાં ... એવો વિચાર કરીને આંખોમાંથી અશ્રુધારા વહાવી રહી હતી કે, "હાય, આજે આ ભાગી ને કુળના રાજ્યે બાગ બજારમાંથી ... છે." વસુમતિનો અવાજ સાંભળીને તેની આસપાસ ઘણા માણસો ભેગા થઈ ગયા. બધા માણસો તેની સ્થિતિ, તેનું રૂપ, તેની શારીરિક બનાવટ અને કોમળતા દેખીને આશ્ચર્યચકિત બની ગયા હતા. તેઓ વિચાર કરી રહ્યા હતા કે આ કોણ છે ! શું કોઈ દેવકન્યા આપણને બધાને છેતરવા તો નથી આવી ! અથવા સ્વર્ગથી પતિત થઈને કોઈ અપ્સરા તો નથી આવી ! આવી તો આવી કન્યા કદી જોઈ જ નથી. આ પ્રમાણે આશ્ચર્યમાં પડીને લોકો વસુમતિને પૂછવા લાગ્યા કે, "દેવી, તમે કોણ છો ! અને આ રીતે બજારમાં કેમ ઊભા છો ?" લોકોના આ પ્રશ્નના જવાબમાં વસુમતિએ કહ્યું કે, "આર્યજનો હું દાસી છું. અહીં વેચાવા માટે ઊભી છું, હું ઘરનું બધું કામ કરી શકું છું. એવું કોઈ ગૃહકાર્ય નથી કે જે હું ન કરી શકતી હોઉં. જે કોઈ ઇચ્છે તે મને ખરીદી શકે છે. જે કોઈ મારું મૂલ્ય આપે, તેને ત્યાં હું જઈ શકું છું. અને જે કોઈ ખરીદીને લઈ જશે, તેના ઘરનું સઘળું કામ હું કરીશ અને તેનું ઘર સુધારી દઈશ."

"આ દાસી છે, અને વેચાવા માટે ઊભી છે," એમ જાણીને ઘણાઓની ઇચ્છા વસુમતિને ખરીદવાની થઈ. અનેક માણસો વસુમતિને કહેવા લાગ્યા કે, "અમે તને ખરીદી લઈશું. પણ તારું મૂલ્ય શું આપવું પડશે ?"

લોકોના આ પ્રશ્નના જવાબમાં વસુમતિએ રથીની સામે નજર કરીને કહ્યું કે, "આ મારા પિતા ઊભા છે, તેમને જો કોઈ વીસ લાખ સોનામહોરો આપે તે મને ખરીદી શકે છે."

વસુમતિના મોઢે વીસ લાખ સોનામહોરો સાંભળીને ખરીદવાની ઇચ્છા રાખનારા લોકો આભા જ બની ગયા. તેઓ વસુમતિના રૂપલાવણ્યઆદિની પ્રશંસા તો કરતા હતા અને એમ પણ કહેતા હતા કેઃ—

यत्राकृतिस्तत्र गुणा वसन्ति

અર્થાત્—જ્યાં આકૃતિ છે ત્યાં ગુણ પણ છે.

લોકો એમ કહેતા તો હતા, છતાં તેઓને વીસ લાખ સોનામહોરો વધારે પડતી લાગતી હતી; એટલા માટે તેઓ ત્યાંથી એમ કહીને ચાલ્યા જતા હતા કે, "વીસ લાખ સોનામહોરોમાં દાસી ખરીદીને શું કરીશું ? દાસી ગમે તેટલી હોશિયાર અને સુંદર હોય તો પણ તે કરવાની તો ઘરનું કામ જ ને, કાંઈક વાણિજ્ય-વ્યવસાય કરીને દ્રવ્યોપાર્જન થોડી જ કરવાની હતી, માટે એટલા બધા સોનૈયા આપીને તેને કેમ ખરીદી શકાય ?"

આ પ્રમાણે લોકો વસુમતિની પ્રશંસા કરતા થકા, તેને ખરીદવા માટે તો તૈયાર થતા હતા, પણ મૂલ્ય સાંભળીને ચાલ્યા જતા હતા. તેને ખરીદવાનું સાહસ કોઇ પણ કરી શકતું ન હતું.

: પ્રકરણ :

[૧૨]

આત્મબળ

ગુણગ્રાહક એવા ધનવાનો જગતમાં બહુ થોડા નીકળશે. ગુણોની આગળ દ્રવ્યને તુચ્છ સમજનારા, ગુણો પર દ્રવ્યનું બલિદાન આપનારા, દ્રવ્ય-વ્યય કરીને ગુણોનો આદર તથા પ્રચાર કરે તેવા ધનિકો બહુ ઓછા હશે. મોટે ભાગે ધનિકો તો ધનને જ કિંમતી સમજે છે. તેમની દૃષ્ટિમા ગુણોની કાંઈ કિંમત જ નથી. તેઓ કેવળ લૌકિક ગુણો અને સંસારની અન્ય સઘળી બાબતોને જ નહિ, પરન્તુ ધર્મને પણ ધનથી જ તોળે છે, અને તે તુલનામાં ધનને જ વધારે કિંમતી સમજે છે. આવા મનુષ્યો કદાચ ગુણોથી અંજાઈને ગુણીની પ્રશંસા ભલે કરે, છતાં તે પણ કઠિનાઈ અને સંકોચપૂર્વક. ખુલ્લાં હૃદયે મૌખિક પ્રશંસા કરવી તે પણ તેઓને બહુ ભારે લાગે છે. તેમને એ ભય રહે છે કે અમારા મોઢેથી પ્રશંસા નીકળતાં કોઈ અમને ઉદારતા દર્શાવવાનું તથા ધનનો ત્યાગ કરવાનું કહેશે તો ? આ ભયથી કૃપણ સ્વભાવના કારણે તેઓ વાણીમાં પણ કૃપણતા દાખવે છે. તે એટલે સુધી કે સામાન્ય શિષ્ટાચારનાં આવ-

સ્પષ્ટ કર્તવ્યને પણ તેઓ ઠોકરે મારે છે, અને મોઢેથી 'આવો, બેસો' વગેરે શબ્દ પણ બોલતા નથી. પણ એવા પ્રકારનો નિષ્ઠુર વ્યવહાર કરે છે કે જાણે તેમનામાં મન હૃદય જ રહેવા દીધું નથી અથવા તેઓના હૃદયને પથ્થર જેવું કઠોર બનાવી દીધું છે, કે જેમાં દ્રવિત બનવાનો સ્વભાવ જ નથી. આ જ કારણથી ને હૃદય નથી તો ગુણીઓના ગુણ પર આકર્ષિત બનતું કે નથી ગરીબોના આર્તનાદ કે દુઃખીઓના કરુણ આક્રંદ સાંભળી શકતું. તેઓ પોતાના જેવા ધન-વાનો સિવાય, બીજા લોકોને મનુષ્ય પણ નથી માનતા. તેઓ સાથે તો એવો વ્યવહાર કરે છે કે જેવો વ્યવહાર પશુઓ સાથે પણ ન કરવામાં આવતો હોય. તેમની દૃષ્ટિમાં ગરીબોની વેદના એ વેદના જ નથી, ગરીબોની જરૂરિયાત એ જરૂરિયાત જ નથી. પોતાની વેદના મટાડવા માટે અને પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે તેઓ બધું કરી છૂટે છે, પણ ગરીબોની વેદના મટાડવા અને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં સહાયભૂત બનવાને બદલે વધારે વિઘ્નભૂત બને છે. આવા જ કારણે પરિગ્રહને પાપનું કારણ માનવામાં આવ્યું છે.

વસુમતિને અત્યારસુધીમાં જેટલી જેટલી વ્યક્તિઓ મળી, તેઓ સઘળી એવા જ સ્વભાવની મળી. એથી વીસ લાખ સોનામહોરોનું નામ સાંભળીને તે વ્યક્તિઓ એવી રીતે ચાલી જતી હતી કે જેથી તેઓ ફરી કોઈની દૃષ્ટિમાં જ ન આવે. તે માણસો વિચારતા હતા કે, શું એક દાસીની કિંમત વીસ લાખ સોનામહોરોની ? એટલી રકમમાં તો વીસ દાસીઓ ખરીદી શકાય. તો પછી માત્ર એકને માટે એટલું ધન કેમ ખર્ચી શકાય ? એ રીતે તે લોકો કેવળ વીસ લાખ સોના-મહોરોનો જ વિચાર કરતા હતા. તેઓ એમ નહોતા સમજતા કે, તેની બરોબરી વીસ તો શું પણ સેંકડો, હજારો દાસીઓ પણ નથી કરી શકતી. તેમની નજરમાં ધનનો પડદો પડી ગયો હતો, એથી આવી વાત તેમની નજરમાં આવતી ન હતી, પણ કેવળ ધન જ નજરમાં આવતું હતું.



રબા કરતી હતી. જે વખતે વસુમતિ બજારમાં ઊભી રહીને વેચાતી
હતી, તે જ વખતે પાલખીમાં બેઠેલી તે વેશ્યા પોતાની દાસીઓની
સાથે તે જગ્યા આગળથી નીકળી. ભીડ દેખીને તેણે પાલખી
રોકાવી, અને લોકોને પૂછ્યું કે, " આ ભીડ શાની છે?" લોકોના
કહેવાથી તેણે જાણ્યું કે અહીંયાં એક દાસી વેચાય છે, ત્યારે તે
વેશ્યા એકદમ તે ભીડને હઠાવીને વસુમતિની પાસે પહોંચી ગઈ.
વસુમતિને દેખીને, તેને આશ્ચર્યની સાથે ખૂબ આનંદ થયો.
તેને એવા વિચારથી આનંદ થયો કે, " હું જેવી સુંદરીની તપાસમાં
હતી, તેના કરતાં પણ આ તો ચઢી જાય તેવી છે." વસુમતિનું
રૂપ સૌંદર્ય દેખીને તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે વિચારતી
હતી કે, " આવી સુંદરી તો મેં આજ સુધીમાં કદી જોઈ નથી.
હું મને પોતાને અતિશય રૂપવંત માનીને અભિમાન કરતી હતી,
પણ હું તો આ કન્યાની સુંદરતા આગળ એક અંશ પણ સુંદર
નથી. મારું ભાગ્ય ઉત્તમ છે કે જેથી હું અત્યારે આ તરફ આવી
ચડી. ગમે તે થાય, ગમે તેટલું મૂલ્ય આપવું પડે, તો પણ હું આ
દાસીને જરૂર ખરીદી લઈશ. તેને ખરીદીને હું મારા ભવિષ્યના
વારસને માટે નિશ્ચિંત બની જઈશ. તથા મારો અધિકાર તેમ જ
મારી પ્રતિષ્ટાને હું સુરક્ષિત રાખી શકીશ. આ કન્યા એવી લાયક
જણાય છે કે જેનામાં હું મારી નૃત્ય ગાન કળા પૂરેપૂરી સ્થાપિત કરી
શકીશ. પ્રથમ તો તેનું રૂપ જ એવું છે કે જેથી ભલભલા સદાચારી
કહેવડાવનારાઓ પણ તેનાં રૂપથી આકર્ષાય. તેમાંય વળી જ્યારે હું
સોનામાં સુગંધ મેળવવારૂપ તેને મારી સઘળી કળાઓ શીખવી
દઈશ ત્યારે તો તેની આગળ કયો પુરુષ પોતાનું મસ્તક નહિ નમાવે?"

આ પ્રમાણે કલ્પનાસૃષ્ટિમાં વિહરતી વેશ્યાએ વસુમતિને પૂછ્યું
કે, " તું કોણ છે અને કયા હેતુથી બજારમાં ઊભી છે?" વસુમતિએ
પોતાની દૃષ્ટિ નીચે રાખી હતી. તેણે જે પ્રમાણે પોતાની દૃષ્ટિ
નીચી રાખીને બીજા લોકોને જવાબ આપ્યો હતો, તે જ પ્રમાણે

વેશ્યાને જણ નીકળી કરી, વાસ્યોકે [illegible] આવીને કે, " હું તારી પર અતિ વિશ્વાસ રાખી [illegible] છું." વેશ્યાએ પૂછ્યું કે, " તું શું [illegible] છું છે ! " વસુમતિએ કહ્યું કે, " આ તારા [illegible] છે. જે કોઈ તેમને વીસ લાખ સોનામહોરો આપે, તેની સાથે હું જવા ઇચ્છું છું." વેશ્યાએ પૂછ્યું કે, " શું અત્યાર સુધીમાં કોઈ તારા [illegible] સોનામહોરો આપનાર આવેલ નથી ? " વસુમતિએ જવાબ આપ્યો કે, " હા, અત્યાર સુધી તો પુષ્કળ [illegible] જ આવ્યા હતા, પરંતુ કોઈ આવેલ નથી." વસુમતિનો આ જવાબ સાંભળીને વેશ્યા કહેવા અભિમાનપૂર્વક કહેવા લાગી કે, " જેને વસ્તુની પરીક્ષા જ નથી, તે તેનો આદર કઈ રીતે કરે ! અત્યાર સુધીમાં જે જે તારી પાસે આવ્યા છે, તેમનામાં કોઈ તને ખરી પ્રકારના [illegible] હોય, તો તો તને જરૂર ખરીદી લેત, પણ જણાય છે કે [illegible] એક પણ વ્યક્તિ આવી નથી. બીજા કોઈ જાણે કે ન જાણે, પણ હું તો તારા ચહેરા પરથી જાણું છું કે તારામાં કોઈક વિશેષતા છે. હું તારા ગુણ તથા તારું સૌંદર્ય જાણી શકું છું. હું કહું છું કે તારી આગળ વીસ લાખ સોનામહોરો કાંઈ વિસાતમાં નથી. વીસ લાખ સોનામહોરો તો તારા એક જ માત્ર અંગ પર કુરબાન કરી શકાય છે. લે ચાલ, મારી સાથે. મેસપાલણીમાં, હું હમણાં જ તારા આ પિતાને વીસ લાખ સોનામહોરો આપી દઉં છું. હું વણિક સ્વભાવની નથી, કે જેથી કોડી કોડીનો હિસાબ કરું. હું જે ચીજ પસંદ કરીને લેવા ઇચ્છું છું, તેનું મોં માગ્યું મૂલ્ય આપું છું. તેં તારા મૂલ્ય બદલ વીસ લાખ સોનામહોરો માગી છે, તો હું વીસ લાખ જ સોનામહોરો આપીશ, એક પણ સોનામહોર ઓછી નહિ આપું. માટે ચાલ, વિલંબ ન કર."

વેશ્યાની ઉદારતા ભરી તથા આત્મશ્લાઘાવાળી વાતો સાંભળીને વસુમતિને ઘણું જ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે, " અત્યાર સુધી તો જેટલા જેટલા માણસો આવ્યા, તે સઘળાઓએ વીસ લાખ

સોનામહોરોની રકમ ઘણી મોટી કહી. પરન્તુ આ સ્ત્રી મારા માટે પણ વીસ લાખ સોનામહોરો આપવા તૈયાર છે. એટલું જ નહિ પણ આ રકમ વધારે નાની બતાવે છે, તેથી તો ખરી કે આ છે કોણ?" આ પ્રમાણે વિચાર કરીને, વસુમતિએ પોતાની નીચી દૃષ્ટિ ઊંચી કરીને વેશ્યા સામે જોયું. વેશ્યાનો શૃંગાર જોઈને વસુમતિએ જાણી લીધું કે આ સ્ત્રી ધનવાન છે; પણ તે પોતાને શા માટે ખરીદે છે તેનું નિરાકરણ વસુમતિ કરી શકી નહિ. તેણે વિચાર્યું કે, " માતાને સંતુષ્ટ કરવા માટે પ્રથમ તો હું તેને લાગ વેચાઈને પિતાને વીસ લાખ સોનામહોરો અપાવી દઉં, અને પછી આ જે કામ કરવાનું કહે તે કામ ન કરૂં, તે કામ કરવામાં આનાકાની કરૂં, તો તે ઠીક ન કહેવાય. એમ કરવું તે વિશ્વાસઘાત છે. માટે મારે પહેલાં જ તેનો આચાર જાણી લેવો જોઈએ. અને તેને ત્યાં જઈને મારે શું કામ કરવાનું છે તેની પણ માહિતી મારે મેળવી લેવી જોઈએ. કોઈ પણ કામ બાબતમાં મારે હમણાં જ સ્પષ્ટ કરી લેવો જોઈએ કે અમુક કામ હું કરી શકીશ કે નહિ કરી શકું."

વસુમતિએ વેશ્યાને કહ્યું કે, " માતા, હું જ્યારે વેચાવા માટે ઊભી છું ત્યારે કોઈ પણ માણસ વીસ લાખ સોનામહોરો આપે, તેની સાથે મારે જવું જોઈએ. પરન્તુ મને ખરીદનાર માણસનું હું કામ ન કરી શકું અને એ રીતે તે ઠગાય, અથવા તેનું ખર્ચેલું દ્રવ્ય નકામું જાય, તે માટે હું તમારી પાસે પ્રથમથી જ એ જાણવા માગું છું કે તમારો આચાર શો છે? તથા તમે મને ક્યા કામને માટે ખરીદવા ઇચ્છો છો? એ જાણ્યા પછી જો મને ઠીક લાગશે તો હું તમારી સાથે જરૂર આવીશ."

વસુમતિનો પ્રશ્ન સાંભળીને વેશ્યા હાસ્યપૂર્વક બોલી કે, " સરલે, મારો આચાર શું પૂછે છે! મારો આચાર શો છે, તથા મારે ત્યાં તારે શું કામ કરવું પડશે, એ વાત સર્વત્ર પ્રસિદ્ધ જ છે. તારું

ભાગ્ય ઉત્તમ છે, એથી જ હું તને ખરીદું છું. લોકો તારી પરીક્ષા ન કરી શક્યા, તેથી તને દાસી બનાવવા માટે પણ ન ખરીદી, પરન્તુ ખરી રીતે શું તું દાસી બનવાને લાયક છે! તારા જેવી સુસ્વરૂપવાન સ્ત્રી દાસી બનીને જીવન વ્યતિત કરે, એ શું ઠીક છે! જો હું ન આવત, તો તો તારે દાસી બનવું જ પડત, અને અત્યાર સુધી તો તને કોઈ દાસી બનાવવા માટે પણ લઈ જવા તૈયાર ન હતું, પણ તારા સદ્‌ભાગ્યથી હું અહીં આવી ચડી. બીજા લોકો તો વીસ લાખ સોનામહોરો આગળ તને તુચ્છ સમજે છે, પણ હું તારી આગળ વીસ લાખ સોનામહોરોને તુચ્છ સમજું છું.

"ભોળી છોકરી! મારો આચાર શો છે, અને મારે ત્યાં તારે શું કામ કરવું પડશે, તે સાંભળ. હંમેશાં નવું સુખ ભોગવવું, એ મારે ત્યાંનો આચાર છે. અને તારે પણ મારે ત્યાં આવીને હમેશાં નવું સુખ ભોગવવાનું કામ કરવાનું છે. મારે ત્યાં જે સુખ છે તે સુખ, કોઈ બીજી સ્ત્રીની તો વાત શું કરવી પણ મોટા મોટા રાજાની રાણીને પણ પ્રાપ્ત નથી. મારે ત્યાં ગઈ કાલે જે સુખ ભોગવ્યું, તેના કરતાં ચઢિયાતું સુખ આજે ભોગવવાનું છે. સંસારમાં જેને અવિ-ચળ સૌભાગ્ય કહેવામાં આવે છે, તે અવિચલ સૌભાગ્ય મારે ત્યાં જ છે. મારે ત્યાં દુર્ભાગ્યનું તો નામનિશાન નથી. હું મારે ત્યાંના સુખ-સૌભાગ્યનું વર્ણન કરવા માંડુ તો એક ગ્રંથ બની જાય, તો પણ પાર ન આવે. એટલા માટે હું સઘળાં સુખોનું વર્ણન ન કરતાં તેમાંનાં થોડાંક સુખોનું વર્ણન કરું છું.

"મારે ત્યાં સૌથી પહેલું સુખ હમેશાં સૌભાગ્યનું છે. વિધવા બનવાનો તો ભય જ નથી. જગતમાં એવી પદ્ધતિ ચાલી રહી છે કે બિચારી સ્ત્રીઓ, પોતાના માબાપનું ઘર છોડીને, કોઈ એક પુરુષને ત્યાં જાય છે, તેની સેવિકા બનીને, તે જેમ રાખે છે તેમ રહે છે, તેની સાથે દુઃખ ભોગવે છે, છતાં પણ તે પુરુષ મૃત્યુ પામીને પોતાની

સ્ત્રીને વિધવા બનાવી જાય છે, અને તેને જિંદગીભર દુઃખમાં ધકેલી જાય છે. એથી ઉલટું, જો સ્ત્રીએ એટલો ત્યાગ કર્યો છે, ભોગ આપ્યો છે, અને દુઃખ ઉઠાવ્યું છે, તે સ્ત્રી મૃત્યુ પામતાં પુરુષ પોતે વિધુર નથી રહેતો, પણ બીજી સ્ત્રી પરણી લે છે. જગતમાં આ જાતની વિષમતા પ્રસરી રહી છે. મારે ત્યાં આવી વિષમતાને સ્થાન જ નથી. વિધવા બનવાનો ભય જ નથી. વિધવા તો ત્યારે બનવું પડે કે જ્યારે કોઈ એક પુરુષની દાસી બનીને રહેવાનું હોય. મારે ત્યાં પુરુષોની ગુલામી નથી કરવી પડતી. પુરુષ જ સેવકની જેમ મારે ત્યાં આંખોના મટકારા પર નાચ્યા કરે છે. હું જે પુરુષને મારો સેવક બનાવું છું તે પુરુષ પોતાને સદ્ભાગી માને છે, અને મારા પર તેનું તન, મન, ધન કુરબાન કરી દે છે. છતાં પણ હું તેને હંમેશને માટે પસંદ નથી કરતી, પરન્તુ કોઈ પણ વખતે મને જ્યારે ઇચ્છા થાય ત્યારે તેને દૂર કરીને બીજાને મારો સેવક બનાવું છું. મોટા મોટા રાજા મહારાજાઓ મારા એક કટાક્ષ પર ખરીદેલા ગુલામની માફક હાજર રહે છે. જેઓ પોતાને શૂરવીર તથા અભિમાની સમજે છે, તેઓ પોતાની મૂછો એંઠી રાખે છે, તેમ જ તેઓ મારા આગળ પોતાનું મસ્તક નમાવે છે.

"પહેરવા ઓઢવાની તથા ખાવાપીવાની બાબતમાં તો હું તને કહું જ શું? મારું ઘર શૃંગારનું ઉત્પત્તિ સ્થાન છે. નવાં શૃંગારોનો જન્મ મારે ત્યાં જ થાય છે. નવીન જાતનાં વસ્ત્રો તથા નવીન જાતનાં આભૂષણો સૌથી પહેલાં મારે ત્યાં જ બને છે. બીજા લોકો તો મારે ત્યાંનાં વસ્ત્રાભૂષણોનું અનુકરણ જ કરે છે. મારે ત્યાં હમેશાં નવી જાતના શૃંગાર સજવામાં આવે છે. બલકે દિવસભરમાં અનેક વખત શૃંગાર બદલવામાં આવે છે. ભોજનનું સુખ પણ જે મારે ત્યાં છે તે બીજાને ત્યાં નથી. મારે ત્યાંનાં ભોજનો સ્વાદિષ્ટ, બળપ્રદ, અને કામોત્તેજક હોય છે. આ જાતનાં ભોજન કરીને, ઇચ્છાનુસાર શ્રેષ્ઠ શૃંગાર સજવો, ઇચ્છાનુસાર નવા નવા પુરુષ

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] પણ [illegible]
[illegible]
[illegible] અને આ [illegible] છે, [illegible]
[illegible] છે, તેમ [illegible] સુખ અને [illegible]
પ્રાપ્ત કરી. [illegible] જે મેં તને [illegible]
હવે તને [illegible] નહિ હોય, તું [illegible] હોય અને [illegible]
[illegible] હોય, તો [illegible]
જમીન પર પગ પણ નહિ મૂકવો પડે; પરન્તુ મારી [illegible] પાલખીમાં
બેસાડીને [illegible] અને [illegible]
[illegible] માટે [illegible] આ મારી પાલખીમાં [illegible]
[illegible] આજ તારા પિતાને પણ [illegible] છે, હું તેને વીસ લાખ
સોનામહોરો આપી લઈશ."

વેશ્યાની વાતોથી વસુમતિ સમજી ગઈ કે, તે કોણ છે; અને
આ વેશ્યાએ ૨૦ લાખ સોનામહોરો ખર્ચી છે, તથા પોતાને વેચી
જવા માગે છે. વેશ્યાનું કથન પૂર્ણ થતાં જ, વસુમતિએ તેને
કહ્યું કે, "માતા, તમે જે હેતુથી મને ખરીદવા માગો છો અને મારી
મારફત જે કામ કરાવવા ધારો છો, તે કામ મારાથી થઈ શકશે
પણ નહિ અને તમારો હેતુ પણ સરશે નહિ અને એથી મને
ખરીદતાં તમારું દ્રવ્ય નકામું જશે. તમે મને ખરીદો, હું તમારે
ત્યાં આવું, પિતાને ૨૦ લાખ સોનામહોરો અપાવું, અને પછી

તમારું ચીંધેલું કામ હું ન કરું, તે ઠીક નહિ. તે વખતે તમે કહેશો કે, મને દગો દીધો, માટે અત્યારે જ હું તમને સાફ કહી દઉં છું કે, મને ખરીદવાનો વિચાર છોડી દઈને તમે તમારે ઘેર જાઓ. હું તમારે ત્યાં આવી શકીશ નહિ."

વસુમતિનો જવાબ સાંભળીને કાંઈક નિરાશા ઉપજી, તો પણ તે નિરાશાને દબાવીને કહેવા લાગી કે, "તારું દુર્ભાગ્ય જ એવું છે કે જેથી મારી વાત તારા સમજવામાં આવી શકી નહિ. તારા ભાગ્યમાં તો દાસીપણું જ દેખાય છે. હું તો ધારતી હતી કે, તને લઈ જઈને સ્વર્ગીય સુખોનો આસ્વાદ ચખાડું, પણ સદ્‌ભાગ્ય વગર મારી ઇચ્છા છતાં પણ તને એ સુખ કેમ મળી શકે? હું જોઉં છું કે મારી સ્ત્રી-બહેનો પર પુરુષો ઘણો અત્યાચાર કરે છે. મારી ઇચ્છા છે કે હું પુરુષોનું અભિમાન ઉતારી દઉં અને તેમને નમાવું. આ કાર્યમાં મને સહાય કરનાર કોઈ નથી. હું તને મારી સહાયિકા બનાવવા માગું છું, અને તેથી જ મોંમાગ્યા પૈસા આપવા તૈયાર છું, પણ તું મારી આ વાતો સમજી જ નહિ. હું તને ફરીથી કહું છું કે મારી વાત માનીને તું જલ્દી પાલખીમાં બેસીને ચાલ. બાળક જેવી વાત ન કર. એમ તો વિચાર કે મારા સિવાય તારા બદલામાં કોઈ ૨૦ લાખ સોનામહોરો આપે છે? અને ૨૦ લાખ સોનામહોરો આપવામાં મેં કોઈ જાતની આનાકાની કરી છે?"

વેશ્યાના પ્રત્યુત્તરમાં વસુમતિ કહેવા લાગી કે, "માતા, હું તમારી સાથે કેવી રીતે આવી શકું? મારો માર્ગ બીજો છે, અને તમારો માર્ગ બીજો છે. તમે પુરુષોને મોહના પાશમાં નાખવાનો પ્રયત્ન કરો છો, જ્યારે હું પુરુષોને મોહપાશથી કાઢવાનો પ્રયત્ન કરું છું. તમે તમારે ત્યાંનો જે આચાર બતાવ્યો, જે ખાનપાન તથા સાજ-શૃંગારની પ્રશંસા કરી, તે બધું પુરુષોને મોહપાશમાં નાખવા અને તેમનું જીવન નષ્ટ કરવા માટે છે, અને હું તેનો વિરોધ કરનારી છું.

એ. કારણથી મારી મારફત તમારો ઉદ્દેશ સફળ થશે નહિ, એટલું જ નહિ પણ તમારા કાર્યમાં વધારે વિઘ્ન ઊભું થશે. તમે જેને તમારી જાળમાં ફસાવવા ઇચ્છશો તેને હું બચાવવાનો પ્રયત્ન કરીશ. તમારી જાળમાં તેને ફસાવા નહિ દઉં. આ રીતે મને લઈ જવાથી તમને લાભ થશે નહિ, પણ નુકસાન થશે અને જ્યાંસુધી તમે પુરુષોને મોહાધિન બનાવવાનું કાર્ય કરો છો ત્યાંસુધી હું પણ તમારી સાથે આવી શકીશ નહિ. હા, જો તમે આ માર્ગને છોડીને સદાચારમાં પ્રવૃત્ત બનવા ઇચ્છતા હો, તો હું તમારી સાથે આવવા માટે તૈયાર છું. અને જો તમે એ પ્રમાણે વર્તવા માટે કબૂલ થતા ન હો, તો હું પણ તમારે ત્યાં આવી શકતી નથી. જ્યારે તમે ખોટો માર્ગ પણ છોડવા તૈયાર નથી, તો હું સારો માર્ગ કઈ રીતે છોડી શકું ? "

વસુમતિનો જવાબ સાંભળીને, વેશ્યા મનોગત કહેવા લાગી કે, "આ છોકરી માત્ર સુંદર જ નથી, પણ બુદ્ધિશાળી પણ છે, અને વાતચીત કરવામાં પણ કુશળ છે. જો તેણી મારે ત્યાં આવે, તો અવશ્ય મારા ઘરની આબરૂ પણ વધી શકે છે." એ પ્રમાણે વિચાર કરતી તે વેશ્યા કાંઈક ક્રોધિષ્ટ બનીને વસુમતિને કહેવા લાગી કે, "બારે સદાચારિણી બની ગઈ છે, મને સદાચારનો ઉપદેશ આપવા લાગી છે, એમ નથી જોતી કે હું કોણ છું ? આ વાત કોની સાથે કરી રહી છું ! તું દાસી મને ઉપદેશ આપે ! વેચાવા માટે તો ઊભી છે, અને મને ઉપદેશ આપી રહી છે, તું મને ઉપદેશ નથી આપી શકતી. તારા જેવી દાસીઓ મારે મારે ત્યાં ઘણી છે, અને જો, આટલી દાસીઓ તો અહીં જ ઊભી છે. માટે તારો ઉપદેશ તારી પાસે જ રહેવા દે. આ ઉપરાંત, તું મને સદાચારનું પાલન કરવાનું કહે છે, પણ તું પોતે સદાચારનું પાલન કેમ નથી કરતી ? સદાચારમાં સત્ય પણ છે. તું સત્યનું પાલન કેમ નથી કરતો ! હમણાં તેં જ કહ્યું હતું કે હું દાસી છું, વેચાઈ રહી છું, અને જે કોઈ ૨૦ લાખ સોનામહોરો આપે, તેની સાથે જવા તૈયાર છું. તારાં આ

કથન પ્રમાણે મેં ૨૦ લાખ સોનામહોરો આપવાનું કબૂલ કર્યું છતાં તું મારી સાથે આવવાની કેમ ના કહે છે ? ખરીદી લેવાથી, હું તારી મારફત સઘળું કામ કરવાનો હક્ક ધરાવું છું. તું કોઈ પણ કામ કરવાની ના પાડી શકતી નથી. મેં તેં માગેલી ૨૦ લાખ સોનામહોરો આપવાનું કબૂલ કર્યું અને હજી પણ હું મારા વચનને વળગી રહું છું. છતાં તું તારી કહેલી વાત ઇનકારે છે. હવે તું જ કહે કે સત્યનું પાલન હું નથી કરતી કે તું, અને એથી સદાચારિણી હું છું કે તું ? તું બીજાને તો ઉપદેશ આપે છે, પરન્તુ એ પણ જુએ છે કે હું બીજાને જે ઉપદેશ આપું છું, તેનું પાલન હું પોતે પણ કરું છું કે નહિ ? તું એમ કેમ નથી વિચારતી કે હું જે ઉપદેશ બીજાને આપું છું તેનું પાલન હું પોતે કેમ ન કરું ! તું મારે ત્યાં આવવાનું ઇચ્છે કે ન ઇચ્છે, પણ હવે તો તારે મારી સાથે આવવું જ પડશે. તારો અને મારો સોદો પાકો થઈ ચૂક્યો છે, કેમકે તેં વીસ લાખ સોના-મહોરો માગી, અને મેં તે આપવાનું કબૂલ કર્યું. હવે તું કોઈ પણ રીતે ફરી શકતી નથી. હવે જો તારી ઇચ્છા હોય તો અહીંયાં ઊભેલા માણસો પાસે ન્યાય કરાવી લે."

આ પ્રમાણે કહીને વેશ્યા હાવભાવ બતાવતી, ત્યાં ઊભેલા માણસો સામે જોવા લાગી. તેણે સંકેતથી કેટલાકને તો સમજાવી દીધું કે હું તમને રાજી કરીશ, અને કેટલાકને એમ સમજાવ્યું કે આ છોકરી મારે ત્યાં આવશે તો તમે પણ તેનાથી આનંદ લઈ શકશો. તેના કટાક્ષ અને સંકેતથી ત્યાં ઊભેલા માણસોમાંથી ઘણા માણસો અંજાઈ ગયા. એવા માણસો વિચાર કરવા લાગ્યા કે ખરી રીતે જો આ છોકરી વેશ્યા બની જાય તો શહેરની શોભા પણ વધે અને કોઈ વાર પોતે પણ તેના સ્પર્શનો આનંદ લઈ શકે. વેશ્યાએ જ્યારે જાણ્યું કે અહીંયાં મારા મતનું સમર્થન કરનારા ઘણા માણસો છે, ત્યારે તે સઘળા લોકોને કહેવા લાગી કે, "તમે સઘળા આબરૂદાર માણસો સન્મુખ જ આ સોદો થયો છે. તમે જ કહો કે હું કાંઈ ખોટું

તો કહેતી નથી ને ! જો હું એવું કહેતી હોઉં, તો તો મને કહો, નહિ તો બતાવો કે હવે આ લોકો મારી સાથે આવવાનો ઇન્કાર કરી શકે છે શું !"

વેશ્યાનો ગૌરવ તથા તેના હાવભાવથી જે કામીજનો મોહાઈ ગયા હતા, તેઓ તેણીના પક્ષનું સમર્થન કરતાં કહેવા લાગ્યા કે, "સોદો સાચો થયો છે, માટે તેણે તમારે ત્યાં આવવું જ જોઈએ ! તે તમારી પાસેથી માત્ર વીસ લાખ સોનામહોરો અપાવી ચૂકી છે, તમારી સાથે આવવાનો ઇનકાર નથી કરી શકતી." કામી માણસો આ પ્રમાણે બોલીને વેશ્યાના મતનું સમર્થન કરવા લાગ્યા. હા, જે લોકો દુરાચારને ખોટો સમજી, વેશ્યાના મોહક કટાક્ષ વગેરેથી અંજાતા નહોતા, તેઓએ અવશ્ય વેશ્યાનું કથન અનુચિત બતાવીને કહ્યું કે, "કોઈના પર જબરજસ્તી ન કરી શકાય. તે વેશ્યાને ત્યાં જાય કે ન જાય, તે તેની ઇચ્છા પર અવલંબે છે. તેણે વેશ્યાને ત્યાં જવાનું કબૂલ કર્યું નથી. પણ વેશ્યા પાસેથી તેનો આચાર જાણીને વેશ્યાને ત્યાં જવાનું નાકબૂલ કર્યું છે. આવી સ્થિતિમાં એમ પણ ન કહી શકાય કે સોદો સહી થઈ ગયો છે."

આ પ્રમાણે કેટલાક લોકો તો વેશ્યાના પક્ષનું સમર્થન કરવા લાગ્યા અને કેટલાક વસુમતિના પક્ષનું સમર્થન કરવા લાગ્યા. ત્યાં હાજર રહેલાં માણસોમાં બે વિભાગ પડી ગયા, પરન્તુ વેશ્યાને સાથ આપનારાઓ વધારે હતા અને વસુમતિને સાથ આપનારા થોડા હતા. પોતાના પક્ષમાં ઘણા માણસોને જોઈને વેશ્યા આનંદ પામી. તેણે વિચાર્યું કે હવે કોઈ પણ રીતે આને જલ્દીથી લઈ જવી જોઈએ. વિલંબ કરવા જેવું નથી.

આ પ્રમાણે નિશ્ચય કરીને વેશ્યા વસુમતિને કહેવા લાગી કે, "લે, જોઈ લે, વધારે માણસો મારી વાતને બરોબર કહે છે કે તારી વાતને ? સત્યની અવહેલના તું કરે છે કે હું ? તું સત્યની અવહેલના

[illegible] પણ [illegible] લઈ જઈશ."

વેશ્યાના કથનના જવાબમાં વસુમતિ બોલી કે, " માતા, હું એવી જાતના કાચા વિચારો કરતી નથી કે ઘણું આયુષ્ય ભોગવી જીવનનું [illegible] કરવા [illegible] થાય તે ઉત્તમ માની લઉં. મારી આખી દુનિયા પણ મારા કામને માટે છે. તોપણ હું તે મારા કામને મારું ન માની શકું. હું વીસ લાખ સોનામહોરો આપવાની સામે આવવા તૈયાર છું, પણ ગ્રહણ કરવાને માટે. તમારી મોટી કામના પૂરી કરવા ખાતર, લોકોને દુરાચારના ખાડામાં નાખવા માટે અને જેના હાથે પોતાનું શીલ ભેગવવા માટે વેશ્યાનું મેં કબૂલ કર્યું નથી. તેમ કબૂલ કરી શકતી પણ નથી. તેને માટે જો વીસ લાખ સોનામહો-રોને બદલે ચાલીસ લાખ સોનામહોરો આપો, તોપણ હું જઈ ન શકું. એટલા માટે મને લઈ જવાનો વિચાર તમે છોડી દો. હું તમારી સાથે આવી શકતી નથી. દાસી બનવાનું તેમ જ બીજાનું કષ્ટ સહન કરવાનું મને કબૂલ છે, પણ તમારી સાથે આવીને, તમે જે સુખોનું પ્રલોભન આપો છો, તે સુખનો હું સ્વીકાર કરવા માગતી નથી."

વસુમતિનો શુષ્ક જવાબ સાંભળીને વેશ્યાએ વિચાર્યું કે, "આ છોકરી ખુશીથી નહિ આવે, તેને તો બળાત્કારે જ લઈ જવી ઠીક છે. અહીંયાં જેટલા માણસો હાજર છે તેમાંનો મોટો ભાગ મને સહાય કરનાર છે. કેટલાક માણસો તેના પક્ષનું સમર્થન કરનારા છે, પણ તે બહુ થોડા છે. અને જ્યારે હું તેને બળાત્કારે લઈ જવા માંડીશ, તે વખતે તેઓ તેની મદદમાં આવશે, એમ બનતું

અસંભવિત છે. માટે તેને જોરજુલમથી પાલખીમાં બેસાડીને લઈ જવી જ ઠીક છે. એક વાર તો હું તેને મારા ઘર સુધી લઈ જાઉં. પછી તો હું કોઈ પણ રીતે તેને મારા વિચાર પ્રમાણે મનાવી લઈશ."

વસુમતિને પરાણે લઈ જવાનો નિશ્ચય કરીને, વેશ્યા ક્રોધપૂર્વક કહેવા લાગી કે, "કેમ નહિ આવે? ચાલવું ન હતું, તો પછી વેચાવા માટે બજારમાં કેમ ઊભી રહી! જ્યારે બજારમાં ઊભી રહીને વેચાઈ છે, અને હું મેં માગી રકમ આપવા કબૂલ થઈ છું, ત્યારે કેમ નહિ ચાલે! હું તો ધારતી હતી કે જ્યાંસુધી બને ત્યાંસુધી હું તને પ્રસન્ન રાખું, પણ તું તો વધારે ને વધારે હઠીલી થતી જાય છે. જો હું તને હમણાં જ લઈ જાઉં છું, અને જોઉં કે તારી મદદમાં કોણ આવે છે!"

એમ કહીને વેશ્યાએ પોતાની દાસીઓ અને પોતાના નોકરોને કહ્યું કે, "આને પકડીને પાલખીમાં નાખી દો, અને આપણે ત્યાં લઈ આવો." એમ કહીને તે વેશ્યા પોતાની દાસીઓ સાથે, વસુમતિ તરફ તેને પકડવા માટે આગળ વધી. વેશ્યા અને તેની દાસીઓને બળાત્કાર કરવા તૈયાર થયેલી જોઈને, વસુમતિ તેમનાથી બચવા માટે થોડીક પાછળ હટી ગઈ.

વસુમતિ તથા વેશ્યાની વાતચીત રથી પણ સાંભળી રહ્યો હતો. અત્યારસુધીમાં તેણે વેશ્યાને કે વસુમતિને કાંઈ પણ કહ્યું ન હતું. તે ચૂપચાપ સઘળી વાતો સાંભળતો, પોતાની અસમર્થતા તથા સ્ત્રીની મૂર્ખતા પર દુઃખનો અનુભવ કરી રહ્યો હતો. પરન્તુ જ્યારે તેણે વસુમતિને પકડવા માટે વેશ્યાને વસુમતિ તરફ આગળ વધતી જોઈ તથા વસુમતિને પાછળ હટતી જોઈ, ત્યારે તે શાંત રહી શક્યો નહિ. તેણે તે સ્થળેથી વેશ્યાને ધમકાવતાં કહ્યું કે, "સાવધાન, મારી હાજરીમાં આ મારી પુત્રીને હાથ લગાડ્યો તો આ મારી તલવાર જોઈ લેજે.

આ કન્યા ખુશીથી તારી સાથે આવતી હોય તો હું નથી રોકતો, પણ જો જબરદસ્તી કરી તો આ તલવારથી ટુકડેટુકડા કરી નાખીશ." આ પ્રમાણે કહીને રથી મ્યાનમાંથી તલવાર કાઢીને, તે નગ્ન તલવાર હાથમાં લઈને, વસુમતિ તથા વેશ્યાની વચમાં આવીને ઊભો રહ્યો, અને વેશ્યાને કહેવા લાગ્યો કે, "શું તેં આ કન્યાને અરક્ષિત માની લીધી છે? શું તેનો કોઈ રક્ષક જ નથી? મને દેખે છે કે નહિ? મારી હાજરીમાં તેણીને હાથ લગાડ્યો, તો સમજજે કે તું સહિસલામત રહેવા પામીશ નહિ."

આ પ્રમાણે રથીને ક્રોધથી લાલચોળ બનેલો જોઈ, તથા તેના હાથમાંની ખુલ્લી તલવાર જોઈ વેશ્યા ભયભીત બની ગઈ. ભયની મારી તે પાછી હઠી ગઈ, અને મોટેથી કહેવા લાગી કે, "જુઓ, જુઓ, આ મને તલવારથી મારે છે. જ્યારે સોદો થયો ત્યારે તો તે સાંભળી રહ્યો અને હવે જબરદસ્તીથી વચ્ચે કૂદી પડ્યો છે. તેને આ છોકરીની કિંમત લેવા ઉપરાંત આ બાબતમાં કોઈ જાતનો હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી. મેં આ છોકરી સાથે સોદો સહી કરી લીધો છે. હવે તે બોલનાર કોણ?"

વેશ્યા આવી જ વાત ઉડાવવા લાગી. વેશ્યાનો પક્ષ કરનારા માણસો પણ વેશ્યાની હામાં હા મેળવી તેના પક્ષમાં બોલવા લાગ્યા. રથીને વસુમતિના રક્ષણ માટે તલવાર ઉગામેલો જોઈને વસુમતિના પક્ષનું સમર્થન કરનારા માણસો પણ મૌન ન રહ્યા. તેઓ પણ રથીની વાતનું સમર્થન કરવા લાગ્યા. આ પ્રમાણે ત્યાં બે વિભાગ પડી ગયા અને બંનેમાં વાગ્યુદ્ધ થવા લાગ્યું.

તે વખતે ત્યાં સાત્ત્વિક, રાજસ તથા તામસ એમ ત્રણ પ્રકૃતિ એકત્રિત થઈ રહી હતી. વેશ્યાથી ઘેરાયલા હતા તેઓ તામસ પ્રકૃતિના હતા. રથી અને તેના સમર્થક જેઓ વસુમતિના રક્ષણાર્થે

ઊભા હતા, તથા મારવા-મરવા માટે તૈયાર થયા હતા તેઓ ભાજન પ્રકૃતિના હતા. વસુમતિ સાત્વિક પ્રકૃતિની હતી, જો કોઇ ઊભી હતી. તેના હૃદયમાં પોતાના પર અત્યાચાર કરવા માટે તત્પર થયેલી વેશ્યા તથા તેના સમર્થકો પ્રત્યે દ્વેષ પણ ન હતો, તેમ તેને બચાવવા માટે તત્પર થયેલ રથી અને તેના સમર્થકો પ્રત્યે રાગ પણ ન હતો. તે તો એ જ ઇચ્છતી હતી કે કોઈ પણ રીતે અશાન્તિ ન થાય તો સારું. તે વિચારતી હતી કે, "આ વખતે બન્નેય પક્ષના માણસો ઉશ્કેરાયલા છે. હું બન્નેમાંથી કોને સમજાવું ! વેશ્યા મને લઈ જવાના લોભમાં પડી છે, અને પિતા મારા રક્ષણાર્થે ઊભા રહ્યા છે. આવે વખતે વેશ્યાને કોઈ પણ સમજાવવાનો પ્રયાસ કરવો તે નકામું છે. તે મારી વાત માનશે નહિ. માની શકે પણ કેવી રીતે ! તેને મારા પર વિશ્વાસ જ નથી. એટલા માટે પિતાને જ સમજાવવા ઉચિત છે. પિતાને મારા પર વિશ્વાસ છે, એથી તેઓ મારી વાત માનશે."

આ પ્રમાણે વિચાર કરીને વસુમતિ રથી પ્રત્યે કહેવા લાગી કે, "પિતાજી, શાન્ત થાઓ. ક્રોધ કરીને આ પ્રમાણે મારવા-મરવા તૈયાર થવું તે ઠીક નથી. માતાએ તમને જે શિખામણ આપી હતી, તે તમે આ વખતે કદાચ ભૂલી જવા લાગો છો. કોઈના પર હથિયાર ચલાવવું અથવા ક્રોધાયમાન થવું એ માતા નહોતી જાણતી એમ નહિ, પણ તેણે તે સુરક્ષ સમયમાં પણ ક્રોધ ન કર્યો, તેમ શસ્ત્ર-પ્રયોગ પણ ન કર્યો. તમે માતાની તે શિખામણ યાદ કરીને શાન્ત બની જાવ, અને તલવાર મ્યાન કરો."

રથી કહેવા લાગ્યો કે, "પુત્રી, તું શું કહે છે ! શું હું આવે વખતે પણ કાયરતા બતાવું ! આ દુષ્ટાને તારા પર બળાત્કાર કરવા દઉં !"

વસુમતિએ જવાબ આપ્યો કે, "પિતાજી, આવો સમય તો તે શિખામણના ઉપયોગનો જ છે. અનુકૂળ સંયોગોમાં તો સૌ શાન્ત રહે છે,

પણ જ્યારે પ્રતિકૂળ સંયોગોમાં શાન્ત રહેવાય, ક્રોધ ન થાય તથા ધૈર્ય તેમ જ ક્ષમા ન ત્યજાય ત્યારે જ વિશેષતા છે. માતાએ આપેલી શિખામણ તમે કેટલે દરજ્જે સમજ્યા છો, તેની પરીક્ષાનો સમય તો આ જ છે. માટે તમે તમારી આ તલવાર મ્યાનમાં મૂકી દો. મારી નસેનસમાં માતાની શિખામણ ભરેલી છે, તેથી મારી રક્ષા માટે તલવારની જરૂર નથી."

રથીના હૃદયમાં વસુમતિ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હતી. એથી તે વસુમતિના કથનની ઉપેક્ષા ન કરી શક્યો. તેણે વસુમતિની વાત માનીને તલવાર મ્યાન કરી. તે દેખીને વેશ્યા પ્રસન્ન બની ગઈ. તે કહેવા લાગી કે, "આ છોકરી ઉપર ઉપરથી જ મારે ત્યાં આવવાની આનાકાની કરે છે, પણ ખરી રીતે તો તેની ઇચ્છા મારે ત્યાં આવવાની જ છે. છતાં પણ આ પુરુષ તેની રક્ષા કરવાના બહાને વચમાં આવીને ઊભો રહ્યો છે. જુઓ, આ છોકરીએ નીકળેલી તલવાર મ્યાનમાં મુકાવી દીધી છે. જો તે આ પુરુષ દ્વારા પોતાની રક્ષા ઇચ્છતી હોત તો આમ શા માટે કરત ?"

વેશ્યાના આ કથનનું તેના મદદનીશ માણસો પણ અનુમોદન કરવા લાગ્યા. તેઓ પણ કહેવા લાગ્યા કે, "ખરી રીતે તો આ છોકરી આ વેશ્યાને ત્યાં જ જવા માગે છે, પણ આ લોકો નકામા વચમાં ઝગડો કરી રહ્યા છે." વેશ્યા તથા તેના સહાયકોનું આ કથન સાંભળીને, વસુમતિ કહેવા લાગી કે, "હે પ્રભો, મેં તો શાન્તિને ખાતર આમ કર્યું, પરન્તુ આ બધા માણસો મારી આ શાન્તિના ઉપાયનો પણ અવળો અર્થ કરવા લાગ્યા છે. આવી સ્થિતિમાં આ લોકોને સમજાવવાની શક્તિ મારામાં ક્યાંથી હોય ? આ તામસ પ્રકૃતિવાળા માણસોને સમજાવવામાં મારી સાત્ત્વિક શક્તિ આ વખતે અસમર્થ બની ગઈ છે. આ વખતે તામસ શક્તિનું જોર છે, એટલે હું અસમર્થ છું."

એમ કરીને, જેમ ચીરહરણ વખતે દ્રૌપદી નિર્બળ બની ગઈ હતી તેમ વસુમતિ પણ નિર્બળ બનીને શાંત ઊભી રહી. જે વ્યક્તિ પોતાનું બળ ત્યાગીને પૂરેપૂરી રીતે પરમાત્માને શરણે જાય છે, તેનું અનિષ્ટ કોઈ પણ માણસ, કોઈ પણ સમયે, ગમે તેવી સ્થિતિમાં કરી શકતો નથી. સુદર્શન શ્રાવક પોતાનું બળ છોડીને, સંપૂર્ણપણે પરમાત્માને શરણે ગયો હતો, તો ૧૧૪૧ મનુષ્યોનો સંહારક અર્જુનમાળી તેનું કિંચિત્ પણ ન બગાડી શક્યો. તેનું મુદ્ગર અદ્ધર જ ઉપાડેલું રહી ગયું. યક્ષ પ્રવેશથી તેની વધેલી અતુલ શક્તિ પણ સુદર્શન પર મુદ્ગર મારવામાં સમર્થ ન થઈ. ચીરહરણ વખતે દ્રૌપદી પણ પોતાનું સઘળું બળ ત્યાગીને સંપૂર્ણતઃ પરમાત્માને શરણે ગઈ હતી, એ કારણે દુઃશાસન જેવો બળવાન માણસ પણ તેને નગ્ન કરવામાં સમર્થ ન થઈ શક્યો. આ વિષયમાં અજૈન ભક્તોનું બનાવેલું એક ભજન પણ છે, જે આ પ્રમાણે છે—

સુનેરી મૈંને નિર્બલ કે બલરામ ।
પિછલી સાખ ભરૂં સન્તન કી, અડ સવારે કામ ॥ દેખે૦

જબલગ ગજબલ અપનો રાખ્યો નેક સર્યો નહિ કામ,
નિર્બલ હો બલરામ પુકારે, આયે આધે નામ ॥ દેખે૦

દ્રુપદ સુતા નિર્બલ ભઈ જા દિન, ગહિ લાએ નિજ ધામ,
દુઃશાસન કી ભુજા થકિત ભઈ, વસન રૂપ ભયે શ્યામ ॥ દેખે૦

આપબલ તપબલ ઔર બાહુબલ, ચૌથા બલ હૈ દામ,
'સૂર' શ્યામ સુંદર તે સબ બલ, હારે કો હરિ નામ ॥ દેખે૦

આ ભજનનો અર્થ એ જ છે કે જે વ્યક્તિ ભૌતિક બળ ત્યાગી દે છે, તેની મદદ લેતી નથી, તેને આધ્યાત્મિક બળની પ્રાપ્તિ થાય છે,

અને પછી તેના રક્ષણાર્થે અનાયાસે જ કોઈ ને કોઈ શક્તિ આવી જાય છે.

વસુમતિને માટે પણ એમ જ થયું. તે પોતાનું સઘળું બળ ત્યાગીને અને નિર્બળ બનીને ઊભી થઈ ગઈ. વેશ્યાએ માન્યું કે, "તેની ઇચ્છા મારે ત્યાં આવવાની છે, પરન્તુ તે ખુલ્લી રીતે પ્રસન્નતાપૂર્વક આવવા ઇચ્છતી નથી. જો આ તલવારધારી પુરુષ તેને બચાવવા માટે વચમાં ન આવ્યો હોત, તો તો હું આ છોકરીની આંતરિક ઇચ્છાનુસાર તેને પકડીને પાલખીમાં નાખી જ દેત, અને તેવી સ્થિતિમાં તે કાંઈ પણ બોલત નહિ, પણ આ પુરુષ વચમાં આવીને ઊભો રહ્યો, તેથી વિઘ્ન ઉપસ્થિત ગયું. હવે તો આ છોકરીએ આ પુરુષને પણ શાંત કરી લીધો છે, અને પોતે પણ શાંત છે, હવે તેને સહાય કરનાર પણ કોઈ નથી, માટે તેને પકડીને પાલખીમાં નાખી દેવાનો તથા ઘેર લઈ જવા માટેનો આ સારામાં સારો અવસર છે."

આ પ્રમાણે વિચાર કરીને, વસુમતિને પકડવા માટે તેની તરફ ચાલી. તેણે વસુમતિ તરફ એક જ પગ રાખ્યો હતો એટલામાં તો તેના ઉપર ઘણા વાંદરાઓ તૂટી પડ્યા તથા અને તેનું શરીર તથા વસ્ત્રો ફાડવા લાગ્યા. વેશ્યાએ મદદ માટે બૂમ પાડી, પણ વાંદરાઓના ઉત્પાતથી એવો ત્રાસ વર્તાઈ રહ્યો હતો કે ત્યાં ઊભેલા માણસો જ્યાં માર્ગ મળ્યો ત્યાં ભાગવા લાગ્યા. વેશ્યાને મદદ કરવા માટે તેના સમર્થકો કે તેના દાસદાસીઓ કોઈ પણ આવ્યાં નહિ. મદદને માટે વેશ્યા બૂમો પાડતી જ રહી, અને વાંદરાઓ તેની દુર્દશા કરતા જ રહ્યા. કોઈ વાંદરાએ વેશ્યાના નાકનું આભૂષણ ખેંચી લીધું, જેથી તેનું નાક ચીરાઈ ગયું. કોઈએ તેના કાનનું આભૂષણ ખેંચી લીધું જેથી કાન ચીરાઈ ગયો. કોઈએ ગાલ કરડી ખાધો, કોઈએ મોઢાં પર થપ્પડ મારી અને કોઈએ તેનાં મૂલ્યવાન

વસ્ત્રોના ચૂરેચૂરા કરી નાખ્યા. વેશ્યા ખૂબ રોતી કકળતી રહી, પરન્તુ
બધું વ્યર્થ. અંતમાં તે જમીન પર ઢળી પડી, તો પણ વાંદરાઓએ
તેને છોડી નહિ.

વેશ્યા પર વાંદરાઓનું આક્રમણ તથા તેનું કરુણ રુદન જોઈ
સાંભળીને વસુમતિથી રહેવાયું નહિ. તે વેશ્યાને મદદ કરવા માટે
દોડી. તેણે વાંદરાઓને ધમકાવતાં કહ્યું કે, "અરે વાંદરાઓ, આ માતાને
શા માટે દુઃખ આપો છો! ખમો, માતાને છોડી દો." આ પ્રમાણે
હાક મારીને વસુમતિએ જરૂર વાંદરાઓને ધમકાવ્યા, પણ વસુમતિએ
હાક માર્યા પહેલાં જ વાંદરાઓએ વેશ્યાને બેહાલ બનાવી દીધી હતી.
વસુમતિની હાક સાંભળીને, જેમ બંદૂકનો અવાજ સાંભળીને પક્ષીઓ
નાસી જાય તેમ વાંદરાઓ વેશ્યાને છોડીને નાસી ગયા. વસુમતિ
વેશ્યાની પાસે ગઈ. વાંદરાઓના કરડવાથી વેશ્યાનું આખું શરીર
લોહીલોહાણ બની ગયું હતું. તેનાં શૃંગારવર્ધક વસ્ત્રાભૂષણોના
ટુકડેટુકડા થઈને અહીં તહીં પડ્યા હતા. અને તેના આખા
શરીરમાં મહાન વેદના થઈ રહી હતી. વસુમતિએ વેશ્યાને હાથ
પકડીને બેઠી કરી, તથા તેના શરીર પર પોતાનો હાથ ફેરવ્યો.
સતી વસુમતિનો હાથ ફરતાં જ, વેશ્યાના શરીરમાં જે વેદના થઈ
રહી હતી, તે શાન્ત થઈ ગઈ. વેશ્યાના શરીર પર હાથ ફેરવીને
અને તેની વેદના શાંત કરીને, વસુમતિ તેને કહેવા લાગી કે,
" માતા, તમને ઘણું જ દુઃખ થયું. વાંદરાઓએ તમારા સઘળાં
અવયવો બહુ ખરાબ રીતે ખણી નાખ્યાં."

વસુમતિ આ પ્રમાણે વેશ્યાને કહી રહી હતી અને વેશ્યા
કૃતજ્ઞતા ભરી દૃષ્ટિથી વસુમતિ તરફ જોતી થકી વિચારી રહી હતી
કે, "આ તો કોઈ સાક્ષાત દેવી છે, એથી તો તે મારા જેવી અપકાર
કરનારી સ્ત્રી પર પણ ઉપકાર કરી રહી છે! આ શક્તિએ પહેલાં
પણ મને સમજાવી, છતાં હું ન સમજી, તેનું જ આ ફળ મળ્યું."

વસુમતિ વેશ્યાને સાંત્વન આપતી હતી, અને વેશ્યા એ પ્રમાણે વિચાર કરતી હતી, તેટલામાં તો વેશ્યાના દાસદાસીઓ તથા બીજા સહાયક માણસો પણ ત્યાં આવી પહોંચ્યા. કોઈ વેશ્યાને દિલાસો આપવા લાગ્યા, કોઈ ઘા પર પટ્ટી ચોડવા લાગ્યા, અને કોઈ તેના વિખરાયેલા આભૂષણો ભેગાં કરવા લાગ્યા. છતાં વેશ્યાના હૃદયપટ પર વસુમતિની સહૃદયતાનો જે પ્રભાવ પડયો હતો, તેની આગળ આ બધા લોકોની સહાનુભૂતિની કાંઈ પણ અસર ન થઈ.



: પ્રકરણ :

[૧૩]

ધનાવહ શેઠને ઘેર

આત્માને ઓળખનાર કરુણાળુ વ્યક્તિ કોઈનો પણ અપકાર કરતી નથી. તે પોતાના અપકારી પર પણ ઉપકાર કરે છે. તેના હૃદયમાં કોઈના પ્રત્યે દ્વેષ તો હોતો જ નથી. ભલે કોઈ તે વ્યક્તિનો પ્રાણ સુધ્ધાં પણ લેવાને તૈયાર થાય અને પ્રાણ લઈ પણ લે, તોપણ તે તેના પર ઉપકાર જ કરે છે, તેનું ભલું જ ચાહે છે. એ વાત જુદી છે કે તેનામાં વધારે ઉપકાર કરવાની શક્તિ ન હોય, અને એ કારણથી તે વધારે ઉપકાર ન કરી શકે, પણ તેનામાં જેટલી પણ શક્તિ હોય તે પ્રમાણે હમેશાં અન્ય પર ઉપકાર કરવા માટે જ તત્પર રહે છે. કદાચ કોઈના પર ઉપકાર ન પણ કરી શકે, તોપણ શક્તિશાળી હોવા છતાં પણ કોઈના પર અપકાર તો કદી કરશે જ નહિ. જો કરી શકે તો ઉપકાર જ કરશે. અર્જુનમાળી, સુદર્શન શ્રાવક પર પ્રાણઘાતક આક્રમણ કરવા માટે તત્પર થયો હતો. જો તેની શક્તિ ચાલત, તો તે સુદર્શનને મારી જ

નાખત, પરન્તુ તેની તામસી શક્તિ સુદર્શનની આધ્યાત્મિક શક્તિ આગળ નિષ્ફળ નીવડી. તે પરાજીત થઈને નીચે પછડાઈ પડ્યો. તેના શરીરમાંથી નીકળીને યક્ષ ભાગી ગયો. તે શારીરિક શક્તિમાં સુદર્શન કરતાં વધારે નિર્બળ બની ગયો. જો સુદર્શન ધારત તો બદલો લેવાની ઇચ્છાએ અર્જુનમાળીને શિક્ષા કરી શકત, અથવા શિક્ષા કરાવી શકત, પણ સુદર્શનના હૃદયમાં એવી ભાવના સુધ્ધાં પણ ન થઈ. એટલું જ નહિ પણ તે, અર્જુનમાળીને ભગવાનની સેવામાં લઈ ગયો અને તેને મોક્ષમાર્ગનો પથિક બનાવ્યો. મુનિશ્રી ગજસુકુમારના મસ્તક પર સોમિલે આગના અંગારા મૂક્યા હતા. ગજસુકુમાર મુનિમાં ન તો શારીરિક શક્તિ ઓછી હતી કે ન તો લબ્ધિની શક્તિ ઓછી હતી. જો તેઓ ધારત, તો સોમિલને શિક્ષા કરી શકત, અથવા એક હુંકાર માત્રથી પણ સોમિલ મરણને શરણ થઈ જાત, પણ તેમણે સોમિલને પોતાનો એક વધારે ઉપકારક પુરુષ માન્યો. તો પછી તેના પર અપકાર કરવાની તો વાત જ ક્યાં રહી? ભગવાન મહાવીર ચંડકૌશિક સર્પને બાળીને ભસ્મ કરી શકતા હતા, પરન્તુ ભગવાને બોધ આપીને તેને કલ્યાણનો માર્ગ બતાવ્યો. આ પ્રમાણે સેંકડો હજારો ઉદાહરણો એવાં છે કે જેથી એમ સિદ્ધ થાય છે કે આધ્યાત્મિક શક્તિને જાણનાર દયાળુ પુરુષો કોઈ પણ સંયોગોમાં પોતાની સાથે શત્રુતા રાખનાર પર પણ અપકાર નથી કરતાં, પરન્તુ તેના પર ઉપકાર જ કરે છે.

વસુમતિ પ્રત્યે વેશ્યાએ કોઈ જાતનો સદ્વ્યવહાર નહોતો કર્યો. હા, અવશ્ય દુર્વ્યવહાર કર્યો હતો. તેણે વસુમતિને કટુ વચનો પણ કહ્યાં હતાં, અને તેને બળાત્કારે પકડીને લઈ જવા માટે તૈયાર થઈ હતી. એ રીતે તે વેશ્યા વસુમતિ પર અપકાર કરનારી હતી, તોપણ વાંદરાઓના ત્રાસથી તેને બચાવતી વખતે વસુમતિના હૃદયમાં તેના અપરાધો લેશ પણ લક્ષ્યમાં આવ્યા નહિ. જો વસુમતિ

મારત તો પછી ત્યેવી સંસ્થા પર વધારે પ્રહાર કરી દાન,
અથવા વાંદરાઓને ન ભગાડતાં વેશ્યાની વધારે દુર્દશા થવા દેત;
પરન્તુ જે તે એમ કરત તો પછી તેની ગણના સતીઓમાં પણ
ન થાત, તેમ તેણે આત્માને ઓળખ્યો છે અથવા તેનામાં દયા
છે તેમ પણ ન કહી શકાત. પરંતુ તે જાણતી હતી કે દરેક જીવોમાં
મારી સમાન જ આત્મા રહેલો છે, દરેક દુઃખી જીવ પર દયા કરવી
એ મારું સાધારણ કર્તવ્ય છે. અને મારી હાનિ અથવા મારા પર
અપકાર કરનાર કોઈ બીજું છે જ નહિ, મારો ઉપકાર અથવા અપ-
કાર કરવાની શક્તિ કોઈ બીજામાં છે જ નહિ, હું પોતે જ મારો
પોતાનો ઉપકાર કિંવા અપકાર કરી શકું છું. માટે મારે કોઈના
પ્રત્યે દ્વેષ રાખવો જોઈએ નહિ. આ જાતના વિચારોને લીધે જ
વસુમતિ, તે કષ્ટ પામતી વેશ્યાની પાસે દોડી ગઈ. તેને કરડનાર
વાંદરાઓને તેણે ભગાડી મૂક્યા, અને વેશ્યાને ઉઠાડીને, તેના શરીર
ર હાથ ફેરવીને તેને વેદના રહિત બનાવી દીધી.

આ વાત તો લગભગ બધાના અનુભવની છે કે, પોતાની સાથે
રાઈ કરનારની ભલાઈ કરવાથી, તે બુરાઈ કરનાર પોતાની તથા તે ભલાઈ
નારના કાર્યની સમજણના કરીને, પોતે જ એવો લજ્જિત બની
ય છે કે ફરી તેનું માથું નથી ઊંચું થઈ શકતું. તલવારના જોરે દબા-
મા આવેલું મસ્તક તો પ્રસંગ પર ઊંચું પણ થાય છે, પરન્તુ
કાર તળે દબાયલું મસ્તક કદી પણ ઊંચું થઈ શકતું નથી, તેવો
મ જ છે. તે જ નિયમાનુસાર વસુમતિ દ્વારા પોતાની રક્ષા થવાથી
પણ લજ્જિત બની ગઈ. તેની આંખો વસુમતિ સામે ઊંચી
થઈ શકતી ન હતી. તે વિચારતી હતી કે, "મેં તો આ વસુમતિની
કેવો ખરાબ વર્તાવ દાખવ્યો હતો, પરન્તુ તેણે મારા પર
બધો ઉપકાર કર્યો. જો તે વાંદરાઓને ન ભગાડત, તો કોણ
વાંદરાઓ મારી કેટલીયે દુર્દશા કરત, તથા મને જીવતી રહેવા
ન રહેવા દેત એ પણ એક મહત્ત્વનો સવાલ હતો. એ પ્રમાણે

વાંદરાઓના કરડવાથી મારી શરીરમાં જેવી ભયંકર વેદના થઈ ર
હી, પરન્તુ આ દુઃખનું કારણ જાણવાથી મારી આ વેદના શ
શાન્ત થઈ ગઈ. મેં જોયું કે એક તરફ તો મારા પર ઉપક
કરનારી છે અને બીજી તરફ એના શાસ્ત્રમાં કેવી શક્તિ છે કે
હેરવાથી જ વેદના શાંત થઈ ગઈ. એ આ બધાંનું કારણ પતિવ્રત
છે. એટલા માટે પોતાના વિચારો છોડીને. એણે પહેલાં મને
શિખામણ આપી હતી, કે પ્રમાણે કામ કરવામાં જ મારું કલ્યાણ
પહેલાં, મેં તેની શિખામણ માની નહિ. પરન્તુ હવે તો વાંદરાઓએ
મને એવી સ્થિતિમાં રહેવા જ દીધી નથી કે જેથી હું વેશ્યાવૃ
કરી શકું. હું મારાં જે અંગોપાંગ, આકૃતિ તથા રૂપ પર ગર્વ કરતી હતી
તથા મારા આશ્રિતો જેની પ્રશંસા કરીને મારા પર મુગ્ધ બન
હતા, તે સઘળાં અવયવોને વાંદરાઓએ વિકૃત (બેડોળ) બના
દીધાં છે. માટે હવે અનાયાસે જ મારાથી વેશ્યાવૃત્તિનું પાપ છૂટી ગયું.

આ પ્રમાણે ચિન્તન કરી વેશ્યાએ હાથ જોડીને વસુમતિ પ્રત
કહ્યું કે, "હે સતી ! મેં તમારું કહેવું માન્યું નહિ, તમારી શિખામણન
મશ્કરી કરી અને તમારા પર બળાત્કાર કરવા તૈયાર થઈ, તેની વાંદ
રાઓએ મને સજા કરી છે. આમ થવા છતાં તમે મારા પર જે દ
કરી છે, તેને માટે હું હમેશને માટે તમારી ઋણી છું. અને
સદાચારનું પાલન કરવા માટે તમે મને કહ્યું હતું, તેનું હું હવે પાલ
કરીશ. જો કે જ્યારે હું સદાચારનું પાલન કરું ત્યારે તમારે માર
સાથે આવવામાં કે મારે ત્યાં રહેવામાં કોઈ પણ જાતની હરકત નથી
છતાં પણ મને લાગે છે કે જે સુધારણા થઈ છે તે મારા આત્માન
થઈ છે; મારે ત્યાં રહેનારા બીજા માણસો તથા મારે ત્યાંનું વાતા
વરણ તો એવું ને એવું જ છે. મારે ત્યાં રહેનારા માણસોને સુધાર
વામાં તથા મારે ત્યાંનું વાતાવરણ બદલવામાં થોડોક વિલંબ થાય
સ્વાભાવિક છે. તેથી હવે હું પોતે જ તમને મારે ત્યાં ન લઈ જવામા
શ્રેય સમજું છું."

એમ કહીને વેશ્યા, વસુમતિ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતી પોતાને ઘેર ચાલી ગઈ. વેશ્યાના પશ્ચાત્તાપથી તેને મદદ કરનારા લોકો પણ લજ્જિત બની ગયા; અને તેઓ પણ પોતપોતાને રસ્તે પડયા. વસુમતિના વેચાવાની, વેશ્યાના ઝગડાની તથા વાંદરાઓના આક્રમણની વાત જોતજોતામાં આખા શહેરમાં પ્રસરી ગઈ. કૌશાંબી નગરીમાં એક ધનાવહ નામના શેઠ રહેતા હતા. તે ધનવાન પણ હતો તેમ જ ધર્માત્મા પણ હતો; પરન્તુ તેને કાંઈ સંતાન ન હતું. વસુમતિ સંબંધીના સમાચાર સાંભળીને તેણે વિચાર કર્યો કે જેણે પોતાના અપકારીની સાથે પણ ઉપકાર કર્યો અને જેનો હાથ ફરતાં જ વેશ્યાના શરીરની વેદના ઉપશમી. તે અવશ્ય કોઈ સતી છે. એવી સતી જો મારે ત્યાં હોય, તો મને ધર્મકાર્યમાં સહાયતા પણ મળે, તથા તેના બદલામાં આપવામાં આવેલા ધનનો પણ સદુપયોગ થાય.

આ પ્રમાણે વિચાર કરીને, ધનાવહ શેઠ તે જગ્યાએ આવ્યો કે જ્યાં વસુમતિ વેચાવા માટે ઊભી હતી. તે જગ્યા એ જે લોકો હાજર હતા, તેમની પાસેથી પણ શેઠે વસુમતિની પ્રશંસા સાંભળી. વેશ્યાની ઘટના સાથે વસુમતિની પ્રશંસા સાંભળીને, અને વસુમતિને દેખીને, ધનાવહ શેઠે નિશ્ચય કર્યો કે આ કન્યાને જરૂર મારે ઘેર લઈ જવી જોઈએ. તેની આકૃતિ જ કહી આપે છે કે તે ગુણવતી છે, અને તેની મારફત મારે ત્યાં ધર્મની વૃદ્ધિ થશે.

વેશ્યાના જવા પછી રથી હાથ જોડીને વસુમતિને કહેવા લાગ્યો કે, "હે પુત્રી! તારી માતાએ પોતાના પ્રાણનું બલિદાન આપીને મારું હૃદય પલટાવી નાખ્યું હતું. પરન્તુ તે પરિવર્તન સ્થાયી ન હતું. કોઈ કોઈ વાર ફરીથી મારું હૃદય પહેલાના જેવું અધમ બની જતું હતું, અને મને ક્રોધ આવી જતો હતો, જેમકે તને ઘરમાંથી કાઢી મૂકવાની વાત કરવા બદલ મારી સ્ત્રી પર તથા હમણાં આ વેશ્યા પર ક્રોધ આવ્યો હતો, પરન્તુ તારા ઉપદેશે મારા હૃદયમાં રહેલા આ

દુર્ગુણને પણ સર્વથા હઠાવી દીધો. હું અત્યારસુધી તને માત્ર પુત્રી જ માનતો હતો, પરન્તુ આજે તારો ઉપદેશ સાંભળીને, અને વેશ્યાના જીવનનો સુધાર જોઈને, મને ખાત્રી થઈ કે તું એક દેવી છે. દેવીમાં ગુણ હોવા જોઈએ, તે સઘળા તારામાં વિદ્યમાન છે. તું પણ બીજાઓની અધમવૃત્તિનો નાશ કરાવીને તેઓને સન્માર્ગ પર લાવી મૂકે છે. તારા જેવી સતી મારા ઘરમાંથી ચાલી જાય તેમ હું સ્વપ્નેય પણ ઇચ્છતો નથી. મારી કર્કશા સ્ત્રીને તારા ગુણોનું જ્ઞાન નથી, એથી, તે તને ઘરમાંથી કાઢી મૂકવા ઇચ્છે છે; પરન્તુ જ્યારે તેં વેશ્યાને પણ સુધારી દીધી, તો શું તેને નહિ સુધારી શકે ? તારી શકિત તેમ જ વેશ્યાની સુધારણા સાંભળીને તે પણ જરૂર સુધરી જશે. માટે હું તને એવી પ્રાર્થના કરું છું કે કૃપા કરી તું વેચાઈશ નહિ, પણ ઘરે પાછી ચાલ. મને વિશ્વાસ છે કે વેશ્યાની સુધારણા સાંભળીને મારી સ્ત્રી પણ અવશ્ય સુધરી જશે !"

આ પ્રમાણે બોલતાં બોલતાં રથી ગદ્દગદિત બની ગયો. તેનું ગળું ભરાઈ આવ્યું. ત્યારે વસુમતિ તેને ધીરજ આપતી કહેવા લાગી કે, "પિતાજી, તમે ધીરજ રાખો, આ પ્રમાણે કાયરતા ન દાખવો. તમે મને વેચાવા જ દો. ન વેચાતાં ઘેર પાછા જવાથી, માતાના હૃદયનો સન્દેહ વધારે મજબૂત થશે, જેથી વિના કારણે મને તથા તમને કલંક લાગશે. એ ઉપરાંત, ઘેર પાછા જવાથી, માતા સુધરી શકશે નહિ, પરન્તુ જ્યારે હું વેચાઈ જઈશ, અને માતાને વીસ લાખ સોનામહોરો મળી જશે, ત્યારે માતાનું હૃદય પણ બદલાઈ જશે, તેનું જીવન સુધરી જશે, અને મને તથા તમને કોઈ જાતનું કલંક પણ નહિ લાગે. અને એ રીતે ધર્મનો પણ વિજય થશે. એક બીજી વાત છે. હું અહીં વેચાવા માટે આવી, એટલામાં જ વેશ્યા માતાનું જીવન સુધરી ગયું છે, તો જ્યારે હું વેચાઈ જઈશ, ત્યારે કોણ જાણે કેટલાયે લોકોના જીવન સુધરી જશે. હું ન વેચાઉં તો કદાચ એક માતાનું જીવન જ સુધારી શકું, અને તેમનું જીવન સુધરે કે કેમ

એ પણ કલ્યાણકારક છે, પરન્તુ વેશ્યાનું ઘર તો, કાયા તો અત્યંત
દુઃખકારી જ. તેમ જ આપે મારે ન કહી શકાય કે જેણે હું સુખી
થાઉં! એટલા માટે તમે મને વેશ્યાને આપી ન દેશો."

આ પ્રમાણે વસુમતિ રુદન કરીને આનંદથી કહી રહી, ત્યારબાદ જ
ધનાવહ શેઠે તેની પાસે જઈને પૂછ્યું કે, "પુત્રી, મારા ઘરમાં
કેવું દુઃખ આવવું પડશે? હું તને મારે ત્યાં લઈ જવા ઈચ્છું છું.
મેં સાંભળ્યું છે કે તારું મૂલ્ય વીસ લાખ સોનામહોરોનું છે. જો
આ વાત બરાબર હોય તો હું વીસ લાખ સોનામહોરો આપવા
સહર્ષ તૈયાર છું. મારા મતે વીસ લાખ સોનામહોરો તો તારા
પગના અંગુઠા પર કુરબાન કરી શકાય છે. તારું મૂલ્ય આંકવા તો
કોઈ પણ સમર્થ જ નથી!"

ધનાવહ શેઠના મુખે 'પુત્રી' શબ્દ સાંભળીને વસુમતિને આનંદ
થયો. તે વિચારવા લાગી કે આ કોઈ ધર્માત્મા પુરુષ જણાય છે,
તો પણ મારે તેનાં આચરણ તથા મને ખરીદવાનો તેનો હેતુ જાણી
લેવો જરૂરી છે. કેમકે ઘણા લોકો ઉપરથી તો ધાર્મિકતાનો દેખાવ
કરે છે, પરન્તુ હૃદયમાં તો કોઈ જુદી જ ભાવના રાખે છે. તેનું
આચરણ તથા મને ખરીદવાનો તેનો હેતુ પૂછી લેવાથી તેની ભાવ-
નાની થોડી ઘણી માહિતી મળી જશે, અને જો કદાચ પૂરેપૂરી
માહિતી કદાચ ન પણ મળે, તો પણ બધી વાતનો ખુલાસો થઈ
જવાથી, તેને ત્યાં જઈને હું કોઈ અનુચિત કામ કરવાનો ઇનકાર
પણ કરી શકું, કે જેથી વિશ્વાસઘાત કરવાનું પાપ તો ન લાગે!

આ પ્રમાણે વિચાર કરીને, વસુમતિએ ધનાવહ શેઠને પૂછ્યું કે,
"પિતાજી, તમે મારા બદલામાં વીસ લાખ સોનામહોરો આપીને શા
હેતુએ મને ખરીદવા માગો છો? તમારે ત્યાં મારે શું શું કામ
કરવું પડશે? તમારા ઘરનો આચાર શો છે? હું આ બધી બાબતો

જાણવા માગું છું; કે જેથી હું આપને ત્યાં આવવા ન આવવા સંબંધીનો વિચાર કરી શકું; તેમ જ મને ખરીદીને, તમને પણ કોઈ જાતનું ઠગાવાપણું ન રહે. અને તમે એમ પણ ન કહી શકો કે હું આટલું દ્રવ્ય ખર્ચીને તને લાવ્યો છું, માટે આ અનુચિત કામ પણ તારે કરવું પડશે."

વસુમતિનો આ પ્રશ્ન સાંભળીને, ધનાવહ શેઠ પ્રસન્ન થયો. તે પોતાના મનમાં કહેવા લાગ્યો કે, આ અવશ્ય સતી જ છે, એથી તેણે આ જાતનો પ્રશ્ન કર્યો છે, તથા મારા ઘરનો આચાર જાણવા માગે છે. તેણે અન્ય વેચાતી દાસીઓની જેમ એમ નથી પૂછ્યું કે મને ખાવા માટે શું આપશો? કેવા મકાનમાં રાખશો? તથા કેટલા વખત સુધી કામ લેશો? તેણે જે પ્રશ્ન કર્યો છે તે આચાર સંબંધી છે, માટે જરૂર આ કોઈ મોટા ઘરની કુળવતી કન્યા છે.

આ પ્રમાણે વિચારીને ધનાવહ શેઠે વસુમતિને કહ્યું કે, "પુત્રી, તેં સારો પ્રશ્ન કર્યો છે. તેં કરેલા પ્રશ્નથી હું ખૂબ ખુશી થયો છું. ખરી રીતે તારા જેવી સતી માટે આ જાતનો પ્રશ્ન જ યોગ્ય છે. આજકાલ પુરુષોનું જે પતન છે તે જોતાં દરેક વાત સ્પષ્ટ કરી લેવી ઉચિત જ છે.

"હે પુત્રી, મારા ઘરનો આચાર શો છે, હું તને ક્યા હેતુએ ખરીદું છું, તથા મારે ત્યાં તારે શું કરવું પડશે, તે સાંભળ. આત્માનું કલ્યાણ કરનારા ધર્મનું પાલન કરવું એ જ મારા ઘરનો આચાર છે. તારે મારે ત્યાં ધર્મ સંબંધીનું કાર્ય કરવું પડશે. અને ધર્મકાર્યમાં સહાયતા લેવાના હેતુથી જ હું તને ખરીદું છું. હું બાર વ્રતધારી શ્રાવક છું. મારે આંગણે આવેલો કોઈ પણ અતિથિ પાછો ન જાય એ મારો નિયમ છે. મારે ત્યાં જે કોઈ આવે તેનું તેને યોગ્ય

સ્વાગત સત્કાર થવો જ જોઈએ. આ નિયમના પાલનમાં મને મદદ કરનાર કોઈ જ નથી. મારે કોઈ સંતાન તો છે જ નહિ, માત્ર પત્ની છે; છતાં મને તેના તરફની પૂરી સહાયતા મળતી નથી. તારી મારફત મને આ કાર્યમાં સહાયતા મળે એ જ હેતુથી હું તને લઈ જવા માગું છું. તું વિશ્વાસ રાખ કે મારે ત્યાં તારે આ જ કામ કરવાનું છે. એમ તો ઘરમાં બીજું કામ તો કરવાનું હોય છે જ, પણ તારું મુખ્ય કાર્ય આ જ છે. હા, હું તને જરૂર એવો વિશ્વાસ આપું છું કે મારે ત્યાં તારા સત્યશીલની પૂરેપૂરી રક્ષા થશે. તેમાં કોઈ પણ જાતનું વિઘ્ન આવશે નહિ.

"હે પુત્રી, હું પરલોકમાંથી જે પુણ્ય કમાઈ લઈને આવ્યો છું, તેનો અહીંયાં દુરુપયોગ કરીને તેને નષ્ટ કરવા નથી ઇચ્છતો, પરન્તુ તેમાં વૃદ્ધિ કરવા ઇચ્છું છું. એટલા માટે હું પાપથી બચીને, ધર્મની આરાધના કરવામાં હમેશાં પ્રયત્નશીલ રહું છું. મને એવી આશા છે કે તારી મારફત મને આ કાર્યમાં સહાયતા મળશે, માટે હું તને પ્રાર્થના કરું છું કે તું મારે ત્યાં ચાલ, કોઈ જાતનો બીજો વિચાર ન કરીશ."

ધનાવહ શેઠનું આ કથન સાંભળીને, વસુમતિ પ્રસન્ન થઈ. તે રથી પ્રત્યે કહેવા લાગી કે, "પિતાજી, આ ધીરજ રાખવાનું જ સુફળ છે, કે જેથી મને આ પિતાની સેવા કરવાનો સુયોગ મળી રહ્યો છે. આવા ધાર્મિક પિતાને ત્યાં દાસીપણું કરવું, તે પણ ભાગ્યથી જ પ્રાપ્ત થાય છે. હું આ પિતાને ત્યાં અવશ્ય જઈશ. તમે મારી સાથે ચાલો, અને આ પિતાને ત્યાંથી વીસ લાખ સોનામહોરો લઈને માતાને આપો, જેથી તેઓ સંતોષ પામે."

વસુમતિનું આ કથન સાંભળીને, રથી રોઈ પડયો. તે કહેવા લાગ્યો કે, "પુત્રી, શું હું તને વેચી દઉં ? એક તો આ શોક છે કે જેઓ

[illegible] પહોંચાડવા તો આવો ! ”

રથીને પ્રણામ કરીને, વસુમતિએ ધનાવહ શેઠને કહ્યું કે, “ પિતાજી, આપને ત્યાં આવવામાં હું રાજી છું. ચાલો, હું આપની સાથે આવું છું.” એમ કહીને વસુમતિ રથીને ‘ આવો પિતાજી ’ કહેતી ધનાવહ શેઠની પાછળ પાછળ ચાલી. વસુમતિના વચનોના પ્રભાવથી બંધાયેલો રથી પણ વસુમતિની પાછળ પાછળ ચાલ્યો. તે વખતે તેને [illegible] એટલું બધું દુઃખ થઈ રહ્યું હતું કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. તેના પગ માંડ મુશ્કેલીએ આગળ ચાલતા હતા. એથી વસુમતિ તથા ધનાવહ શેઠને પણ રથીને [illegible] પડ્યું હતું.

વસુમતિ તથા રથીને લઈને ધનાવહ શેઠ પોતાને ઘેર પહોંચ્યો. તેણે વસુમતિ તથા રથીને આદરપૂર્વક બેસાડ્યા. પછી પોતાની તિજોરી ઉઘાડીને તેણે રથીને કહ્યું કે, “ તમે વીસ લાખ સોનામહોરો લ્યો.” રથીએ જવાબ આપ્યો કે, “ હું આ પુત્રીની આજ્ઞા માનીને, તેને પહોંચાડવા માટે અહીં સુધી આવ્યો છું, તેને વેચવા માટે તથા સોનામહોરો લેવા માટે આવ્યો નથી. આ પુત્રી મારા જેવાં દુર્ભાગ્યવાનને ત્યાં રહેવા ઇચ્છતી નથી, અને આપને ત્યાં રહેવા ઇચ્છે છે, તો ખુશીથી રહે, મને તેમાં કોઈ જાતની

કરવા નથી, પણ હું તેના બદલામાં સોનામહોરો લઈ શકતો નથી !"

રથીનો જવાબ સાંભળીને, વસુમતિએ વિચાર કર્યો કે, "આ પિતા સમજશે નહિ અને જ્યાંસુધી માતાની પાસે વીસ લાખ સોના-મહોરો પહોંચશે નહિ, ત્યાંસુધી માતાને અહીંયા પણ લાવશે નહિ એટલું માટે કોઈ પણ ઉપાયે આ રથી પિતાને સમજાવવા જોઈએ. આ પ્રમાણે વિચાર કરીને, વસુમતિ રથીને કહેવા લાગી કે, " પિતાજી, આપ જાણો, તમે તથા આ પિતા પરસ્પર ભાઈ છો; તમે બંનેય મારા પિતા છો, અને તમે બંનેની વચ્ચે હું એક કન્યા છું. આજથી તે ઘર તથા આ ઘર એક જ છે. માટે તમે આ પિતા જે વીસ લાખ સોનામહોરો આપે છે તે લઈ જઈને માતાને આપો. તેઓ વીસ લાખ સોના-મહોરો મારી કિંમત બદલ આપતા નથી, તેમ તમે મારી કિંમત બદલ લેતા નથી; પુત્રીને વેચવા તથા ખરીદવાનું પાપ તમારા જેવા ધર્માત્મા કેમ કરી શકે ! આ પિતા જે સોનામહોરો આપે છે તે તો મારી માતાને બક્ષિસ તરીકે આપે છે. શું તમે આ પિતા દ્વારા આપવામાં આવતી બક્ષિસ લઈ જઈને માતાને આપવા જેટલી તક-લીફ પણ નહિ લઈ શકો ! જે બક્ષિસ માતાને આપવા માટે આ આ પિતા આપી રહ્યા છે, તે લઈ જવામાં આપ કઈ રીતે ના કહી શકો છો ! માતાના અધિકારની વસ્તુનો આપ સ્વીકાર નથી કરી શકતા."

આ પ્રમાણે રથીને કહીને, વસુમતિએ ધનાવહ શેઠને કહ્યું કે, "પિતાજી, વીસ લાખ સોનામહોરો તેઓ એકલા કેવી રીતે લઈ જઈ શકશે ! એટલું વજન તેમનાથી કેવી રીતે ઊપડી શકાય ! આપ આ સોનામહોરો મારી માતા પાસે પહોંચાડવાનો પ્રબંધ કરી દો." વસુ-મતિનું કથન સાંભળીને, ધનાવહ શેઠે પોતાને ત્યાંના નોકરોને બોલાવી

તેમને વીસ લાખ સોનામહોરો આપી, અને તેમને કહ્યું કે, "આ મારા ભાઈની સાથે જઈને, તેમને ત્યાં આ સોનામહોરો પહોંચાડી આવો." આ પ્રમાણે સોનામહોરો પહોંચાડવાનો પ્રબંધ કરીને, ધનાવહ શેઠે રથીને કહ્યું કે, "ભાઈ આજથી હું તથા તમે આ પુત્રીના સંબંધથી ભાઈ થયા છીએ. તમે કોઈ પણ જાતનો મનમાં બીજો વિચાર ન કરશો. આ ઘર પણ તમારું જ છે." આ પ્રમાણે પ્રેમભરી વાતો કરીને, શેઠે રથીના ગળા સાથે પોતાનું ગળું જોડી વાત્સલ્ય પ્રગટ કર્યું અને પછી તેને જેમ તેમ સમજાવી તેના ઘર ભણી વિદાય કર્યો.

ધનાવહ શેઠની સ્ત્રીનું નામ 'મૂળા' હતું. મૂળાનો સ્વભાવ ધનાવહ શેઠના સ્વભાવથી તદ્દન ઊલટો હતો. આજકાલની શેઠાણીઓનો લગભગ જેવો સ્વભાવ હોય છે તેવો જ સ્વભાવ તેનો હતો. તેને ધનાવહ શેઠ જેવા ધનવાન અને પ્રતિષ્ઠિત પુરુષની પત્ની બનવાનું સૌભાગ્ય અવશ્ય પ્રાપ્ત થયું હતું, કિંતુ તે આ પદને લાયક ન હતી. કારણકે તેના માતાપિતાનું ઘર એવું ધન-સંપત્તિથી ભરપૂર ન હતું. કોઈ જન્મ દરિદ્રીને જ્યારે સંપત્તિ મળે છે ત્યારે તેને અભિમાન આવી જ જાય છે. એ જ પ્રમાણે મૂળામાં પણ મિથ્યાભિમાન ભરેલું હતું. તે પોતાની સામે સૌ કોઈને તુચ્છ સમજતી હતી. પોતાને પણ જગતના બધા માણસો કરતાં વધારે બુદ્ધિશાળી, તથા અધિકારસંપન્ન માનતી હતી. એ કારણથી તે કોઈને પણ કટુ વચન કહેવામાં જરા પણ સંકોચાતી ન હતી; તેમ કદી તે પોતાની ભૂલ પણ કબૂલ કરતી ન હતી. વળી નોકરોને ધાક-ધમકી આપ્યા સિવાય તે બીજું કામ કરતી જ ન હતી. પોતાના નોકરો સાથે પણ તેનો વ્યવહાર સારો ન હતો. તેમની મારફત કામ તો કઠોરતાથી જ લેતી હતી, છતા તેમને સગવડ આપવા તથા તેમનું પાલનપોષણ કરવામાં હમેશાં તે બેદરકાર જ રહેતી. લેશ માત્ર પણ સહૃદયતા બતાવવાનું તો તે શીખી જ ન હતી. પોતાને ત્યાં આવેલા માણસોનો સત્કાર કરી તેઓને સંતોષ આપવાને બદલે તે તેઓનું

ઊલટું અપમાન કરતી હતી. તે શેઠની ધર્મભાવનાનુસાર કામ કરતી ન હતી. હા, પોતાની કુટિલતાને કારણે પ્રસંગમાં તો તે શેઠની સાથે પતિવ્રતા સ્ત્રીની જેમ વ્યવહાર દાખવવાનો ઢોંગ અવશ્ય કરતી હતી. તાત્પર્ય એ કે, મૂળાનો સ્વભાવ શેઠના સ્વભાવથી તદ્દન જ વિપરીત હતો. શેઠ જેટલા નમ્ર, સરળ, ધાર્મિક અને દયાળુ હતાં, તેટલી જ તે મૂળા કઠોર, કપટી, ઢોંગી અને નિર્દય હતી. તેની મારફત શેઠને ધર્મકાર્યમાં જરા પણ સહાયતા મળતી ન હતી. હા, શેઠના ધર્મકાર્યમાં અવશ્ય તે વિઘ્નભૂત બનતી હતી. પોતાના કપટવિદ્યાના બળ પર કોઈ કોઈ વાર તે શેઠને પણ એવા ખોટા રસ્તા પર લઈ જતી હતી, કે જેથી તે ધાર્મિક શેઠના હાથે પણ કેટલીક વાર ધર્મવિરુદ્ધ કાર્ય થઈ જતું હતું.

વસુમતિને લઈને શેઠ પોતાની સ્ત્રી મૂળા પાસે ગયા. વસુમતિ મૂળાને પ્રણામ કરીને એક બાજુ છાની માની ઊભી રહી. મૂળાને શેઠ કહેવા લાગ્યા કે, " પ્રિયે, પુરુષને જે લક્ષ્મી પ્રાપ્ત થાય છે તે સ્ત્રીના ભાગ્યથી જ થાય છે. નિર્ભાગી સ્ત્રીના પતિને લક્ષ્મી મળતી નથી. તું ભાગ્યશાળી છે, તેથી આજે મને આ પુત્રીરૂપી લક્ષ્મી મળી છે. આપણને સંતાન નથી. કદાચ સંતાન હોત, તો પણ આ પુત્રી જેવું સંતાન આપણે ત્યાં હોય એવું આપણું પુણ્ય નથી. પરન્તુ સદ્ભાગ્યે આપણને આ કન્યારત્ન પ્રાપ્ત થયું છે. આ કન્યામાં શું ગુણ છે તથા શી શી વિશેષતાઓ છે, તે કહેવાની જરૂર નથી. આ વાત થોડાક સમયમાં આપોઆપ જણાઈ આવશે. માટે વધારે કાંઈ ન કહેતાં, એટલું જ કહું છું કે, આને આપણી પુત્રી માનવી, અને તેની સાથે પૂર્ણ ધર્મસંબંધ જોડવો. મને વિશ્વાસ છે કે એમ કરવાથી તારું જીવન પણ સુધરશે; અને તેની સંગતિથી કામ કરતા, ઘર પણ આદર્શ બની જશે તથા ધર્મની પણ વૃદ્ધિ થશે."

વસુમતિને જોઈને, શેઠની વાતો સાંભળી મૂળા વિચાર કરી રહી

હતી કે, " આ કન્યા તો ઘણી જ સુંદર છે. તેની આગળ તો હું તુચ્છ જ દેખાઉં છું. તેણે સુંદરતામાં તો મને પરાજિત કરી દીધી, તે સાથે જ પતિ તેના ગુણોની પ્રશંસા કરીને, તેની સંમતિ પ્રમાણે કામ કરવાનું કહે છે અને વળી કહે છે કે તેને લીધે તારું જીવન પણ સુધરી જશે. આ રીતે તે તો મારા માથે—મારી શોકાણી તરીકે આવી છે. તેના સૌંદર્ય પર તથા તેની અવસ્થા પર કયો પુરુષ મુગ્ધ ન બને ? મારા પતિ બ્રહ્મચારી તો નથી, અને જ્યારે બ્રહ્મચારીઓ પણ સ્ત્રીઓનું સૌંદર્ય દેખીને બ્રહ્મચર્યથી પતિત થઈ જાય છે, ત્યારે મારા પતિ આ છોકરી પર મુગ્ધ થાય તેમાં નવાઈ પણ શી છે ? સંભવ છે કે કદાચ પતિ તેને કોઈ ખરાબ હેતુએ લાવ્યા હોય, તથા આ ઘરની માલિકિની બનાવવા ઇચ્છતા હોય. પરન્તુ પતિ અત્યારે તેને પુત્રી તરીકે સંબોધે છે, માટે આ વખતે કોઈ પણ જાતનો સંશય ખુલ્લો કરવો તે ઠીક નથી. થોડાક સમય પછી જ્યારે મારા સંશયની મજબૂતીનું કોઈ કારણ મળી જશે, ત્યારે તે સંબંધી વિચાર કરવો તથા ઉપાય કરવો ઠીક થઈ પડશે. અત્યારે તો પતિ જેમ કહે તેમ માની લેવું શ્રેયસ્કર છે. પતિ તેને લક્ષ્મી કહે છે, માટે દાળમાં અવશ્ય કાંઈક કાળું હોવું જોઈએ. છતાં આ જાતની વાત કેટલાક દિવસે, હરકોઈ રૂપે તે જરૂર ખુલ્લી થશે જ. અત્યારે કોઈ પણ જાતની શંકા જાહેર કરવી ઠીક નથી, પરન્તુ જે વખતે કાંઈક અનિષ્ટ દેખાશે તે જ વખતે કાંઈ પણ કહેવું ઉચિત ગણાશે."

આ પ્રમાણે વિચાર કરતી મૂળાએ શેઠની વાત પૂરી થયા પછી કહ્યું કે, " આનંદની વાત છે કે આપ આ પુત્રીને લાવ્યા. આપણે ત્યાં કદાચ આવી કન્યા હોત તોપણ તેનું ખૂબ પાલનપોષણ કરવું પડત, અને અતિશય મહેનતપૂર્વક તે આટલી મોટી થાત, પરન્તુ આ તો મોટી થઈને જ આવી છે, તેથી તેનું પાલન કરવામાં કોઈ જાતની મહેનત પણ કરવી પડશે નહિ. હું આપની આજ્ઞા પ્રમાણે જ સઘળું કામ કરીશ."

પોતાના મનના કાર્યોને છુપાવીને, મૂળાએ કપટ ઉપરથી શેઠનું મન પ્રસન્ન કરી લીધું. શેઠાણીનું કથન અંગીકાર કરી, શેઠ નિશ્ચિંત બનીને ત્યાંથી ચાલ્યા ગયા. મૂળાએ પોતાના હૃદયભાવો પ્રદર્શિત ન કરતા આદર વસુમતિનો સત્કાર કર્યો, તથા તેના ... [illegible] ... કરી.

વસુમતિ શેઠના ઘરમાં રહેવા લાગી. તે શેઠ અને શેઠાણીના અતિથિસત્કાર આદિ ધર્મકૃત્ય કરવાની સાથે જ, ઘરનું કામકાજ પણ કરતી. જે કુશળતાથી તે રથીને ત્યાં બધું કામ કરતી હતી, તે જ કુશળતાથી શેઠના ઘરનું કામ પણ કરતી હતી. તેની કાર્ય-કુશળતાએ શેઠ તથા ઘરના નોકરચાકર વગેરેને મુગ્ધ કરી દીધા. તેના કાર્યનો પ્રભાવ શેઠાણી પર પણ અવશ્ય પડ્યો, પણ તે બીજા જ સ્વરૂપમાં. વસુમતિની કાર્યકુશળતા તેની શંકામાં વૃદ્ધિ કરતી જતી હતી. અને વસુમતિના શ્રમનો તથા તેના [illegible] કોઈ બીજો જ આશય સમજતી હતી.

એક દિવસે શેઠે વસુમતિને પૂછ્યું કે, " પુત્રી, તારું નામ શું છે ? " વસુમતિએ જવાબ આપ્યો કે, " પિતાજી, હું તમારી પુત્રી છું. પુત્રીનું નામ માતાપિતા જે રાખે તે જ હોઈ શકે. માટે આપ મારું જે નામ રાખો તે જ મારું નામ છે. " વસુમતિનો જવાબ સાંભળીને, શેઠે તેનું નામ જાણવાનો આગ્રહ ન કર્યો, પણ તેને કહ્યું કે, " પુત્રી ! હું તે દિવસે વેશ્યા પરનું વાંદરાઓનું આક્રમણ, તેની દુર્દશા કરવી તથા તારી મારફત તેની રક્ષા થવી, એ વગેરેનું વૃત્તાંત સાંભળી ચૂક્યો હતો. તે વૃત્તાંત સાંભળીને, મેં એવો નિરધાર કર્યો કે, જેવી રીતે ચંદન પોતાને કાપનાર અપકારીને પણ સુગંધ તથા શીતળતા આપે છે, તેવી જ રીતે તું પોતાના શત્રુઓને પણ સુખ આપનારી છે. તેથી આજથી હું તારું નામ ચંદનબાળા રાખું છું. "

શેઠે પોતાની પત્ની આદિ સઘળાંઓને કહી દીધું કે, " આ પુત્રીને આજથી ચંદનબાળાના નામથી બોલાવજો." શેઠની આ વાતનો સૌએ સ્વીકાર કર્યો. સઘળા લોકો વસુમતિને ચંદનબાળાના નામથી બોલાવવા લાગ્યા. વસુમતિનું વસુમતિ નામ કોઈને પણ માલૂમ ન હતું. રથીને ત્યાં પણ તે 'પુત્રી' તરીકે સંબોધાતી; અને શેઠને ત્યાં પણ સઘળા માણસો તેને પુત્રી જ કહેતા હતા. પરન્તુ જ્યારથી શેઠે તેનું નામ ચંદનબાળા રાખ્યું, ત્યારથી તે ચંદનબાળા તરીકે ઓળખાવા લાગી. તેનું આ નામ એવું જ પ્રસિદ્ધ થયું કે આજે પણ તેનું ચંદનબાળા નામ જ લેવામાં આવે છે. તેનું ચંદનબાળા નામ તેની જિંદગી સુધી તો રહ્યું જ, એટલું જ નહિ પણ તેણે સિદ્ધપદ પ્રાપ્ત કર્યું તો પણ આ નામ તો મોજૂદ જ છે.

: પ્રકરણ :

[૧૪]

ભોંયરામાં

પાત્ર વ્યક્તિ દરેક વસ્તુને પોતાની અનુકૂળતાનુસાર જ ગ્રહણ કરે છે. વસ્તુમાં ગમે તેવો ગુણ હોય, ગમે તેટલી વિશેષતા હોય, તોપણ વ્યક્તિ તેને પોતાના સ્વભાવ પ્રમાણે જ ગ્રહણ કરે છે. દાખલા તરીકે લૌકિક કહેવત પ્રમાણે સ્વાતિ નક્ષત્રના જળબિંદુને જુઓ, સ્વાતિનું જળબિંદુ જ્યારે છીપના મોંમાં પડે છે, ત્યારે તે મોતી બની જાય છે; તે જ સ્વાતિનું જળબિંદુ સાપના મોંમાં પડતાં વિષ બની જાય છે; કમળપત્ર પર પડતાં મોતીના જેવું દેખાય છે અને ગરમ કડાઈ પર પડતાં તે રાખ થઈ જાય છે. જલબિંદુ તો તે જ છે, છતાં આ અંતરનું કારણ શું છે? એ જ કે પાત્રોનાં રૂપ તથા સ્વભાવમાં ભિન્નતા છે. છીપમાં મોતી બનાવવાનો સ્વભાવ છે. તેથી તેમાં પડેલું બિંદુ મોતી બની જાય છે. સાપમાં વિષ બનાવવાનો સ્વભાવ છે, એથી તેમાં પડેલું બિંદુ વિષ બની જાય છે. કમળપત્રમાં શોભા વધારવાનો

સ્વભાવ છે, તેથી તે પર પડેલું જળબિંદુ મુક્તાફળની શોભા આપે છે, અને ગરમ કડાઈમાં ભસ્મ કરવાનો સ્વભાવ છે, તેથી તે પર પડેલું બિંદુ બળીને ભસ્મ થઈ જાય છે. તાત્પર્ય એ કે વસ્તુમાં ગમે તેટલી વિશેષતા હોય, ગમે તેવો ગુણ હોય, તદપિ પાત્ર તેને પોતાના રૂપ અને સ્વભાવ પ્રમાણે જ ગ્રહણ કરે છે. જો પાત્ર સારું હોય તો તે ખરાબ વસ્તુને પણ સારા રૂપમાં જ ગ્રહણ કરે છે; અને જો પાત્ર ખરાબ હોય, તો તે સારી વસ્તુને પણ ખરાબ રૂપે જ ગ્રહણ કરે છે.

વસુમતિ, કે જેનું નામ ધનાવહ શેઠે ચંદનબાળા રાખ્યું હતું તે ચંદનની જેમ પોતાના અપકારીને પણ શાંતિ આપનાર હતી. જે રથી, ચંદનબાળાની માતાના નાશ માટે મુખ્ય કારણભૂત હતો, જેણે તેની માતાને કટુવચન કહ્યા હતા, અને જે તેની માતાનું સતીત્વ લૂંટવા માટે તૈયાર થઈ ગયો હતો, અને એ જ ઉદ્દેશે તેને જંગલમાં પણ લઈ ગયો હતો. તે રથીની સાથે પણ ચંદનબાળાએ કોઈ જાતનો વૈરભાવ ન રાખ્યો, પણ ઊલટું, તેને પોતાનો પિતા માન્યો અને દરેક રીતે તેના પર ઉપકાર જ કર્યો. રથીની સ્ત્રીએ પણ ચંદનબાળા સાથે દુર્વ્યવહાર કર્યો હતો, છતાં ચંદનબાળાએ તેની સાથે પણ સદ્વ્યવહાર જ કર્યો. જે વખતે રથી પોતાની સ્ત્રીને ઘરમાંથી હાંકી કાઢવા માટે તૈયાર થયો હતો, તે વખતે ચંદનબાળાએ પોતાના ઉપદેશથી રથીને સમજાવ્યો; અને રથીની સ્ત્રીની ઇચ્છા પૂરી કરવા માટે પોતે બજારમાં વેચાઈ. વેશ્યાએ પણ ચંદનબાળા સાથે કોઈ સારો વ્યવહાર દાખવ્યો ન હતો. તે ચંદનબાળાને વેશ્યા બનાવવાના ઉદ્દેશથી, બળાત્કારે પકડવા તૈયાર થઈ હતી, તો પણ ચંદનબાળાએ પોતાના હૃદયમાં તે વેશ્યા પ્રતિ કોઈ દુર્ભાવ ન રાખ્યો; અને દોડી જઈને વાંદરાઓના ત્રાસથી વેશ્યાને બચાવી, તેમ જ તેને વેદનામુક્ત કરી. એ રીતે જેમ ચંદન પોતાને કાપનારને પણ શીતલતા તથા સુગંધ જ આપે છે; તેમ ચંદનબાળા પણ પોતાનું ખોટું કરનારનું સારુ જ કરતી ને ખોટું કરનારનું પણ અહિત

નહોતી ઇચ્છતી, તો પછી બીજાની તો વાત જ ન્યારી છે. ગૃહકાર્ય વગેરેમાં પણ તેને ન તો આળસ થતી કે ન તે કોઈની સાથે કોઈ પ્રકારનો ભેદભાવ કે ઈર્ષા રાખતી. આ રીતે તેનામાં સર્વ સદ્‌ગુણો જ અસ્તિત્વ ધરાવતા હતા. પણ જેનું હૃદય મલિન હતું, તેને તેના સદ્‌ગુણો પણ દુર્ગુણ રૂપે જ ભાસતા. રથીની સ્રીને ચંદનબાળાનું કામ તથા તેનો સદ્‌વ્યવહાર ખરાબ લાગતો, અને મૂળા શેઠાણીને પણ ચંદનબાળાના કામ તથા વ્યવહારમાં દુર્ભાવનાની ગંધ આવતી હતી. ચંદનબાળાનો કોઈ વાંક ન હતો. જો ચંદનબાળામાં જ કોઈ જાતની કુટેવ હોત તો રથી, રથીને ત્યાંના બીજા માણસો, તથા શેઠ, અને શેઠને ત્યાંના બીજા માણસો ચંદનબાળાના કાર્ય-વ્યવહારથી પ્રસન્ન ન રહી શકત. તેમના હૃદયમાં પણ ચંદનબાળા પ્રતિ દુર્ભાવ જ થાત, સદ્‌ભાવ ન થાત. પરન્તુ માત્ર રથીની સ્રીને અને મૂળાને જ ચંદનબાળા ખરાબ લાગી, તેનું એક માત્ર કારણ એ જ હતું કે તેઓ બંનેનું હૃદય મલિન હતું. ચંદનબાળા ધનાવહ શેઠને ત્યાં રહેતી હતી. તેને પોતાનાં ખાનપાનાદિની લેશપણ ચિંતા ન હતી. પણ ચિંતા રહેતી માત્ર અતિથિ-સત્કાર અને ગૃહકાર્યની જ. તેનું કાર્ય તથા વ્યવહારથી શેઠ, શેઠના નોકરચાકર, શેઠના પાડોશીઓ અને શેઠને ત્યાં આવતાં જતાં લોકો સઘળા પ્રસન્ન હતા. સઘળા ચંદનબાળાની પ્રશંસા કરતા. ચંદનબાળા કોઈ કામ માટે બીજાને હુકમ નહોતી કરતી, પણ દરેક કામ પોતાના હાથે જ કરતી. તે સઘળા માણસોના દુઃખ-દર્દમાં મદદગાર થતી હતી, અને સૌની સાથે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખતી હતી. તેનું કોઈ કાર્ય કે વ્યવહાર એવો ન હતો કે જેથી કોઈને અસંતોષ ઉપજે. તેનાથી સઘળા માણસો પ્રસન્ન હતા, પણ મૂળા તેના પ્રત્યે કોઈ પણ વખતે પ્રસન્ન રહેતી ન હતી. તેને ચંદનબાળા તરફથી હમેશાં અસંતોષ જ રહ્યા કરતો હતો. તેનું કારણ તેના હૃદયની મલિનતા હતી. ચંદનબાળાને લઈને જ્યારે શેઠ આવ્યા હતા, ત્યારે મૂળાને એવો સંદેહ થયો હતો

કે રખેને પતિ તેને કોઈ બીજા હેતુએ તો ન લાવ્યા હોય. પોતાની કુટિલતાને કારણે મૂળાએ પોતાનો આ સંદેહ પ્રકટ થવા ન દીધો. પરન્તુ તેના હૃદયમાં આ સંદેહ વધુ ને વધુ મજબૂત થતો ગયો. ચંદનબાળાનું કાર્ય તથા તેની પ્રશંસા એ મૂળાના સંદેહમાં વૃદ્ધિ કરતાં જતાં હતાં. તેને વિચાર થતો હતો કે આ મારા ઘરમાં આટલું બધું કામ કેમ કરે છે, સઘળા માણસોને પ્રસન્ન કેમ રાખે છે; પતિ તેની આટલી પ્રશંસા કેમ કરે છે. આ રીતે રથીની સ્ત્રીને જેમ ચંદનબાળા તરફનો ભય ઉત્પન્ન થયો હતો તેમ મૂળાને પણ એ ભય ઉત્પન્ન થયો કે આ મારા પતિ પર પોતાનો અધિકાર તો સ્થાપશે નહિ ને ?

સંદેહ તથા ભયના કારણે મૂળા ચંદનબાળા પ્રત્યે ઈર્ષા કરવા લાગી. તે વાતવાતમાં ચંદનબાળાનું ખરાબ બોલતી, અને તેનાં કામોની પણ ખોટી રીતે સમાલોચના કરતી. કોઈ કોઈ વાર તે પોતે જ કોઈ કામ બગાડતી અને તેનો અપરાધ ચંદનબાળાના માથા પર ચડાવતી. મૂળાનો આ જાતનો દુર્વ્યવહાર પણ ચંદનબાળા શાંતિપૂર્વક સહન કરતી જતી અને પોતાનો અપરાધ ન હોવા છતાં પણ પોતાનો અપરાધ માનીને ક્ષમા માગવા લાગતી, જેથી મૂળાને વધારે કાંઈ બોલવાની તક જ નહોતી મળતી. તેના આ વ્યવહારથી પણ મૂળા તો અસંતુષ્ટ જ રહેતી. તે વિચારતી કે આ કેવી ધુતારી છે, કેવી સહનશીલ તથા મીઠું મોઢું બોલનારી છે. મેં તો અમુક વાત એમ ધારીને કહી હતી કે જેથી તે પોતાના બચાવ માટે મારી સાથે લડે, અને પછી હું તેને આગળ કાંઈક કહી શકું, પણ આ તો સઘળું સહન કરે છે તથા પોતાનો અપરાધ ન હોવા છતાં પણ ક્ષમા માગવા લાગે છે. ખરી રીતે તેને તો આ ઘરની ધણિયાણી બનવું લાગે છે, એથી જ તે ઘરનું આટલું કામ પણ કરે છે, માણસોને ખુશ પણ રાખે છે, અને મારો ઠપકો પણ સહન કરે છે.

આ રીતે ચંદનબાળાની જેવી દશા રથીને ત્યાં હતી, તેવી જ

દશા બરાબર મનાવટ રોને ત્યાં પણ એની સર્વ ભૂગાને એક બુદ્ધિશાળી અને હંમેશાં તેની સાથે રહેનારી એક દાસી હતી. ચંદનબાળા પર વિના કારણે મૂળાને ઈર્ષાભાવ રહેતો હતો તે સદા ચંદનબાળાને હલકી ચીજ બનાવવાની તજવીજમાં રહેતી. એક દિવસે તે દાસીએ મૂળાને કહ્યું કે, "કામકાજમાં આપનો સ્વભાવ કેવો મજાનો છે! ચંદનબાળા તમારે ત્યાં આવવું કામ કરે છે, બોલી ચાલી કરે છે, છતાં પણ તમે તેના પર હંમેશાં નારાજ જ રહ્યા કરો છો તથા તેને હલકી ચીજ બનાવ્યા કરો છો, તેનું શું કારણ છે તે મારા સમજવામાં આવતું નથી."

દાસીનું આ કથન સાંભળીને મૂળા તેને કહેવા લાગી કે, "તું તેના વખાણ તો કરે છે પણ તું એ જાણે છે કે તે કોણ છે, કઈ જાતિ—કુળની છે, અહીં કેમ આવી છે, અને ક્યા હેતુથી પરિશ્રમપૂર્વક બધું કામ કરે છે? તમે બધા તો તેની મીઠી વાતોમાં જ અંજાઈ ગયા છો. તું એ જોતી નથી કે તેની મીઠી વાતોની પાછળ શું રહસ્ય છુપાયેલું છે. તે સુંદરી છે, યુવતી છે, છતાં પણ તેણે પોતાના લગ્નવિષયમાં કદી કોઈ વાત કરી છે? શું તે સંસારથી પર છે કે જેથી તેને આ યુવાવસ્થામાં પણ પુરૂષની ઈચ્છા ન હોય? આ ઉપરાંત તું એ પણ જાણે છે કે શેઠ તેના પર આટલો બધો પ્રેમ શા માટે રાખે છે? મેં સાંભળ્યું છે કે શેઠ તેને ૨૦ લાખ સોનામહોરોમાં ખરીદી લાવ્યા છે. તેનામાં એવી તે શી વિશેષતા છે કે જેથી શેઠે તેને માટે ૨૦ લાખ સોનામહોરોનું ખર્ચ કર્યું? માત્ર આ જ વિશેષતા છે કે તે સુસ્વરૂપા છે તથા યુવતી છે. મારા શૃંગારની સામગ્રીઓ માટે ખર્ચ કરવામાં તો શેઠ કદી પણ એવી ઉદારતા બતાવી નથી, અને તેને માટે ૨૦ લાખ સોનામહોરો ખર્ચી નાખી, એનું કારણ શું? તું આ બધી બાબતો પર વિચાર કર, માત્ર તેની મીઠી વાતોમાં ફસાઈને તેનો પક્ષ ન કર. હું તો માનું છું કે શેઠ તેને આ ઘરની માલિકિની

[illegible]

મૂળાની આ વાત સાંભળીને, દાસી તેને કહેવા લાગી કે, “ તમે [illegible] જે [illegible] કરો, તે [illegible] પ્રમાણે [illegible] છે. [illegible] તેની [illegible] નથી [illegible] [illegible] શકાય. [illegible] પોતે જ તમને કહેશે. [illegible] પણ તમારા હૃદયમાં તેના પ્રત્યે [illegible] થયો છે, જેથી તમને તેના ગુણ દેખાતા નથી, પણ ગુણના બદલે અવગુણ જ દેખાય છે. કોઈ કવિએ કહ્યું છે કે:—

> [illegible]
> [illegible]

“ એ પ્રમાણે તમારામાં પણ તેના પ્રત્યે શંકાનો રોગ પેસી ગયો છે, એથી તમે તેના ગુણોને પણ અવગુણ માની રહ્યા છો. પરન્તુ ખરી રીતે, તેના ગુણ, અવગુણ નથી બની શકતા. તેના ગુણ તો ગુણ જ રહેશે. હા, તમે તેની ઈર્ષા કરીને મહાન પાપ તો જરૂર ઉપાર્જન કરી રહ્યા છો. માટે તમે તેના પ્રત્યે શંકા ન રાખશો, તેની ઈર્ષા કરવાનું છોડી દો, અને તેની સાથે સજ્જનતાનો વ્યવહાર કરો. તે સતી પર ખોટું કલંક મૂકીને પાપમાં ન પડો.”

દાસીનું આ કથન સાંભળીને, મૂળા તેને ધમકાવતી કહેવા લાગી કે, “ આખરે તો તું દાસી જ છે ને ? દાસીમાં જો વધારે બુદ્ધિ હોય તો તે દાસી જ કેમ રહે ?”

મૂળાને કોપાયમાન થયેલી જોઈને, બિચારી દાસી ત્યાંથી છાની-માની ચાલી ગઈ. મૂળા, ચંદનબાળા સાથે વધારે ને વધારે કઠોર

દુર્વ્યવહાર દાખવતી રહી. એ દરમિયાન એક બીજી ઘટના બની ગઈ.

એક દિવસે ચંદનબાળા સ્નાન કરીને પોતાના માથાના કેશ સુકવી રહી હતી, તે જ વખતે ધનાવહ શેઠ બહારથી આવ્યા. ચંદનબાળાને કેશ સુકવતી જોઈને, શેઠે તેને કહ્યું કે, "પુત્રી જણાય છે કે તેં સ્નાન કર્યું છે. જો થોડુંક ગરમ પાણી વધ્યું હોય તો મને આપ, કે જેથી હું પણ મારા પગ ધોઈ લઉં." શેઠનું આ કથન સાંભળીને, ચંદનબાળાએ પોતાના વાળ વ્યવસ્થિત કરવાનું બંધ રાખ્યું. તે ગઈ અને એક વાસણમાં પાણી તથા તે સાથે બેસવા માટે પાટલો તેમ જ પગ ધોવા માટેનું વાસણ લઈ આવી. તેણે શેઠને કહ્યું કે, "પિતાજી, તમે આ પાટલા પર બેસીને આ વાસણમાં પગ રાખો, હું તમારા પગ ધોઈ આપું છું." ચંદનબાળાના આ કથનના જવાબમાં શેઠ બોલ્યા કે, "પુત્રી, શું હું તારી પાસે મારા પગ ધોવડાવું ? તારા જેવી સતી પાસે આ નીચ કાર્ય કરાવીને, હું મારા પોતાના પર પાપનો ભાર ચઢાવું ? તું મારી પુત્રી છે. પુત્રી પાસે પિતાએ પગ ધોવડાવવા ઘટે નથી. પગ ધોવા તે હલકું કામ ગણાય છે. જે મંગળમયીએ વેશ્યાને પણ સુધારી દીધી, અને મારા આ ઘરને સ્વર્ગસમાન બનાવી દીધું, તે તું મારા પગ ધોવે તે કઈ રીતે ઉચિત ગણાય ! વળી તારી પાસે પગ ધોવડાવવાં, એ મારે માટે પણ ઉચિત નથી. તેં પાણી વગેરે લાવી આપ્યું તે ઘણું જ છે. હું પોતે જ મારા પગ ધોઈ લઈશ; તું તો તારા વાળની વ્યવસ્થા કર."

શેઠનું કથન સાંભળીને, વસુમતી બોલી કે, "પિતાજી, આપ પુત્ર-પુત્રીમાં ભેદ કરવાનું તથા સેવાકાર્યને હલકું બનાવવાનું પાપ કેમ કરો છો ? એવું ન કરો. હું પૂછું છું કે શું પુત્રી સંતાન નથી ? પુત્ર જ સંતાન છે ? જો બંનેય સંતાન છે તો પછી પિતાજી, સેવા કરવામાં બંનેનો અધિકાર સરખો કેમ ન હોય ! પિતાના ચરણોની સેવા કરવાનો અધિકાર પુત્રને હોય અને પુત્રી તેથી વંચિત રહે એ શું

[illegible]

“ [illegible] મારા પિતા છો, માટે [illegible] વાત કહીને મને તમારી સેવા કરતાં ન રોકો.

“ એક બીજી વાત છે. તમે પણ પોતાનાં કાર્યને હલકું ગણાવીને મને તેમ કરતાં રોકો છો, અને તેની સાથે જ મને સતી તથા મંગળમયી પણ કહેતા જાઓ છો. એ બન્ને બાબતો એક બીજાનો વિરોધ કરે છે. કોઈ પણ સેવાકાર્ય સંબંધમાં, સારા નરસાનો અથવા નીચ ઊંચનો ભેદ કરવો એ સેવાધર્મને ન સમજી શકવા જેવું છે. સેવા કરનારાઓ પાસે આ જાતનો ભેદ હોવો જ ન જોઈએ. સંસારમાં સેવક તથા સેવ્યની વચ્ચે જે વિષમતા દેખાય છે તેનું કારણ કાર્યમાં ભેદભાવ હોવો તે જ છે. આ કામ ઊંચું છે, અને આ નીચું છે તથા આ ઊંચું કામ કરે છે અને આ નીચું કામ કરે છે આ ભેદભાવ જ સંસારમાં વિષમતા ફેલાવે છે. ખરી રીતે, કોઈ સેવાકાર્ય

નીચું નથી કરી શકે પણ પિતાના ચરણને ઉંચું ન કરે. આ
ઉપરાંત આપના ચરણોનું જેવું આપણ છે, તે હું જ જાણું છું. આ
બાળકીના મનોવિકાર અને આ વાતમાં અડચણ કરતો છે, કે, જો
કારણ ન હોત, તો અમે આવું અહિંસાપૂર્વક શું કેમ બનત? તેથી
અહીં પણ તમે અને પગ ધોવા ન દેશો."

આ પ્રમાણે ચંદનબાળાએ કોઈ રીતે વિવેચન કરી શેઠને, શેઠ કંઈ
કોઈ બોલી શકયા નહિ તેમણે એ જ કહ્યું કે, "પુત્રી, તને જે
યોગ્ય લાગે તેમ કર." એમ કહીને શેઠ ચંદનબાળાએ આપેલ બાજોઠ
પર બેઠા. ચંદનબાળાએ શેઠની આજ્ઞા પણ પોતાનું મસ્તક
મૂકી દીધું અને કહ્યું કે, "પિતાજી, તમે નમ્ર થઈને પણ આ કામ કરાવું
પડશે." શેઠે પોતાના પગ તે બાજુમાં મૂક્યા, અને ચંદનબાળાએ તે
પર પાણી નાખીને, તે લોટાને પોતા પાસે મૂકી, તે પગને ધોયા. આના
હૃદયમાં જે પવિત્ર પ્રેમ ઉભરાઈ રહ્યો હતો, તેનું વર્ણન થઈ શકતું
નથી. ચંદનબાળા તો એવા વિચારથી પ્રસન્ન થઈ રહી હતી કે,
આટલા દિવસો પછી આજે અનાયાસે જ મને પિતાના ચરણોની
સેવા કરવાનો સુયોગ મળ્યો છે, અને શેઠ એવા વિચારથી પ્રસન્ન
હતા કે, મને સદ્ભાગ્યથી જ આ પુત્રી મળી છે. આ પ્રમાણે બન્નેય
પોત પોતાના વિચારોમાં મગ્ન તેમ જ પ્રસન્ન હતાં.

ચંદનબાળા શેઠના પગ ધોતી હતી, એથી તેનું શરીર હાલતું
હતું. શરીર હાલવાથી તેનાં છૂટેલાં લાંબા અને સુંદર કેશ તેના
મોં પર આવી ગયા. શેઠે વિચાર્યું કે આ પગ ધોઈ રહી છે, અને
તેના વાળ મોં પર ખસી આવ્યા છે, જેથી તેને કષ્ટ થતું
હશે એવો વિચાર કરી શેઠે શુદ્ધ સ્નેહવશ પોતાના હાથે તેના
વાળ સમેટીને ઉપરના ભાગમાં વ્યવસ્થિત કરી દીધા.

આ બધું મૂળા જોઈ રહી હતી. શેઠને ચંદનબાળાના વાળ
ઉપર મૂકતાં જોઈને તેનું હૃદય બળી ગયું. તે વિચારવા લાગી
કે, "હું જે કાંઈ ધારતી હતી તે બરાબર જ છે. આજે તો તેમનો

સંબંધ પ્રત્યક્ષ જ જોયો. જ્યારે મારા દેખતાં પતિએ તેના મોં પર હાથ ફેરવ્યો, તો પછી હવે બાકી શું રહ્યું ! મારી ગેરહાજરીમાં શું શું નહિ બનતું હોય ! અને આજે તેઓનો જે સંબંધ છાનો છે, તે થોડાક દિવસો પછી એવી જ રીતે ખુલ્લો થશે; કે જે રીતે આજે પ્રત્યક્ષમાં તેના પર તેઓએ હાથ ફેરવ્યો છે. અત્યારે તો એ બંને મારાથી દબાઈને સંકોચ પામે છે, પણ થોડાક દિવસો પછી, જ્યારે મારા તરફથી કોઈ જાતનો સંકોચ રહેશે નહિ ત્યારે શું શું નહિ બને ? પછી તો બધું ખુલ્લે ખુલ્લું જ થવા માંડશે, અને જો હું કોઈ જાતનો વિરોધ કરીશ, તો આ ઘરમાં રહેવું મારા માટે મુશ્કેલ થઈ પડશે. તે ઘરનું સઘળું કામ તો કરે જ છે, નોકરચાકર વગેરે તમામને તેણે પોતાના આધીન બનાવી લીધા છે, પ્રત્યેક નાનાં મોટાં કામમાં તેને પૂછવામાં આવે છે, મને તો કોઈ પૂછતું જ નથી. આવી સ્થિતિમાં, આ ઘરમાં મારી જરૂરત જ ક્યાં રહી ? અને જો હું આ બંનેના સંબંધનો વિરોધ કરવા માંડીશ, તો મને આ ઘરમાં કેમ રહેવા દેશે ? આ મારી ખરેખરી શોકય છે. મારા સુખ સૌભાગ્યમાં કાંટારૂપ છે. જો હું અત્યારે જ આ વૃદ્ધિ પામતું વૃક્ષ ઉખાડીને નહિ ફેંકી દઉં, તો પછી તેને ઉખાડવું, એ મારી શક્તિમાં રહેશે નહિ."

શેઠ અને ચંદનબાળામાં, પિતા પુત્રીમાં જે પ્રેમ સંબંધ હોય છે તે જ પવિત્ર પ્રેમ સંબંધ હતો. પણ મૂળાનું હૃદય મલિન હોવાના કારણે તેણે તે પ્રેમને બીજું જ રૂપ આપ્યું. તે, તે બંનેના પવિત્ર પ્રેમને પણ અપવિત્ર પ્રેમ માની રહી હતી, અને એમ વિચારી રહી હતી કે, ચંદનબાળાને હવે આ ઘરમાંથી કેવી રીતે કાઢી મૂકું. શેઠ તથા ચંદનબાળાના હૃદયમાં આ સંબંધીની કલ્પના પણ ન હતી કે મૂળા અમારા સંબંધી ખોટા વિચારો કરતી હશે. આ કારણથી, શેઠ તો એ જ રીતે બેસીને ચંદનબાળા પાસે પગ ધોવડાવતા રહ્યા, અને ચંદનબાળા ધોતી રહી. પગ ધોવડાવીને શેઠ પોતાના કામ પર

આવ્યા ગયા તથા, ચંદનબાળા પોતાના કેશ સુકવતા તેમ જ તેની વ્યવસ્થા કરવા લાગી.

ચંદનબાળા સંબંધમાં મૂળા વિચારવા લાગી કે, " જો હું કોઈ ઉપાયથી તેને ઘરની બહાર કાઢી મૂકીશ, તો એમ કરવાથી કોઈ જાતનો લાભ થશે નહિ. પતિ તેને બીજા મકાનમાં રાખશે, કે જ્યાં તેઓ બંનેને વધારે સગવડ મળી જશે. અહીં તો મારે લીધે તેઓને દબાવું પડે છે, એથી તેઓ પોતાનો સંબંધ ગુપ્ત રાખે છે, પણ બીજા મકાનમાં મારું દબાણ પણ નહિ રહે. માટે કોઈ એવો ઉપાય કરવો જોઈએ કે જેથી, હંમેશને માટે તેનું અસ્તિત્વ નાબુદ થાય, અને માર્ગમાંનો કાંટો દૂર થઈ જાય, તથા મારા સંબંધી કોઈ શંકા પણ ન કરે. આ માટે મારે શો ઉપાય કરવો ! જો શસ્ત્રપ્રયોગ કરું તો એમ કરવામાં ભેદ ખુલવાનો ભય છે. જો વિષપ્રયોગ કરું તો એમ કરવામાં પણ ઘણી મુશ્કેલીઓ છે. ઘરમાં દાસ-દાસીઓ પણ રહે છે અને શેઠ પણ રહે છે. એ બધાં રહેતાં હોય ત્યાં હું આ પ્રમાણે પણ ન કરી શકું. આ માટે મારે કયો ઉપાય કરવો જોઈએ ! "

આ પ્રમાણે મૂળા વિચાર્યા કરતી અને ચંદનબાળાની સાથે પહેલાં કરતાં પણ વધારે કઠોર વ્યવહાર કરતી. પરન્તુ ધારિણીના ઉપદેશને ધ્યાનમાં રાખી ચંદનબાળા સઘળું સહન કરી લેતી. મૂળાના કઠોર વ્યવહાર સામે તે શબ્દ સરખોયે ન બોલતી, પણ માત્ર નમ્રતાપૂર્વક પોતાનો ગુનો માનીને મૂળાની ક્ષમા માગતી, તથા મૂળા જે કામ ખરાબ થયું કહેતી, તે કામ તે ફરીથી કરી નાખતી. આ પ્રમાણે થોડાક દિવસો સુધી ચાલ્યું.

એક દિવસ શેઠ ત્રણચાર દિવસને માટે બહારગામ ગયા. મૂળાએ શેઠની આ ગેરહાજરીનો લાભ લઈ, પોતે માની લીધેલ ચંદનબાળા રૂપ વિષવૃક્ષને ઉખાડવાનો નિશ્ચય કર્યો.

જે દિવસે શેઠ ધનાવહશાહ ગયા, તે જ દિવસે મૂળાએ પોતાને ત્યાંના નોકરચાકર વગેરેને પણ આઘી તગી મોકલી દીધા. તેણે કોઈ દાસીને તો એમ કહ્યું કે, "તું રજા માગતી હતી, તો હવે રજા પર જા. હમણાં શેઠ નથી એટલી ઘરમાં કામ ઓછું છે." આ પ્રમાણે કોઈ દાસીને રજા પર મોકલી દીધી. કોઈ દાસીને, નારાજ થઈ ને ઘરમાંથી કાઢી મૂકી, અને કોઈને દૂરના સ્થાન પર કામને માટે મોકલી દીધી. એ જ રીતે નોકરોને પણ આઘી તગી મોકલી દીધા. ઘરમાં માત્ર ચંદનબાળા અને મૂળા એ જ રહ્યા. મૂળાએ ધાર્યું કે ઘરમાં તો હવે બીજું કોઈ નથી, ઘરનું બારણું ખુલ્લું રહેવાથી કોઈ આવી જાય. અને તેથી કામમાં વિઘ્ન પડે તે ઠીક નહિ. તેથી મૂળાએ ઘરનું દ્વાર પણ બંધ કરી દીધું, અને પછી એવા વિચારથી તે આનંદમગ્ન બની કે આજે હું આ શોકના રૂપી કાંટા દૂર કરી શકીશ.

કમાડ બંધ કરીને મૂળા ચંદનબાળા પાસે આવી. મૂળાએ પોતાના હાથથી ચંદનબાળાના હાથ પકડી લીધા, અને ક્રોધપૂર્વક તેને કહેવા લાગી કે, "દુષ્ટા, તું મોટી ધુતારી છે. તેં મારી શોક્ય બનીને મારા પતિને ઠગ્યા છે! કોણ જાણે તું કયા કુળ–જાતિની છે, છતાં પણ મારા ઘરની માલિક બની બેઠી છે. કહે, તું કોની છોકરી છે, કઈ જાતની છે, અહીંયાં કેમ રહે છે, અને તારું ખરું નામ શું છે?"

ચંદનબાળાને માટે આ સ્થિતિ કાંઈ નવીન ન હતી. રથીને ત્યાં તે આ જ જાતની સ્થિતિ અનુભવી ચૂકી હતી. એથી તેને મૂળાના આ વ્યવહારથી કે પ્રશ્નોથી આશ્ચર્ય ન થયું. મૂળાના પ્રશ્નોના ઉત્તરમાં તેણે સ્વાભાવિક પ્રસન્નતાપૂર્વક કહ્યું કે, "માતા આજે તમે તમારી પુત્રીને કેવી જાતના પ્રશ્નો પૂછી રહ્યા છો? શું પુત્રીની જાતિ બીજી હોઈ શકે ખરી? જે તમારી જાતિ છે તે જ મારી જાતિ છે.

અને પિતાએ જે ચંદના નામ આપ્યું છે તે જ મારું નામ છે. તમને મારી બાબતમાં નકામી શંકા થઈ રહી છે. પોતાની પુત્રી સંબંધમાં આ પ્રકારની શંકા તો ન હોવી જોઈએ."

ચંદનબાળાનો આ જવાબ સાંભળીને મૂળા વધારે કર્કશ બની કહેવા લાગી કે, "મોટી દીકરી થવાં આવી છે તે ! મેં બધુંયે જોયું છે. પાપિણી સ્ત્રીઓ પાપ પણ કરે છે અને જે પુરુષના સમાગમથી પાપ કરે છે તેને પિતા, ભાઈ વગેરે પણ કહે છે. એ જ પ્રમાણે પાપી પુરુષ પણ ઉપરથી ધર્માત્મા બનીને, પુત્રી, બહેન વગેરે કહે છે. અને જેને પુત્રી, બહેન વગેરે કહે છે તેની જ સાથે દુરાચાર પણ સેવે છે. આ જ વાત તારા માટે પણ છે. પિતા માતા કહેતી જાય છે અને મોં પર હાથ પણ ફેરવાવતી જાય છે ! બનાવ, પગ ધોવડાવતી વખતે શેઠે તારા મોં પર હાથ ફેરવ્યો હતો કે નહિ ? અને જો ફેરવ્યો હતો તો શા માટે ? "

ચંદનબાળાએ કહ્યું કે, "માતા, પિતાજીએ મારા મોં પર હાથ તો નહોતો ફેરવ્યો ! હું પગ ધોતી હતી, એથી મારું શરીર હાલતું હતું અને મારા મોં પર માથાના વાળા ખસી આવ્યા હતા. મને કષ્ટ થતું હશે એમ ધારીને પિતાએ કરુણાપૂર્વક મારા મોં પર ખસી ખસી આવેલા વાળ જરૂર ઊંચા કર્યા હતા. પિતાનું આ કાર્ય અનુચિત તો ન હતું. જો સંતાન કષ્ટમાં હોય, તો તેને કષ્ટમુક્ત કરવાનું પિતાનું કર્તવ્ય જ છે. શું તમે આ નાની શી બાબત પર શંકા કરો છો ? તમે કોઈ જાતનો સંદેહ ન રાખશો, અને જો તમારી ઇચ્છા હોય તો વિશ્વાસને માટે મારી પરીક્ષા કરીને જોઈ લ્યો કે હું તમારી સાચી પુત્રી છું કે નહિ ? હું તમારી સાચી પુત્રી છું, એટલા માટે તમે મારી જે રીતે પરીક્ષા લેશો તે જ રીતે પરીક્ષા આપીને તમને વિશ્વાસ કરાવી દઈશ ! "

જો કે ચંદનબાળાનું કથન સર્વથા સત્ય હતું, તદપિ મૂળા પર તેનો જોઈએ તેવો પ્રભાવ પડ્યો નહિ. તેના હૃદયમાં ચંદન-

બાળા પ્રત્યે જે સંદેહ હતો, તે કારણે તથા ક્રોધને કારણે તે પોતાના વિચારથી વિરુદ્ધ વાત તરફ ધ્યાન જ નહોતી આપતી. ચંદનબાળાનો જવાબ સાંભળીને, તે ચંદનબાળાને કહેવા લાગી કે, " હા, પિતા જેવી રીતે પુત્રીના કેશ સમેટે છે તેવી રીતે પતિએ પણ તારા કેશ સમેટયા છે ? મોટી પુત્રી થઈ છે તે ! કુલટાને શરમ પણ નથી આવતી ! બીજા પુરુષ પાસે પોતાના કેશ સમેટાવવા, અનુચિત સંબંધ રાખવો અને ઉપરથી કહેવું કે પિતાની જેમ સમેટયા હતા, ભલે મારી પરીક્ષા લ્યો. વારુ, તું પરીક્ષા આપતી હોય તો હું પણ તારી પરીક્ષા લઉં છું ! જોઉં છું કે તું કઈ રીતે પરીક્ષા આપે છે !"

એમ કહીને મૂળા તરત જ કાતર લઈ આવી. હાથમાં કાતર રાખીને મૂળા ચંદનબાળા પ્રત્યે કહેવા લાગી કે, " ઠીક બેસ. તારાં જે વાળને મારા પતિનો હાથ અડકયો છે, તારાં જે વાળે મારા પતિને લોભાવ્યા છે, તે જ વાળને હું સૌથી પહેલા શિક્ષા આપું છું. તારા માથાં પર વાળ રહેવા જ ન દઉં ! "

મૂળાની આજ્ઞા માનીને ચંદનબાળા પ્રસન્નતાપૂર્વક તેની સામે બેસી ગઈ. તેણે મૂળાને કહ્યું કે, " માતા, તમે જેમ ધારો તે રીતે મારી પરીક્ષા લઈ શકો છો." ચંદનબાળાનું કથન સાંભળીને, મૂળાને વિચાર થયો કે મારું અનુમાન હતું કે વાળ કાપવાની વાત સાંભળીને તેને દુઃખ થશે, પણ આ તો બિલકુલ બેદરકાર છે. આ પ્રમાણે વિચારતી થકી તે ચંદનબાળાના લાંબા ભરાવદાર તથા કોમળ કેશો કાતરથી કાપવા લાગી.

સ્ત્રીઓને વાળ ખૂબ જ પ્રિય હોય છે. તેઓ વાળને સૌંદર્યનું એક કારણ માને છે. જેનાં વાળ જેટલા વધારે લાંબા, સુંદર અને કોમળ હોય છે તે સ્ત્રીની તેટલી જ સુંદરતા મનાય છે. કેશોનું 'કુંતલ' એવું પણ નામ છે, એટલા માટે જેને સુંદર વાળ હોય છે તેને 'સુકુન્તલા' (સુંદર વાળવાળી) પણ કહેવામાં આવે છે. સ્ત્રીઓ પોતાના

વાળને અગ્નિ ઉપરથી ફેરવે છે, કે જેના કેશ ચિત્તમાં કરવા કોઈ જાતનું ચિહ્ન આવી રહે નહિ. તેણીને મનુષ્ય એવું જ કહે છે. તેઓ પોતાના વાળનું અપમાન સહન કરી શકતી નથી. કેટલે અંશે શુદ્ધિ કરવા માટે જતી શ્રીકૃષ્ણને દ્રૌપદીએ ખુલ્લા વાળ બતાવી કૃષ્ણ-નાની સાથે એમ પણ કહ્યું હતું કે દુષ્ટ દુઃશાસને મારાં આ વાળનું અપમાન કર્યું હતું, એ વાત તમે કદિ કરતાં વખતે ભૂલી ન જશો. આ પ્રમાણે સ્ત્રીઓને માટે વાળનું અપમાન અસહ્ય હોય છે, પરન્તુ ચંદનબાળા પોતાના સુંદર કેશ કપાતી વખતે પણ પ્રસન્ન રહી, ને વિચારતી હતી કે આ કેશ કપાવાથી માતાને ખુશાલી છે તો પછી હું શા માટે દુઃખ કરું? જે વાતથી માતાને પ્રસન્નતા હોય, તેમાં મારે પણ પ્રસન્નતા જ અનુભવવી જોઈએ. માતા મારા પર કોપાયમાન છે, તો પણ તે કલ્યાણકારી છે, જેથી જ તે મારા કેશ કાપીને જ મારી પરીક્ષા લઈ રહી છે, નહિ તો તે બીજી કઠણ પરીક્ષા પણ લઈ શકતી હતી.

મૂળાએ કાતરથી ચંદનબાળાના સુંદર કેશો કાપી નાખ્યા. કેશો કાપીને તે ચંદનબાળાના મુખ તરફ જોઈને કહેવા લાગી કે " લે, હવે તારા મોં પર વાળ નહિ આવે, તેમ હવે મારા પતિ તે વાળ ઓળશે પણ નહિ." મૂળાએ ચંદનબાળા તરફ જોયા અનુમાનથી જોયું હતું કે વાળ કાપવાથી તેને દુઃખ થશે અને તે રોતી હશે, પણ મૂળાએ વાળ કપાવા છતાં પણ તેને પ્રસન્ન જ દેખી, તેથી તેને આશ્ચર્ય પણ થયું અને ક્રોધ પણ થયો. ચંદનબાળાએ મૂળાની વાતના ઉત્તરમાં પણ એ જ કહ્યું કે, " માતા, તમારી મારા પર મોટી મહેરબાની છે તેથી તમે માત્ર મારાં વાળ જ કાપીને મારી પરીક્ષા લીધી છે અને વાળ પણ એવી રીતે કાપ્યા છે કે જેથી મને જરા પણ કષ્ટ ન થવા દીધું. વાળ કાપવાથી મને કોઈ જાતનું દુઃખ પણ થયું નથી તેમ મને કોઈ જાતની હાનિ પણ થઈ નથી; તથાપિ તમારો મોહ મટી ગયો તેના કરતાં વધારે પ્રસન્નતાની વાત બીજી કઈ હોય? "

ચંદનબાળાનું આ કથન સાંભળીને મૂળા કહેવા લાગી કે, " આવી રીતે વાળ કતરાવાથી તને કાંઈ નુકસાન થયું નથી! વાળ તો ફરીથી પણ આવી જશે. અને તારા જેવી કુલટાના માથા પર વાળ હોય કે ન હોય, એ બંને બરાબર છે. કેશ કપાવાથી કોઈ સારી સ્ત્રીને દુઃખ થાય છે, તને દુઃખ શાનું હોય! પરન્તુ વાળ કાપવા માત્રથી જ મને સંતોષ નહિ થાય. તું એમ ન સમજીશ કે વાળ કાપવાથી મારી પરીક્ષા થઈ ગઈ. હું તારા હાથમાં હાથકડી, અને તારા પગમાં બેડી ઘાલીશ. તે પછી બીજું શું કરીશ, તે હું તને પછી કહીશ."

મૂળાની હાથકડી ને બેડી નાખવાની વાત સાંભળીને પણ ચંદનબાળા ન ગભરાઈ. તેણે જવાબમાં કહ્યું કે, " માતા, તમને જે પ્રમાણે કરવાથી પ્રસન્નતા ઊપજે તે પ્રમાણે જ કરો. તમને જેમાં પ્રસન્નતા તેમાં મને પણ પ્રસન્નતા જ છે."

" હા, તને તો પ્રસન્નતા જ થશે." એમ કહેતી થકી મૂળા, જઈને હાથકડી-બેડી નાખવા માટે જંજીર તથા તાળું લઈ આવી, તેણે જંજીરથી ચંદનબાળાના બંને હાથ અને બંને પગ બાંધીને, તે જંજીર (બેડી)માં તાળું લગાવી દીધું. એમ કરીને મૂળા બોલી કે, " હવે તારાં શરીર પર આ કપડાં શું કામના?" એમ કહીને મૂળાએ ચંદનબાળાના શરીર પરનાં કપડાં ખેંચી લીધાં, અને તેને એક જૂનાં મેલાં કપડાની લંગોટી કરી દીધી. આ વખતે પણ ચંદનબાળા પ્રસન્ન વદની જ રહી અને વિચારવા લાગી કે માતાની મારા પર પૂર્ણ કૃપા છે, એથી તેણે હાથ પગ કાપી નાખવાને બદલે તેમાં હાથકડી-બેડી જ નાખી છે; તથા તદ્દન નગ્ન ન બનાવતાં કાછડી લગાવી દીધી છે.

હાથકડી-બેડી નાખીને તથા કાછડી વાળીને મૂળાએ વિચાર્યું કે હવે તેને અહીંયાં બહાર રાખવી ઠીક નથી. બંધ કમાડ તો ક્યાં સુધી રાખી શકાય? અને ખુલ્લાં કમાડ રાખવાથી જતાં આવતાં લોકો તેને આ દશામાં જોઈને, મારી નિંદા તથા તેને મદદ

કરશે. માટે તેને ભોંયરામાં (તલઘર યા ભૂમિગૃહ) પૂરી દેવી ઠીક છે. જૂનાં મોટાં મકાનોમાં પ્રાયઃ ભોંયરાં રાખવામાં આવતાં હતાં. આજે પણ જૂનાં મકાનોમાં ભોંયરાં જોવામાં આવે છે. ધનાવહ શેઠના ઘરમાં પણ એક મોટું ભોંયરું હતું. તે ભોંયરું ઘણા દિવસોથી સાફ નહોતું થયું; અને ભોંયરામાં પ્રાયઃ અંધારું તો રહે જ. મૂળા ચંદન-બાળાને ઘસડીને તે જ ભોંયરા પાસે લઈ ગઈ. પછી ભોંયરાનું કમાડ ઉઘાડીને, તેણે ચંદનબાળાને ભોંયરામાં નાખી દીધી, અને પછી કમાડ બંધ કરી દીધું.

ચંદનબાળાને ભોંયરામાં પૂરીને મૂળા એવા વિચારથી પ્રસન્ન થઈ કે આજે હું મારી શોક્ય બનનાર, મારું સુખ સૌભાગ્ય લૂંટવો લેનાર, અને આ ઘરની માલિક બનવાની ઇચ્છા રાખનારને પૂરેપૂરી રીતે શિક્ષા આપી શકી છું. હવે તો તે એ જ ભોંયરામાં પડી પડી મરી જશે; અને એ રીતે મારો માર્ગ સાફ થઈ જશે. આ પ્રકારના વિચારોમાં પ્રસન્ન થતી એને તરત જ એ ધ્યાનમાં આવ્યું કે મેં, તેને ભોંયરામાં તો નાખી દીધી છે, પણ મારે ત્યાં આવનારા માણસો તેના ગેરહાજરીમાં એમ પૂછશે કે, 'ચંદનબાળા ક્યાં ?' તો હું તેઓને શો જવાબ આપીશ, અને ઘર ઉઘાડું રહેવાથી લોકો આવશે જશે તો ખરા જ ! જે દાસદાસીઓને મેં અહીંથી બહાર મોકલી દીધા છે તેઓ પણ આવશે તો ખરા જ, તેમ જ જેઓને આ ઘરેથી મદદ મળે છે તે લોકો પણ આવશે. હું કોને કોને શું શું કહીશ ! એટલા માટે બહેતર છે કે હું જ ઘરમાંથી જતી રહું. હું પણ અહીંયાં ન રહું, ઘર પણ ખુલ્લું ન રહે, તેથી કોઈ અહીંયાં આવે જાય પણ નહિ અને આ તરફનો કોઈ જાતનો ભય પણ ન રહે !

જે વ્યક્તિ પાપ કરે છે, તેને ભય પણ રહે છે. તે પ્રમાણે મૂળાને પણ ભય લાગ્યો. કોઈ મારાં આ કૃત્યો જાણી ન જાય, એ ભયથી મૂળા ઘરનું દ્વાર બંધ કરીને અને દ્વાર પર તાળું લગાવીને, કૌશામ્બીમાં રહેતા પોતાના પિતાને ત્યાં ચાલી ગઈ.

: પ્રકરણ :

[૧૫]

અભિગ્રહ

અમુક રીત મને ભોજન મળે, અમુક ચીજ મારા જોવામાં આવે અમુક ચીજ મને મળે, અમુક કાર્ય થઈ જાય અથવા અમુકના હાથથી મને ભોજન મળે તો જ હું ભોજન લઉં, અથવા એમ ન બને તો દિવસો સુધી અથવા કદી પણ ભોજન નહિ કરું, અગર અમુક કામ નહિ કરું વગેરે પ્રકારથી કરવામાં આવેલી ગુપ્ત પ્રતિજ્ઞાનું નામ અભિગ્રહ છે. જે પ્રતિજ્ઞા ગુપ્ત રીતે કરવામાં આવે છે, પોતાના ગુરુ આદિ માન્ય પુરુષો અથવા ખાસ વ્યક્તિ સિવાય બીજા કોઈને તે પ્રતિજ્ઞાની ખબર પડવા દેવામાં આવતી નથી, અને જે ગુપ્ત પ્રતિજ્ઞા પૂર્ણ થયા પછી જ ભોજન અથવા બીજું કાર્ય કરવામાં આવે છે, પૂર્ણ ન થાય ત્યાં સુધી હંમેશને માટે અથવા થોડાક સમયને માટે ભોજન કિંવા પ્રતિજ્ઞાનો આધાર રાખનાર કાર્ય નથી કરવામાં આવતું, તે પ્રતિજ્ઞાનું નામ અભિગ્રહ છે. પહેલાના મહાત્મા પુરુષો અનેક

જાતના અભિગ્રહ કરતા હતા, અને આજે પણ કોઈ કોઈ અવનવા અભિગ્રહ કરે છે. એ જુદી વાત છે કે, અમારી દૃષ્ટિએ તેવું અયોગ્ય અનુચિત, બીજા પર દબાણ કરનારી અથવા પ્રકટમાં કરેલી પ્રતિજ્ઞાને પણ અભિગ્રહ કહેવામાં આવે છે; પણ ખરી રીતે તો એ જ પ્રતિજ્ઞાને અભિગ્રહ કહી શકાય કે જે પ્રકટપણે ન કરવામાં આવે, જેનાથી કોઈ પર કોઈ જાતનું દબાણ કરવામાં ન આવે અને જે અનુચિત પણ ન હોય.

જૈન શાસ્ત્રોમાં તો અભિગ્રહના અનેક પ્રમાણ મળે છે જ, પરન્તુ બૌદ્ધ સાહિત્યમાં પણ અભિગ્રહ કર્યાની વાતો મળી આવે છે. જેમકે એક બૌદ્ધગ્રન્થમાં બુદ્ધના અભિગ્રહની વાત આવેલી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, બુદ્ધને આત્મજ્ઞાન થયું. બુદ્ધે આત્મજ્ઞાન થયાની વાત પોતાના શિષ્ય અનાથપિંડને કરી. અનાથપિંડે બુદ્ધને પ્રાર્થના કરી કે, 'આપને જે આત્મજ્ઞાન થયું છે તે આપ સંસારના મનુષ્યોને સંભળાવો તો સંસારી જનોનું પરમ કલ્યાણ થાય.' બુદ્ધે ઉત્તર આપ્યો કે, 'એ તો ઠીક છે, પણ સંસારીજનો આ જ્ઞાનને લાયક છે કે નહિ એ વાતને જાણ્યા પહેલાં હું આ ઉચ્ચ જ્ઞાન કોઈ ને સંભળાવી શકું નહિ. સંસારના લોકો આ જ્ઞાન સાંભળવાના અધિકારી ત્યારે જ માની શકાય કે જ્યારે તેમનામાં ત્યાગની ભાવના વિદ્યમાન હોય અને તેની પરીક્ષાને માટે કોઈ પોતાનું સર્વસ્વ દાનમાં આપી દે. જો એક પણ વ્યક્તિ સર્વસ્વનું દાન આપનાર નીકળી આવે તો તો હું એમ સમજું કે સંસારી જનોમાં ત્યાગ પણ છે, અને દાન આપવાની ભાવના પણ છે, એટલે એ રીતે હું મને પ્રાપ્ત થયેલું અધ્યાત્મ જ્ઞાન સંસારના લોકોને અવસ્ય સંભળાવીશ, નહિ તો આ જ્ઞાન મારા પોતાનામાં જ રાખીને મરી જવું તે વધારે સારું છે, પણ અપાત્ર જનોને સંભળાવવુ સારુ નથી.'

બુદ્ધનું કથન સાંભળીને, અનાથપિંડે જવાબ આપ્યો કે, 'હે ભગ-

વાન, સંસારમાં સર્વસ્વનું દાન કરનારા લોકોની શું ખોટ હોય છે? આપને માટે પોતાના સર્વસ્વનું દાન કરનારા લોકો ઘણા નીકળી આવશે. જો આપ મને આજ્ઞા આપો તો હું હમણાં જ જઈને સર્વસ્વનું દાન લઈ આવું.' બુદ્ધે કહ્યું કે, 'તું તો ઘણાઓની વાત કહે છે પરન્તુ જો એક પણ વ્યક્તિ એવી નીકળી આવે તો કામ થઈ જાય. તું આ બાબતમાં પ્રયત્ન કરવા ઇચ્છે છે તો ખુશીથી કર, પણ હું સર્વસ્વનું દાન કેમ ઇચ્છું છું એ વાત કોઈની પાસે ખુલ્લી ન કરીશ.'

અનાથપિંડ પાત્ર લઈને કૌશામ્બીમાં આવ્યા. સૂર્યોદય થવાનો સમય હતો. શહેરના કેટલાક માણસો પથારીમાં જ પડેલા હતા, કેટલાક ઊઠી રહ્યા હતા અને કેટલાક ઊઠી ચૂક્યા હતા. એ જ વખતે અનાથપિંડે ઘોષણા કરી કે, 'બુદ્ધ સર્વસ્વનું દાન માગે છે, તો તે આપો.' આ પ્રમાણે ઘોષણા કરતા અનાથપિંડ ચાલ્યા જતા હતા. લોકોએ અનાથપિંડનો અવાજ સાંભળ્યો. તે વખતે બુદ્ધ ખૂબ પ્રસિદ્ધ હતા; અને તે કારણથી કૌશામ્બીના લોકો અનાથપિંડને પણ ઓળખતા હતા. અનાથપિંડનો અવાજ સાંભળીને લોકો કહેવા લાગ્યા કે, 'અનાથપિંડ આજે પ્રાતઃકાળે જ સર્વસ્વનું દાન લેવા આવ્યા છે માટે તેમને ખાલી ન જવા દેવા જોઈએ.' આ પ્રમાણે વિચાર કરીને અનેક સ્ત્રીપુરુષ, વસ્ત્ર, આભૂષણ, રત્ન વગેરે લઈને દોડ્યા, અને અનાથપિંડના પાત્રમાં નાખવા લાગ્યા, પરન્તુ અનાથપિંડ તેમાંની કોઈ પણ વસ્તુ પોતાના પાત્રમાં મૂકવા દેતાં નહિ. પાત્રને ઊંધું વાળી દેતા, જેથી બધી વસ્તુઓ નીચે પડી જતી હતી. અનાથપિંડ કહેતા હતા કે હું સર્વસ્વનું દાન માગું છું, આવું દાન નથી માગતો. પાત્રમાં નાખેલી વસ્તુઓને અનાથપિંડ નીચે ફેંકી દેતા હતા, તેથી સઘળા માણસો પોતપોતાની વસ્તુ ઉઠાવી લઈને નિરાશ બની પોતાના ઘરમાં પાછા ફરતા હતા.

અનાથપિંડ આખી કૌશામ્બીમાં આ પ્રમાણે ફરી વળ્યા, પરન્તુ સર્વસ્વનું દાન આપનાર કોઈ મળ્યું નહિ. ચાલતાં ચાલતાં તેઓ નગરની બહાર નીકળી ગયા. અનાથપિંડે વિચાર્યું કે હવે તો જંગલ આવી ગયું છે ! જ્યારે નગરમાં જ કોઈ સર્વસ્વનું દાન આપનાર ન મળ્યું, તો પછી જંગલમાં કોણ મળી શકે ! પરન્તુ 'બહુરત્નાનિ વસુંધરા' પૃથ્વી પર અનેક રત્ન છે. કયું રત્ન ક્યાં છે તેનું કોઈ સ્થળ નિર્માણ નથી. એટલા માટે સર્વસ્વનું દાન મેળવવાની ઇચ્છાએ જંગલમાં જવું તે પણ અનુચિત તો નથી જ. આ પ્રમાણે વિચાર કરીને તે જંગલમાં પણ એ જ અવાજ દેતા ચાલવા લાગ્યા કે 'બુદ્ધ સર્વસ્વનું દાન ઇચ્છે છે, કોઈ દાતા સર્વસ્વનું દાન આપનાર હોય તો તેમને આપો !'

જંગલમાં એક સ્ત્રીએ અનાથપિંડનો આ અવાજ સાંભળ્યો. તે સ્ત્રીને અત્યંત ગરીબ કહેવી ઠીક થઈ પડશે. તેને ન તો ઘરબાર હતાં કે ન તો તેની પાસે વાસણકૂસણ હતાં. તેના શરીર પર એક ફાટેલું જૂનું વસ્ત્ર હતું, જે લજ્જાની રક્ષાર્થે તેણે પહેર્યું હતું. તે એક વસ્ત્ર જ માત્ર તેનું સર્વસ્વ હતું. તેની પાસે તે વસ્ત્ર સિવાય બીજું કાંઈ જ ન હતું.

અનાથપિંડનો અવાજ સાંભળીને તે સ્ત્રીએ વિચાર્યું કે, 'બુદ્ધ સર્વસ્વનું દાન માગે છે અને મારું સર્વસ્વ આ એક વસ્ત્ર જ છે. અને આ સર્વસ્વનું દાન કરવાનો બીજો સુયોગ ક્યારે મળશે? આ મારા સર્વસ્વનું દાન લેનારા બુદ્ધ જેવા સુપાત્ર ફરી ક્યારે મળશે ? માટે આ સુવર્ણ-સુયોગનો લાભ અવશ્ય લેવો જોઈએ.' આ પ્રમાણે વિચાર કરી તે સ્ત્રીએ અનાથપિંડને સંબોધન કરીને કહ્યું કે, 'હે ભિક્ષુ, આવો હું તમને સર્વસ્વનું દાન આપું છું,' એમ કહીને તે સ્ત્રી, જે માર્ગે અનાથપિંડ આવી રહ્યા હતા, તે જ માર્ગ પર ઊભેલા એક જૂના વૃક્ષની બખોલમાં પેસી ગઈ અને તેણે પોતાનું એક માત્ર વસ્ત્ર કાઢી, હાથમાં લઈને અનાથપિંડને કહ્યું કે, 'ભિક્ષુ, આ સર્વસ્વ

દાન હશે અને તે સર્વ જન [illegible] બુદ્ધને આપો, તેમની પ્રતિજ્ઞા પૂરી કરો.'

અનાથપિંડે, તે સ્ત્રીનું આપેલું તે વસ્ત્ર હર્ષપૂર્વક પોતાના હાથમાં લઈ લીધું, અને ગદ્‌ગદિત બનીને તે સ્ત્રીને કહેવા લાગ્યા કે, 'માતા, તમારી માફક સર્વસ્વનું દાન આપનાર જગતમાં કોણ હશે! તમારી પાસે આ એક જ વસ્ત્ર હતું. તમે આ જ વસ્ત્રથી શરીરનું રક્ષણ કરતા હતા, પરન્તુ લજ્જાના રક્ષણને માટે તમે તમારું શરીર પાણી ખાબોચિયામાં છૂપાવીને તમારું આ એક વસ્ત્ર પણ આપી દીધું. હવે તમારી પાસે કાંઈ પણ ન રહ્યું. આ જ તમારું સર્વસ્વ હતું અને આ સર્વસ્વને પણ તમે દાનમાં આપી દીધું. તમારા જેવો ઉદાર દાનવીર બીજો કોણ હશે! મને અતિ મૂલ્યવાન રત્નો, ઘરેણાં, વસ્ત્રો વગેરે આપનારા બીજા લોકો મળ્યાં હતાં, પણ તે તમારા સર્વસ્વ દાન માફક ન હતા. તે લોકો થોડુંક આપીને પોતાને માટે ઘણું રાખી રહ્યા હતા, સર્વસ્વનું દાન નહોતા આપતા. પરન્તુ તમે તો સર્વસ્વનું દાન આપ્યું છે; તે માટે તમને ધન્યવાદ છે.'

તે સર્વસ્વનું દાન આપનારી સ્ત્રીની આ પ્રમાણે પ્રશંસા કરીને, તેના ગુણગાન કરતા થકા, અનાથપિંડ બુદ્ધ પાસે પહોંચ્યા. તેમણે બુદ્ધને આ વસ્ત્ર આપીને કહ્યું કે, 'ભગવાન, આ સર્વસ્વ દાન લ્યો.' એમ કહીને તેમણે કૌશામ્બીમાં સર્વસ્વ દાન ન મળ્યા બાબતનું અને જંગલમાં મળ્યા બાબતનું આદ્યોપાન્ત વૃત્તાંત કહ્યું. તે વસ્ત્રને લઈને બુદ્ધ ખૂબ પ્રસન્ન થયા. તેમણે તે વસ્ત્ર માથા પર મૂકીને કહ્યું કે, 'મારી પ્રતિજ્ઞા પૂરી થઈ છે, તેથી હવે હું મને પ્રાપ્ત થયેલું જ્ઞાન જગતજનોને અવશ્ય સંભળાવીશ.'

બુદ્ધને સર્વસ્વનું દાન સરળતાથી જ પ્રાપ્ત થયું હતું. તેની તપાસ લાંબા વખત સુધી કરવી પડી ન હતી. આ સિવાય, બુદ્ધના આ અભિગ્રહની સાથે જ્ઞાન સંભળાવવા સંબંધીની જ વાત હતી, જીવન-

ગણધરનો પ્રશ્ન ન હતો. જો સર્વજ્ઞ જ્ઞાન ન થાત, તો શુદ્ધ પોતાનું પ્રાપ્ત કરેલું જ્ઞાન સંસારી મનુષ્યોને ન સમજાવત, પરન્તુ આ અભિગ્રહ પૂરો ન થાત તો તેથી તેમનો પ્રાણ ન જાત, માટે બુદ્ધનો અભિગ્રહ કઠણ હતો એમ કહી શકાય નહિ; પરન્તુ ભગવાન મહાવીરે ઘણા કઠણ અભિગ્રહ ધારણ કર્યા હતા. ભગવાન મહાવીરે જે અભિગ્રહ કર્યો હતો, તેની સાથે પ્રાણ રહેવા, ન રહેવાનો સંબંધ હતો. બુદ્ધનો અભિગ્રહ એક જ દિવસમાં પૂરો થઈ ગયો હતો તથા તે પૂરો કરવા માટે તેમના શિષ્ય અનાથપિંડે શ્રમણ કર્યું હતું, પરન્તુ ભગવાન મહાવીરનો અભિગ્રહ પાંચ માસ અને ૨૫ દિવસે પૂરો થયો હતો, તથા તે પૂરો કરવા માટે ભગવાને પોતે જ શ્રમણ કર્યું હતું. તે વખતે તેમને કોઈ શિષ્ય ન હતા. જો થોડાક વધુ દિવસો સુધીમાં ભગવાનનો અભિગ્રહ પૂરો ન થયો હોત તો તેમનું શરીર ટકવું મુશ્કેલ હતું. એટલા માટે ભગવાન મહાવીરનો અભિગ્રહ મહાન કઠણ હતો.

ભગવાન મહાવીરને સંયમ લીધા બાદ તપ કરતાં ૧૧ વર્ષ વ્યતીત થઈ ચૂક્યાં હતાં બારમાં વર્ષમાં ભગવાને રાત્રિને સમયે ધ્યાનમાં એવો વિચાર કર્યો હોય એમ લાગે છે કે, હું સંસારના જે જે જીવાત્માઓનું કલ્યાણ કરવા ઇચ્છું છું તેમાં સ્ત્રીઓ પણ છે અને પુરુષો પણ છે. આ સંસાર ન તો માત્ર એકલી સ્ત્રીઓથી જ છે કે ન તો માત્ર પુરુષોથી જ છે. બંનેથી તે સંસાર છે, તથા બંનેથી તેનું પતન અથવા ઉદ્ધાર છે. એકલો પુરુષ આ સંસારને પતિત નથી કરી શકતો કે નથી ઉદ્ધારી શકતો. આ સ્થિતિમાં મારે પણ કોઈ એક સુયોગ્ય સુકુમારિકાની અપેક્ષાકૃત સહાયતા લેવી આવશ્યક છે અને તેની શોધને માટે મારે મહાભિગ્રહ પણ ધારણ કરવો જોઈએ કે જેથી બન્ને કાર્યો સિદ્ધ થાય. પ્રથમ તો એવી મહાન યોગ્ય સુસંયમી કન્યાની શોધ થાય અને બીજું મારાં કઠિન કર્મોની નિર્જરા પણ થાય.

અહીં એવી શંકા ઉઠી શકે છે કે, જ્યારે ભગવાન મહાવીરે ઇન્દ્રની પણ સહાયતા આદિ નહિ લે તો પછી ચંદનબાળા એક સુકન્યાની સહાયતાની આવશ્યકતાની અપેક્ષા કરવી એ ઉચિત કેમ હોઈ શકે!

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, શાસ્ત્રમાં જ્યાં ભગવાન તથા ઇન્દ્ર વિષયક વિચાર કરવામાં આવ્યો છે, ત્યાં જગદુદ્ધારનો કાંઈ વિષય જ નથી પરંતુ ત્યાં કર્મક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો વિષય છે. ત્યાં ભગવાને ફરમાવ્યું છે કે, કર્મક્ષય કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવું એ બીજાની સહાયતાથી બની શકતું નથી; એટલા માટે હું તારી સહાયતા લેવા ચાહતો નથી. આ વિષે શ્રી. કલ્પસૂત્રમાં જે પાઠ આપ્યો છે તે આ પ્રમાણે છે:-

" इन्दा ! न एयं भूयं, न एयं भव्वं, न एयं भविस्सइ जन्नं अरिहंता देविन्दस्स असुरिन्दस्स वा निस्साए केवलनाणं उप्पाडिंसुंति ३ सिद्धिं वा वच्चन्ति किन्तु सएणं उट्ठाण-बल-विरीय-पुरिसाकारपरक्कमेणं केवलनाणं उप्पाडेन्ति । "

અર્થાત્-" હે ! ઇન્દ્ર ! એવું બન્યું નથી, બનતું નથી, તેમ બનશે પણ નહિ કે, અરિહંતો દેવેન્દ્ર કે અસુરેન્દ્રની સહાય લઈ કેવળજ્ઞાનને પેદા કરે કે સિદ્ધિને પ્રાપ્ત થાય; પણ તેઓ પોતાના ઉત્થાન બળ-વીર્ય-પુરુષાર્થ તથા પરાક્રમથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે."

અમારું ઉક્ત વિષયનું કથન ભગવાન મહાવીરની કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગેરેથી ભિન્ન પ્રકારનું છે કારણ કે, એ વાત જગદુદ્ધારને લગતી છે. એટલા માટે કેવળજ્ઞાનને પ્રગટાવવું અને જગતનો ઉદ્ધાર કરવો એ બન્ને વાત ભિન્ન ભિન્ન પ્રકારની છે. આ જ પ્રમાણે કેવળજ્ઞાનને પ્રગટ કરવાને માટે ઇન્દ્રની સહાયતા ન લેવી અને જગદુદ્ધારના કાર્યમાં સુકન્યાની અપેક્ષાકૃત સહાયતા લેવી અનુચિત નથી. અસ્તુ.

આ પ્રમાણે વિચાર કરીને, ભગવાને મહા કઠણ અભિગ્રહનો નિશ્ચય કર્યો કે, જે રાજકન્યા હોય, અવિવાહિતા હોય, સદાચારિણી હોય, કોઈ પણ જાતનો ગુનો કર્યા વગર જ જેના પગમાં બેડીઓ તથા હાથમાં હાથકડીઓ પડી હોય, માથું મૂંડેલું હોય, શરીર પર માત્ર એક લંગોટી પહેરી હોય, અઠ્ઠમ કર્યો હોય, તેનું પારણું કરવા માટે રાખેલાં અડદનાં બાકળાં સૂપડામાં લીધાં હોય, ઘરમાં ન હોય તેમ ઘરની બહાર પણ ન હોય; પણ એક પગ ઉંબરાની બહાર તથા બીજો પગ ઉંબરાની અંદર રાખીને, દાન આપવાની ભાવનાથી નજર કરતી અતિથિ પધારવાના માર્ગની પ્રતીક્ષા કરતી હોય, પ્રસન્ન મુખ હોય, અને આંખોમાં આંસુ પણ હોય. એવી કન્યાના હાથથી બે પ્રહર પછી અન્ન મળે, તો જ ભોજન કરું, નહિ તો આ શરીર ભલે નાશ પામે, પણ અન્ન ગ્રહણ કરું નહિ.

ભગવાનનો આ અભિગ્રહ કેટલો કઠણ હતો! ભગવાને જે જે બાબતો ધારી તે બધી એક જ જગ્યાએ મળવી કેટલી મુશ્કેલ છે! ભગવાનનો અભિગ્રહ ત્યારે જ પૂરો થઈ શકે, કે જ્યારે એક જ સમયે અને એક જ જગ્યાએ તેર બાબતો મળે. જો કે આ બધી બાબતો એક જ સ્થળે મળવી ઘણી જ મુશ્કેલ છે, છતાં ભગવાનમાં દૃઢતા હતી, એટલે જ તેઓએ આવો મહાન અભિગ્રહ ધારણ કર્યો.

જે દિવસોમાં રથીની સ્ત્રીએ ચંદનબાળાનું વેચાણ કરવા માટે રથીને વિવશ બનાવ્યો, ચંદનબાળા બજારમાં વેચાઈ, ધનાવહ શેઠને ઘેર આવી ચંદનબાળા મૂળાએ આપેલાં કષ્ટો સહન કરી રહી હતી, તે જ દિવસોમાં ભગવાન મહાવીર અભિગ્રહ પ્રમાણે અન્ન મેળવવા માટે ગ્રામાનુગ્રામ વિચરી રહ્યા હતા. ભગવાનને વિચરતાં વિચરતાં પાંચ માસ કરતાં પણ વધારે દિવસો પસાર થયા. છતાં અભિગ્રહ પ્રમાણે અન્ન પ્રાપ્ત ન થયું તપશ્ચર્યાને કારણે ભગવાનનું શરીર ઉત્તરોત્તર ક્ષીણ

થાતું જ હતું. ભગવાનનું શરીર પણ તેજ ગુણના ... તેથી તેનું ... એમાં અનિષ્ટ ભાવનામાં વારંવાર ખાણી રહેતી હતી, તેમ, મનુષ્ય વગેરે જીવોનાં હિતના કરી રહ્યા હતા છે. શિષ્યોના કલ્યાણ કરનાર, ... ભગવાન ગુણ ધારનારે આ મહાપુરુષ શું આ પ્રમાણે ગુણો જાણે ! સંસારનાં સાધનો ભાન પ્રાણીઓ ... તો જ હિતના કરી રહ્યા હતા કે કોઈ રીતે ભગવાન મહાવીરનું શરીર રહી રહે.

અભિગ્રહ પ્રમાણે અન્નપ્રાપ્તિ માટે પરિભ્રમણ કરતાં ભગવાન મહાવીર કૌશામ્બીમાં પધાર્યા. આ તરફ કૌશામ્બીમાં મૂળાએ ચંદનબાળાનું મસ્તક મુંડાવીને, તેને હાથકડી-બેડી પહેરાવીને તથા લંગોટી પહેરાવી ભોંયરામાં પૂરી દીધી. જો કે મૂળાએ જે કાર્ય કર્યું હતું તે દુષ્ટ ભાવનાથી ચંદનબાળાનું અહિત કરવા માટે જ કર્યું હતું. પરન્તુ જ્યારે તેનું પરિણામ સુંદર હોય છે ત્યારે ખરાબ નિમિત્ત પણ સારું આવે છે. એ જ પ્રમાણે મૂળાનું આ કાર્ય પણ ભગવાન મહાવીરનું શરીર ટકાવી રાખનાર, સંસારના મનુષ્યોનું કલ્યાણ કરનાર, તથા ચંદનબાળાને જગદ્વંદ્ય બનાવનાર નીવડ્યું. જો ચંદનબાળા સાથે મૂળાએ આ જાતનો વ્યવહાર કર્યો ન હોત તો ભગવાનનો અભિગ્રહ પૂર્ણ કેમ થાત? એટલા માટે મૂળાએ જે કાર્ય કર્યું, તે તેણે તો ખરાબ કાર્ય સમજીને જ કર્યું, પણ તે સારું જ કાર્ય નીવડ્યું.

———x———

: પ્રકરણ :

[૧૬]

દાન

પોતાની પાસે કોઈ વસ્તુ વધારે પ્રમાણમાં હોય અને તેમાંથી કોઈને થોડીક આપવી એમાં ખાસ વિશેષતા નથી. કોઈ કોટ્યાધિપતિએ કદાચ કોઈને હજાર બે હજાર રૂપિયા આપી દીધા, તો તેમાં વિશેષતા શી ? એટલું આપ્યા પછી પણ તેની પાસે જે બાકી રહ્યું છે તે તેની જરૂરિયાત કરતાં ઘણું વધારે છે. તો પણ એક કંજૂસ માણસ પોતાની પાસે ઘણું વધારે દ્રવ્ય હોવા છતાં થોડુંક પણ નથી આપતો, તેના કરતાં પ્રથમની થોડુંક પણ આપનાર અધિક અવશ્ય પ્રશંસાપાત્ર કહેવાય; અવશ્ય ઉદાર ગણાય. છતાં ન્યાયની દૃષ્ટિએ જોવામાં આવે તો આ ઉદારતાને માટે તેને કોઈ જાતનું દુઃખ વેઠવું પડયું નથી, તેમ પોતાની કોઈ જરૂરિયાત પણ તેને ઓછી કરવી પડી નથી. એટલા માટે આવું દાન વધારે પ્રશંસનીય ગણાતું નથી. પ્રશંસાને લાયક તો એ જ દાન છે કે, જેની પછવાડે કાંઈ દુઃખ સહન કરવું પડે અને જેને લીધે પોતાની કોઈ જરૂરિયાત રોકવી પડે અથવા ઓછી કરવી પડે. પોતાની પાસે પહેલેથી જ થોડી વસ્તુ છે અને જેનાથી પોતાની જ જરૂરિયાત સરળતાથી પૂરી થતી નથી અને એ વસ્તુમાંથી ઓછી થતાં પોતાને દુઃખ સહવું પડે, આ જાતની સ્થિતિમાં પણ જે દાન આપવામાં આવે છે તે જ દાન પ્રશંસનીય ગણાય છે. કેટલાક માણસો કહે છે કે અમારી પાસે વધારે

છે જ નહિ, આવી સ્થિતિમાં અમે ગરીબો કઈ રીતે દાન આપીએ ! આ પ્રમાણે દુઃખ વખતે દાન આપવાનું સૂઝતું નથી, દાન આપવા તરફ લક્ષ જ જતું નથી. લોકો એમ સમજે છે કે જે શ્રીમંત છે, જેઓની પાસે વધારે છે, તેઓ જ દાન આપવાના અધિકારી છે; અમે દુઃખી લોકો અમારા ખાવાથી પણ થોડું છે. માટે અમે દાન આપવા માટે અધિકારી નથી. પરન્તુ આવી રીતે જોતાં, આ માન્યતા ભૂલ ભરેલી છે. પ્રશંસનીય દાન તો એ જ છે કે જે કષ્ટ વખતે અને થોડું હોવા છતાં પણ આપવામાં આવે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે— દાણ દરિદ્દાણિ અર્થાત્—દરિદ્રતામાં આપવામાં આવેલું દાન જ મહત્વપૂર્ણ છે. ખ્રિસ્તી ધર્મના પુસ્તકમાં પણ ગરીબોમાં આપવામાં આવેલા દાનની પ્રશંસા કરવામાં આવી છે.

મતલબ એ કે, ગરીબી અને કષ્ટ વખતે પોતાની જરૂરિયાત પૂરી કરતાં કરતાં આપવામાં આવેલું દાન વધારે મહત્ત્વનું છે. સંગમે પોતાના જીવનમાં કોઈ વાર ખીર ખાધી ન હતી, તો પણ મુનિના પધારવાથી તેણે પોતાની પાસેની ખીર વહોરાવી દીધી. તે ખીરના દાનના પ્રતાપે જ તેને શાલિભદ્રના ભવમાં વિપુલ સંપત્તિ પ્રાપ્ત થઈ. શું ખીરનું દાન બીજા કોઈએ આપ્યું નહિ હોય? અનેક ધનવાનોએ ખીરનું દાન આપેલું હશે, છતાં તેઓને શાલિભદ્રના જેટલી ઋદ્ધિ કેમ ન મળી? તેનું કારણ એ જ કે, સંગમે ખીર કદીયે દેખી પણ ન હતી, તેવી ગરીબાવસ્થામાં ખીરનું દાન આપ્યું હતું. એટલા માટે ગરીબી અથવા કષ્ટ વખતે દાન આપવાનું અથવા દાન આપવાની ભાવના રાખવાનું મહત્ત્વ ઓછું નથી. ભગવાન મહાવીર, આવી સ્થિતિમાં દાન આપનાર વ્યક્તિની શોધમાં જ ભ્રમણ કરી રહ્યા હતા. તેઓ, જે જાતના કષ્ટમાં પડેલી સ્ત્રી દ્વારા દાન મેળવવા ઇચ્છતા હતા, તે વ્યક્તિને સાધારણ રીતે આવા કષ્ટના સમયમાં દાન આપવાની વાત યાદ રહેવી એ પણ મુશ્કેલ હતી. એક રાજકુમારીને, અવિવાહિતાવસ્થામાં આ જાતનું દુઃખ સહન કરવાની

શી જરૂર હોય! વિવાહિતા સ્ત્રીઓએ તો દુઃખ સહન કર્યું પણ હશે, પરન્તુ રાજકન્યા, સુંદરી, સુકુમારી અને અવિવાહિતા હોવા છતાં પણ શા માટે દુઃખ ભોગવે! તે તો કોઈ રાજા અગર રાજકુમારને પોતાનો પતિ બનાવીને કષ્ટમુક્ત બની શકે. કષ્ટ પણ કોઈ અપરાધથી નહિ, પણ નિષ્કારણ જ, અને કષ્ટ પણ કેવું! બંને હાથમાં હાથકડી, તથા બંને પગમાં બેડી પડી હોય, માથું મૂંડેલું હોય અને શરીર પર માત્ર લંગોટી સિવાય બીજું કપડું પણ ન હોય. એટલું જ નહિ પણ જેને ત્રણ દિવસથી કાંઈ ખાવા—પીવાનું મળ્યું ન હોય, જે ત્રણ દિવસથી તદ્દન ભૂખી હોય અને ચોથે દિવસે માત્ર જેને અડદના બાકળાં ખાવા વાસ્તે મળ્યાં હોય, તે પણ બીજા વાસણમાં નહિ, પણ હલકાં ગણાતા સૂપડામાં. આ રીતે દુઃખમાં પડેલી હોવા છતાં પણ જે દાન દેવાની ભાવનાથી અતિથિના આગમનની વાટ જોતી હોય, અને તે કષ્ટ દશામાં પણ જે દાન આપે, તેના જ હાથનું અન્ન લેવાની ભગવાનની પ્રતિજ્ઞા હતી. ભગવાને એવી કઠિન પ્રતિજ્ઞા કેમ કરી, આ સંબંધી ચોક્કસપણે કાંઈ કહી શકાતું નથી, તો પણ વિચાર કરવાથી એવું અનુમાન થાય છે કે, ભગવાન એવાં અન્નમાં મહાન શક્તિ માનતા હતા. કેમ કે એક તો તે અન્ન કન્યાના હાથનું હશે અને બીજું તે ગરીબીમાં તથા દુઃખ વખતે આપેલું હશે.

ચંદનબાળાને ભોંયરામાં પૂરીને મૂળા, ઘરને તાળું લગાવી પોતાના પિયરમાં જઈ બેઠી. આખા ઘરમાં કોઈ પણ ન રહ્યું, માત્ર ચંદનબાળા જ રહી, જે ભોંયરામાં પૂરાએલી હતી. કોઈ અન્ય માણસ માટે અને તેમાંય વળી સ્વભાવથી ડરપોક તથા કુમળા હૃદયવાળી મનાતી કન્યાને માટે આ સમય કેટલો સંકટમસ્ત હતો! અંધકારમય, સૂનસામ, અને જે ઘણા દિવસોથી સાફ પણ કરવામાં આવ્યું ન હતું, એવા ભોંયરામાં પૂરાએલી ઓનુ તો કહેવું જ શું! કિંતુ પુરુષ પણ ભયનો

[illegible]

શરીરને મને જગાવી સુઅવસર આપ્યો છે કે જે આ [illegible] દુઃખમય બની ગયેલી હતી અને એ દશા માતાથી [illegible] પણ આવી શકત, પરન્તુ ધન્ય છે માતા [illegible], જે [illegible] મને સહનશીલતાનો બોધ આપ્યો. જેને [illegible], સંસારીજનો જે વસ્તુને દુઃખરૂપ માને છે અને [illegible] સમજે છે, તથા જેને કારણે ખેદ પામે છે, તે જ વસ્તુને હું સારી સમજીને, તેમાં આનંદ માની રહી છું. મને આવો મનોયોગ પ્રાપ્ત કરાવવામાં મોટી માતા-[illegible] પણ વિશેષ હાથ છે. જો તેણે મને ભોંયરામાં [illegible] આજ્ઞા આપી ન હોત, તો હું ત્યાં જ રહેત, અને મૂળા માતાને ત્યાં ન આવી હોત, તો પછી ઈશ્વર-ભજનનો આ સુયોગ મને ક્યાંથી પ્રાપ્ત થાત! તે માતાએ મારા પર મોટી કૃપા કરી, કે જેથી મને આ સુઅવસર પ્રાપ્ત થયો છે!

ભોંયરામાં ચંદનબાળાને ત્રણ દિવસ વ્યતીત થઈ ગયા. દિવસ અને રાત્રિ ક્યારે પસાર થયાં તેની તેને બિલકુલ ખબર જ ન

પડી. તેને માટે તો હમેશાં [illegible] ઓસાવણ જ હતું. આ ત્રણ દિવસોમાં તેને ખાવાનું કે પીવાનું કાંઈ મળ્યું જ ન હતું. ખાન-પીવાની વાત તો દૂર રહી, પણ તેને શુદ્ધ અને સ્વચ્છ પવનનો શ્વાસ પણ મળ્યો ન હતો. આ પ્રકારના [illegible] ત્રણ દિવસ સુધી જીવતા રહેવું એ પણ કઠણ હોય છે, પરંતુ ચંદનબાળાના હાથે આગળ મહાન કાર્ય થવાનું હતું અને તેનું આયુષ્ય-બળ પ્રબળ હતું, જેથી તેના જીવનનો નાશ ન થયો.

ચોથે દિવસે લગભગ બપોરે, ધનાવહ શેઠ પ્રવાસમાંથી ઘેર આવ્યા. તેમણે જોયું કે ઘરનું બારણું બંધ છે અને તાળું વાસેલું છે. બારણા આગળ કોઈ નોકર કે દાસી નથી. આ જોઈને શેઠ ચકિત બની ગયા. તે આશ્ચર્યપૂર્વક વિચાર કરવા લાગ્યા કે, "આજ સુધીમાં કદી પણ મારા ઘરનું બારણું બંધ થયું નથી અને આજે તે બંધ હોવાનું શું કારણ ! ઘરનાં સઘળાં માણસો ક્યાં ચાલ્યા ગયા ! ઘર આગળ ઓછામાં ઓછી એક માણસની હાજરી તો હોવી જોઈતી હતી, કદાચ મારી પત્ની તેના પિતાને ત્યાં ચાલી ગઈ હશે અને નોકર ચાકરો પણ અહીં તહીં ચાલ્યા ગયા હશે પરન્તુ પુત્રી ચંદના ક્યાં ગઈ ?"

શેઠે પોતાના પડોશીઓને પૂછ્યું કે, "મારા ઘરને તાળું કેમ વાસેલું છે ! અને ઘરના સઘળા માણસો ક્યાં ગયા છે ?" પડોશીઓએ જવાબ આપ્યો કે, "આપના ઘરને ત્રણ દિવસથી તાળું વાસેલું છે. જે જે માણસોને આપને ત્યાંથી હમેશાં સદાવ્રત મળતું હતું, તેઓ પણ આજે ત્રણ દિવસથી નિરાશ બનીને પાછા ચાલ્યા જાય છે. નોકરચાકરો પણ તાળું વાસેલું દેખીને પાછા જતા રહે છે, પણ અમે એ નથી જાણતા કે તાળું કેમ વાસ્યું છે અને શેઠાણીજી ક્યાં ગયા છે." શેઠે ફરી પ્રશ્ન કર્યો કે, "તે તો કદાચ તેના પિતાને ત્યાં ગઈ હશે, પણ પુત્રી ચંદના ક્યાં ગઈ હશે ?" શેઠના આ પ્રશ્નના

ઉત્તરમાં પડોશીઓએ કહ્યું કે, "અમે ત્રણ દિવસથી તેને પણ જોઈ નથી."

શેઠ પોતાના પડોશીઓ સાથે આ પ્રમાણે વાત કરી રહ્યા હતા, એટલામાં શેઠના ઘરનો એક નોકર ત્યાં આવી પહોંચ્યો. શેઠે તેને ઘરને તાળું લગાવ્યાનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો કે, "મને વધારે તો કાંઈ માહિતી નથી, પણ આપના ગયા પછી શેઠાણીએ અમને સઘળાને અહીં તહીં મોકલી આપ્યા હતા. ઘરમાં માત્ર શેઠાણી તથા ચંદનબાળા એ બે જ રહ્યા હતા. અમે બધા ગયા પછી શું થયું અને તેઓ બંને ક્યાં ગયા તેની ખબર નથી. પછી તો બારણે તાળું જ વાસેલું દેખાયું."

આ વૃત્તાંત સાંભળીને, શેઠને ચંદનબાળાના જીવન પરત્વે સંદેહ થયો. તેઓ મૂળાનો સ્વભાવ તથા ચંદનબાળા સાથે તેનું વૈમનસ્ય જાણતા હતા. એથી તેઓ વિચારવા લાગ્યા કે ચંદન જરૂર કોઈ સંકટમાં પડી હશે. શેઠે નોકરને શ્વસુર ગૃહે શેઠાણીની ખબર કાઢવા અને જો તે ત્યાં હોય તો તેને બોલાવી લાવવા અથવા તેની પાસેથી ઘરને વાસેલાં તાળાંની કૂંચી લઈ આવવા માટે મોકલ્યો. નોકર શેઠના શ્વસુર ગૃહે ગયો. શેઠાણીને ત્યાં જોઈને તેણે તેને કહ્યું કે, "શેઠ આવ્યા છે, માટે તમે ચાલો, અથવા તો ઘરને વાસેલાં તાળાંની કૂંચી આપો." શેઠનું આવાગમન થયેલું સાંભળીને શેઠાણીને થોડોક ધ્રાસકો પડ્યો; પરન્તુ એવા વિચારથી તેને ધૈર્ય રહ્યું કે તે દુષ્ટા (ચંદનબાળા) ભોંયરામાં ત્રણ દિવસથી ભૂખી તરસી પડી છે, તેથી જરૂર તે મરી ગઈ હશે. અને કદાચ જો તે મરી ગઈ નહિ હોય, તો પણ શેઠને તે બાબતની ખબર પડશે નહિ. હમણાં એક બે દિવસ તો હું ઘરે જઈશ જ નહિ, પછી જ્યારે જઈશ અને શેઠ તેના સંબંધમાં પૂછશે ત્યારે કહી દઈશ કે તે તો કોઈ અજાણ્યા પુરુષની સાથે ચાલી ગઈ અને ઘરમાંથી અમુક અમુક માલ પણ લઈ ગઈ, આ પ્રમાણે તેના પર આરોપ મૂકીશ.

મૂળાશેઠાણીએ શેઠને ઘરના તાળાંની ચાવી આપી. તેમણે તે ચાવી લઈને શેઠને આપી. ઘરનું બારણું ઉઘાડીને શેઠ અંદર ગયા; પણ ત્યાં ચંદનબાળા જોવામાં આવી નહિ. ચંદનબાળાને ન જોવાથી, શેઠ મોટા સ્વરે તેનું નામ લઈને બોલાવવા લાગ્યા. ભોંયરાના કમાડોના તાળાં થઈને ગયેલા આ શબ્દો ચંદનબાળાના કાને પડ્યા. પોતાનું નામ સાંભળીને, અને શેઠનો સ્વર ઓળખીને, ચંદનબાળા વિચારવા લાગી કે, "પિતાજી મને બોલાવી રહ્યા છે. તેમનો કરુણાપૂર્ણ ધ્વનિ કહી આપે છે કે તેઓ મારે લીધે દુઃખ અનુભવી રહ્યા છે." આ પ્રમાણે વિચાર કરતી ચંદનબાળાએ ત્યાંથી જવાબ આપ્યો કે, "પિતાજી, આપ દુઃખ ન ધરશો, હું અહીંયાં આનંદમાં છું." ચંદનબાળાનો અસ્પષ્ટ જવાબ શેઠે સાંભળ્યો. તે શબ્દના આધારે ભોંયરા તરફ ચાલ્યા. શેઠ 'ચંદના, ચંદના' શબ્દ બોલતા જતા હતા અને ચંદનબાળા તેમને જવાબ આપતી જતી હતી. આથી શેઠ જેમ જેમ ભોંયરા નજીક આવતા જતા હતા, તેમ તેમ ચંદનબાળાના શબ્દની અસ્પષ્ટતા પણ ઓછી થતી જતી હતી. ભોંયરાના બારણા પાસે પહોંચતા શેઠને વિશ્વાસ આવ્યો કે ચંદના આમાં જ છે. તે દુષ્ટા (પત્ની)એ ચંદનાને આ ભોંયરામાં પૂરી રાખી છે.

શેઠે ભોંયરાનું કમાડ ઉઘાડીને ચંદનબાળાને બોલાવી. આ વખતે તેને ચંદનબાળાનો જવાબ સ્પષ્ટ સમજાયો. શેઠ તે અંધારા ભોંયરામાં ઊતર્યા. તે ધીરે ધીરે ચાલતા ચંદનબાળા પાસે પહોંચી ગયા. ત્યાં પહોંચતા તેમણે જાણ્યું કે ચંદનબાળાના હાથપગ બેડી-ઓથી જકડાયેલા છે. આવી દશામાં આવી પડેલી ચંદનબાળાને જોઈને શેઠને ઘણું દુઃખ થયું. તેણે સાહસ કરીને ચંદનબાળાને ઉપાડી, અને જેમ તેમ કરીને ભોંયરાની બહાર લાવ્યા. બહાર લાવતાં તેમણે જ્યાં ચંદનબાળાનું મૂંડેલું મસ્તક, તેનાં શરીર પર વાળેલી લંગોટી, અને હાથકડી—બેડી જોઈ કે તરત જ તેમનું ધૈર્ય ખૂટી ગયું. તેઓ ખૂબ જોરથી રડી પડ્યા, અને કહેવા લાગ્યા કે, "હાય, તે દુષ્ટાએ

નાના એવી સર્વોની આગળ જુદે જુદા કરી, જેવું તેને મારી નાખવામાં, તારો પાત્ર કરવામાં કોઈ પણ જાતની કચાશ રાખી નથી. મારી સમજણ પ્રમાણે તેણે તો તને મારી જ નાખી હતી. આ તો મારું આગમ ભાગ્ય હતું કે જેથી હું તને જીવતી જોઈ શકયો."

આ પ્રમાણે કહીને, શેઠ વિલાપ કરવા લાગ્યા. ચંદનબાળા શેઠને સમજાવવા તથા ધૈર્ય આપવા લાગી. પરન્તુ તે વખતે તેની સઘળી વાતો શેઠને દુઃખરૂપી ગરમ કડાઈ પર પડેલાં જળબિંદુની જેમ નકામી જતી હતી. શેઠનું દુઃખ કોઈ રીતે ઓછું થતું ન હતું. ચંદનબાળાએ વિચાર્યું કે, "આ રીતે પિતાનું રુદન બંધ કરવું મુશ્કેલ છે. આ વખતે તેમને કાંઈ કામ બતાવવું જોઈએ, તો જ તેમનો દુઃખ-પ્રવાહ રોકી શકાય." આ પ્રમાણે વિચાર કરીને, ચંદનબાળાએ શેઠને કહ્યું કે, "પિતાજી, તમે તો રોવામાં પડી ગયા, અને મને સખત ભૂખ લાગી છે. તમે ગયા તે જ દિવસથી હું ભૂખી છું. માટે તમે રોવાનું બંધ કરીને મને કાંઈક ખાવાનું આપો. તમે મને ભોંયરામાંથી બહાર લાવતા હતા તે વખતે મેં એવી પ્રતિજ્ઞા કરી છે, કે પારણું કરવા યોગ્ય જે કાંઈ વસ્તુ સૌથી પ્રથમ તમારા હાથમાં આવશે, તે જ વસ્તુ હું પારણું કરવા માટે લઈશ. બીજી નવી તૈયાર કરેલ વસ્તુ અથવા લાવેલી વસ્તુ હું લઈશ નહિ."

ચંદનબાળાનું કથન સાંભળીને, 'આ સતી આજ ત્રણ દિવસથી ભૂખી છે' એવો વિચાર કરીને શેઠ રોવાનું ભૂલી ગયા. તેઓ ઊઠીને રસોડામાંથી કોઈ ખાવાની વસ્તુ લાવવા માટે ગયા; પરંતુ તેમણે જોયું કે રસોડાને પણ શેઠાણીએ તાળું વાસ્યું છે. તેઓ આકુળ બનીને અહીં તહીં જોવા લાગ્યા. તે વખતે ત્યાં તેમણે એવી કોઈ ચીજ જોઈ નહિ, કે જે વડે પારણું કરી શકાય; માત્ર એક વાસણમાં સુકાઈ ગયેલાં અડદના બાકળાં દીઠા, જે ત્રણ ચાર દિવસ પહેલાં

શેઠના ઘોડાને માટે બાફી રાખ્યા હતા, અને વાસણમાં વધેલાં રહી ગયા હતા. શેઠે વિચાર્યું કે પ્રતિજ્ઞા પૂરી કરવા માટે મોઢામાં મૂકીને પારણું કરવાના કામમાં તો આ બાકળા આવી શકશે, પણ આને રાખું કયા વાસણમાં ? આ પ્રમાણે વિચાર કરતાં શેઠ આજુબાજુ કોઈ વાસણ શોધવા લાગ્યા. શેઠાણીની કૃપાથી બહાર કોઈ વાસણ પણ ન હતું. માત્ર એક સુપડું ટાંગેલું હતું. શેઠ તે સુપડામાં જ અડદનાં થોડાંક બાકળાં મૂકીને ચંદનબાળા પાસે લઈ ગયા. તેમણે ચંદનબાળાને કહ્યું કે, "પુત્રી ! ખાવા યોગ્ય કોઈ વસ્તુ બહાર નથી, માત્ર આ અડદનાં બાકળા મળ્યાં છે, જે હું તારી પ્રતિજ્ઞા પૂરી કરવા વાસ્તે લઈ આવ્યો છું. તું ત્રણ દિવસની ભૂખી છે. આ અડદનાં બાકળાં ખાઈશ તો નુકસાન કરશે. માટે તું એક દાણો મોંમાં મૂકીને તારી પ્રતિજ્ઞા પૂરી કરી લે. હું હમણાંજ લુહારને બોલાવી લાવું છું. જે તારી હાથકડી-બેડી પણ કાપશે અને રસોડા વગેરેને વાસેલાં તાળાં પણ તોડશે. રસોડું ઉઘડતાં જ હું તારે માટે ભોજન બનાવીશ. તે ભોજન જમીને તું તારી ક્ષુધા મટાડજે."

ચંદનબાળાએ પ્રસન્નતાપૂર્વક શેઠના હાથમાંથી તે સુપડું લઈ લીધું, જેમાં સુકાઈ ગયેલાં અડદના બાકળાં હતાં. તે એવો વિચાર કરી પ્રસન્ન હતી કે, "મને ત્રણ દિવસના ઉપવાસ પછી પારણું કરવા માટે એ અન્ન મળ્યું છે કે જે સર્વ અન્નના અન્ન કરતાં શ્રેષ્ઠ મનાય છે. અને તે પણ સુપડામાં મળ્યું છે. આ વેશમાં મળેલું આ અન્ન શી શક્તિ આપશે તે કહી શકતી નથી. જો કે મેં આજે ત્રણ દિવસથી કાંઈ પણ ખાધું પીધું નથી અને મને ભૂખ પૂર્ણ સંતાપ આપી રહી છે, તો પણ શું હું ક્ષુધાથી વ્યાકુળ બનીને, અતિથિને કાંઈ પણ આપ્યા વિના ખાઈ લઉં ! શું હું ભૂખના દુઃખમાં ગભરાઈને એવું પાપ કરું ? આજ સુધીમાં તો મેં કદી પણ અતિથિને આપ્યા વિના ભોજન કર્યું નથી, અને આજે ત્રણ દિવસના સ્વાભાવિક તપના પારણા વખતે આ પુણ્યવ્રત ભૂલી

[illegible] દાન દઈને [illegible] પારણું [illegible]
તેમ થાય, [illegible], તો પણ હું અતિથિને
દાન આપ્યા વગર કદાપિ પારણું કરી શકીશ નહિ."

આ પ્રમાણે વિચાર કરીને, આનંદમાં [illegible]
લાગી, ચંદનબાળા ધીરે ધીરે [illegible] ચાલી. તે ઉંબરા
પર બેઠી ગઈ. તેનો એક પગ તો ઉંબરાની બહાર હતો અને
બીજો પગ ઉંબરાની અંદર હતો. તેના હાથમાં તે સૂપડું હતું કે
જેમાં ત્રણ દિવસ પહેલાંના બાકળાં આપેલાં હતાં. આ રીતે
બેઠેલી ચંદનબાળા ચારે તરફ નજર કરી કોઈ અતિથિને જોઈ રહી
હતી, તથા વિચારી રહી હતી, કે કોઈ અતિથિ આવે અને હું
તેને દાન આપું !

જે વખતે ચંદનબાળા, દાન આપવાની ભાવનાથી અતિથિની
પ્રતીક્ષા કરી રહી હતી, તેજ વખતે ભગવાન મહાવીર, અભિગ્રહ
પ્રમાણે અન્નની શોધમાં તે તરફ આવી ગયા. ચંદનબાળાએ ભગ-
વાનને જોયા, અને ભગવાને ચંદનબાળાને જોઈ. ભગવાનને જોઈને
ચંદનબાળાને અત્યંત હર્ષ થયો. હર્ષના અતિરેકમાં તેના રોમાંચ
ખડા થયા. તે પોતાના મનમાં કહેવા લાગી કે, "ત્રણ દિવસના
તપના પારણા વખતે જો ભગવાન મહાવીરને દાન આપવાનો
સુઅવસર મળે, તો મારું અહોભાગ્ય કહેવાય." ચંદનબાળા ભગવાન
મહાવીરને ઓળખતી હતી. તેઓ ચંદનબાળાના દાદા ચેડા રાજાની
બહેન મહારાણી ત્રિશલાના પુત્ર હતા. ભગવાન મહાવીર પણ ચંદન-
બાળાને ઓળખતા હતા. ચંદનબાળાને દેખીને ભગવાને વિચાર કર્યો
કે, "મારા અભિગ્રહ પ્રમાણેની બધી બાબતો તો બરોબર છે. પરન્તુ
એક બાબતની ત્રુટિ છે, તે એ કે—તેની આંખોમાં આંસુ નથી. જ્યાં
સુધી આંખોમાં આંસુ પણ ન હોય, ત્યાંસુધી મારો અભિગ્રહ પૂરો
ન થઈ શકે, અને અભિગ્રહની સઘળી બાબતો પૂર્ણ હોવા વિના હું
દાન ન લઈ શકું."

અભિગ્રહની વિગતોમાં અપૂર્ણતા નિહાળીને, ભગવાન મહાવીર પાછા ચાલ્યા. ભગવાનને પાછા ચાલ્યા જતા જોઈને ચંદનબાળાને અતિશય દુઃખ થયું. તે પોતાના મનમાં કહેવા લાગી કે, "હાય, હું કેવી દુર્ભાગિની છું કે ભગવાન અહીં સુધી પધાર્યા, છતાં પણ મારા હાથની ભિક્ષા ન લેતાં પાછા જઈ રહ્યા છે! શું બીજાં સગાંઓની જેમ ભગવાન પણ મને છોડી જશે?"

સાંસારિક મનુષ્યોની દૃષ્ટિએ, તે વખતે ચંદનબાળા મહાકષ્ટમાં હતી; છતાં પણ તે તેને કષ્ટ માનીને દુઃખિત થતી ન હતી. તેને જેવું દુઃખ ભગવાન પાછા જવાથી તેમ જ તેમને દાન ન આપવાથી થયું, તેવું દુઃખ તેને બીજી કોઈ પણ બાબતથી થયું ન હતું. વળી કોઈ પણ વખતે તેને રુદન નહોતું આવ્યું, તે એટલે સુધી કે, પોતાની માતાને જીભ ખેંચીને મૃત્યુ પામતી દેખતાં છતાં પણ તેને આંખોમાં આંસુ નહોતા આવ્યા, પણ ભગવાન મહાવીર સામે આવ્યાં છતાં પણ પાછા ફર્યા, આ દુઃખને કારણે તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તે પોતાના દુર્ભાગ્ય તથા દુષ્ટકર્મને વારંવાર ધિક્કારતી હતી, અને ભગવાનને દાન આપવાનો સુયોગ ન મળવાના કારણે આંખોમાંથી આંસુ વહાવી રહી હતી.

ભગવાન મહાવીર થોડેક દૂર જઈને ફરીથી ચંદનબાળા તરફ પાછું જોયું. તેમણે વિચાર્યું કે, "અભિગ્રહની બાબતોમાંથી માત્ર એક જ બાબતની ત્રુટિ હતી. અભિગ્રહની બાકીની બીજી બધી બાબતો તો બરાબર મળતી જ હતી, માત્ર આંખોમાં આંસુ જ ન હતા. કદાચ સંભવ છે કે મારા પાછા ચાલ્યા જવાથી તે ત્રુટિ પણ પૂરી થઈ હોય." આ પ્રમાણે વિચાર કરીને ભગવાન ફરીથી ચંદનબાળા સામે આવ્યા. આ વખતે તેમણે જોયું કે અભિગ્રહ પૂરો કરવા માટે જે જે બાબતોની જરૂર છે તે તે બધીયે અત્યારે મોજૂદ છે. ભગવાનને ફરીથી પોતાની સન્મુખ આવેલા જોઈ ચંદનબાળાને અપાર આનંદ થયો. આંખોમાંથી આંસુ તો ટપકી જ રહ્યાં હતાં, તે સાથે આનંદનું

મિશ્રણ પણ થયું, અને એ રીતે ભગવાનના અભિગ્રહની સઘળી બાબતો મળી ગઈ. અભિગ્રહની સઘળી બાબતોનું અસ્તિત્વ નિહાળીને, ભગવાને, ભિક્ષાને માટે ચંદનબાળા આગળ હાથ લંબાવ્યા, પોતાની સન્મુખ ભગવાનને યાચકરૂપે હાથ લંબાવેલા દેખીને, ચંદનબાળાને અકથ્ય આનંદ થયો. એ જ હર્ષાવેશમાં, તેણે, ભગવાનના હસ્ત-પાત્રમાં અડદના બાકળાંની ભિક્ષા આપી. ચંદનબાળાએ આપેલાં અડદના બાકળાં જેવા ભગવાનના હાથમાં પડ્યા કે તરત જ આકાશમાં દેવો દુંદુભિ વગાડવા અને ચંદનબાળાનો જય જયકાર બોલાવવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે, " ધન્ય છે ધારિણી તથા દધિવાહનની પુત્રી ચંદન-બાળાને, કે જેણે ભગવાન મહાવીરને દાન આપીને, સંસારના ભવ્ય જીવોનો ઉદ્ધાર કરનાર મહાપુરુષના પ્રાણની રક્ષા કરી." આ પ્રમાણે જયજયકાર કરતા થકા, અને દુંદુભિ વગાડતા થકા, દેવો, ધનાવહ શેઠને ત્યાં સોનામહેરો વગેરેની વૃષ્ટિ કરવા લાગ્યા.

ચંદનબાળાએ આપેલું અડદના બાકળાંનું દાન લઈને, ભગવાન મહાવીરે ૫ માસ ૨૫ દિવસના તપનું પારણું કર્યું. ભગવાને પારણું કર્યાથી, સંસારના સઘળાં ભવ્ય જીવોને આનંદ થયો. તે જ વખતે અનેક દેવતાઓ સહિત ઇન્દ્ર ચંદનબાળાની સેવામાં ઉપસ્થિત થયો. ઇન્દ્રની શક્તિથી ચંદનબાળાની હાથપગની હાથકડી-બેડી, દિવ્ય આભૂષણોમાં ફેરવાઈ ગઈ. જે શરીર પર માત્ર લંગોટી લાગેલી હતી, તે શરીર દિવ્ય વસ્ત્રોથી સુશોભિત બની ગયું અને જે મસ્તકનું મૂળાએ મુંડન કરી નાખ્યું હતું તે કોમલ તથા સુંદર કેશોથી પરિપૂર્ણ થઈ ગયું.

ઇન્દ્ર તથા દેવોએ દિવ્ય સિંહાસન પ્રગટ કરીને, તે પર આદર-પૂર્વક ચંદનબાળાને બેસાડી; તથા પોતે તેની સામે ઊભો રહીને તેની સ્તુતિ કરવા લાગ્યો. તે કહેવા લાગ્યો કે, " હે સતી, તમારા ગુણગાન કરવામાં અમે પૂરેપૂરા સમર્થ નથી. જેને ભગવાન મહાવીરે પણ

[illegible]

આ પ્રમાણે [illegible] સમાપ્તિ કરીને, [illegible] દેવ, પોતપોતાના સ્થાને આવ્યા ત્યાં, [illegible]
[illegible] ઊંઘી [illegible].

: પ્રકરણ :

[૧૭]

સમ્મેલન

क्वचिद् भूमौ शय्या क्वचिदपि च पर्यंकशयनं ।
क्वचिच्छाकाहाराः क्वचिदपि च शाल्योदनरुचिः ॥

क्वचित् कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो ।
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥

અર્થાત્—કોઈ વાર જમીન પર પણ સૂઈ રહે છે અને કોઈ વાર ઉત્તમ પલંગ પર સૂઈ રહે છે; કોઈ વાર શાકપાન ખાઈને રહે છે, અને કોઈ વાર દાળભાત ખાય છે; કોઈ વાર ફાટેલી, જૂની ગોદડી પહેરે છે અને કોઈ વાર દિવ્ય વસ્ત્ર ધારણ કરે છે; છતાં પણ, કાર્યની સિદ્ધિ માટે કમર કસનાર પુરુષ તેમાંના કોઈને નથી તો સુખનું કારણ માનતો કે નથી દુઃખનું કારણ માનતો. તે સુખ અને દુઃખની લેશ પણ દરકાર કરતો નથી.

બુદ્ધિમાન માણસો કાર્યની સિદ્ધિને માટે સુખ દુઃખના ક્રમઝામાં પડતા નથી. તેઓ, ભલે દુઃખ હોય કે સુખ હોય, પણ પોતાનું કાર્ય સિદ્ધ કરવા ઇચ્છે છે. કાર્યની ખાતર તેઓ સુખ દુઃખને ગણતા નથી. જો તેઓ કોઈ બાબતમાં દુઃખ માનીને તેથી ગભરાઈ જાય કે કોઈ બાબતમાં સુખ માનીને પ્રસન્ન થાય, તો તેઓ કદાપિ પોતાનું કાર્ય સિદ્ધ કરી શકતા નથી. બલ્કે જેને દુઃખ માનવામાં આવે છે, તેની સામે તેઓ ગભરાવાને બદલે વધારે દૃઢ બની જાય છે; અને જેને સુખ કહેવામાં આવે છે, તેનાથી તેઓ આનંદિત બનવાને બદલે નમ્ર બની જાય છે. સુખ અગર દુઃખ તેઓની સ્વાભાવિક પ્રસન્નતામાં કોઈ ભિન્નતા ઉત્પન્ન કરી શકતું નથી. તેઓ દરેક પ્રસંગે સ્વાભાવિક જ પ્રસન્ન રહે છે.

ચંદનબાળા ઉપર, તેની માતા ધારિણીએ, શાન્તિરૂપી યુદ્ધ વડે દેશ પર લાગેલો દાધ ધોવાનો ભાર મૂકયો હતો. તેની ઇચ્છા હતી, કે મારી પુત્રી જગત સમક્ષ એક નવો આદર્શ મૂકે, જગતનાં સ્ત્રી પુરુષોમાં જે દુર્ભાવના પ્રસરી રહી છે તેનો નાશ કરે અને બ્રહ્મચારિણી રહીને, સંસારના લોકોનું કલ્યાણ કરે. ધારિણીએ મૂકેલો આ ભાર અંત સુધી પહોંચાડવામાં, ચંદનબાળાને અનેક કષ્ટોનો સામનો કરવો પડ્યો, તો પણ ચંદનબાળા ગભરાઈ નહિ; પણ માતા દ્વારા બતાવવામાં આવેલી કાર્યપદ્ધતિ પર બરાબર દૃઢ રહી. તેની આ દૃઢતાને લીધે જ મનુષ્યો તો શું પણ સાક્ષાત્ ઇંદ્રાદિ દેવોને પણ તેની આગળ મસ્તક નમાવવું પડ્યું અને પોતાના પર તેનું ઋણ માનવું પડ્યું

ચંદનબાળાની સ્તુતિ કરીને, ઇંદ્રાદિ દેવો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. ચંદનબાળાએ ભગવાન મહાવીરને આપેલાં દાનની અને સોનામહોરો વગેરેની થયેલી વૃષ્ટિની વાત વિદ્યુત્વેગે આખા શહેરમાં પ્રસરી ગઈ. મૂળાની કોઈ દાસી અથવા તેની પડોશમાં રહેનારી કોઈ

વ્યક્તિ તરત જ મૂળાની પાસે ગઈ. તેણે મૂળાને કહ્યું કે, "તમારા ઘરમાં સોનામહોરોની વૃષ્ટિ થઈ છે." આ સમાચાર સાંભળીને, મૂળા તો રાજી રાજી થઈ ગઈ. પણ તે સાથે તેને એ ચિંતા થઈ કે, "રખેને કોઈ મારે ત્યાંથી સોનામહોરો ન લઈ જાય!" 'હું ચંદનબાળાને હાથકડી–બેડી ઘાલીને ભોંયરામાં પૂરીને આવી છું, તેનું શું થયું હશે' એ બાબત તરફ મૂળાનું લેશ પણ લક્ષ ન હતું. તેનું લક્ષ તો માત્ર એ જ હતું કે મારે ત્યાંથી કોઈ સોનામહોરો ઉડાવીને ન લઈ જાય. સોનામહોરોના લોભથી અધીરી બનેલી મૂળા ઘર તરફ દોડી. હોંશમાં ને હોંશમાં તેના પગ ક્યાંના ક્યાં પડતા હતા. તે જેમ તેમ ઘેર આવી. ત્યાં તેણે જોયું કે ઘરમાં સોનામહોરોના ઢગલે ઢગલા પડ્યા છે. તે જોઈને તે ખુશી થઈ અને પોતાના મનમાં કહેવા લાગી કે, "મારું ભાગ્ય પ્રબળ છે, એથી જ લોકોની દાનત શુદ્ધ રહી, અને આ સોનામહોરો બચી."

આ પ્રમાણે વિચાર કરતી મૂળા આનંદમાં મગ્ન બની રહી હતી, એટલામાં જ તેણે દિવ્ય વસ્ત્રાલંકાર યુક્ત ચંદનબાળાને સિંહાસન પર બેઠેલી જોઈ. ચંદનબાળાને આ પ્રમાણે બેઠેલી જોઈને, મૂળાને ખૂબ આશ્ચર્ય થયું. ચંદનબાળાએ પણ મૂળાને જોઈ. મૂળાને જોતાં જ 'ઓહ, માતા પધાર્યા છે,' એમ કહેતી થકી ચંદનબાળા સિંહાસન પરથી નીચે ઊતરી પડી. અને ત્વરાએ મૂળાની સામે ગઈ. તેણે આદર સહિત મૂળાને પ્રણામ કર્યા અને પોતાના દેવે આપેલાં સુંદર કેશોથી મૂળાના પગ લૂછતી થકી કહેવા લાગી કે, "માતા, આ સઘળું આપના ચરણોનો જ પ્રતાપ છે. આપની જ કૃપાથી, આપણે ત્યાં ભગવાન મહાવીર પધાર્યા હતા, તેઓને દાન આપવાનો સુયોગ મને પ્રાપ્ત થયો અને આ બધી રચના, કે જે તમે જોઈ રહ્યા છો તે આપની જ કૃપાથી થઈ છે; હમણાં અહીંયાં ઇન્દ્રાદિ દેવો પણ આવ્યા હતા."

ચંદનબાળાના મુખથી આ પ્રમાણે પોતાની પ્રશંસા સાંભળીને, મૂળા

પોતાના મનમાં અતિશય લજ્જાસ્પદ બની રહી હતી. તે વિચારી રહી હતી કે, " હાય,મેં પાપિણીએ આની સાથે કેવો દુષ્ટ વર્તાવ કર્યો હતો, અને આ મારી સાથે કેવો સદ્વર્તાવ કરી રહી છે, મેં તો મારી તરફથી આને મારી નાખવાનો જ પ્રયત્ન કર્યો હતો, છતાં પણ આ મારો ઉપકાર જ માની રહી છે!"

લજ્જાની મારી મૂળા, ચંદનબાળાની સઘળી વાતો સાંભળીને પણ શાંત હતી ચંદનબાળા સમજી ગઈ કે માતા આ વખતે પોતાના કૃત્યથી લજ્જિત બનેલ છે, તેથી તે મૂળાનો હાથ પકડીને તેને સિંહાસન પર લઈ ગઈ અને પોતાની સાથે બેસાડી. મૂળાને સાથે લઈને ચંદનબાળા બેઠી હતી, એટલામાં જ શેઠ પણ આવ્યા. તેમણે રસ્તામાં બધો હેવાલ જાણ્યો હતો; તેથી તે પ્રસન્ન હતા. શેઠ આવ્યા તો ખુશાલી સાથે જ, પણ ચંદનબાળાની સાથે બેઠેલી મૂળાને જોતાં જ, તેમને ક્રોધ આવી ગયો. શેઠને જોઈને મૂળા પણ એ ભયથી કંપી ઊઠી કે હવે શેઠ કોણ જાણે મને શુંયે કહેશે અથવા કોણ જાણે કેવીયે શિક્ષા કરશે. ચંદનબાળાએ પણ શેઠને આવેલા જોયા. શેઠનો સત્કાર કરવા માટે તે સિંહાસન પરથી નીચે ઊતરી પડી, અને તેની સાથે મૂળા પણ ઊતરી પડી. શેઠ મૂળા પ્રત્યે કહેવા લાગ્યાં કે, "રે દુષ્ટા, તને આ સતીની સાથે બેસતાં શરમ પણ ન આવી? તું આ પુત્રીની સાથે બેસવા યોગ્ય છે? પુત્રીની સાથે સિંહાસન પર બેસવા અને સોનામહોરો એકઠી કરવા માટે તો તું આવી પહોંચી, પણ અત્યાર સુધી તું ક્યાં ગઈ હતી? અત્યાર સુધી કેમ નહોતી આવી? આવે પણ શી રીતે? ક્યું મુખ બતાવવા માટે આવે? તું તો બેશરમ છે, તેથી જ ફરીથી અહીંયાં આવી છે. જો તને જરા પણ શરમ હોત, તો કેમ આવત? તું પાપિણીનું મોં દેખવાથી પણ પાપ લાગે છે. જેણે આ નિર્દોષ સતીના જીવનને સંકટમાં નાંખી દીધું, તેને મારી નાખવાનો જ ઉપાય કર્યો, તે પાપિણીનું મોં જોવાથી પાપ લાગે એ સ્વાભાવિક જ છે. માટે તું અહીંથી ચાલી જા. આ

[illegible]

[illegible]

[illegible] છે. તારી આ વાત મારા સમજવામાં આવતી નથી.

શેઠના કથનના જવાબમાં મંદનબાળા બોલી કે, " પિતાજી, આપે સાંભળ્યું હશે, કે આપના ઘર પાસે અહીંયાં ભગવાન મહાવીર પધાર્યા હતા. મારા હાથથી તેઓએ અડદનાં બાકળાંનું દાન લીધું હતું અને એ કારણથી ઇન્દ્રાદિ દેવો સોનૈયાની વૃષ્ટિ કરતા અહીંયાં આવ્યાં હતા. મારાં શરીર પર આપ જે ફેરફાર જોઈ રહ્યા છો તે ભગવાનના પધારવાથી અને ઇંદ્રાદિ દેવોના આગમનથી જ થયેલા છે. ભગવાનના પધારવાના અને દાન આપવાના કાર્યને તો આપ પણ ઉત્કૃષ્ટ જ માનશો, પરંતુ ઉત્કૃષ્ટ કાર્યનું કારણ કોણ છે તે વિચારો. ભગવાન ૫ માસ ૨૫ દિવસથી આહાર લીધા વગર વિચરી રહ્યા હતા. શું તેઓને અન્ન નહોતું મળતું ? શું સંસારમાં કોઈ દાતા ન હતો ? સંસારમાં ભગવાન જેવા મહાન સત્પાત્રને દાન આપવાની અભિલાષા

[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] ભગવાનનો [illegible] અભિગ્રહ [illegible] [illegible]
અભિગ્રહ ધાર્યો હતો, તેઓના પ્રતિજ્ઞા [illegible] કે, જે રાજકુમારી હોય, અવિવાહિતા હોય, બજારમાં વેચાયેલી હોય, જેનું માથું મૂંડેલું હોય, જેના શરીર પર માત્ર લંગોટી હોય, જેના હાથમાં હાથકડી અને પગમાં બેડી પડી હોય, જે ત્રણ દિવસથી ભૂખી હોય, જેનો એક પગ ઉંબરાની બહાર હોય અને બીજો પગ ઉંબરાની અંદર હોય, જેના હાથમાં સૂપડું લીધું હોય, તથા તે સૂપડામાં અડદના બાકળા રાખ્યા હોય, જે દાન આપવાની ભાવનાથી અતિથિની પ્રતીક્ષામાં ઊભેલી એવી હોય, અને જે પ્રસન્ન પણ હોય તથા જેની આંખમાં આંસુ પણ હોય, એવી કોઈ કન્યાના હાથથી જો અન્ન મળે, તો જ હું પારણું કરીશ, નહિ તો શરીર ભલે નાશ પામે, પણ હું ભોજન કરીશ નહિ. પિતાજી, ભગવાનનો આ અભિગ્રહ માતાની કૃપાથી જ પૂર્ણ થયો છે. જે કારણોને માટે આપ માતાને ત્યાગ કરો છો, અને માતા પર ક્રોધાયમાન થયા છો તે જ કારણોથી ભગવાનનો અભિગ્રહ પૂરો થયો છે. આ રીતે માતાએ મારા ઉપર જ નહિ, પરન્તુ સમસ્ત સંસાર પર ઉપકાર કર્યો છે, કે નહિ ? માટે આપ માતાને અપરાધી કરીને તેમનું અપમાન ન કરો. એમનું અપમાન કરવું એ મારું અને ભગવાન મહાવીરનું અપમાન કરવા બરોબર છે."

ચંદનબાળાએ શેઠને આ પ્રમાણે સમજાવીને શાંત કર્યા. તે શેઠ તથા મૂળાને લઈને સિંહાસન પર બેઠી.

આખા શહેરમાં આ વાત પ્રસિદ્ધ થઈ ગઈ, કે જે છોકરી દિવસે બજારમાં ઊભી રહીને વેચાઈ રહી હતી, જેને વેશ્યા લઈ જતી

જતી હતી, અને અંતે જે ધનવાન શેઠને ત્યાં વેચાણી હતી, તે રાજા દધિવાહન અને રાણી ધારિણીની કન્યા છે. તેણે ૫ માસ અને ૨૫ દિવસના મહાન તપસ્વી ભગવાન મહાવીરને દાન આપ્યું, જેથી સોના-મહોરો વગેરેની વૃષ્ટિ થઈ છે, અને ઇન્દ્રાદિ દેવોએ પણ તેમની સેવામાં હાજર થઈ ને સ્તુતિ કરી છે. આ પ્રકારની ખબર આખા ગામમાં પ્રસરી ગઈ. રથી તથા તેની સ્ત્રીએ પણ આ સમાચાર સાંભળ્યા. રથીની સ્ત્રીનો સ્વભાવ, જે દિવસે ચંદનબાળા વેચાઈ હતી, તે દિવસથી જ બદલાઈ ગયો હતો. તે ચંદનબાળાને બજારમાં વેચવા માટે રથીની સાથે મોકલ્યા પછી ઉત્સુકતાપૂર્વક એ જ વસ્તુની રાહ જોઈ રહી હતી, કે તે છોકરીને વેચીને મારા પતિ ૨૦ લાખ સોના-મહોરો ક્યારે લાવે. તે ગોખમાં બેઠી બેઠી વારંવાર રસ્તા પર જોઈ રહી હતી; એટલામાં જ તેણે જોયું કે કોઈ માણસ સોનામહોરો ઊચકીને આવે છે. અને આગળ આગળ ખિન્ન હૃદયે તેનો પતિ ચાલ્યો આવે છે. સોનામહોરો આવેલી જોઈ ને રથીની સ્ત્રીને ઘણો આનંદ થયો. જોતજોતામાં રથી, સોનામહોરો લઈ ને આવેલા શેઠના માણસો સાથે ઘરમાં પેઠો. શેઠના માણસો રથીના ઘરમાં સોનામહોરો મૂકીને ચાલ્યા ગયાં. રથી પહેલેથી દુઃખી તો હતો જ, તેમાંય વળી પુત્રી વગરનું ઘર જોઈ ને આ વખતે તે વધારે દુઃખી થયો. તે દુઃખ હૃદયમાં ન સમાવી શક્યો, પણ રુદનનાં રૂપમાં તેનું દુઃખ બહાર નીકળ્યું. રથીની સ્ત્રી બળેલાં પર મીઠું છાંટવાની જેમ રથીને કહેવા લાગી કે, "તમે કેમ રુદન કરો છો ? આપણે ત્યાં આટલી બધી સોના-મહોરો આવી. તે માટે આ સમય તો આનંદનો છે; છતાં આપ દુઃખ કેમ પામો છો ?" રથીની સ્ત્રી આ પ્રમાણે વારંવાર કહેતી હતી પરન્તુ રથી તેની આ વાતો ધ્યાનમાં લેતો ન હતો, તેમ તેની તરફ નજર સરખી કરીને જોતોય ન હતો. તે તો માત્ર એ જ કહેતો હતો કે, "હાય, પુત્રી ! આજે તું આ ઘરને છોડી ચાલી ગઈ. મારી દુષ્ટ સ્ત્રીને કારણે ભાગ્યહિન બનાવી ગઈ. તેં તે વેશ્યાને પણ થોડી જ વારમાં

પવિત્ર બનાવી દીધી, પરન્તુ મારી દુષ્ટ સ્ત્રી તારું મહત્ત્વ જાણી શકી નહિ."

આ પ્રમાણે રુદન કરતા રથીની આસપાસ તેના ઘરના નોકર વગેરે પણ એકઠા થઈ ગયા. અને રથીની સાથે જ તેઓ પણ ચંદનબાળાની પ્રશંસા કરીને, તેનાં ચાલ્યા જવાનું દુઃખ કરવા લાગ્યા, તથા રથીને પૂછવા લાગ્યા કે તેણે વેશ્યાને કેવી રીતે સુધારી, અને તે કોના હાથમાં કેવી રીતે વેચાણી ? રથીએ વેશ્યાના આગમનની, વાંદરાઓના કૂદવાની, ચંદનબાળા દ્વારા તેના રક્ષણની અને ધનાવહ શેઠને ત્યાં વેચાવાની સઘળી વાત કહી. રથીએ કહેલ વાત સાંભળીને સઘળા માણસો એમ કહેતાં વધારે દુઃખી બની ગયા કે, ખરી રીતે તે સતી એવી જ હતી !

પોતાના પતિને તથા ઘરના બીજા બધા માણસોને આ પ્રમાણે વિલાપ કરતાં જોઈને, રથીની સ્ત્રી વિચારવા લાગી, કે જેને હું ખરાબ સમજતી હતી, તેને માટે તો આ બધા માણસો આ પ્રમાણે દુઃખી બની રહ્યા છે ! જો તે ખરાબ હતી, તો માત્ર મને જ ખરાબ કેમ લાગી ! આ લોકો પૈકી કોઈનેય પણ તે ખરાબ કેમ ન લાગી ! આ પ્રમાણે વિચારતાં વિચારતાં, રથીની સ્ત્રીના સ્વભાવમાં એકદમ પરિવર્તન થયું. તે એવા નિર્ણય પર આવી કે, ખરી રીતે તે ખરાબ ન હતી, પણ હું જ ખરાબ છું. આવા નિર્ણય પર આવ્યા પછી તેને ચંદનબાળાને ઘરમાંની કાઢી મૂકવા બદલ પશ્ચાત્તાપ થવા લાગ્યો; અને તે એકદમ રડી પડીને રથીના પગમાં ઢળી પડી. તે કરુણ સ્વરે રથીને કહેવા લાગી કે, "મને—પાપિણીને ક્ષમા કરો. મેં તે સતી પર શંકા લાવીને તેના પર નાહક ખોટું કલંક ચઢાવ્યું. અત્યાર સુધી હું તેની મહત્તા ન જાણી શકી; પણ હવે મને તેની મહત્તાનું ભાન થયું છે. હવે તો તે સતી અહીંથી ચાલી ગઈ છે, અને હવે તેને પાછી લાવવાનો પ્રયત્ન પણ નકામો છે, તો પણ હું આજથી એવી પ્રતિજ્ઞા કરું છું

કે જેથી હું તેના અનાદેશ સુધી ગંભીરતા. તે જેવી રીતે કામ કરતી હતી, જેવું વિનયશીલ વર્તન રાખતી હતી, અને જે રીતે બ્રહ્મચર્યનું પાલન કરતી હતી, તેજ રીતે હું પણ કરીશ. તે સતી કરીને તો ચાલી ગઈ છે, પરન્તુ પોતાના આચરણનો આદર્શ મૂકી ગઈ છે, હું તેજ આદર્શ આચરણને અપનાવી લઈશ. આ રત્ન આપ સોનામહોરોને હાથ પણ લગાડીશ નહિ!"

પોતાની સ્ત્રીનું અનાયાસે આવું પરિવર્તન થએલું જોઈ, રથી તથા તેના ઘરના બધા માણસોને ખૂબ આશ્ચર્ય થયું. રથીની સ્ત્રીએ થોડાક જ દિવસોમાં પોતાના કથનાનુસાર વર્તી પોતાને ખરેખર બદલાઈ જ સાબિત કરી દેખાડી.

રથીની સ્ત્રીએ પણ એમ સાંભળ્યું કે જે સતીને મેં વેચાવી હતી, તે સતી ધનવાહ શેઠને ત્યાં છે; તેણે ભગવાન મહાવીરને દાન આપ્યું છે, તેમજ ઇંદ્રાદિ દેવોએ તેની સ્તુતિ કરી છે તથા સોનામહોરોની વૃષ્ટિ કરી છે, અને અત્યારે નગરજનો તેના દર્શન કરવા માટે જઈ રહ્યા છે. આ સાંભળીને, રથીની સ્ત્રીએ વિનય અને નમ્રતાપૂર્વક રથીને કહ્યું કે, "નાથ, સાંભળ્યું છે કે જે સતીને મેં કષ્ટ આપ્યું હતું અને બજારમાં વેચાવી હતી, તે સતી ધનવાહ શેઠને ત્યાં છે તથા તેણે ભગવાન મહાવીરને દાન આપ્યું છે, જેથી દેવતાઓએ તેનો મહિમા ગાયો છે અને સઘળા લોકો તેના દર્શન કરવા જઈ રહ્યા છે. મને ઘણા દિવસોથી તે સતીના દર્શન કરવાની ઇચ્છા છે, જો આપ મને તેનાં દર્શન કરાવો તો આપની મોટી કૃપા થશે."

પોતાની સ્ત્રીની આ પ્રાર્થના સાંભળીને રથીને અત્યંત આનંદ થયો. તેણે પોતાની સ્ત્રીએ કહ્યું કે, "હું તમારી આ ઉચ્ચ ભાવનાની પ્રશંસા કરું છું અને કહું છું કે ચાલો, ઘણા દિવસો પછી, આજે તે સતીના દર્શન કરીને આપણા નેત્રો સફળ કરીએ." એમ કહીને રથીએ રથ તૈયાર કરાવ્યો, તથા પોતાની સ્ત્રી સાથે ચંદનબાળાના દર્શન કરવા ચાલ્યો.

પેલી તરફ કેટલો બધો આનંદ છે કે જે ઉત્કૃષ્ટ હું કેવા બનાવવા માટે અધીરો થઈ રહ્યો, તે મહાભાગ ચંદનબાળા મહા ભાગ્યશાળી પવિત્રતાની મૂર્તિ હતી, અને તેણે ભગવાન મહાવીરને દાન આપ્યું, તેથી સાડાબાર ક્રોડ ધનવૃષ્ટિ થઈને ત્યાં તેનો ઢગલો થઈ ગયો છે. ચંદનબાળાએ તે વેશ્યાને પહેલેથી જ પવિત્ર બનાવી દીધી હતી. ચંદનબાળાના ઉપદેશથી તે વેશ્યાએ સ્વજીવને પવિત્ર જીવન ગાળવા માંડ્યું હતું; અને ચંદનબાળા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી રહી હતી. ધનાવહ શેઠને ત્યાં જે બીના પ્રગટ થઈ છે એનું સાંભળીને તેના આનંદનો પાર રહ્યો નહિ. તે પણ ચંદનબાળાનું દર્શન કરવા માટે આવી.

ધનાવહ શેઠ તથા મૂળાને સાથે લઈને ચંદનબાળા સિંહાસન પર બેઠી હતી, તેજ વખતે ત્યાં પોતાની પત્નીને લઈને રથી આવી પહોંચ્યો. રથી તથા તેની સ્ત્રીને જોતાં જ ચંદનબાળા સિંહાસન પરથી નીચે ઉતરી પડી. ચંદનબાળાની સાથે જ ધનાવહ શેઠ તથા મૂળા પણ સિંહાસનથી ઉતરી ગયાં. ચંદનબાળા 'માતા, માતા' કહેતી થકી રથીની સ્ત્રી તરફ ચાલી. અને રથીની સ્ત્રી 'પુત્રી, મને પાપિનીને ક્ષમા કર' એમ બોલતી ચંદનબાળા તરફ ચાલી. નજદીકમાં આવતાં બન્ને એક બીજાના પગમાં નમી પડ્યાં. ચંદનબાળા તો કહેતી હતી કે, "માતા, મારા પર તમારો અનંત ઉપકાર છે! આ બધું તમારી જ કૃપાનું ફળ છે." અને રથીની સ્ત્રી કહેતી હતી કે, "હે પુત્રી, મને પાપિનીને ક્ષમા કર, મેં તારા પર નાહકનું ખોટું આળ મૂક્યું, તથા વેચવા માટે તને વ્યાકુળ બનાવી." ચંદનબાળાના પગ ઝાલીને રથીની સ્ત્રી વારંવાર આ પ્રમાણે કહેતી હતી. ચંદનબાળાએ તેને ઉઠાડીને, પોતાની છાતી સાથે ચાંપી અને તેને કહેવા લાગી કે, "માતા, તમે દુઃખ ન કરો, તમે મારા પર ઘણો જ ઉપકાર કર્યો છે. મને આટલે દરજ્જે શ્રાવક બનાવવાના કારણભૂત તમે જ છો, કે જેથી મને ભગવાન મહાવીરને દાન આપવાનો ધન્ય પ્રસંગ મળ્યો.

પુત્રી આ શહેરમાં વેચાઈ છે. તેને આ શેઠે [illegible] છે, અને આજે તેના હાથે ભગવાન મહાવીરનું પારણું થયું છે, જેથી દેવોએ તેનો મહિમા કર્યો છે. આ સાંભળીને મૃગાવતીને પણ દુઃખ થયું. તે કહેવા લાગી કે આ બધું પતિના અન્યાયનું જ પરિણામ છે.

મૃગાવતીએ એ જ વખતે શતાનિકને સંદેશો મોકલ્યો. મૃગાવતીનો સંદેશો સાંભળી શતાનિક મૃગાવતીના મહેલમાં આવ્યો. મૃગાવતીને ક્રોધાયમાન થયેલી જોઈને શતાનિક આશ્ચર્ય પામ્યો. મૃગાવતી સોળ સતીઓ પૈકીની એક હતી. તેના સતીત્વનું તેજ તે વખતે જાગી રહ્યું હતું, એ કારણથી શતાનિકને ભય થયો. તેણે મૃગાવતીને પૂછ્યું કે, "આજે તમે આ પ્રમાણે ક્રોધાયમાન કેમ છો?" મૃગાવતી કહેવા લાગી કે, "તમારા લોભને કારણે કેવો કેવો અનર્થ થયો છે. અને કોને કોને કેવું કેવું કષ્ટ ભોગવવું પડ્યું છે, તેની કાંઈ ખબર છે? મેં તમને ઘણા સમજાવ્યા હતા, છતાં પણ, તમે તમારો લોભ ન રોકી શક્યા. અને ચંપાનગરી પર શાંતિપૂર્વક રાજ્ય કરતાં મારી બહેનના પતિ પર ચઢાઈ કરવા દોડ્યા. પરિણામે મારા બનેવી દધિવાહનને જંગલનો આશ્રય લેવો પડ્યો; મારી બહેન ક્યાં અને કેવી દશામાં હશે તેની બિલકુલ ખબર નથી; અને મારી બહેનની દીકરીને તમારો કોઈ રથી અહીંયાં લઈ આવ્યો, જેણે તેને બજારમાં વેચી, ધનાવહ શેઠે તેને ખરીદી અને આજે તેના હાથથી તપસ્વી ભગવાન મહાવીરનું પારણું થયું છે; જેથી ઇન્દ્રાદિ સઘળા દેવોએ તેનો મહિમા કર્યો છે. તમારા લોભને ખાતર, મારી બહેનની પુત્રી આ જ નગરમાં વેચાઈ, છતાં પણ તમને આ વાતની ખબર નથી. જે રાજ્યને માટે તમે આવો અત્યાચાર કર્યો, તે રાજ્ય શું તમારી સાથે આવશે! તમને, નિરપરાધી રાજા દધિવાહન પર ચઢાઈ કરવામાં, ચંપાની પ્રજાને લૂંટવામાં અને મારવા—કાપવામાં શરમ પણ ન આવી! દયા પણ ન આવી?"

મૃગાવતીએ આ પ્રમાણે રાજા શતાનિકને ખૂબ ઠપકો આપ્યો. રાજા શતાનિક પાસે મૃગાવતીની વાતોનો કોઈ જવાબ ન હતો. તેથી તે તેની વાતો ચુપચાપ સાંભળી રહ્યો. અને પોતાના મનથી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આખરે તેણે મૃગાવતીને એમ કહ્યું કે, "મેં સૈનિકોને ચંપાની પ્રજા પર અત્યાચાર કર્યો, એ હું કબૂલ કરું છું, પણ તમારી બહેન[1] ની દીકરી સાથે મારે કોઈ દુશ્મનાવટ ન હતી. તે તો દધિવાહનની પુત્રી છે, તેથી જ મારી પુત્રી છે. જો મને તેના સંબંધમાં કાંઈ પણ ખબર હોત, તો હું તેને કદાપિ દુઃખ પડવા દેત નહિ. મારામાં એટલી બધી અધમતા ન હોઈ શકે. જે થયું તે થયું, આ વખતે બીજી ગયેલી વાત સંબંધમાં વધારે કાંઈ વિચાર ન કરતાં, હવે તો તે સતીને આપણે ત્યાં બોલાવવી જોઈએ. તે સતી જ્યારે અહીંયાં આવશે ત્યારે તેની માતાનો પણ પત્તો લાગશે, અને ત્યારે જ એ પણ માલૂમ પડશે કે તેને કયો રથી લાગ્યો હતો તથા કોણે વેચી હતી. મેં ચંપાપુરી પર ચઢાઈ કરીને તે નગરી જરૂર લૂંટાવી તો ખરી, પણ કોઈની દીકરી, અને ખાસ કરીને મારા સંબંધી રાજાની પુત્રીને લાવીને, મારા જ નગરમાં વેચવાનું હું કદી કહું નહિ. માટે સૌથી પહેલાં તો તે સતીને અહીંયાં લાવવા માટે કોઈને મોકલવો જોઈએ."

શતાનિકના આ કથનનું મૃગાવતીએ પણ સમર્થન કર્યું. શતાનિકે તરત જ પોતાના થોડાક સામંતોને બોલાવ્યા. અને તેઓને ચંદનબાળાનો પરિચય આપીને તેમને કહ્યું કે, "તમે પાલખી લઈને જાવ તથા સન્માનપૂર્વક તે સતીને પાલખીમાં બેસાડીને લઈ આવો. તેને અમારા બંનેની તરફથી અહીં આવવા માટે વિનતિ કરજો, અને જે રીતે વિવેકપૂર્વક તેને અહીં લાવી શકો તે રીતે લઈ આવજો."

શતાનિકની આજ્ઞાથી સામંતો પાલખી લઈને ધનાવહ શેઠને

[1] ૧. પદ્માવતીની શોક્ય હોવાને લીધે.

ત્યાં ગયા. ત્યાંની રચના જોઈને તે ઘણા જ ખુશી થયા. તેઓ કહેવા લાગ્યા કે, "અમારે આપને મળવાનું કામ સોંપવામાં આવ્યું. અમારું પુણ્ય પ્રબળ છે, જેથી જ અમારે આપને આ કાર્ય સુપ્રત કરવામાં આવ્યું: અને અમને આ નવીન દર્શનનો સુઅવસર પ્રાપ્ત થયો."

ચંદનબાળા પાસે જઈને સામંતોએ ઉચિત રીતે તેમને વંદન કર્યું. પછી તેઓ કહેવા લાગ્યા કે, "મહારાજા સંતાનિક અને મહારાણી મૃગાવતીએ અમને પાલખી લઈને, આપની સેવામાં મોકલ્યા છે, અને આપ મહેલમાં પધારો, એવી પ્રાર્થના કરી છે."

સાધારણ વ્યક્તિને રાજમહેલનું આવું સન્માનપૂર્ણ આમંત્રણ ખૂબ આકર્ષિત કરી શકે છે, પરન્તુ ચંદનબાળા પાસે આ પ્રકારનું પ્રલોભન શું કામ કરી શકે ? તેણે સંતાનિકના સામંતોને નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો કે, "તમે માસાજી તથા માસીજીને મારા પ્રણામ કહેજો, અને નિવેદન કરજો કે હું એ રાજમહેલમાં આવવાને લાયક નથી, કે જેમાં બેસીને નિરપરાધી લોકોને લૂંટવા-મારવા વગેરેના પાપ કાયનો વિચાર કરવામાં આવે છે. એટલા માટે મને ક્ષમા કરો. તેઓએ મને યાદ કરી, તેને માટે હું તેઓની આભારી છું."

સંતાનિકના સામંતોએ વિવેકપૂર્વક ચંદનબાળાને રાજમહેલમાં પધારવા માટે ખૂબ પ્રાર્થના કરી, પણ ચંદનબાળાએ તેઓને એવી રીતે સમજાવ્યા કે, જેથી તેઓ વધારે કાંઈ કહી શક્યા નહિ અને ચુપચાપ પાછા ચાલ્યા ગયા. તેઓએ જઈને સંતાનિક તથા મૃગાવતીને ચંદનબાળાએ આપેલો જવાબ કહી સંભળાવ્યો. ચંદનબાળાનો જવાબ સાંભળીને, મૃગાવતીએ સંતાનિકને કહ્યું કે, "હું તો પહેલેથી જ જાણતી હતી કે તે સતી આવી રીતે નહિ આવે, છતાં પણ મેં આપના કથનની વિરુદ્ધ કાંઈ પણ બોલવું ઉચિત માન્યું નહિ. તે

ગણી, આપણા મહેલ પર એ આવે તેવી નથી. જો કેદને આવવી હોય તો અભિમાન છોડીને ન્યાય પણ માગે. અને હું પણ આવું છું. આપણાં જવાથી બનવા છે કે તે સતી આપણાંનું કલ્યાણ કરે. તે આવી રીતે ઘેરથી આવે તેવી નથી."

મૃગાવતીનું કથન સંતાનિકે સ્વીકાર્યું. તેણે કહ્યું કે, "બહુ સારું, હું પોતે પણ આવું છું અને તમે પણ આવો."

રાજા અને રાણી ધનાવહ શેઠને ત્યાં જવા માટે તૈયાર થયાં. રાજપરિવારના અન્ય માણસો તથા સામંતો વગેરે પણ સાથે જવા માટે તૈયાર થયા. સામંત, ઉમરાવો સહિત રાજા અને રાણીની સવારી ધનાવહ શેઠને ત્યાં જવા માટે નીકળી. રાજા રાણીની સવારી જતી દેખીને નગરના બીજા પણ ઘણા લોકો સાથે થઈ ગયા. આખાયે શહેરમાં આ વાતની ખબર પ્રસરી ગઈ કે જે સતીના હાથે ભગવાન મહાવીરનું પારણું થયું છે, તે સતી, મહારાજ દધિવાહન તથા મહારાણી ધારિણીની પુત્રી છે તથા મહારાણી મૃગાવતીની બહેનની પુત્રી છે. એટલા માટે રાજારાણી વગેરે સઘળા માણસો તે સતીના દર્શન કરવા તેમજ તેને મહેલમાં લઈ જવા માટે જાય છે. આ સાંભળીને, નગરના બીજા લોકો પણ ધનાવહ શેઠને ત્યાં દોડી ગયા. થોડી જ વારમાં ધનાવહ શેઠને ત્યાં માણસોની ખૂબ ઠઠ જામી ગઈ. એટલામાં રાજા તથા રાણીની સવારી પણ આવી પહોંચી. ચંદનબાળાને દૂરથી જ જોતાં, મૃગાવતી તથા સંતાનિક વાહનમાંથી નીચે ઉતરી, પગે જ ચાલતા ચંદનબાળા સામે ગયા.

ચંદનબાળાની પાસે પહોંચતાં જ, રાણી અને સંતાનિક ચંદનબાળાના પગમાં પડી ગયા. સંતાનિક હાથ જોડીને ચંદનબાળાને કહેવા લાગ્યો કે, "હે સતી, મને—પાપીને ક્ષમા કરો. મેં ભયંકર અપરાધ કર્યો છે. તમારા જેવી સતીને દુઃખમાં નાખી છે. હું ઘોર

માગી છું. જો તમે મારા અપરાધો તરફ દૃષ્ટિપાત કરો, તો તો મારું મોં પણ ન જોઈ શકો, કિન્તુ તમે તો ક્ષમાવાન છો, પાપી-ઓને ક્ષમા કરનાર અને પોતાની ઉદારતાથી અન્યને પણ ક્ષમાવનાર છો, તેથી મને પણ ક્ષમા કરો, તથા મહેલમાં પધારીને મને કૃતાર્થ કરો."

શતાનિક તથા મૃગાવતીને ઊભા કરીને, ચંદનબાળા તેમને કહેવા લાગી કે, "તમે આ આપણી વાત કેમ કરી રહ્યા છો! તમે મારા માટે માતા–પિતા સમાન પૂજ્ય છો, છતાં પણ મારા પગમાં પડીને, મારા પર ઋણ કેમ ચઢાવી રહ્યા છો? તમે ગમે તેવો ભયંકર અપરાધ કર્યો હોય, તોપણ મારે માટે તો તમે આદરણીય જ છો. અપરાધને લીધે હું તમને અનાદરણીય નથી સમજતી. હવે રહી મહેલમાં આવવાની વાત. જો કે મને કોઈ સ્થાન પ્રત્યે દ્વેષ નથી, અને જ્યાં માતા તુલ્ય મારી તથા પિતા તુલ્ય તમે રહો છો, તે સ્થાન પ્રત્યે તો દ્વેષ હોઈ જ કેમ શકે? પણ આપ જ વિચાર કરો કે જે મહેલમાં વિશેષે કરીને પાપ કાર્ય કરવાના જ વિચાર રહ્યા કરે છે, ત્યાં હું કેવી રીતે આવી શકું! જો આ કારણ ન હોત તો હું આપના સામંતોની સાથે જ કેમ ન ચાલી આવત! મારા હૃદયમાં એવી ભાવના ન હતી કે હું સામંતોની સાથે નહિ જાઉં, પણ તમે આવશો ત્યારે આવીશ. મારે માટે તો આપે મોકલેલા સામંતો પણ આપની જ જેમ આદરણીય છે. છતાં પણ હું ન આવી, તેનું કારણ એ જ કે હું તે મહેલમાં જવા યોગ્ય નથી, કે જે મહેલમાં હમેશાં લૂંટવા ઝૂંટવાના તથા નિરપરાધીઓ પર અત્યાચાર કરવાના જ વિચારો અસ્તિત્વ ધરાવે છે. તમે જ કહો કે હું તે મહેલમાં કેવી રીતે આવી શકું? જે મહેલમાં મારી ભાવના, અને મારા વિચારોથી વિરુદ્ધ ભાવના અને વિચારોનું આધિપત્ય છે, તે મહેલમાં મારું ગમન કઈ રીતે ઉચિત હોઈ શકે! તમે જ કહો કે મારા પિતાનો શો અપરાધ હતો, કે જેથી તમારે ચંપા પર ચઢાઈ કરવી પડી? થોડાક

[illegible] માની લો કે મારા પિતાનો કોઈ અપરાધ હશે, તો તે માટે પિતાને શિક્ષા આપવી જોઈતી હતી, કે ચંપાની નિરપરાધિની પ્રજાને ? પિતા તો યુદ્ધ કર્યા વગર જ ચંપા છોડીને જંગલમાં ચાલ્યા ગયા હતા. તમને ચંપાના રાજ્યનો લોભ હશે, તો તમે ચંપા પર તમારું આધિપત્ય કરી શકતા હતા, પણ ચંપાની પ્રજાને લૂંટવાની, તેની હત્યા કરવાની, અને તેના પર અત્યાચાર કરવાની શી જરૂર હતી ? કદાચ કહેશો કે ચંપાની સેનાએ અમારો સામનો કર્યો હતો, તેણે અમારી સાથે યુદ્ધ કર્યું હતું, તો તે અપરાધ સેનાનો હતો. પ્રજાએ તો કોઈ અપરાધ નહોતો કર્યો. તો પછી તેને એવો અમાનુષિ દંડ શા માટે ?"

ચંદનબાળાની આ વાતો સંતાનિક નીચું મસ્તક રાખી શાંતિપૂર્વક સાંભળી રહ્યો હતો. તેની પાસે ચંદનબાળાને આપવા માટે કોઈ જવાબ ન હતો.

ચંદનબાળા સંતાનિકને પુનઃ કહેવા લાગી કે, "જે મહેલમાં બેસીને વિના કારણે જ ચંપાપુરી પર ચઢાઈ કરવાનો, ચંપાપુરીને લૂંટવાનો, પ્રજા પર અત્યાચાર કરવાનો વિચાર કરવામાં આવ્યો, અને આ બધું કર્યા પછી, જે મહેલમાં બેસીને, તેના વિજયમાં ખુશાલી માનવામાં આવી, તે મહેલમાં હું કેવી રીતે આવી શકું ! મારા કહેવાનો આશય એવો નથી કે રાજધર્મનો ત્યાગ કરવામાં આવે, પણ રાજધર્મ પ્રજાના રક્ષણાર્થે છે, પ્રજાનો વિનાશ કરવા માટે નહિ. રાજાને માટે રાજધર્મનું પાલન કરવું જરૂરનું છે. રાજા વડે રાજધર્મનું પાલન થવાથી જ પ્રજાનું રક્ષણ થાય છે. શું ચંપાને લૂંટીને તમે રાજધર્મનું પાલન કર્યું છે ? શું નિરપરાધી લોકોને મારવા, તેમની સંપત્તિ લૂંટવી, એ પણ કોઈ રાજધર્મ છે ? આપને ચંપાના રાજ્યનો લોભ હતો, તો આપ ચંપા પર રાજ્ય કરી શકત, પરંતુ આપની સેનાએ ચંપામાં અત્યાચારનું જે તાંડવ કર્યું તે શા

માટે ? અને આપે આ રાજધર્મના રક્ષણ માટે આપની સેનાને એવું કરવા દીધું ? તેઓને સ્વચ્છંદી કેમ બનવા દીધા ? શું આપ જાણો છો કે આપની સેના દ્વારા ચંપાપુરીના નિવાસીઓ પર કેવા ભયાનક અત્યાચાર ગુજરાયા છે ? શું આપને ખબર છે કે આપની સેનાએ ચંપાની પ્રજા સાથે કેવો પૈશાચિક વ્યવહાર રાખ્યો છે ! શું આપ નથી જાણતા કે સેનાના હાથમાં શાસન-સત્તા આવી જવાથી કેવાં કેવાં ઘોર અત્યાચાર થાય છે ! એવી દશામાં સેના શું શું અન્યાયો નથી કરતી ? શાસન-સત્તા મળી જવાથી સેના પ્રજાને મારે છે, કાપે છે, તેની ધન સંપત્તિ લૂંટે છે, ખૂંટે છે અને તેઓની વહુ-દીકરીઓનું સતીત્વ પણ નષ્ટ કરે છે. શું ચંપાની પ્રજા પર તે વખતે આવો જ અન્યાય-અત્યાચાર નહિ થયો હોય ? જ્યારે તમારો એક રથી મને તથા મારી માતાને પણ પોતાની કામ વાસનાની તૃપ્તિ માટે મહેલમાંથી પકડીને જંગલમાં લઈ ગયો હતો, તો પછી પ્રજાની વહુ-દીકરીઓનું સતીત્વ કેમ બચવા પામ્યું હશે ? મારી માતા, વીરકન્યા તથા વીરપત્ની હતી, એથી તેણે પ્રાણનો ત્યાગ કરીને પણ પોતાના સતીત્વની રક્ષા કરી, અને એ રીતે જે રથી મારું ભક્ષણ કરવા તૈયાર થયો હતો તેને જ મારી માતાએ રક્ષક બનાવી દીધો; પણ જો માતામાં એ પ્રકારનું બલિદાન આપવાની શક્તિ ન હોત, ને તે પ્રાણત્યાગનું સાહસ ન કરત તો, તેને—અને સાથે જ મારે તમારા રથીના દુરાચારનું સાધન બનવું પડત કે નહિ ? શું આમ થવા દેવું તે રાજધર્મ છે ?"

ચંદનબાળાના મોઢેથી ધારિણીના મૃત્યુ સમાચાર સાંભળીને, મૃગાવતીને અતિશય દુઃખ થયું. તે વિલાપ કરતી કહેવા લાગી કે, "હાય ! એમની રાજ્યલોલુપતાને કારણે મારી સગી બહેનને એક રથીના હાથમાં ફસાવું પડ્યું અને પ્રાણનો નાશ કરીને સતીત્વનું રક્ષણ કરવું પડ્યું. મારી બહેનની જ જેમ કોણ જાણે કેટલીયે સ્ત્રીઓને

સતીત્વનાં રક્ષણ માટે પ્રાણ ગુમાવવો પડયો હશે, અથવા પોતાના સતીત્વનો ભંગ કરવો પડયો હશે. ધિક્કાર છે રાજ્યલોલુપતાને, કે જેને લીધે આવા અત્યાચારો થાય છે."

મૃગાવતીને ધૈર્ય આપવા માટે ચંદનબાળા તેને કહેવા લાગી કે, "માસી! માતાના સંબંધમાં તમે જરા પણ દુઃખ ન ધરશો. તેમણે એક સતી સ્ત્રીને છાજે તેવું કાર્ય કર્યું છે. તેમણે પંડિત-મરણે પ્રાણ-ત્યાગ કર્યો છે, તેથી તેમનું મૃત્યુ લેશ પણ ચિંતાને યોગ્ય નથી. જગતમાં જન્મે છે તેને અવસ્ય મરવું તો પડે છે જ, પરંતુ આ પ્રકારનું પંડિતમરણ થવું, એ મહા પુણ્યનું પરિણામ છે. એટલા માટે માતા સંબંધમાં તમે જરા પણ દુઃખ ન કરશો. આજે તમે જે રચના દેખી રહ્યા છો, અને ભગવાન મહાવીરને દાન આપવાનું જે કાર્ય મારા હાથે થયું છે, તે બધું માતાના ઉપદેશનું જ પરિણામ છે. જો માતાએ મને શાંતિ—દુઃખમાં ધૈર્ય રાખીને, દુઃખમાં પણ પ્રસન્ન રહેવાની તથા કોઈના ઉપર ક્રોધ પણ ન કરવાની શિખામણ ન ન આપી હોત, તો આજે આવો આનંદ ક્યાંથી પ્રાપ્ત થાત ? હું જે કાંઈ કહું છું, તે માતાને મરવું પડયું એવા વિચારથી નથી કહેતી, પણ હું બતાવું છું કે જે મહેલમાં આવવા માટે મને કહેવામાં આવે છે, તે મહેલમાં રાજધર્મના નામ પર કઈ કઈ જાતના અન્યાય અત્યાચાર કરવાના વિચારો કરવામાં આવ્યા છે. રાજાનું કામ છે કે તે પોતાના દેશ, તથા નગરમાં થતી સઘળી નવીજૂની વાતોની માહિતી રાખે. માસાને પણ આ નગરમાં બનતી સઘળી ઘટનાઓથી પરિચિત બનવું જોઈતું હતું, પણ તેઓએ રાજ્યનો ઉદ્દેશ કોઈ બીજો જ માની લીધો છે. તેમણે તો એવું માન્યું છે કે ઉત્તમોત્તમ ભોગ ભોગવવા માટે જ રાજ્ય છે. રાજ્ય પ્રાપ્તિનો આથી વધારે બીજો કોઈ હેતુ નથી. આ જાતના વિચારોને કારણે જ માસા બીજાઓને લૂંટવા ઝૂંટવામાં, ખજાનો ભરવામાં અને વિષયભોગ કરવામાં જ રહ્યા. પ્રજાનું રક્ષણ તથા તેને સુખ સગવડ આપવા તરફ તેમણે ધ્યાન જ

ન આપ્યું. અને હવે ધ્યાન આપ્યું હશે તો તેના પોતાની આંખમાં કોઈ પણ રીતે ક્ષતિ ન આવે તે તરફ જ. જગતમાં ઘણું દુઃખી છે, ઘણા પર કેવી જાતના અત્યાચાર થાય છે, અને રાજ્યમાં કેવા પ્રકારના અપ્રામાણિક વ્યાપારો થાય છે, તે તરફ ધ્યાન આપવાની તસ્દી પણ લીધી નથી. તેમની રાજધાનીમાં જ, દાસદાસીઓના ખરીદ વેચાણનો વ્યાપાર ચાલે છે. શું માસાએ આ જાતના નીચ વ્યાપાર તરફ કદી ધ્યાન આપ્યું છે? અને આવા વ્યાપારને રોકવાનો પ્રયત્ન કર્યો છે? ખુદ હું આ જ નગરના ચોરા પર ઊભી રહીને વેચાણી છું. મને આ વેશ્યામાતા ખરીદતી હતી. જ્યારે મેં તેમને ત્યાં જવાનો ઇનકાર કર્યો, ત્યારે તેમણે મને બળાત્કારથી પકડી લઈ જવાનો નિશ્ચય કર્યો હતો. એ તો અનાયાસે જ વાંદરાઓએ કૂદીને માતાના આ નિશ્ચયમાં વિઘ્ન નાખ્યું, અને હવે તો આ વેશ્યામાતા પણ પવિત્ર બની ગઈ છે, પણ તે વખતે તેમની મદદમાં ઘણા શહેરીઓ પણ તૈયાર થઈ ગયા હતા. પછી આ શેઠ પિતાએ પોતાને ત્યાં મને સ્થાન આપ્યું, અને આ રથી પિતાને ૨૦ લાખ સોના-મહોરો આપીને, તેમની પત્નીને સંતુષ્ટ કરી. આ શેઠ પિતાને ત્યાં શેઠાણી માતાની કૃપાથી હું ભગવાન મહાવીરનો અભિગ્રહ પૂર્ણ કરવાને લાયક બની, અને મારા હાથથી ભગવાન મહાવીરનું પારણું થયું. આ રીતે જે કાંઈ બન્યું તે એક રીતે મારા માટે તો સારું જ થયું! પણ હું માસાને કહું છું કે શું રાજમહેલ આટલા વાસ્તે છે, કે તેમાં બેસીને અન્યાય અત્યાચારો સંબંધમાં મંત્રણાઓ કરવામાં આવે, અથવા પ્રજાની વિપૂલ કમાણીનું દ્રવ્ય લૂંટીને, મહેલોમાં તેનો દુર્વ્યય કરવામાં આવે, તે ધન વડે પાપવૃદ્ધિનાં કામો કરવામાં આવે! માસા અથવા તો હરકોઈ, જેઓ આ જાતનું પાપ કરે છે તેઓને તે પાપોનું ફળ અવશ્ય ભોગવવું જ પડશે, છતાં મારે મારા આત્માને બચાવવો જ જોઈએ. જ્ઞાની પુરુષોનું કથન છે કે, ક્ષેત્ર તથા ત્યાંના વાતાવરણનો પ્રભાવ અવશ્ય પડે છે. આ કારણથી જ તેઓ દુઃખ

તો લોકો કહે છે, પણ જ્યાં જ્યારથી આત્માના સુખોનો નાશ થવાની ભીતિ રહે છે ત્યાં તેઓ કદાપિ જતા નથી એટલે મેં એ પ્રદેશમાં આવવાનો અસ્વીકાર કર્યો છે. તમે મને કૃપા કરીને હું અહીંયાં આનંદમાં છું. અહીંયાં રહેવાથી હું ભગવાન મહાવીર તથા તેમના શિષ્યોની નિકટમાં આવી શકી છું. જ્યાં હમેશાં સાધક લોકોની પ્રવૃત્તિ રહેતી હોય એવા તમારા રાજ્યદેશમાં, ત્યાંની જનતા અહં-ભાવનાયુક્ત વિષયોના વિકાસને સ્થાન નથી. તમારા રાજ્યમાં મારાં નાંખીં રૂપ ધર્યાં છે, કે જેથી હું ત્યાં આવું!"

: પ્રકરણ :

[૧૮]

પશ્ચાત્તાપ

મનુષ્ય આવેશવશ કોઈ અનુચિત તથા અન્યાય પૂર્ણકાર્ય કરી તો નાખે છે, તે કાર્ય કરતી વખતે તો તેને કાર્યની અનિષ્ટતા વિષે કાંઈ પણ વિચાર થતો નથી, એટલું જ નહિ પણ તે તે ખરાબ કાર્યમાં પણ સારાપણું જ જુએ છે. એથી જ તે તે કાર્ય કરે છે. પણ જ્યારે કોઈ પ્રસંગવશ, જ્ઞાનીના ઉપદેશથી અથવા પોતાની બુદ્ધિથી તેને તે કાર્ય ખોટું માલૂમ પડે છે, તે વખતે તેનાં પશ્ચાત્તાપનો પાર રહેતો નથી. ત્યારે તેને પોતાના કામની શરમ આવે છે, તે પોતાને પાપના ભારથી દબાયલો માને છે, અને યથાશક્તિ તે પાપથી છૂટવાનો ઉપાય કરે છે. પરદેશી રાજા હિંસા કરવામાં, મારવામાં, પ્રજાને લૂંટવામાં અને તેના પર ભારે કર લાદવામાં આનંદ માનતો હતો. તેને તે પાપ કાર્યો કરવામાં આનંદ આવતો

તો; પણ જ્યારે તેને કેશી શ્રમણ મહારાજના ઉપદેશથી પોતાના ધર્મની અધમતા જણાઈ, ત્યારે તેને પોતાના કામ પ્રત્યે ઘણો તિરસ્કાર ઉત્પન્ન થયો, અને પછી તેણે તેવાં કાર્યોથી મુક્તિ મેળવવાનાં જ કાર્ય કર્યાં. ચંડકૌશિક સર્પ, પોતાના ઝેરથી લોકોને મારી નાખવામાં જ પ્રસન્નતા અનુભવતો હતો. તેણે પારાવાર જીવોને પોતાના ઝેરથી બાળીને ભસ્મ કર્યા હતા. પરન્તુ જ્યારે તેને ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળવા મળ્યો અને પોતાના દુષ્ટ કાર્યોનું ભાન થયું, ત્યારે તેણે સઘળા પ્રત્યેનું વૈર ત્યાગીને, નિશ્ચેષ્ટ બનીને, જીવન ભરના અનશનપૂર્વક પ્રાણની આહૂતિ આપી, અને એ રીતે તેણે પોતાનાં પાપનો પશ્ચાત્તાપ કર્યો.

સમ્રાટ અશોકને પણ યુદ્ધ ખૂબ જ પ્રિય હતું, પરન્તુ કલિંગ દેશના યુદ્ધનો રક્તપાત અને મનુષ્યોનો સંહાર જોઈને યુદ્ધ જેવા પાપપૂર્ણ કાર્યો પ્રત્યે તેને હંમેશને માટે અરુચિ થઈ ગઈ. પછી તે એક ધર્મનિષ્ટ મનુષ્ય બની ગયો. આવી જાતના અનેક દૃષ્ટાંતો એવા છે કે જેથી એમ સિદ્ધ થાય છે કે પાપ કરતી વખતે તો તેણે પાપના કાર્યને સારુ ગણ્યું હતું, પરન્તુ પછી તેને ખૂબ તિરસ્કાર થયો અને તે સંબંધમાં અત્યંત પશ્ચાત્તાપ પણ થયો.

રાજા શતાનિકને, રાણી મૃગાવતી પ્રસંગોપાત યુદ્ધાદિ હિંસામય કાર્યોથી બચવા અને પ્રજાનું પુત્રવત્ પાલન કરવા ઘણું સમજાવતી હતી, પરન્તુ તે વખતે તે મૃગાવતીના ઉપદેશથી બેપરવા રહીને, ધર્મની પણ મશ્કરી કરતો હતો. તે વખતે તેને યુદ્ધ કરવાનું જ ગમતું હતું. તથા તે માનતો હતો કે હું રાજા છું, અમારો જન્મ જ લોકો પર રાજ્ય કરવા, બીજા રાજ્યો જીતવા, સુંદર સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કરવા અને સુંદર પદાર્થો છે તે સઘળા અમારા ઉપભોગને અર્થે જ છે. આ પ્રકારના વિચારોને લીધે જ તે કોઈ પણ પાપ કાર્યમાં સંકોચ કરતો ન હતો, પણ સંતોષ જ માનતો હતો.

આ જાતના વિચારોના પ્રેરક બળે જ તેણે ચંપા પર ચઢાઈ કરી હતી. જો કે તે વખતે રાજા દધિવાહને સંતાનિકને કહ્યું હતું કે, આ તમારી ચઢાઈ અનુચિત છે, છતાં અભિમાની રાજા સંતાનિકે ઊલટું દધિવાહનનું જ અપમાન કર્યું, અને ચંપાનગરીને લૂંટાવીને, તેને નષ્ટ ભ્રષ્ટ કરી દીધી. ત્યાંની પ્રજાનો આર્તનાદ અને કરુણ આક્રંદ સાંભળીને પણ તેનું હૃદય પીગળ્યું નહિ. ચંપાનગરીના રાજપરિવારથી ઉજ્જડ બનેલા તે મહેલ પર પોતાનો ધ્વજ ઉડાવવામાં તેને આનંદ થયો. તે વખતે તેને પોતાનું કાર્ય દુષ્ટ ન લાગ્યું તેમ તેને જનસંહાર તેમ જ સંબંધીજનોની દયાજનક દશા માટે બિલકુલ લાગણી થઈ નહિ. પણ ચંદનબાળા દ્વારા ભગવાન મહાવીરનું પારણું થયા પછી, મૃગાવતીએ આપેલા ફિટકારથી તથા ચંદનબાળાનાં વચનોથી તેને પોતાના કાર્યની દુષ્ટતા માલૂમ પડી. આ કારણથી તેના હૃદયમાં અત્યંત લજ્જા, ગ્લાનિ, અને પશ્ચાત્તાપ થયો.

નીચું મસ્તક રાખીને સંતાનિક રાજા, ચંદનબાળાની કથની સાંભળી રહ્યો હતો, પાસે જ ઊભેલી મૃગાવતી પણ આંખોમાંથી અશ્રુપ્રવાહ વહાવતી ચંદનબાળાની વાતો સાંભળી રહી હતી, અને પોતાના પતિના દુષ્કૃત્યોનો વિચાર કરતી મનમાં ને મનમાં લજ્જા પામતી હતી. ચંદનબાળાનું કથન પૂર્ણ થતાં, સંતાનિક કહેવા લાગ્યો કે, "હે સતી, તમે જે કાંઈ કહ્યું છે તે બરોબર જ છે. હું ભયંકર અપરાધી છું, મેં મહાપાપ કર્યું છે. મિત્રદ્રોહ, જનસંહાર, ઇત્યાદિ કોઈ પણ પાપ કરવામાં મેં બાકી રાખી નથી. ખરેખર હું એવો પાપી છું કે જેનું મોં જોવામાં પણ પાપ લાગે. જે રીતે તમે વર્ણવી બતાવી, તેવી જ ભાવનાઓ તે વખતે મારામાં અસ્તિત્વ ધરાવતી હતી. હું રાજાઓનો જન્મ તથા રાજ્ય પામ્યાનું સાર્થક, ઉત્તમોત્તમ ભોગવિલાસના સેવનમાં જ છે એમ માનતો હતો. અને તેથી તેમાં વિઘ્ન ઉત્પન્ન કરનાર, નૂતન ભોગવિલાસની પ્રાપ્તિમાં અંતરાય નાખનારને મારી નાખવો, એને જ હું બહાદુરીનું કામ માનતો

હતો. મારી ભાવનાને લીધે જ મેં ઘણાં પાપ કર્યાં અને એથી જ તમારી માતાને પોતાનો પ્રાણ ગુમાવવો પડ્યો તથા તમારે આ પ્રમાણે કષ્ટ ભોગવવું પડ્યું. અને આ પ્રકારની ભાવના હોવા છતાં પણ હું એવો નીચ તો ન હતો કે જે સૈન્ય વડે કોઈની રફુ-ટીકી અને ખાસ કરીને તમારી માતાનું સતીત્વ લૂંટવાની પરવાનગી આપું. મને ચંપાના રાજ્યનો લોભ જરૂર હતો. મેં મારા નિકટ સંબંધી દધિવાહનને અવશ્ય પરાજ્ટ કર્યો, અને ચંપા લૂંટવાની આજ્ઞા પણ જરૂર આપી, પણ કોઈનું સતીત્વ નષ્ટ કરવાની, અને ખાસ કરીને રાજપરિવારની સ્ત્રીઓને લૂંટવાની, તેમનું હરણ કરવાની, કે તેમનું સતીત્વ નષ્ટ કરવાની આજ્ઞા મેં કદાપિ આપી ન હતી. મારી આજ્ઞાનો કેવી રીતે દુરુપયોગ કરવાનો આવ્યો છે, તેની સાથે કેવાં અત્યાચારો ગુજારવામાં આવ્યા છે, એ વાતની મને આજે જ ખબર પડી. આ બધાં જુલમોને માટે હું મને પોતાને જ અપરાધી ગણું છું. આ નગરમાં તમે આટલા વખત સુધી કષ્ટ ભોગવ્યું, તથા અહીંયાં વેચાણ, ઇત્યાદિ વિતકોને માટે હું પોતે જ અપરાધી છું. જો મેં બરાબર આ બધી બાબતો પ્રત્યે લક્ષ આપ્યું હોત, મારા રાજ્યમાં દાસદાસીના ક્રયવિક્રયની પ્રથા રહેવા દીધી નહોત, તો આમ ન બનત ! એ જ રીતે જ્યારે રાજા દધિવાહન મારી સન્મુખ જ જંગલમાં ચાલ્યા ગયા હતા, ત્યારે જો મેં આ વાતની માહિતી મેળવી હોત—તેનો પરિવાર કયાં છે—તો તમને કષ્ટ કેમ ભોગવવું પડત તથા તમારી માતાને પણ કેમ મરવું પડત ! આ બધું મારા જ અપરાધોનું પરિણામ છે. આ સઘળી બાબતોને માટે હું મને પોતાને જ પાપી સમજું છું. તે માટે આજે મારા હૃદયમાં પારાવાર પશ્ચાત્તાપ થાય છે. મને એવો કોઈ ઉપાય નથી સૂઝતો કે જેથી હું પાપમુક્ત બની શકું. હે સતી ! મારા જેવા પાપીનો ઉદ્ધાર કરવામાં તમે જ સમર્થ છો. તમે જ મારો ઉદ્ધાર કરી શકો છો."

આમ પોતાના પિતાની શાન્તિનાથની [illegible] આંસુ આવી આવ્યાં. તેનું હૃદય દુઃખથી ભરાઈ ગયું. અને તે [illegible] પડી ગયો. આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા શાંતિનાથને દુઃખી જોઈને, અંજનાબાળાએ વિચાર કર્યો કે [illegible] છે. આ વખતે તે દુઃખી છે. હવે આવા દુઃખને [illegible] આપવામાં ન આવે, સાન્ત્વન આપવામાં ન આવે તો તેનું [illegible] જશે.

આ પ્રમાણે વિચાર કરીને અંજનાબાળાએ શાંતિનાથને ઉપાડીને કહ્યું કે, " પિતાજી, પાપનો પશ્ચાત્તાપ કરવાથી પાપ ઓછાં થઈ જાય છે. તમને તમારા દુષ્ટ કર્તવ્યો માટે ખૂબ જ પશ્ચાત્તાપ થાય છે તેમ જ તમે મને ઉદ્ધાર કરવાનું કહી રહ્યા છો, એટલે હું તમને કહું છું કે તમે જેનું જેનું ધન વગેરે ઝૂંટવી લીધું છે, તે તેને પાછું સુપ્રત કરી દો, તથા ભવિષ્યમાં આ જાતનું પાપ ન કરવાની પ્રતિજ્ઞા લ્યો. આમ કર્યા પછી તમે નિષ્પાપી—પવિત્ર બની જશો. હું એમ નથી કહેતી કે તમે રાજધર્મનું પાલન ન કરો. રાજધર્મનું પાલન કરવું, ગુનેગારોને શિક્ષા કરવી, અને પ્રજાનું રક્ષણ કરવું, એ તો રાજાઓનું જ કર્તવ્ય છે. જે રાજા આ કર્તવ્યનું પાલન નથી કરતો, તે પતિત તેમ જ પાપી છે. એટલા માટે હું રાજધર્મનું પાલન ન કરવાનું કહેતી નથી, પણ એમ કહું છું કે પોતાને માટે રાજ્ય છે એમ નહિ, પણ પોતે રાજ્યને માટે છે એમ સમજો. રાજ્યને પોતાના ભોગ-વિલાસનું સાધન ન માનો, પોતાને શાસક અને પ્રજાને શાસિત માનવાની ભાવના ન રાખો, પણ એવું સમજો કે મારા પર રાજ્ય એક ભાર છે, અને હું તે ભાર ઊચકીને પ્રજાનું રક્ષણ કરનાર, પ્રજાને સુખ આપનાર, પ્રજાનો એક સેવક છું. આ પ્રકારની ભાવના રાખવાથી રાજ્ય એ પાપનું કારણ નથી થતું. આ વિચારશ્રેણિમાં, બીજાનું રાજ્ય છીનવી લેવાની, બીજાઓ પર અત્યાચાર કરવાની ઇચ્છા નથી થતી, પણ એ જ ઇચ્છા રહે છે કે પ્રજા પાલનમાં અને

દીન-દુઃખીઓની રક્ષામાં જ મારી શક્તિનો સદુપયોગ કરવામાં આવે. આ ભાવની જ ભાવના રાખીને મારા પિતાજી ચંપાનું રાજ્ય ચલાવતા હતા. તેથી તેમણે પોતાની સેના પણ વધારી નહિ, તેમ તમે ચઢાઈ કરી ત્યારે યુદ્ધ કરવાથી નાહક મનુષ્યોનો સંહાર થાય એ તેમને ઇષ્ટ ન લાગવાથી જ વનમાં જવાનું પસંદ કર્યું."

ચંદનબાળાનું કથન સાંભળીને, શતાનિક કહેવા લાગ્યો કે, "હે સતી, આજે તમે મને જે વિવેકનો ઉપદેશ આપ્યો, તે વિવેકની મારામાં ખૂબ જ ખામી હતી. કહેવત છે કે—

> यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता ।
> एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

અર્થાત્—યૌવન, ધન-સંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક એ દરેક અનર્થકારક છે. તો જ્યાં એ ચારેય ભેગાં થાય ત્યાં અનર્થનું તો કહેવું જ શું!

"હે સતી, મારામાં આ સઘળી વસ્તુઓ હતી. મને સલાહકારો પણ એવા મળ્યા હતા કે જેઓ મારા અવિવેકમાં વૃદ્ધિ કરતા હતા, અને મારી દુષ્ટ ભાવનાઓને પ્રોત્સાહન આપતા હતા. તમે મને આજે જે વિવેકનો ઉપદેશ આપ્યો છે, તે ગ્રહણ કરીને હું પ્રતિજ્ઞા કરું છું કે, ભવિષ્યમાં હું મને પોતાને પ્રજાનો સેવક માનીને, તેનાં હિતનાં જ કાર્યો કરીશ. જેથી પ્રજાનું અહિત થાય એવું એક પણ કામ નહિ કરું. હવેથી હું કોઈનું પણ ધન ઇત્યાદિ લૂંટવાનો પ્રયત્ન કરીશ નહિ. બલ્કે, મારી મારફત જેઓનું કાંઈ લૂંટાયું છે તે તેઓને પાછું આપી દઈશ. તથા મારા આવા દુષ્ટ કૃત્ય માટે હું તેઓની ક્ષમા માગીશ. મહારાજા દધિવાહન ક્યાં છે તેની માહિતી અત્યારે નથી, છતાં હું તેમની તપાસ કરાવીશ, તેમને સન્માનપૂર્વક પાછા બોલાવીશ, તેમને ચંપાનું રાજ્ય પાછું સોંપીશ અને ચંપાનો જે વિનાશ થયો છે તેને હું પુનઃ સમૃદ્ધ બનાવી દઈશ. આ પ્રમાણે હું,

આજ સુધીમાં કરવામાં આવેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરીને, ભવિષ્યમાં કદી પણ જિંદગી સુધીમાં એવું પાપ નહિં કરું.

સંતાનિકની આ પ્રતિજ્ઞા સાંભળીને, ત્યાં ઊભેલાં સઘળા માણસો આશ્ચર્ય પામવા લાગ્યા, અને રાજાને ધન્યવાદ આપતા કહેવા લાગ્યા કે, "આજે આ સતીએ મહારાજાને પણ પવિત્ર બનાવી દીધા." પોતાના પતિની પ્રતિજ્ઞા સાંભળીને, મૃગાવતી પણ ખૂબ આનંદ પામી અને ચંદનબાળા પણ આનંદ પામી. તેણે સંતાનિકને કહ્યું કે, "તમે આ પ્રતિજ્ઞા કરીને પવિત્ર બની ગયા છો, તે માટે હું તમને ધન્યવાદ આપું છું, છતાં એક વાતની ખાસ ખામી છે, અને તે એ કે, આ પ્રતિજ્ઞાની સાથે તમે આજ સુધીનું સઘળું વૈર ભૂલી જવાની તથા અત્યાર સુધીના સઘળા ગુનેગારોને ક્ષમા આપવાની ઉદારતા દર્શાવો. તમારા હુકમથી, અથવા તમારા હુકમ વિરુદ્ધ જેણે જેણે જે જે અપરાધ કર્યો છે, તે સઘળાઓને ક્ષમા આપીને નિર્ભય બનાવી દ્યો. જૂના અપરાધો માટે હવે કોઈને શિક્ષા ન કરશો."

ચંદનબાળાના જવાબમાં સંતાનિકે કહ્યું કે, "હું તમારા આ કથનનો પણ સ્વીકાર કરું છું. પરન્તુ જે ગુનેગારોએ પ્રજાની સ્ત્રીઓમાંથી કોઈનું પણ સતીત્વ નષ્ટ કર્યું હોય અને ખાસ કરીને જેને લીધે મહારાણી ધારિણીને મરવું પડયું હોય અને તમારે બજારમાં વેચાવું પડયું હોય, તે જ ગુનેગારોને બાદ કરી બાકીના તમામ ગુનેગારોને હું ક્ષમા આપીશ. જે ગુનેગારોએ કોઈની સ્ત્રીઓનું સતીત્વ લૂંટયું છે, તથા જેણે મહારાણી ધારિણીનું શિયળ લૂંટવાનો વિચાર કર્યો અને તમને બજારમાં વેચ્યા, તે અપરાધીઓને હું જરૂર શિક્ષા જ કરીશ. આવા ભયંકર અપરાધ માટે ક્ષમા નથી આપી શકાતી. આવા અપરાધીઓને માફી આપવી, એ તો રાજધર્મની અવહેલના કરવા બરોબર છે."

ચંદનબાળા અને સંતાનિક વચ્ચે થતી વાત રથી પણ સાંભળી

રથી હતો. ચંદનબાળાએ સંતાનિક પાસે રથીના કૃત્યોનું વર્ણન કર્યું કે તરત જ રથીએ માની લીધું કે હવે હું છૂટનો કરી શકીશ નહિ. તેમાંય વળી સંતાનિકનો નિર્ણય સાંભળીને તો તેને ખાત્રી જ થઈ ગઈ કે હવે જરૂર મારો વિનાશ થશે. એ રીતે તેને ભય તો લાગ્યો, પણ ચંદનબાળાએ પોતાના ઉપદેશદ્વારા રથીના હૃદયમાં જે દયા ઉત્પન્ન કરી હતી તે કારણે તેણે વિચાર કર્યો કે મેં જે પાપકર્મ કર્યું છે તેની શિક્ષા તો મને અવશ્ય મળવી જ જોઈએ. ગુનો છુપાવવો અથવા તે સંબંધી ક્ષમા પ્રાર્થવી એ ઠીક નથી. કારણકે દંડ ભોગવવાથી આત્મા જેટલો પવિત્ર અને નિર્મળ બને છે તેટલો તે ઉપર પ્રમાણે કરવાથી પવિત્ર અને નિર્મળ બનતો નથી.

આ પ્રમાણે રથી વિચાર કરી રહ્યો હતો, એટલામાં જ ચંદનબાળાએ સંતાનિકને કહ્યું કે, " તમે કેટલાક અપરાધીઓ માફી રાખીને ઘણું સારું કર્યું, પરન્તુ હવે તમે કોઈ પણ અપરાધીને શિક્ષા ન કરશો, પણ સૌને ક્ષમા આપજો. જ્યારે તમારા બધા અપરાધો પશ્ચાત્તાપથી મટી શકે છે, ત્યારે શું તે અપરાધીઓને પશ્ચાત્તાપ નહિ થાય ? અને તેઓના પાપ નહિ ધોવાય ? જો તે અપરાધીઓ શિક્ષાને પાત્ર છે, તો શું તમે પોતે પણ શિક્ષાને પાત્ર નથી ? માટે તેઓને પણ ક્ષમા કરો. જે બાબતને માટે અપરાધી પશ્ચાત્તાપ કરી ચૂક્યો છે, તે જૂના અપરાધને માટે શિક્ષા કરવાથી, વૈરની વૃદ્ધિ થાય છે, અને એક વખત બંધાયલું વૈર જન્મ જન્માંતર સુધી ચાલ્યા કરે છે, એટલા માટે હવે તમે અત્યાર સુધીના બધા ગુનેગારોને માફી આપી દો. "

આ કથનના જવાબમાં સતાનિક કહેવા લાગ્યો કે, " તમારું કહેવું બરાબર છે. મારે પણ, મારા આત્માને પવિત્ર બનાવવા માટે શિક્ષા ભોગવવી જ જોઈએ અને મારે માટે તમે જે શિક્ષાની વ્યવસ્થા કરશો તે શિક્ષા ભોગવવા માટે હું તૈયાર છું. આ પ્રમાણે જે જે

માણસોએ મહાન અધમ અપરાધ કર્યો હોય, તેઓને પણ શિક્ષા મળવી જ જોઈએ.”

સંતાનિકનું કથન સમાપ્ત થતાં જ, રથી એકદમ ઊભો થઈ ગયો અને આદરપૂર્વક આગળ આવીને સંતાનિકને કહેવા લાગ્યો કે, “મહારાજ! ચંપાના રાજ્ય-પરિવારને દુઃખમાં નાખવા માટે હું જ ગુનેગાર છું. મેં જ કામવાસનાની પ્રેરણાથી આ ભયંકર અપરાધ કર્યો છે. મારા જેવા અધમ માણસથી, પોતાના સતીત્વનું રક્ષણ કરવા માટે જ ધારિણી જેવી સતીને પ્રાણત્યાગ કરવો પડ્યો. આ સતીને બજારમાં વેચાવાના તથા બીજું દુઃખ ભોગવવાના કારણભૂત હું જ છું. મહારાણી ધારિણીએ મને ખૂબ સમજાવ્યો હતો, પણ હું તેના સૌંદર્ય પર એટલો બધો મુગ્ધ બની ગયો હતો કે તેની શિખામણો લેશ પણ મારા હૃદયમાં ઊતરી નહિ. મારી પાસે તેનો પ્રખર ઉપદેશ ગરમ તવી (કડાઈ) પર પડેલાં પાણીનાં ટીપાંની જેમ રહ્યો. (નિષ્ફળ નીવડ્યો) આ કારણે અંતે તે સતીને પોતાના પ્રાણનો ત્યાગ કરવો પડ્યો. એટલા માટે તમે મને કઠોરમાં કઠોર શિક્ષા આપો, કે જેથી મારો આત્મા પવિત્ર બને.”

રથીનું કથન સાંભળીને, સંતાનિકની સાથે જ બીજા બધા માણસો દિઙ્મૂઢ બની ગયા. સઘળા એમ જ કહેવા લાગ્યા કે પોતાના ભયંકર અપરાધને આ પ્રમાણે ખુલ્લાં દિલે કબૂલ કરનાર અમારા જોવામાં અદ્યાપિ કોઈ આવેલ નથી. બીજા બધા માણસો તો આ પ્રમાણે આશ્ચર્યાન્વિત બન્યા હતા, પણ ચંદનબાળા તો પ્રસન્ન વદની જ હતી. તે વિચારતી હતી, કે માતાના ઉપદેશે આ રથી પિતાને કેવા પવિત્ર બનાવી દીધા છે, કે જે મૃત્યુની સજા મળે તેવા પોતાના અપરાધનો પણ સ્વીકાર કરે છે અને તે માટે સજા માગી રહ્યા છે!

આ જાતના વિચારોથી ખુશ થતી ચંદનબાળા, સંતાનિક પ્રત્યે કહેવા લાગી કે, “પિતાજી, ગુનેગારને શિક્ષા કરવાનો હેતુ એ નથી

હોતો કે ગુનાનો આરોપ બેસે, પણ એ જ હેતુ હોય છે કે, ગુનેગારના હૃદયમાં તે ગુના પ્રતિ તિરસ્કાર ઉત્પન્ન કરાવવો. એ આરોપ બેસવા માટે જ ગુનેગારને શિક્ષા કરવામાં આવતી હોય, તો એમ કરવાથી ગુનાઓ પણ ઓછા નથી થતા, તેમ ગુનેગાર કે શિક્ષા આપનારામાં પવિત્રતા પણ નથી આવી શકતી. ઊલટું આરોપ બેસાડી આપવાથી શિક્ષા કરનાર પોતે પણ ગુનેગાર બની જાય છે. એટલા માટે શિક્ષા કરવાનો હેતુ ગુનેગારમાં ગુના પ્રતિ તિરસ્કાર ઉત્પન્ન કરાવવાનો હોવો જોઈએ. પરન્તુ જ્યારે ગુનેગારને પોતાને જ પોતાના ગુના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો હોય અને તે ગુનાને ગુનો માનીને ભવિષ્યમાં એવો ગુનો ન કરવાનો નિશ્ચય કરી ચૂક્યો હોય, ત્યારે તેને શિક્ષા કરવાની બિલકુલ જરૂરત હોતી નથી. આ પ્રમાણે હવે તો તમારે પણ શિક્ષા ભોગવવાની જરૂર નથી, તેમ આ રથી-પિતાને પણ શિક્ષા કરવાની જરૂર નથી. તેમને મારી માતાએ પોતાના ભાઈ, તથા મેં મારા પિતા માન્યા છે. હવે તેમને શિક્ષા કરવી, તે તો માતાનું તથા મારું અપમાન કર્યા બરોબર છે. માતાએ તેમને સુધારવા માટે જ પોતાના દેહનું બલિદાન આપ્યું હતું. માતાના તે બલિદાને તેમને સુધારી પણ દીધા, એથી તેમણે નિર્ભય બનીને પોતાનો ગુનો કબૂલ કર્યો છે. અને તે તમારી પાસે સજા માગી રહ્યા છે. હવે તમારે માટે એ જ ઉચિત છે કે તમે તેમને તમારા ભાઈ બનાવો, તેમના અગાઉના સઘળા ગુનાઓની માફી આપો અને પ્રેમપૂર્વક તેમને ભેટો. હું તેમની પુત્રી છું. મારી હયાતિમાં તેમને કોઈ નુકસાન થાય એ મારે માટે શરમભર્યું છે. મારા માટે તમે, આ ધનાવહ શેઠ પિતા, તથા દધિવાહન જેટલા વિશ્વાસનીય છે તેટલા જ વિશ્વાસનીય આ રથી-પિતા પણ છે. ”

પોતાનો ગુનો કબૂલ કરીને, તે ગુનાની સજા માગતા રથીને જોઈને સતાનિક રાજા આશ્ચર્યચકિત તો બન્યો જ હતો, તે જ વખતે ચંદનબાળાના ઉપદેશે, તેનામાં નવજીવનનો સંચાર કર્યો. તે રથી

પાસે ગયો અને તેને પોતાની છાતી સાથે ચાંપીને કહેવા લાગ્યો કે, "આજથી તું મારો ભાઈ છે. હું તમારા સઘળા ગુનાઓ માફ કરું છું." સંતાનિક તથા રથીને પરસ્પર મળતા જોઈને ત્યાં ઊભેલા લોકો જય જય શબ્દ બોલતાં કહેવા લાગ્યા કે, "ધન્ય છે ગુનો કબૂલ કરનારને, અને ધન્ય છે ક્ષમા આપનારને. અત્યાર સુધીમાં અમે કોઈને આ રીતે ગુનો કબૂલ કરતાં પણ જોયા નથી, તેમ આવા ગુનેગારને ક્ષમા આપનાર પણ જોયા નથી!"

જનતાનો કોલાહલ શાંત થતાં, સંતાનિક ચંદનબાળાને કહેવા લાગ્યો, કે, "હે સતી, હવે તો તમે મહેલમાં પધારો। જે વાંક હતો તે તો મારામાં જ હતો, નહિ કે મહેલમાં! મહેલ, તો તેમાં બેસીને ખોટા વિચારો કરવાનું પણ કહેતો નથી, તેમ સારા વિચારો કરનારને રોકતો પણ નથી. તેમાં બેસીને પોતાની ભાવનાનુસાર સારા વિચારો પણ કરવામાં આવે છે, અને ખોટા વિચારો પણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં મારામાં જે દુષ્ટ ભાવનાઓ ભરેલી હતી, તે હવે તમારી કૃપાથી પરિવર્તન પામીને પવિત્ર બની ગઈ છે, મારો વિકાર નીકળી ગયો છે, તેથી હવે હું તે જ મહેલમાં બેસીને પવિત્ર વિચારો કરીશ. અત્યાર સુધી હું પોતે જ ખરાબ હતો, તેથી મહેલ પણ ખરાબ હતો, પણ હવે હું પવિત્ર બની ગયો છું તો મહેલ પણ સુંદર બની જશે. આ ઉપરાંત તમે પણ અપવિત્રને પવિત્ર કાં નથી બનાવી દેતા? જ્યારે તમે તે મહેલમાં આવશો ત્યારે શું તે મહેલ પવિત્ર નહિ બની જાય? જરૂર તે પવિત્ર બની જશે. માટે હવે મારી પ્રાર્થનાનો સ્વીકાર કરીને તમે મહેલમાં આવો."

સંતાનિકના કથનના જવાબમાં ચંદનબાળા કહેવા લાગી કે, "તમારું કહેવું બરોબર છે. વાસ્તવિક રીતે તમે સત્યને ઓળખીને એકદમ તમારું પરિવર્તન કર્યું છે, હવે મને મહેલની દૃષ્ટિએ તમારે ત્યાં આવવામાં કોઈ જાતની હરકત નથી, પણ અહીંથી મારે જવું તે ધર્મ વિરુદ્ધ ગણાય. મારું આ શરીર આ શેઠ પિતાને ત્યાં ર•

લાખ સોનામહોરમાં વેચાયલું છે. તેટલા માટે, અત્યારથી તમારે ત્યાં આવવાની વાત તો દૂર રહી, પણ હું મરવા માટે સ્વતંત્ર નથી. હવે તમારા તરફથી તો કોઈ જાતની માગણી રહી જ નથી કે જેથી મને મહેલમાં આવવામાં કોઈ જાતની હરકત હોય; પણ તમારે ત્યાં આવવામાં મને મારો ધર્મ રોકે છે. મારા પર અન્નનું ઋણ હોય અને હું આવું તે વિશ્વાસઘાત ગણાય; અને વિશ્વાસઘાત એ ભયંકર પાપ છે. વિશ્વાસઘાતનું પાપ અન્ય સઘળા પાપોથી વધારે મોટું છે. માટે હું તમારે ત્યાં આવવા માટે અસમર્થ છું."

ચંદનબાળાનું કથન પૂરું થતાં જ, રથીએ કહ્યું કે, "સતીજી, તમે તેની ચિંતા ન કરો. તમે જે ૨૦ લાખ સોનામહોરો મને અપાવી હતી, તે જેમની તેમ મારે ત્યાં પડેલી છે. હું હમણાં જ તે સોનામહોરો લાવીને આ શેઠને આપી દઉં છું કે જેથી તમારા પર કોઈ જાતનું કરજ રહે નહિ."

એમ કહીને રથી સોનામહોરો લાવવા માટે પોતાના ઘેર જવા લાગ્યો; પણ શેઠે તેને રોકી લીધો. ચંદનબાળાનું કથન સાંભળીને, તેના હૃદયમાં અત્યંત ખેદ હતો. તેની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. તે દીન સ્વરે ચંદનબાળાને કહેવા લાગ્યો કે, "હે સતી, તમે એ શું કહ્યું, કે આ શેઠને ત્યાં વેચાયેલી છું! શું તમે મારે ત્યાં વેચાણા છો? શું હું તમને ખરીદી શકું છું? ત્રણે લોકની સંપત્તિ એકઠી કરવામાં આવે, તો પણ તે તમારાં મૂલ્યનાં એક અંશે પણ આવી શકે નહિ, તો પછી હું તમને શી રીતે ખરીદી શકું! મારા જેવા તુચ્છ માણસમાં તમને ખરીદવાની શી શકિત! તમે પોતાને મારે ત્યાં વેચાયલા ન માનો! મેં રથીને ૨૦ લાખ સોનામહોરો અવશ્ય આપી હતી, પણ ભાઈ બનાવીને. અને આ વાત તે જ વખતે સ્પષ્ટ પણ થઈ હતી કે, આ સોનામહોરો ભેટ તરીકે છે, મૂલ્ય તરીકે નહિ. આ ઉપરાંત તે ૨૦ લાખ સોનામહોરો મને અનેકગણી બનીને

મળી ગઈ છે. દેવોએ જે સોનામહોરો આદિની વૃષ્ટિ કરી, તે શું ૨૦ લાખથી અનેક ગણી વધારે નથી? માટે હે સતી, તમે એમ ન કહો કે હું વેચાયલી છું. પણ ખરેખર, હું જ તમારા હાથમાં વેચાયેલ છું. તમે મારું આ ઘર પવિત્ર બનાવી દીધું, મારી પત્નીને સુધારી દીધી, તથા મને ધર્મનો મહા લાભ આપ્યો છે. ભગવાન મહાવીર જેવા મહાપુરુષના પગલાં તમારી જ કૃપાથી મારે ત્યાં થયાં છે. આ રીતે તમે મને જિંદગીભરને માટે ખરીદી લીધો છે. કદાચ તમે એમ પણ માનો કે, 'હું આ શેઠને ત્યાં વેચાયેલી છું,' તો પણ તમે મહેલમાં જાવ, તેથી કાંઈ વિશ્વાસઘાત થતો નથી. કેમકે આ મહારાજા સંતાનિક મારા માલિક છે. તેમની આજ્ઞાનું પાલન કરવું એ મારું પરમ કર્તવ્ય છે; અને જ્યારે મારા માટે તેમની આજ્ઞા શિરસાવંદ્ય છે તો પછી, જે મારે ત્યાં વેચાયેલ છે તેને માટે તે શિરસાવંદ્ય કેમ ન હોઈ શકે! આ પ્રમાણે મહારાજાની વિનતિ સ્વીકારીને તમે મહેલમાં જાવ તેથી વિશ્વાસઘાત થતો નથી. ખુશીથી તમે પધારો. હું મારા મુખે કદી એમ તો ન જ કહી શકું કે, 'તમે જાવ,' પણ એટલું તો કહીશ કે આજે તમારા ત્રણ દિવસના તપના પારણાનો દિવસ છે. માટે તમે મારે ત્યાંથી ભૂખ્યા તો ન જશો!"

આ પ્રમાણે ચંદનબાળાને કહીને, ધનાવહ શેઠ સંતાનિકને કહેવા લાગ્યા કે, "આપ માલિક છો અને હું સેવક છું. સેવકને ત્યાં માલિકનું આગમન થાય એ મહાભાગ્યનો વિષય છે. હું પોતે તો આપને મારે ત્યાં બોલાવવાની શક્તિ ધરાવતો નથી, પણ આજે સતીની કૃપાથી મારે ત્યાં આપનું પધારવું થયું છે, જે મારે માટે ઘણા આનંદની વાત છે. આપ આ સતીને મહેલમાં આવવાનું કહો છો; તેમાં હું ઇનકાર કેમ કરી શકું! આપ મારા સ્વામી છો, એટલે આપ આ સતીને લઈ જવા માટે અધિકાર-સંપન્ન છો. હું તો આપનો સેવક છું. આપની આજ્ઞા બાબતમાં મને કશીયે હરકત નથી. છતાં પણ મારી એવી પ્રાર્થના જરૂર છે કે આજે સતીના ત્રણ દિવસના તપના

પારણાનો નિયમ છે, માટે તેમનું પારણું અહીંયાં આપના જ હાથથી થવું જોઈએ. માત્ર આ જ કામને માટે હું આપને બોલાવી શકત નહિ, પણ જ્યારે આપ પધાર્યા છો, ત્યારે તો આપના જ હાથે આ સતીનું પારણું થવું જોઈએ. આ સતી મારે ત્યાંથી ભૂખી જાય, એમ કદાપિ બની શકે નહિ. હું આપની પાસે માત્ર એટલું જ માગું છું કે, આપ સાથે બેસીને સતીને પારણું કરાવી દો."

ધનાવહ શેઠની વાત પૂરી થતાં ચંદનબાળા બોલી કે, "પિતાજી, તમે પારણાને માટે આટલો બધો આગ્રહ કેમ કરો છો? હું અહીંથી ભૂખી નહિ જાઉં, અને મામા તથા મામીની હાજરીમાં એકલી જમીશ પણ નહિ. માટે તમે ખુશીથી રસોઈની વ્યવસ્થા કરાવો, હું, મામા તથા મામી સાથે ભોજન કરીશ."

ચંદનબાળાનું કથન સાંભળીને ધનાવહ શેઠ ઘણા જ પ્રસન્ન થયા. તેણે ભોજનની વ્યવસ્થા કરી. બધી વ્યવસ્થા થઈ ગયા પછી, સતી ચંદનબાળા, શતાનિક, મૃગાવતી, રથી, તથા તેની સ્ત્રી વગેરે સૌએ ભોજન કર્યું. આ પ્રમાણે ત્યાં ખૂબ જ રસભર્યો ઉત્સવ રહ્યો.

: પ્રકરણ :

[૧૯]

મહેલ તરફ

ઉત્તમ પુરુષો ઉચ્ચતર સ્થિતિમાં હોવા છતાં પણ નાનાને ભૂલતા નથી. તેઓ ગમે તેટલા ધનવાન બને, ગમે તેટલા વિકાસ પામે અને તેઓને ગમે તેટલું સન્માન મળે, તો પણ તેઓ નમ્ર જ રહે છે તથા પોતાનાથી નાના પર કૃપા રાખે છે. તેઓ જાણે છે કે આ નાનાઓને લીધે જ મારું પ્રભુત્વ છે. નાનાઓએ જ મને મોટો બનાવ્યો છે. જો આ નાનાઓ ન હોય, તો અમે મોટા પણ ન કહેવાઈએ. આ જાતના વિચારોને લીધે, તેઓ કોઈ પણ વખતે નાનાઓને ભૂલતા નથી, પણ હંમેશાં એ જ બાબતનો પ્રયત્ન કરે છે કે અમે કઈ રીતે નાનાઓને વધારેમાં વધારે સુખ-સગવડ આપી શકીએ. આ ઉદ્દેશને પૂર્ણ કરવા માટે તેઓ એક વાર પોતાના સુખ, મોટાઈ વગેરેનો ત્યાગ પણ કરી દે છે. મહારાજા શ્રીકૃષ્ણ રાજ્યચિહ્ન

અદીન હાથી પર બેઠા હતા. તે વખતે મોટા મોટા શ્રેષ્ઠીજનો તેમને વંદન કરી રહ્યા હતા; તથા મોટા મોટા રાજા મહારાજાઓ, વીર પુરુષો પણ સામેલ હતા; તેમ છતાં એક વૃદ્ધ પુરુષને ઈંટો ઊંચકવાનું દુઃખ સહન કરતો દેખીને તેમનાથી રહેવાયું નહિ. તેમણે તે વખતે પોતાના પદ, અધિકાર, કે વૈભવ આદિ કશાનો પણ વિચાર ન કર્યો, અને તે વૃદ્ધની ઈંટ ઉપાડીને તેને દુઃખ મુક્ત કરી દીધો. આ રીતે ઉચ્ચ સ્થિતિમાં હોવા છતાં પણ એજ પુરુષ નાનાઓ પ્રત્યે સ્નેહ રાખવે છે, તેમને સુખ-સગવડ આપવા પ્રતિ લક્ષ રાખે છે. હલકા મનુષ્યો જ ઉચ્ચ દરજ્જે આવતાં, નાનાઓને ભૂલી જાય છે. તેમની દૃષ્ટિ ધન વૈભવાદિ મદમાં ગર્વિષ્ઠ રહે છે. મહાપુરુષો તો મોટાઈ મેળવીને વધારે નમ્ર બની જાય છે. કહેવત છે કે:—

भवन्ति नम्रास्तरवः फलोद्गमैर्नवाम्बुभिर्भूमि विलम्बिनो घनाः
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः स्वभाव एवैष परोपकारिणाम्॥

અર્થાત્—પરોપકારી સત્પુરુષોનો એવો સ્વભાવ જ હોય છે કે તેઓ સમૃદ્ધ બનતાં ઉદ્ધત નથી રહેતા, પણ જેમ ફળથી લાદેલું વૃક્ષ અને પાણીથી ભરેલું વાદળ નીચું નમે છે તેમ તેઓ વધારે નમ્ર બને છે.

ચંદનબાળાને માટે પણ આ જ બાબત હતી. તેના હાથથી ભગવાન મહાવીરનું પારણું થયું, એ કારણથી ઇન્દ્રાદિ દેવોએ તેની સેવાસ્તુતિ કરી હતી, તથા રાણી અને સામંતો સહિત રાજા શતાનિક તેને મહેલમાં પધારવા માટે પ્રાર્થના કરી રહ્યા હતા, છતાં પણ તે, તે રથી, રથીની સ્ત્રી, વેશ્યા ધનાવહ શેઠ, તથા મૂળા વગેરેને ન ભૂલી, તેઓની ઉપેક્ષા ન કરી, પણ તેઓનો ઉપકાર માનીને તેઓના હિતનો જ પ્રબંધ કર્યો. રાજા સંતાનિક રથીને દેહાંત દંડની જ શિક્ષા કરવાનો હતો, પણ ચંદનબાળાએ તેઓ બંનેને ભાઈભાઈના સંબંધથી જ જોડી દીધા. આ પ્રમાણે પારણું

કરી લીધા પછી, સંતાનિકના મહેલમાં જતી વખતે પણ, તેણે મૂળા તથા ધનાવહ શેઠને એ જ કહ્યું કે, "હે માતા તથા પિતા, મેં આ ઘરમાં ખૂબ સુખ ભોગવ્યું છે. આ ઘરમાં રહેતી થકી, હું જેવું ધર્મકાર્ય કરી શકતી હતી, તેવું ધર્મકાર્ય હું બીજે ક્યાંય કરી શકતી ન હતી. અહીંયાં રહેવાથી જ મને ભગવાન મહાવીરનું દર્શન થયું તેમ જ તેમને દાન આપવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું. હું તમારી ખૂબ જ આભારી છું. મારા પર તમારું જે ઋણ છે તેનાથી હું કદાપિ મુક્ત થઈ શકું તેમ નથી. માત્ર હું એકલી જ આપની ઋણી નથી, પણ સમસ્ત જગત આપનું ઋણી છે. જગત-જીવોનું કલ્યાણ કરનાર ભગવાન મહાવીરનું પારણું આપને ત્યાંના અન્નથી જ થયું છે. આપના કથનાનુસાર, હું આપને ત્યાં વેચાયલી ન હોઉં, તો પણ મારા પેટમાં આપને ત્યાંનું અન્નજળ છે અને આપના આશ્રય તળે રહીને મેં ધર્મની વૃદ્ધિ કરી છે, માટે હું આપની ઋણી તો છું જ. આજે હું આ ઘર છોડીને જાઉં છું, પણ આ ઘરનો મારા પર જે ઉપકાર છે તે હું કદાપિ ભૂલનાર નથી. તમારા પ્રત્યે મારી એટલી જ પ્રાર્થના છે, કે મને ભૂલી ન જતા, પણ હમેશાં મારા પર કૃપાદૃષ્ટિ જ રાખજો."

એમ કહીને ચંદનબાળાએ, શેઠ તથા મૂળાને પ્રણામ કર્યાં. શેઠ શેઠાણીની આંખોમાંથી અશ્રુપ્રવાહ ચાલી નીકળ્યો. બંનેએ ચંદનબાળાને આશીર્વાદ આપ્યો. તથા તેઓ તેને પ્રેમપૂર્વક ભેટયા. રથી, રથીની સ્ત્રી, વેશ્યા તથા શેઠને ત્યાંના નોકર-ચાકર, શેઠના આશ્રિતો, પડોશમાં રહેનારા લોકો, એ બધાંની સાથે ચંદનબાળા એ જ રીતે મળી. પછી તે, સંતાનિકને ત્યાંથી આવેલી પાલખીમાં બેસીને, રાજા, રાણી તથા અન્ય લોકોથી પરિવૃત્ત બનીને રાજમહેલ તરફ ચાલી. જે પાલખીમાં ચંદનબાળા બેઠી હતી, તેની પાછળ રથમાં રાજા રાણી હતા. રાજ્યના સામંતો વગેરે પાલખીને ચારે બાજુએથી ઘેરી લઈને ભીડમાંથી પાલખીનું રક્ષણ કરી રહ્યા હતા.

બાળીના બધા લોકો પણ આનંદ પામ્યા આનંદિત થઈ રહ્યા હતા. કોઈનામાં 'સતી ચંદનબાળાની જય હો,' 'ભગવાન મહાવીરને પારણું કરાવનાર મહારાજા દધિવાહન અને મહારાણી ધારિણીની પુત્રીની જય હો,' વગેરે વાક્યો કહીને, બધા માણસો સતી ચંદનબાળાનો જયધ્વનિ ઉચ્ચારતા જતા હતા. આ પ્રમાણે સતી ચંદનબાળાની પાલખી ધામધૂમપૂર્વક રાજમાર્ગ પરથી મહેલ તરફ ચાલી.

શહેરમાં પહેલાંની બધી ખબરો તો પ્રસરી જ ચૂકી હતી. ચંદનબાળા રાજમહેલમાં જાય છે, એ ખબર સાંભળીને શહેરનાં સમજુ સઘળા સ્ત્રી-પુરુષો સતીના દર્શન કરવા જવા માટે ભિડી પડ્યા. બધા લોકો બોલતા જતા હતા કે, "અભાગવાનને સુંદર વસ્તુનો સંયોગ મળતો નથી, એ મુજબ, જ્યારે આ સતી વેચાઈ રહી હતી તે વખતે તો અમે તેને ન ખરીદી શક્યા, પણ જે થયું તે ખરું. હવે તો, તે સતીનાં દર્શન કરી લેવા જોઈએ. તેના ચરણોનો સ્પર્શ કરીને, શરીરને પવિત્ર બનાવી લેવું જોઈએ." ચંદનબાળાના દર્શન કરવા આવનારા લોકો આ પ્રકારની વાતો કરતા ચંદનબાળાના ચરણનો સ્પર્શ કરવા પાલખી તરફ જવા લાગ્યા. જે રાજકર્મચારીઓ ચારે બાજુથી પાલખીનું રક્ષણ કરી રહ્યા હતા, તેઓને પણ દર્શન પિપાસુ જનો ધક્કા મારવા લાગ્યા. જ્યારે આ સખ્ત ભિરડી રોકવાનું કાર્ય રાજકર્મચારીઓ માટે મુશ્કેલ બની ગયું ત્યારે તેઓ ધક્કો મારીને ભિરડી હઠાવવા લાગ્યા. આ દૃશ્ય જોઈને ચંદનબાળાથી ન રહેવાયું. તેણે વિચાર્યું કે મારા કારણે આ લોકોની આ પ્રકારની અવદશા થઈ રહી છે તે ઠીક નથી. આ બધા મારા ભાઈઓ છે. મારા પર તેઓનો પણ અધિકાર છે. માટે મારે પાલખીને ત્યાગ કરીને તેઓની સાથે ચાલવું જ ઉચિત છે, કે જેથી રાજકર્મચારીઓ દ્વારા તેઓને કોઈ જાતનું કષ્ટ ન થાય.

આ પ્રમાણે વિચાર કરીને, સતી ચંદનબાળા પાલખીમાંથી

નીચે ઉતરી પડી. સતીને [illegible] [illegible]
[illegible], [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] છે. [illegible] નીચે [illegible]
સતીને [illegible] નીચે [illegible] [illegible]
રથમાંથી નીચે ઉતરી પડ્યા, અને સતીને [illegible] [illegible]
પડી. તેનું કારણ [illegible] પ્રયત્ન કરવા લાગ્યા. સતીએ [illegible]
[illegible] ભાષામાં કહ્યું, કે, "હું કોઈ [illegible] [illegible] નીચે
ઉતરી નથી, પણ હું જોવા માટે નીચે ઉતરી છું કે, [illegible]
સાધુઓનાં [illegible] [illegible] આત્માઓને પણ [illegible]
ન થાય તેમ મારે લીધે કોઈ નગરજનોનું અપમાન પણ ન થાય."

ચંદનબાળા ધીરેધીરે સાથે પગે ચાલવા લાગી. દર્શનાર્થી લોકો તેનાં દર્શન તેમ જ તેનાં ચરણોનો સ્પર્શ કરીને પ્રસન્ન બની જતા હતા.

બધા લોકો જયધ્વનિ ઉચ્ચારતા ચાલતા જતા હતા. તેમની મધ્યમાં ચંદનબાળા ચાલતી હતી. ચાલતાં ચાલતાં સતીએ વિચાર કર્યો કે, "આ બધા લોકોને બે શબ્દો એવા સંભળાવવા જોઈએ કે, જેથી તેઓ કેવળ મારા શરીર પ્રત્યે જ પ્રેમ દર્શાવતા રહે નહિ, પરન્તુ આત્મા સાથે સંબંધ જોડી શકે." આ પ્રમાણે વિચાર કરીને, તે ચાલતાં ચાલતાં એક ઊંચા સ્થાન પર ચઢીને ઊભી થઈ ગઈ. તે સ્થળે ઊભી રહેલી સતીને સઘળા લોકો સારી રીતે દેખી શકતા હતા. આ પ્રમાણે સતીને ઊભી રહેલી જોઈને, સઘળા લોકો પણ સતી સન્મુખ મોં કરીને ઊભા રહ્યા. બધા લોકો એ જાણવા માટે જિજ્ઞાસુ બન્યા હતા કે સતી આ પ્રમાણે અહીંયાં રોકાઈને શા માટે ઊભી રહી હશે, એટલામાં જ ચંદનબાળાએ સૌને સંભળાવતાં કહ્યું કે, "તમે લોકો આ મારા ભૌતિક શરીરને જ જોઈને તથા તે શરીર પ્રત્યે પ્રેમ દર્શાવીને જ માત્ર અટકી ન જાઓ, પણ મારા

આત્મા સાથે સંબંધ જોડો. મારા આત્મા સાથે સંબંધ કઈ રીતે જોડાય, તે જ કહેવા માટે હું અહીંયા ઉભી રહી છું. હું તમને જે કાંઈ કહું તે ધ્યાનપૂર્વક સાંભળો."

ચંદનબાળાનું કથન સાંભળીને, સઘળા મનુષ્યો એવા [illegible] ખુશ થયા કે અમને સતીના પવિત્ર મુખની વાણી સાંભળવાનો સદા લાભ મળશે. બાદ ત્યાં ઉપસ્થિત થયેલાં સઘળા મનુષ્યો શાંતિપૂર્વક બેસી ગયા; અને એક નજરે સતીના મોં સામે જોવા લાગ્યા. તે જગ્યાએ ઘણા સ્ત્રીપુરુષો એકઠાં થયાં હતાં, છતાં પણ સર્વત્ર નિસ્તબ્ધતા પ્રસરી ગઈ હતી. સતી ચંદનબાળાએ તે નિઃસ્તબ્ધતાનો પોતાની વાણી વડે ભંગ કર્યો.

ચંદનબાળા કહેવા લાગી કે, " હે મારા કૌશાંબી નિવાસી ભાઈઓ, એક દિવસે હું આ જ નગરના ચોરા પર ઉભી રહીને વેચાઈ રહી હતી, અને તમને બધાને કહી રહી હતી, કે મને ખરીદી લ્યો, હું તમારા ઘરનું સઘળુંય કામકાજ કરીશ, તથા મારા માટે ખર્ચ કરેલું દામ હું વ્યર્થ જવા નહિ દઉં. આ પ્રમાણે વારંવાર હું કહેતી હતી, છતાં પણ તમને મારા બોલવા પર વિશ્વાસ ન આવ્યો. તમારામાંથી કોઈએ પણ મારા બદલામાં ૨૦ લાખ સુવર્ણમુદ્રાઓ ખર્ચવાનું ઉચિત માન્યું નહિ. માત્ર આ એક જ માતા, કે જે, પોતાને પહેલાં વેશ્યા કહેવડાવતી હતી, અને અત્યારે પવિત્ર જીવન ગાળે છે, તે મને ખરીદવા માટે તૈયાર થઈ. તેણે મારા બદલામાં વીસ લાખ સોનામહોરો આપવાનું સ્વીકાર્યું, પણ તેનો હેતુ કોઈ બીજો જ હતો. તે મને વેશ્યા બનાવીને, મારી મારફત પુરુષોને કામ-રૂપ અગ્નિમાં બાળીને ભસ્મ કરવા માગતી હતી. અને , આ અધમ પ્રવૃત્તિદ્વારા ધનોપાર્જન કરવા ઇચ્છતી હતી. મેં આ માતા સાથે જવાનો ઇનકાર કર્યો, ત્યારે તે મને બળાત્કારે પકડીને લઈ જવા માટે તૈયાર થઈ. તમે લોકો પૈકી ઘણાઓ પણ આ માતાની મદદ કરવા તત્પર થયા હતા. માતાને મદદ કરવા જેઓ તૈયાર હતા

તેઓ પણ એમ જ ઇચ્છતા હતા કે જો આ સુંદરી વેશ્યા બની જાય તો સારું. તે વખતે મારે કારણે ભયંકર ક્લેશ થવાની સંભાવના હતી, પણ કુદરતે આ ક્લેશમય પ્રસંગ ટાળી દીધો અને હવે આ માતા પણ પોતાના તે સમયના મદદકર્તાઓને પણ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. અંતે આ શેઠ પિતાએ મારા બદલામાં વીસ લાખ સોનામહેરો આપીને મને તેમને ત્યાં આશ્રય આપ્યો. આ શેઠના આશ્રયમાં રહીને મેં ધર્મની વૃદ્ધિ કરી અને આજે તમે લોકો જે કાંઈ જોઈ રહ્યા છો તે બધું તેનું જ પરિણામ છે.

"મતલબ એ છે, કે એક દિવસ હું પોતે વેચાઈ રહી હતી, મને ખરીદી લેવા માટે હું તમને વિનતિ કરતી હતી, પણ તમે ૨૦ લાખ સોનામહોરો આગળ મને તુચ્છ માની. પરન્તુ આજે તમને એ બાબતનો પશ્ચાત્તાપ થતો હશે કે જો અમે આ સતીને ખરીદી લીધી હોત, તો બહુ સારું હતું. આવો પશ્ચાત્તાપ કેટલાકને એ જાતના વિચારોથી પણ થતો હતો હશે કે જો અમે ચંદનબાળાને ખરીદી હોત, તો ભગવાન મહાવીરનું પારણું અમારે ત્યાંના અન્નથી જ થાત, તથા આ બધી રચના પણ અમારે ઘેર જ થાત. અને કેટલાકને એવા વિચારથી પણ પશ્ચાત્તાપ થતો હશે, કે જો અમે એને માટે સોનામહોરો ખર્ચી હોત, તો આજે અમારે ત્યાં સાડા બાર ક્રોડ સોનામહોરોની વૃષ્ટિ થાત. એ રીતે પશ્ચાત્તાપનું કારણ તો પોતપોતાની ભાવનાનુસાર જુદું હશે, છતાં પશ્ચાત્તાપ તો અવશ્ય થતો જ હશે. જેવો પશ્ચાત્તાપ આજે થાય છે, તેવો જ પશ્ચાત્તાપ તમારે ફરી ન કરવો પડે તે માટે તમે અત્યારથી જ સાવચેત બની જાઓ અને મારા કથન પર વિશ્વાસ મૂકીને હું જેમ કહું તેમ કરો. કદાચ તમે મારા આ શરીરને ખરીદી લેત, તોપણ એવું નક્કી ન હતું કે જે લાભથી વંચિત રહેવાના કારણે આજે તમને પશ્ચાત્તાપ થઈ રહ્યો છે, તે લાભ તમને મળત જ. કારણ કે જ્યાં સુધી ભગવાન મહાવીરનો અભિગ્રહ પૂરો ન થાત, તેઓ દાન ન લેત, તો સુવર્ણવૃષ્ટિ

પણ ન થાય. એ માટે મને ખરીદી લેવા કરતાં, ત્યાગ તો અનિવાર્ય જ હતો. પરન્તુ આ વખતે હું તમને જે કંઈ કહીશ, તે પર વિશ્વાસ મૂકી તે પ્રમાણે કાર્ય કરવાથી આપનું ભલું જ છે. મને ખરીદવામાં તમારે દ્રવ્યનું ખર્ચ કરવું પડ્યું હતું, તેથી જ તે વખતે તમને મારી વાત પર વિશ્વાસ નહોતો આવ્યો. પણ જે વાત હું તમને અત્યારે કહું છું તે માટે તમારે દ્રવ્ય ખરચવાનું નથી; તે માટે અવિશ્વાસ લાવવાનું કોઈ પણ કારણ સંભવી શકતું નથી. છતાં પણ જો તમે મારા કહેવા પર અવિશ્વાસ લાવશો, અને મારા કથન પ્રમાણે તમે વર્તશો નહિ, તો તમારે જન્મ જન્માંતરો સુધી પશ્ચાત્તાપ કરવો પડશે.

"તમને હું એમ કહું છું કે તમે મારા આત્મા સાથે સંબંધ જોડો. મારા આત્મા સાથે સંબંધ જોડવાથી, તમને અકથ્ય આનંદાનુભવ થશે. મારા આત્મા સાથે સંબંધ જોડવા માટે તમારે એ જ જોવાનું છે કે મારા આત્મામાં ક્યા ગુણો રહેલા છે. ક્યા ગુણોને લીધે તમે મને આદરની દૃષ્ટિએ જુઓ છો, તેનું નિરીક્ષણ કરો, અને તે જ ગુણોને તમે અપનાવી લ્યો. એમ કરવાથી મારા તથા તમારા આત્માનો સંબંધ જોડી શકાય છે.

"ક્યા ગુણોને લીધે તમે મારો આદર કરો છો, અને તે ગુણો મારામાં કેવી રીતે આવ્યા, તે હું તમને બતાવું છું. મારી માતાએ મારો જન્મ થયો ત્યારથી જ અને વિશેષે કરીને જ્યારે મને તથા મારી માતાને આ રથી પિતા રથમાં બેસાડીને જંગલમાં લઈ જતા હતા તે વખતે મને શિખામણ આપી હતી કે—

> શાંતિ–સમરમેં કભી ભૂલ કર ધૈર્ય નહીં ખોના હોગા,
> વજ્રપ્રહાર ભલે સિર પર હો, કિન્તુ નહીં રોના હોગા.
>
> અરિસે બદલા લેનેકા મન બીજ નહીં બોના હોગા,
> ઘરમેં કાન તૂલ દેકર ફિર તુઝે નહીં સોના હોગા.

દ્વેષ-રાગ કો હૃદિર-વાટિ સે [illegible] હોગા,
[illegible] હોગા.

[illegible] લાખ ભલે કોઈ પર ક્રોધ નહીં કરના હોગા,
બલિ-વેદી પર હમે હર્ષ સે આકર ચઢ મરના હોગા.

નશ્વર હૈ નર-દેહ મૌત સે કભી નહીં ડરના હોગા,
સત્ય માર્ગ કો છોડ સ્વાર્થ-પથ પર પગ નહીં ધરના હોગા.

હોગી નિશ્ચય જીત ધર્મ કી યહી ભાવ ભરના હોગા,
માતૃભૂમિ કે લિયે હમેં તો જીના યા મરના હોગા.

"માતાએ આ શિખામણ મારા હૃદયની આરપાર ઉતારી દીધી, એટલું જ નહિ પણ શિક્ષાનો ક્રિયાત્મક આદર્શ પણ મારી સન્મુખ બતાવી આપ્યો. મારી માતા એક વીર પુત્રી તથા વીર નારી હતી. જ્યારે આ રથી પિતાએ તેની પાસે અનુચિત માગણી કરી, તેને કટુ વચનો કહ્યાં, ત્યારે તે જો ધારત તો બાહુબળથી આ રથીને મારી નાખી શકત. પણ જો તે એવું કરત, તો તેણે મને જે શિખામણ આપી હતી તે કેવળ અર્થ વાણી-વિલાસ રૂપ કહેવાત. તેની શિખામણનો મારા પર પ્રભાવ ન પડત. પરન્તુ માતાએ મને જે શિખામણ આપી હતી, તે પ્રમાણે વર્તન પણ કરી બતાવ્યું. તેણે આ રથી પિતાને મરણાંત સુધી પોતાનો ભાઈ જ માન્યો, તેને કલ્યાણકારી ઉપદેશ જ આપ્યો અને તેના પર જરા પણ ક્રોધ ન કર્યો. જ્યારે તે કોઈ પણ રીતે ન માન્યો ત્યારે તેણે પોતાનું બલિદાન આપીને આ પિતાના હૃદયની ભાવના એવી તો પલટાવી દીધી કે જેથી તે મારા રક્ષક બની ગયા.

"માતાએ મને જે ઉપદેશ આપ્યો હતો, તે જ પ્રમાણે મેં વર્તન કર્યું, એથી જ આજે તમે બધા લોકો મારું સન્માન કરી રહ્યા છો. માતાના ઉપદેશાનુસાર વર્તીને મેં હિંસાત્મક યુદ્ધને

લીધે દેશ પર જે કલંક લાગ્યું હતું તે દૂર ભૂંસ્યું. આ અંત્યજ પિતા અત્યારસુધી હિંસાત્મક યુદ્ધના અગ્રણી સમર્થક હતા, તેમણે હિંસાત્મક યુદ્ધ પ્રણાલીનો વિરોધ કર્યો, પરંતુ આ તો તેમણે પોતાની યુદ્ધપ્રિયતા પર વિજય મેળવ્યો છે. યુદ્ધ વડે હજારોમાં અનેકની બરબાદી તથા મનુષ્યોની હાનિ થાય તેમને પશ્ચાત્તાપ થાય છે અને તેમનું પિતાને બોલાવીને તેમને બધાનું ભાન કરાવ્યું અને દેશનો વિજય કર્યો છે. આ રીતે દેશ પર હિંસાનો જે શાપ લાગેલો હતો, તે નિવારાઈ ગયો. સાથે સાથે તેમના જીવનની સુધારણા પણ થઈ. એ જ પ્રમાણે આ મારી–પત્નીનું, મૂગા માતાનું તથા જે પહેલાં વેશ્યા હતાં તેની હતી તે માતાનું જીવન પણ સુધરી ગયું. આ રીતે મારી પત્નીએ મને અનેક કડુ વચનો કહ્યા હતા, મારા પર ચોરીનું કલંક પણ મૂક્યું હતું, તથા મને જેલખાનામાં પણ બેસાડી, તોપણ મેં તેના પર ક્રોધ ન કર્યો, તેમ બદલો લેવાની ઇચ્છા રાખી પણ ન કરી. અને વેશ્યા માતાએ પણ મારી સાથે કેવું વર્તન રાખ્યું હતું, તે તો તમે જાણો જ છો; છતાં પણ મેં તેના પર કિંચિત્ પણ ક્રોધ ન કર્યો, તેમ તેનું અહિત થાય તેવી ભાવના પણ મારા હૃદયમાં ઉપસ્થિત ન થઈ. ઊલટું જ્યારે ચોરોએ તેને કષ્ટ આપ્યું ત્યારે તેના સહદનીય જનો તો નાસી ગયા, અને મેં આશ્રય આપીને તેની સેવા કરી. પછી આ મૂગા માતાએ પણ સરિતને કારણે મારા પર કલંક મૂક્યું, મારું મસ્તક મૂંડી નાખ્યું. મારા હાથ પગમાં હાથકડી તથા બેડી ઘાલી અને મારાં શરીર પરનાં વસ્ત્રો ખેંચી લઈને, માત્ર એક કચ્છ રહેવાવીને, 'હું મરી જાઉં એવી ઇચ્છાથી' મને એક અંધારા ભોંયરામાં પૂરી દીધી ! છતાં પણ મારા હૃદયમાં તેના પ્રત્યે ક્રોધ પણ ન થયો કે તેનું વેર લેવાની ઇચ્છા પણ ન થઈ. આ જાતની સહનશીલતા તથા અક્રોધાદિનું જ આ પરિણામ છે કે જે તમે અત્યારે દેખી રહ્યા છો.

"તાત્પર્ય એ કે, માતાએ પોતાના ઉપદેશ દ્વારા મારા હૃદયમાં

જે ગુણ વિકસાવ્યો હતો, તેના પ્રતાપે જ હું એમ સમજી કે સુખ મેળવવાનો એ જ ઉપાય છે કે બીજાને સુખ આપવું, કોઈના પર ક્રોધ ન કરવો, કોઈ જાતની સેવા કરવામાં સંકોચ ન રાખવો, બદલાની ઇચ્છા ઉત્પન્ન થવા દેવી નહિ અને અપકારને પણ ઉપકાર માનવો. આ જ બાબતોથી સુખ મેળવી શકાય છે. તમે પ્રત્યક્ષ જોઈ રહ્યા છો કે મારામાં આ ગુણ હતો, તેથી જ અપકારની દૃષ્ટિએ કરવામાં આવેલું કાર્ય પણ મારા માટે ઉપકારનું કારણ બન્યું. રથી પિતા તથા શેઠ પિતાને ત્યાં મારા માટે જે કાંઈ કરવામાં આવ્યું તે જો ન કરવામાં આવ્યું હોત, તો શું ભગવાન મહાવીરનો અભિગ્રહ પૂર્ણ થઈ શકત? આ બધો એ જ કાર્યોનો પ્રતાપ છે કે કરનારાઓએ કેવળ અપકારની દૃષ્ટિએ કર્યું, પણ મેં તે ઉપકારરૂપ જ માન્યું.

"હવે હું તમને એ જ કહું છું કે, મારા આત્મા સાથે સંબંધ જોડવા માટે, જે ગુણો માતાની શિખામણથી મારામાં આવ્યા છે તે ગુણો તમે અપનાવી લ્યો. આ ગુણો અપનાવી લેવાથી, મારા તથા તમારા આત્માનો સંબંધ જોડાઈ જશે, પછી તમારે કોઈ જાતનો પશ્ચાત્તાપ કરવો પડશે નહિ, પણ તમે હમેશાંને માટે સુખી જ રહેશો. તમે કદાચ વધારે વાતો લક્ષમાં ન રાખી શકો, તો માત્ર એટલું જ લક્ષમાં રાખો કે બીજાને સુખ આપવાથી જ પોતાને સુખ મળે છે. જો તમે આટલી વાત પણ ધ્યાનમાં રાખશો, અને સૌને સુખ આપવામાં જ પ્રયત્નશીલ રહેશો—કોઈ તમને દુઃખ આપે તો પણ તમે તેને સુખી બનાવવાનો—સુખ આપવાનો ઉપાય કરશો, તો પછી તમને હમેશાં સુખ જ મળશે, દુઃખ તો કદી પડશે જ નહિ, તથા મારા આત્મા સાથે સંબંધ પણ જોડાઈ જશે."

પૂર્વ ઇતિહાસ સહિત, ચંદનબાળાનું ઉપદેશપૂર્ણ ભાષણ સાંભળીને, સઘળા માણસો ગદ્‌ગદિત બની ગયા. કોઈ કોઈ કહેતા હતા કે, "ખરેખર, તે વખતે આ સતીનું મહત્ત્વ જાણ્યા વિના,

ધર્મની ઉપેક્ષા કરીને અમે વેશ્યાને સાથ આપ્યો હતો. અમે ધારતા હતા કે આ અતિ સુસ્વરૂપા છે માટે વેશ્યા બની જાય તો સારૂં, પરન્તુ આજે અમને અમારાં તે કૃત્ય માટે એવા વિચારથી પશ્ચાત્તાપ થાય છે કે જો આ સતી વેશ્યા બની જાત, તો સંસારની શી દશા થાત! ત્રિલોકનું કલ્યાણ કરનાર ભગવાન મહાવીરનું જીવન કેમ ટકત! જે થયું તે થયું, હવેથી અમે આ સતીના ઉપદેશાનુસાર જ વર્તન દાખવીશું." કોઈ કહેતા હતા કે, "ખરેખર જ્યારે આ સતી વેચાતી હતી ત્યારે અમે તેના કથન પર વિશ્વાસ કર્યો ન હતો, અને વીસ લાખ સુવર્ણ મુદ્રાઓને વધારે માની હતી. ધન્ય છે ધનાવહ શેઠને, કે જેણે આ સતીને માટે વીસ લાખ સોનામહોરો ખર્ચીને, પોતાના ધનનો સદુપયોગ કર્યો. અમને અમારી ભૂલ માટે ખેદ થાય છે, પણ હવે સતીના ઉપદેશ મુજબ કામ ન કરવાની ભૂલ નહિ કરીએ!"

આ પ્રમાણે ઉપસ્થિત લોકો સતીનો ઉપદેશ સાંભળીને ગળગળા બની ગયા. સૌના હૃદય પર ચંદનબાળાના ઉપદેશનો ઘણો સુંદર પ્રભાવ પડ્યો. અને સૌએ યથાશક્તિ ઉપદેશાનુસાર વર્તન દાખવવાનો નિશ્ચય કર્યો. આ જોઈને સંતાનિક આશ્ચર્યમુગ્ધ બની ગયો. તે વિચારવા લાગ્યો કે જે કાર્ય હજાર તલવારોથી બની શકે નહિ, તે કાર્ય સતીએ સહજ વારમાં કરી નાખ્યું. ધન્ય છે તેને તથા તેના માતા-પિતાને!

સઘળા જનોને ઉપદેશામૃતનું પાન કરાવીને, જનતાથી ઘેરાયેલી સતી ચંદનબાળા સંતાનિકના મહેલ તરફ ચાલી. સતીનો ઉપદેશ સાંભળવાથી જનતાનો હર્ષોત્સાહ અતિશય વધી ગયો હતો, તેથી તે પહેલાં કરતાં પણ ઘણા વધારે જોરથી જય જય ધ્વનિ ઉચ્ચારતી જતી હતી. એ જ જયધ્વનિ વચ્ચે ચંદનબાળાએ સંતાનિકના મહેલમાં પ્રવેશ કર્યો. સંતાનિકે ભક્તિભાવપૂર્વક ચંદનબાળાનો સત્કાર કર્યો, અને તેને સિંહાસન પર બેસાડી.

સિંહાસન પર બેસીને, ચંદનબાળાએ ધનાવહ શેઠ, મૂળા શેઠાણી, વેશ્યા, રથી, વગેરે સાથે આવેલાં માણસોને પ્રિય વચનો કહીને વિદાય કર્યા. સતીના ગુણગાન કરતા કરતા સઘળા માણસો પોત પોતાના ઘર તરફ વળ્યા. સતી આનંદપૂર્વક મહેલમાં રહેતી થકી ધર્મારાધન કરવા લાગી. મૃગાવતી સાથે તેની ધર્મચર્ચા થયાં કરતી, જેમાં સંતાનિક પણ અવારનવાર ભાગ લેતો હતો. આ પ્રમાણે જે મહેલમાં એક વખતે પાપહત્યા અને અત્યાચારની જ વાતો થયાં કરતી હતી, તે જ મહેલમાં ચંદનબાળાના આગમનથી ધર્મચર્ચા થવા લાગી.

: પ્રકરણ :

[૨૦]

શત્રુમાંથી મિત્ર

શત્રુતા અથવા મિત્રતાનું ઉદ્દગમ સ્થાન હૃદય છે. હૃદયમાં જે ભાવનાઓ જન્મે છે, તેથી જ શત્રુતા કે મિત્રતાની ઉત્પત્તિ થાય છે. જ્યારે હૃદયમાં કોઈના પ્રત્યે સારો ભાવ આવે છે ત્યારે તો મિત્રતાનો જન્મ થાય છે અને જ્યારે ખરાબ વિચારો ઉત્પન્ન થાય છે ત્યારે શત્રુતાનો જન્મ થાય છે. જેના પ્રત્યે સારો કે ખોટો એ બન્ને ભાવોમાંથી એકેય ભાવ થતો નથી, તેના પ્રત્યે ઉદાસીનતા રહે છે. એવી વ્યક્તિ પ્રત્યે શત્રુતા કે મિત્રતા રહેતી નથી.

ધર્મને નહિ સમજનારા અજ્ઞાની માણસોમાં જ કોઈના પ્રત્યે સારો ભાવ અને કોઈના પ્રત્યે ખોટો ભાવ રહે છે. જેનામાં રાગદ્વેષ છે, તેનામાં આ જાતનો ભેદભાવ રહ્યા કરે છે. બલ્કે જેનામાં જેટલો વધારે રાગદ્વેષ રહેલો હોય છે, તેનામાં એ જાતનો ભેદભાવ એટલો જ

[illegible]

કોઈ કાર્યની સિદ્ધિ થાય છે. આપણા એ સ્વાર્થપૂર્ણમાં વિઘ્ન કરનાર છે, એ જ શત્રુ બની જાય છે. અને તેનાથી [illegible] [illegible] નથી, અને [illegible] પણ નથી, એવા પ્રત્યે ઉદાસીનતા રહે છે. આ પ્રમાણે શત્રુના તથા મિત્રનો આધાર સ્વાર્થ ઉપર જ છે. અને જે સ્વાર્થભાવના પણ સાંસારિક ભાવોનો છે, જ્ઞાનીઓમાં આ પ્રકારની સ્વાર્થભાવના રહેતી નથી, તેઓ સંસારના કોઈ પણ પદાર્થની ઇચ્છા નથી કરતા, તેઓ કોઈને પણ પોતાના સ્વાર્થમાં વિઘ્નકર્તા નથી સમજતા, તેથી તેમનામાં કોઈ પ્રત્યે શત્રુતા જ રહેતી નથી, પણ તેઓ સર્વ પ્રત્યે મિત્રતાનું સંબંધ જ રહે છે.

રાજા સંતાનિક પણ, દધિવાહનને પોતાનો શત્રુ સમજતો હતો. જ્યારથી તેના હૃદયમાં ચંપાના રાજ્યનો લોભ જાગ્યો હતો, ત્યારથી જ તે ચંપાના રાજા દધિવાહનને વિઘ્નકર્તા માનીને પોતાનો શત્રુ સમજતો હતો અને પોતાના આ શત્રુને જીતીને પોતાનો સ્વાર્થ પૂરો કરવા માટે જ તેણે ચંપા પર ચઢાઈ કરી હતી. સંતાનિકને લોભમાં ગ્રસ્ત બનેલો સમજીને તથા તેની દુષ્ટ ઇચ્છા જાણીને દધિવાહન યુદ્ધ કર્યા વગર જ ચંપાનું રાજ્ય છોડીને જંગલમાં ચાલ્યો ગયો હતો. દધિવાહનના ચાલ્યા જવાથી તો સંતાનિકના હૃદયમાં તેના પ્રતિ શત્રુતા રહેવી જોઈતી ન હતી, પણ સેનાપતિ વગેરેના કહેવાથી તેને એ બાબતનો ભય હતો કે પોતાનું રાજ્ય ફરીથી મેળવવા માટે દધિવાહન

કોઈ પણ વખતે આક્રમણ કરશે. આ જાતનો કરાર કરીને તેણે દધિવાહનને મારી નાખવાનો આશય પોતાનો તેણે અનુસરીને, ઉપાય પણ કર્યો, પરન્તુ તેને આ પ્રયત્નમાં સફળતા મળી નહિ. એ દરમ્યાન તેને ભૂખાવની તથા બીજી આંતરકલહની ઉપાધિઓની બીમારી લાગી. જેથી તેનામાં ઉત્સાહશૂન્યતા ન રહી અને તેની ભાવના એકદમ બદલાઈ ગઈ. તે સમજી ગયો કે મારે ચંપાનું રાજ્ય લેવું તેમ જ દધિવાહનને મારી હણવું એ અત્યંત અનુચિત છે. ચંપા પર ચઢાઈ કરીને મેં ભારે અન્યાય કર્યો છે. આ પાપી અજ્ઞાનનો સમજવાને લીધે જ તેણે મનમાં એવી પ્રતિજ્ઞા કરી કે, ' હું દધિવાહનની શોધ મેળવીને તેને પાછો બોલાવીશ, તેની ક્ષમા માગીશ અને તેનું રાજ્ય તેને પાછું સોંપી, ચંપાને જે નુકસાન થયું છે તે પૂરું કરી આપીશ."

આ નિશ્ચય પ્રમાણે શતાનિકે પોતાના માણસોને દધિવાહનની તપાસાર્થે મોકલ્યા. તેણે સામંતો વગેરેને કહી દીધું કે દધિવાહન જ્યાં હોય ત્યાંથી તેને સન્માનપૂર્વક અહીં લઈ આવો. દધિવાહનની શોધ કરતા શતાનિકના માણસો દધિવાહન પાસે જઈ પહોંચ્યા. તેઓએ નમ્રતાપૂર્વક દધિવાહનને કહ્યું કે, " ચાલો, તમને મહારાજ શતાનિક યાદ કરી રહ્યા છે." આ સાંભળીને દધિવાહન કહેવા લાગ્યો કે, " શું હજુ પણ શતાનિકની દુષ્ટ ભાવનાઓ નાશ નથી પામી ! શું ચંપાનું રાજ્ય મેળવીને પણ તેને સંતોષ નથી થયો ! હું તેને માટે ચંપાનું રાજ્ય છોડીને જંગલમાં ચાલી આવ્યો, રાજ્યના વૈભવોને બદલે હું અહીંયાં જંગલી મનુષ્યોની માફક જીવન નિર્વાહ કરું છું, વનનાં ફળોથી મારું ઉદર પોષણ કરું છું, છતાં પણ તે મારા પ્રાણ લેવા ઇચ્છે છે ! શું તેને મારા તરફનો ભય રહેલો છે ? તમે શતાનિક પાસે જઈને મારી તરફથી તેમને કહો કે, તેઓ મારી તરફથી કોઈ પણ જાતનો ભય ન રાખે. રાજ્ય લેવાની ઇચ્છાઓ મા હૃદયમાં કદી પણ યુદ્ધ કરવાની ભાવના નહિ જન્મે. જો મારે

યુદ્ધ જ કરવું હોત, તો મારી પાસે સૈન્ય હોવા છતાં, હું યુદ્ધ ન કરતાં અહીંયાં શા માટે ચાલ્યો આવત ? મને યુદ્ધ પ્રત્યે તિરસ્કાર છે. છતાં સંતાનિક મારી તરફથી ભય કેમ રાખે છે; તથા મને બોલાવીને, નાહક મારો સંહાર કરવા કેમ ઇચ્છે છે ! "

દધિવાહનનું કથન સાંભળીને, સંતાનિકના માણસો કહેવા લાગ્યા કે, " તમે વિશ્વાસ રાખો. સંતાનિક રાજાએ તમારી હત્યા કરવા માટે તમને બોલાવ્યા નથી. જે સંતાનિક પહેલા હતા, તેવા અત્યારે રહ્યા નથી. હવે તો તેમનાં જીવનનું સર્વથા પરિવર્તન થઈ ગયું છે."

એમ કહીને તે લોકોએ, ધારિણીનું બલિદાન, ચંદનબાળાનું વેચાણ, તેની મારફત ભગવાન મહાવીરનું થયેલું પારણું, ઇન્દ્રાદિ દેવોએ કરેલી ચંદનબાળાની સ્તુતિ, સંતાનિકને અપાયેલો ઉપદેશ, અને સંતાનિકના જીવની થયેલી કોમળતા, તેની પ્રતિજ્ઞા, ઇત્યાદિ સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે પછી તેઓએ કહ્યું કે, "સંતાનિક પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે ચંપાનું રાજ્ય આપને પાછું સોંપવા માટે જ બોલાવ્યા છે. માટે તમે કોઈ પણ જાતનો સંશય રાખ્યા વિના કૌશામ્બીમાં પધારો."

ધારિણીનું મૃત્યુ અને તે મૃત્યુ થવાનું કારણ જાણીને દધિવાહનને અતિશય દુઃખ થયું. તે સાથે જ ચંદનબાળાનું સઘળું વૃત્તાંત સાંભળીને તેને પ્રસન્નતા પણ થઈ અને એવો વિચાર પણ થયો, કે, હું મારી પુત્રી વસુમતિ (કે જે અત્યારે ચંદનબાળાના નામથી પ્રસિદ્ધ છે.)ને મારું મોં કેવી રીતે દેખાડું, હું તે માદીકરીને અરક્ષિત મૂકીને જંગલમાં ચાલ્યો આવ્યો હતો, તે કારણે ધારિણીને સતીત્વનું રક્ષણ કરવા માટે મરવું પડ્યું, અને પુત્રીને અનેક દુઃખો ભોગવવાં પડ્યાં. આવી દશામાં હું તેની સન્મુખ શી રીતે જઈ શકું ! આ જાતના વિચારો થવાને લીધે દધિવાહનને કૌશામ્બી

જવામાં ક્રોધ થવા લાગ્યો, જેથી સંતાનિકના સાથીઓએ તેને ખૂબ અપમાનવચનથી દધિવાહનને કૌશામ્બીમાં જવાનું કબૂલ કર્યું.

સંતાનિકે પોતાના માણસો સાથે દધિવાહન માટે જે વાહન મોકલ્યું હતું, તેમાં બેસીને દધિવાહન કૌશામ્બી તરફ આવ્યો. દધિવાહન આવે છે એવા સમાચાર સંતાનિકને મળવાથી ઘણો હર્ષ થયો. દધિવાહનના સ્વાગત માટે સંતાનિકે નગર, મહેલ વગેરે શણગાર્યાં. પછી તે પ્રતિષ્ઠિત નાગરિકો તેમ જ અમલાધિકારીઓને લઈને દધિવાહનનો સત્કાર કરવા માટે ગયો. બંનેના અન્ય માણસો પણ સંતાનિક તથા દધિવાહનનું મિલન જોવા ભેગા થયા. કૌશામ્બીની બહાર, સંતાનિક તથા દધિવાહનનો મેળાપ થયો. દધિવાહનને સંતાનિકે, તથા સંતાનિકને જોતાં જ દધિવાહને પોતપોતાનું વાહન છોડી દીધું, અને પગે ચાલતા એક બીજાની સામે ગયા. નજીકમાં આવતાં સંતાનિક રાજા દધિવાહનના પગમાં પડ્યો અને કહેવા લાગ્યો કે, " મને પાપીને ક્ષમા કરો ! મેં આપના જેવા ધર્માત્મા પર ઘણો જ અત્યાચાર કર્યો છે; મારી લોભવૃત્તિના કારણે જ તમારા જેવા આદર્શ પ્રજાપાલક રાજાને જંગલનાં દુઃખો ભોગવવાં પડ્યાં છે, સતી ધારિણીને પ્રાણત્યાગ કરવો પડ્યો છે, અને તમારી પુત્રી સતી ચંદનબાળાને અનેક કષ્ટો સહન કરવાં પડ્યાં છે. મેં ભયંકર અપરાધ કર્યો છે. હું તમારી પાસે મારા સઘળા અપરાધોની ક્ષમા માગું છું. તમે ઉદારતાપૂર્વક મને ક્ષમા આપીને મારો ઉદ્ધાર કરો."

આ પ્રમાણે સંતાનિકને પશ્ચાત્તાપ કરતો જોઈને, દધિવાહનનું હૃદય ભરાઈ આવ્યું. તેણે સંતાનિકને ઉઠાડીને, પોતાના ગળા સાથે લગાવ્યો, અને તેને કહ્યું કે, " જે થવાનું હતું તે થયું, હવે તે ગત વાતનો સંભારવી નકામી છે; તમે મારા સંબંધી તથા મિત્ર છો. આજે આપણો સંબંધ તથા આપણી મિત્રતા પુનર્જીવન પામે છે, જે હમેશને માટે સ્થાયી રહેશે. માટે તમે કોઈ જાતનો ખેદ ન કરતાં પ્રસન્ન જ રહેશો. "

આ પ્રમાણે શતાનિકને સાન્ત્વન આપીને, દધિવાહને તેનો ખેદ દૂર કરાવ્યો. શતાનિક સન્માનપૂર્વક દધિવાહનને લઈને મહેલ તરફ ચાલ્યો. સાથેના પ્રજાજનો જય જયકાર કરતા ચાલતા હતા. નગરમાં આ વાત પ્રસિદ્ધ થઈ ગઈ હતી કે, જે સતીના કારણે ભગવાન મહાવીરનું પારણું થયું હતું તે સતીના પિતા મહારાજા દધિવાહન આજે પધારે છે. આ વર્તમાનથી નગરની સમસ્ત જનતા રાજમાર્ગ તરફ ઊલટી પડી અને તે રાજમહેલની બંને બાજુ પર ઊભી રહીને, મહારાજા દધિવાહનના પધારવાની વાટ જોવા લાગી. મહારાજા દધિવાહન આવતા, તેના દર્શન કરીને બધા લોકો ખુશી થઈને ધન્ય-ધન્ય તથા જય-જયનો ધ્વનિ ઉચ્ચારવા લાગ્યા.

આ પ્રકારની ધામધૂમ સાથે મહારાજા દધિવાહન શતાનિકના મહેલ પાસે આવ્યો. સંતાનિકનો ભવ્ય મહેલ દધિવાહનના સ્વાગતાર્થે સુંદર રીતે શણગારાયેલો હતો; અને જન્મથી મહેલોમાં રહેનાર દધિવાહન ઘણા દિવસો પર્યંત જંગલમાં પણ રહી ચૂક્યો હતો, તેથી દધિવાહનને શતાનિકનો મહેલ દેખીને આનંદ થવો જોઈતો હતો, તેને બદલે દધિવાહનને મહેલમાં પ્રવેશ કરતાં સંકોચ થતો હતો. તે એવું વિચારતો હતો કે આ જ મહેલમાં પુત્રી છે, જેને હું મારું મોં શી રીતે બતાવીશ! આ સંકોચને લીધે દધિવાહનનો પગ બહુ જ મુશ્કેલીપૂર્વક આગળ ઉપડતો હતો.

જેમ તેમ કરીને દધિવાહન શતાનિકના મહેલમાં ગયો. શતાનિકે ખૂબ આદરપૂર્વક દધિવાહનને સિંહાસન પર બેસાડ્યો, અને તેનો ઉચિત સત્કાર કર્યો.

મહેલની દાસીઓએ દધિવાહનના આવવાના સમાચાર ચંદનબાળાને આપ્યા. ચંદનબાળાની જગ્યાએ જો કોઈ બીજી કન્યા હોત તો તે દધિવાહનનું મોં જોવા પણ ન ઇચ્છત; અથવા તેને એમ કહીને તેનો તિરસ્કાર કરત કે, 'તમે પિતા થઈને પણ મને તથા મારી

માતાને છોડીને જંગલમાં નાસી ગયા; પરન્તુ દધિવાહનના સાળા અત્યંત કાળજી રાખીને પણ ચંદનબાળાને સ્વમાનપૂર્વક રહેવું તેમ ચંદનબાળા પોતે પણ ઇચ્છતી હતી કે, કશું બીજું અનુકૂળ કાર્યને પિતાએ શુદ્ધ ન કર્યું અને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. આ રહીને શીઘ્ર જ તેના હાથમાં દધિવાહન સંબંધી કોઈ પ્રતિકૂળ વિચાર ઉઠવાથી નહિ દધિવાહનનું આગમન સાંભળીને તે ખુશ થઈ. તે વિચારતી હતી, કે માતાએ મને જે શિખામણ આપી હતી, તે પ્રમાણે કામ કરવામાં હું કેટલે અંશે સફળ થઈ છું, તે જાણવા તો પિતા પાસેથી જ જાણીશ. હું તો સમજું છું કે માતાએ મને જે શિખામણ આપી હતી, તે પ્રમાણે વર્તન કરવાથી જ, આજે માતા, તથા પિતાનો મેળાપ થયો છે, તથા તેઓ બંને મિત્ર બની શક્યા છે.

આ પ્રમાણે વિનમ્ર તથા પ્રસન્ન થતી ચંદનબાળા દધિવાહન સામે આવી ઊભી. તેણે દધિવાહનને નમ્રતાપૂર્વક વંદન કર્યું. ચંદનબાળાને વંદન કરતી જોઈને દધિવાહન રોઈ પડ્યો. રોતો રોતો તે ચંદનબાળાને કહેવા લાગ્યો કે, "હે સતી, તું ક્યાં દુષ્ટને વંદન કરી રહી છે. હું એ જ પાપી છું કે જે તને તથા તારી માતાને અનાથ દશામાં મૂકીને જંગલમાં ચાલ્યો ગયો હતો, તથા જેને પરિણામે તારી માતાને પોતાના શિયળ રક્ષણને કારણે પ્રાણનો ત્યાગ કરવો પડ્યો અને તારે બજારમાં વેચાઈને અનેક કષ્ટ ભોગવવાં પડ્યાં. જો કે હું નિર્બળતાના કારણે જંગલમાં ગયો ન હતો, પણ મનુષ્યોનો સંહાર ન થાય એ હેતુથી ગયો હતો, તથા મને એવો વિશ્વાસ પણ હતો, કે તમે બંને પોતપોતાનું રક્ષણ કરવામાં સમર્થ છો, તોપણ મારે માટે તો આવશ્યક કર્તવ્ય એ હતું કે મારે તમારા રક્ષણનો પ્રબંધ કરવો. મેં મારા આ કર્તવ્યનું પાલન ન કરીને પાપ કર્યું છે, તેથી હું અપરાધી છું. અને તારા જેવી સતી મને વંદન કરે તે માટે હું લાયક નથી. મને એ જ આશ્ચર્ય થાય છે કે તારા

જેવી સતી મારી પુત્રી કેમ બની? ખરેખર, હું તારો પિતા કહેવડાવવાને લાયક જ નથી."

દધિવાહનને આ પ્રમાણે અસ્થિર બનેલો જોઈને, ચંદનબાળા તેને ધૈર્ય આપવા લાગી. તેણે કહ્યું કે, "પિતાજી, આપના જેવા ધીર, વીર પુરુષને માટે આ પ્રકારનો વિલાપ અશોભનીય છે. તમે જે કાંઈ કર્યું તે કયા ઉચ્ચ આદર્શને દૃષ્ટિમાં રાખીને કર્યું, અને તેનું પરિણામ કેવું સુંદર આવ્યું તેનો વિચાર કરો. જો તમે માનવસંહારના ભયથી વનમાં ગયા ન હોત, અને યુદ્ધ કર્યું હોત, અગર મને તથા મારી માતાને પણ વનમાં સાથે લઈ જાત, કે કોઈ બીજી જગ્યાએ મોકલી દેત, તો આજે જે રચના બની છે, તે શું બની શકત? જો મારી માતાએ પોતાનો પ્રાણ ન આપ્યો હોત, તો તેણે મને જે ઉપદેશ આપ્યો હતો, તે ઉપદેશ શું ચિરસ્થાયી બની શકત? અને જે રથીએ પિતા તરીકે મારું રક્ષણ કર્યું તે શું સુધરી શકત? તેના વડે મારું રક્ષણ થાત? આ રીતે શું મારા હસ્તે ભગવાન મહાવીરનું પારણું થઈ શકત? કદાચ આ બધી ઘટનાઓ બનવી સંભવિત હતી, તોપણ તમારી તથા માસાની શત્રુતા તો દૂર ન થતાં સ્થાયી રહેત જ. તમે યુદ્ધ ન કર્યું, અને મને તથા મારી માતાને મૂકીને ચાલ્યા ગયા, એનો જ આ સઘળો પ્રતાપ છે. જો કદાચ તમે અમને મૂકીને વનમાં ન જાત, તોપણ શું તમે અમારું રક્ષણ કરી શકત? શું કોઈ કોઈનું રક્ષણ કરવા માટે સમર્થ છે? વાસ્તવિક રીતે કોઈ કોઈનું રક્ષણ નથી કરી શકતા, માત્ર ધર્મ જ સૌ કોઈનું રક્ષણ કરવા માટે સમર્થ છે. બીજાઓ તો નિમિત્ત માત્ર છે. તમારાં ચાલ્યા જવાથી, મને કોઈ જાતનું દુઃખ નથી થયું. જેને તમે તથા બીજા લોકો દુઃખ માનતા, તે દુઃખ ન હતું, પણ ભગવાન મહાવીરને બોલાવવા માટે, દેશ પર ચોટેલું હિંસાત્મક યુદ્ધનું કલંક દૂર કરવા માટે, તથા રાજ્યલોભને કારણે, તમારા અને માસા વચ્ચે જે વૈરભાવ ઉત્પન્ન થયો

હતો તેને નષ્ટ કરી, તેણે અત્યારે મિત્રતા સ્થાપવા માટે એક તખાપર્યો હતો. જેથી મારે મારી માતાનો કોઈ પણ જાતનો ખેદ કરવો પડે નથી. હવે ફરી મારા માતાના મૃત્યુની વાત. પરન્તુ જો તમે મારી માતાના મૃત્યુ પર ગાઢતર વિચાર કરશો તો તમને કોઈ જાતનો ખેદ નહિ થાય, પણ પ્રસન્નતા જ થશે."

એમ કહીને ચંદનબાળાએ ધારિણીના મૃત્યુનું આશ્ચર્યજનક વર્ણન દધિવાહનને કહી સંભળાવ્યું. ત્યારબાદ પુનઃ તે દધિવાહનને કહેવા લાગી કે, "પિતાજી, મારી માતાનું મૃત્યુ એક દિવસે તો જરૂર થાત જ, તો પછી શું આ પ્રકારનું પવિત્ર મરણ કોઈ જોયું છે ? તમે તેના મૃત્યુ માટે કાંઈ પણ જાતની ચિંતા કરી શકો !"

આ પ્રમાણે ચંદનબાળાએ પોતાની ઓજસ્વપૂર્ણ વાણીથી દધિવાહનનો સઘળો ખેદ દૂર કરાવ્યો, ને સાથે જ દધિવાહન તથા સેનાનિક વચ્ચે કાયમની મિત્રતા સ્થાપિત કરાવી દીધી. એટલામાં રથી પણ ત્યાં આવી પહોંચ્યો. ને દધિવાહનના પગમાં પડીને તેને કહેવા લાગ્યો કે, "આપની રાણી-પત્નીના મૃત્યુનું કારણ હું જ છું. માટે તમે યોગ્ય લાગે તે જાતની શિક્ષા મને જરૂર કરો." ચંદનબાળાએ દધિવાહનને રથીનો પરિચય કરાવીને, પોતાનો તથા ધારિણીનો તેની સાથે શો સંબંધ છે તે જણાવ્યો, તથા સેનાનિકે તેને આપેલા અભય-દાનનું વૃત્તાંત પણ કહ્યું. તે સાંભળીને દધિવાહન પ્રેમપૂર્વક રથીને ભેટયો અને તેને સાન્ત્વન આપીને બોલ્યો કે, "આજથી તું મારો ભાઈ છે, માટે કોઈ પણ જાતનો ભય ન રાખીશ." આ પ્રમાણે ચંદન-બાળાએ રથી તથા દધિવાહન વચ્ચે પણ બંધુત્વભાવ સ્થાપિત કરાવ્યો.

દધિવાહનને થોડાક દિવસો સુધી વિશ્રાંતિ લેવા દીધા પછી, એક દિવસે ચંદનબાળા અને મૃગાવતીની હાજરીમાં, સેનાનિકે દધિ-વાહનને કહ્યું કે, "મહારાજ, આ સતીના પ્રતાપથી જ મારું તથા તમારું પુનઃ મિલન થયું છે, તેમ જ આપણી વચ્ચે પરસ્પર મિત્રતા

[illegible] છે, હવે આ રાણી ન હોત તો કદાચ જ [illegible] [illegible] પહેલે તમે વિજય મેળવત. [illegible] [illegible] આ સતીના પ્રતાપે જ મેં રાણી [illegible] [illegible] છે, અને હું એમ સમજ્યો છું કે જેનામાં પ્રજાપાલનની ભાવના છે, જે પોતાનું હિત ઇચ્છતો નથી, પણ પ્રજાનું જ હિત ઇચ્છે છે, અને પ્રજા-હિતનાં જ કાર્યો કરે છે, તે જ રાજા છે. જેનામાં આ ગુણ નથી, તે રાજા થવા માટે લાયક નથી. આમ સમજવાથી હું એ જાણી શક્યો છું કે ખરેખર રાજા થવા માટે તમે જ લાયક છો હું રાજા થવા માટે લાયક નથી. એ વાત સ્પષ્ટ છે કે, આમ જતાં તમારી કૃપાથી મારામાં પણ એવી યોગ્યતા આવે, પણ મારા અત્યાર સુધીના કાર્યો કહી આપે છે કે હું રાજ્ય કરવા માટે અયોગ્ય છું. એટલા માટે મેં નિરધાર કર્યો છે, કે તમારું રાજ્ય તમને સોંપીને, હું તમારી પાસે રહીને એ વાતનું જ્ઞાન મેળવીશ કે રાજ્ય કેવી રીતે ચલાવી શકાય છે, અને પ્રજાનું હિત ક્યા ક્યા કાર્યોથી થઈ શકે છે. ચંપાનું રાજ્ય તો આપનું જ છે. ત્યાંનું રાજ્ય તમને સોંપીને તમારો રાજ્યાભિષેક કરવામાં આવશે. એ ઉપરાંત મારી ઇચ્છા છે, કે ચંપાના રાજ્યનો રાજ્યાભિષેક કરતાંની સાથે જ કૌશામ્બીનું રાજ્ય પણ તમને જ સુપ્રત કરી દઉં. તમે કૌશામ્બીનું પણ રાજ્ય કરો અને તમારા રાજ્ય સમયમાં ચંપાની પ્રજા જે આનંદનો અનુભવ કરી ચૂકી છે, તે આનંદનો અનુભવ કૌશામ્બીની પ્રજાને પણ કરાવો.”

જે મહેલમાં બેસીને, જે રાજા સંતાનિક, એક દિવસે દધિવાહનનું ચંપાનું રાજ્ય છીનવી લેવાનો વિચાર કરતો હતો, તે માટેનો ઉપાય શોધતો હતો અને ચંપા પર ચઢાઈ કરવાનો નિશ્ચય કર્યો હતો, તે જ મહેલમાં, તે જ સંતાનિક, દધિવાહનને ચંપાનું રાજ્ય પાછું સોંપવાની સાથે જ, કૌશામ્બીનું રાજ્ય પણ આપવા ઇચ્છે છે. આ

જાતના પરિવર્તનનું કારણ, સતી અંજનાબાળાના પ્રતાપે દુષ્ટ ભાવનાઓનો ધ્વંસ થઈ સદ્‌ભાવના પ્રાપ્ત થવાનું છે.

સંતાનિકની વાત સાંભળીને, દધિવાહને ખૂશ થતાં તેને કહ્યું કે, "રાજન્, તમે ચંપાનું રાજ્ય મને પાછું સોંપવા ઇચ્છો છો, તે જાણીને મને આનંદ નથી થયો, પણ તમારા હૃદયનું જે પરિવર્તન થયું છે તેથી મને ખૂબ આનંદ થાય છે. તમારામાં પહેલાં ગમે તેવા દુર્ગુણો હતા, પણ હવે હું તમારામાં દુર્ગુણ દેખતો નથી. રાજ્ય ચલાવવાનો જે હેતુ તમારામાં પહેલાં હતો, તે હેતુ અત્યારે બદલાઈ ગયો છે. તે બદલાવાથી, તમે પ્રજાપાલક તથા ધર્માત્મા નરેશ કહેવાશો તથા પ્રજા પણ પ્રસન્ન રહેશે, તેમ જ સુખસમૃદ્ધ બનશે. હું હવે વૃદ્ધ થયો છું. લાંબા કાળ સુધી વનમાં રહેવાને લીધે, મારામાં પહેલાં જેટલી શક્તિ પણ રહી નથી. હવે તો મારી એ જ ઇચ્છા છે કે, હું મારું જીવન પરમાત્માના ભજનમાં વિતાવીશ. કદાચ હું ચંપાનું રાજ્ય છોડી શકત કે ન છોડી શકત, પણ તમારી કૃપાથી મારા માથેથી તે ભાર પણ ઊતરી ગયો છે, અને હું નથી ઇચ્છતો કે જે ભાર મારા માથેથી સહજમાં જ ઊતરી ગયો છે, તે હું ફરીથી મારા માથે લઉં. પણ તમે તો મારા માથા પર બમણો ભાર લાદવા ઇચ્છો છો; માટે મને ક્ષમા કરો અને જે રીતે તમે અત્યારે બંને સ્થળનું રાજ્ય ચલાવી રહ્યા છો, તે જ રીતે ચલાવતા રહો. કૃપા કરીને મને હવે રાજ્યની ઝંઝટમાં ન મૂકશો."

દધિવાહન અને સંતાનિક, અરસપરસ બંનેય એક બીજાને રાજ્ય કરવાનો આગ્રહ કરવા લાગ્યા. સંતાનિક કહેતો હતો કે, "મેં રાજ્ય કરવાનો હેતુ, માત્ર ઉત્તમોત્તમ ભોગ ભોગવવા એ જ માન્યો હતો. આ હેતુને લીધે પ્રજાને કેવું દુઃખ ભોગવવું પડે છે, વગેરે બાબતો તરફ લક્ષ ન હતું. સતીની કૃપાથી, હવે મારી તે ભાવના અવશ્ય બદલાઈ ગઈ છે, તોપણ પૂર્વ સંસ્કારોને લીધે, હમણાં આ

ભાવનાઓ પુનઃ જાગૃત થાય કે કેમ એ શંકા છે. તમારા આશ્રયમાં થોડોક વખત રહેવાથી મારી અનિષ્ટ ભાવનાઓનો નાશ થઈ જશે અને પછી હું રાજ્ય ચલાવું તે અનુચિત ગણાશે નહિ. તમે બંને સ્થળનાં રાજ્યનો ભાર તમારા શિર પર લઈને મને એવો સુઅવસર આપો. હું તમારી આજ્ઞા પ્રમાણે સઘળું કામ કામ કરવા માટે હરગિજ તૈયાર છું, પરન્તુ રાજ્ય તો તમે જ કરો."

સંતાનિક તો દધિવાહનને આ પ્રમાણે કહેતો હતો અને દધિવાહન સંતાનિકને કહેતો હતો કે, "તમે મક્કમ વિચારના ક્ષત્રિય છો. જ્યાં સુધી તમારામાં દુષ્ટ ભાવનાઓ હતી, ત્યાં સુધી તમે તે પ્રમાણે કાર્ય કર્યું, પરન્તુ હવે તમારી ભાવનાઓ બદલાઈ ગઈ છે, માટે તેવી જાતનાં કાર્યો તમારાથી નહિ થાય. હું વૃદ્ધ છું, માટે તમે મને રાજ્ય કરવાની તકલીફમાં ન નાખો."

રાજ્ય સંબંધી બંનેની વાતો સાંભળીને, મૃગાવતી તથા ચંદનબાળા આનંદ પામી રહી હતી. તેઓ વિચારતી હતી કે, જે રાજ્યને માટે યુદ્ધ કરીને મહાન માનવસંહાર કરવામાં આવે છે, તે રાજ્યને આ બંને જણાઓ, જેમ ગેડીદડે રમનારા માણસો એક બીજા તરફ દડો ફેંકે છે તેમ ફેંકી રહ્યા છે. આ બધો ધર્મ સમજ્યાનો જ પ્રતાપ છે.

સંતાનિક તથા દધિવાહનના પારસ્પરિક આગ્રહનો અંત ન આવતો જોઈ, ચંદનબાળા કહેવા લાગી કે, "તમે બંને આજે આ રીતે એક બીજાને રાજ્ય સોંપી દેવા ઇચ્છો છો, તે ઘણી જ હર્ષની વાત છે. પણ જે ભાર બે માણસથી ઊંચકી શકાય તેમ છે, જે ઊંચકવા માટે એક માણસને મુશ્કેલી પડે તેમ છે, તે ભાર કોઈ એક જ માણસ પર મૂકી દેવો તે ઠીક નથી. રાજ્ય, પ્રજાનું રક્ષણ કરવા અને તેને સુખ-સગવડો આપવા માટે જ છે. એ સિવાય રાજ્ય કરવાનો બીજો કોઈ હેતુ નથી, અને જો કોઈ વ્યક્તિ તેનો હેતુ બીજો સમજતી હોય, તો તે માર્ગ ભૂલે છે. રાજ્યને પોતાના ભોગોપભોગનું સાધન

માની રાજ્ય ચલાવવું એ એક વાત છે, અને પ્રજાની સેવા માટે રાજ્ય કરવું એ બીજી વાત છે. જે માણસ પોતાના ભોગોપભોગને માટે રાજ્ય સમજે છે તે પોતાનું રાજ્ય બીજાને આપવાની ઇચ્છા નથી કરતો; પણ બીજાનું રાજ્ય પચાવી પાડવાનું જ ઇચ્છે છે. પરન્તુ તમારા બંનેમાં, રાજ્ય પોતાના ભોગોપભોગને માટે માનવાની ભાવના નથી, પણ પ્રજાની સેવા કરવાની ભાવના છે. આવી ભાવનાથી રાજ્ય કરવામાં કોઈ જાતની હાનિ નથી, પરન્તુ તેમ કરવું એ ક્ષત્રિયોનું કર્તવ્ય છે. માટે જો તમે મારી વાત માનો, તો હું તમને એમ કહું છું કે બંને રાજ્યનો ભાર કોઈ એક ઉપર ન નાખો પણ પોતાના રાજ્યનો ભાર પોતે જ ઉઠાવે, અને તમે મારામાં જે ભાવના જોઈ છે, તે જ ભાવના પ્રમાણે રાજ્ય ચલાવો."

સતીનું આ કથન સાંભળીને, બંને જણા શાંત થઈ ગયા. સંતાનિક કે દધિવાહન બનેમાંથી કોઈ પણ કાંઈ બોલી શક્યા નહિ. આ સંબંધી વધુ વાત ન કરતાં, સંતાનિકે, દધિવાહન, મૃગાવતી, ચંદનબાળા તથા બીજા લોકોની સંમતિથી દધિવાહનને ચંપાના રાજ્યનો અભિષેક કરવાનો દિવસ મુકરર કર્યો, અને રાજ્યાભિષેકની તૈયારી કરવાનો હુકમ આપ્યો. તે સાથે જ ચંપા નગરીમાં પણ આ સમાચાર પહોંચાડી દીધા.

દધિવાહનના રાજ્યાભિષેકના ઉત્સવ નિમિત્તે કૌશામ્બી નગરી શણગારવામાં આવી. સ્થળે સ્થળે મંગળોત્સવ થવા લાગ્યો. મુકરર તિથિ નજીકમાં આવેલી જાણીને, ચંપાના ઘણા લોકો કૌશામ્બીમાં આવ્યા. દધિવાહનને મળતાં, જેટલો આનંદ બચ્ચાંને પોતાની માતાનો મેળાપ થતાં થાય, તેટલો જ આનંદ તેઓને થયો. દધિવાહને તે સઘળાઓનો કુશળ સમાચાર પૂછીને ઉચિત સત્કાર કર્યો. અંતમાં મુકરર તિથિને દિવસે, ખૂબ ધામધૂમપૂર્વક દધિવાહનને ચંપાનગરીનો રાજા બનાવવામાં આવ્યો. સંતાનિક રાજાએ પોતે દધિવાહનને રાજમુકુટ

પહેરાવ્યો. ત્યારબાદ પોતાના દુષ્ટકૃત્યોનું વર્ણન કરીને, સંતાનિકે પોતાના સંબંધી પશ્ચાત્તાપ જાહેર કર્યો, અને દધિવાહનની પ્રશંસા કરતા કહ્યું કે, "મેં આજે આ સુયોગ્ય તથા સજ્જન નરેશનું રાજ્ય તેમને સુપ્રત કરીને, મારા દુષ્કૃત્યોનું યત્કિંચિત્ પ્રાયશ્ચિત્ત કર્યું છે. આ સઘળો આ સતીનો જ પ્રતાપ છે. આ સતીની કૃપાથી જ મારા હૃદયનું પરિવર્તન થયું છે, તથા આ સઘળી ઘટના બની છે."

આ પ્રમાણે સંતાનિકે એક મહત્ત્વપૂર્ણ ભાષણ આપ્યું, જે સાંભળીને સઘળા લોકો પ્રસન્ન થયા તથા ચંદનબાળા, દધિવાહન અને સંતાનિકની પ્રશંસા કરીને, તેમને ધન્યવાદ આપવા લાગ્યા. સંતાનિકના ભાષણના જવાબમાં દધિવાહને પણ સંક્ષિપ્ત ભાષણ આપીને, સંતાનિકને તેનાં હૃદય-પરિવર્તન માટે ધન્યવાદ આપ્યો, તેમ જ તેની પ્રશંસા કરી. આ રીતે રાજ્યાભિષેકનો મહોત્સવ સમાપ્ત થયો. તથા દધિવાહન અને સંતાનિક આનંદપૂર્વક કૌશામ્બીમાં રહેવા લાગ્યા.

: પ્રકરણ :

[૬૧]

—×—

ઉચ્ચ ધ્યેય

કોઈ પણ માણસ, પહેલાં ગમે તેવા આચરણવાળો હોય, પણ જ્યારે તેને સદાચાર પસંદ પડી જાય છે, ત્યારે તે કોઈ પણ ઉત્તમ આચારને સ્વીકારી લે છે, ત્યારે તે, તે શ્રેષ્ઠ આચારને પોતાના જીવનમાં અપનાવી જ લે છે. જો કોઈ માણસ, કોઈ શ્રેષ્ઠાચારને મોઢેથી કબૂલ કરે, પણ જીવનમાં તે અપનાવે નહિ, તો તેને માટે એમ જ કહેવાશે, કે તેનો આત્મા નિર્બળ છે, અથવા તે માત્ર ઉપરથી જ શ્રેષ્ઠાચારને શ્રેષ્ઠ કહે છે, પણ હૃદયથી તેની શ્રેષ્ઠતા સ્વીકારતો નથી. જો તેનો આત્મા નિર્બળ ન હોય, પોતે પોતાએ આચરેલા દુરાચારોથી પરાજીત ન બન્યો હોય, તેનાથી અતિશય પ્રભાવિત ન બન્યો હોય, તો જેને તે શ્રેષ્ઠ માને છે, તેને કદાપિ તે અપાનાવ્યા વગર રહી શકે જ નહિ, અર્થાત્ તે દુરાચારમાં કદી

રહી શકે જ નહિ. અને જે માણસ, માત્ર ઉપરથી જ શ્રેષ્ઠતા સ્વીકારે છે, હૃદયમાં તેથી વિરુદ્ધ ભાવ રાખે છે, તે દંભી છે. તેના સંબંધમાં તો કંઈ કહેવાનું જ નથી.

જ્યારે દુરાચારી માણસ પણ, શ્રેષ્ઠાચરણની શ્રેષ્ઠતા સ્વીકારીને દુરાચરણનો ત્યાગ કરી, શ્રેષ્ઠાચરણને જ અપનાવે છે, શ્રેષ્ઠાચારને વીસરતો નથી, તો પછી જે શ્રેષ્ઠાચારની શ્રેષ્ઠતા પણ માને છે અને જે તેને અપનાવે છે, તે, શ્રેષ્ઠાચારને શી રીતે છોડે? સંસારમાં ઘણાએ એવા દુર્બળ હૃદયના મનુષ્યો હોય છે કે જેઓ શ્રેષ્ઠાચારની શ્રેષ્ઠતાને માનતા હોવા છતાં પણ, અને તે પ્રમાણે આચરણ કરતાં છતાં પણ તેને ત્યજી દે છે, પરન્તુ એવા માણસો અપવાદ રૂપ છે, માટે અહીંયાં તેઓનું વર્ણન નથી. અહીંયાં તો જેઓ પથ્થરની શિલા માફક પોતાના નિશ્ચય પર દૃઢ રહે છે તે વીરાત્માઓ વિષે જ કહેવામાં આવે છે.

ચંદનબાળાને, તેની માતાએ બાળપણથી જ બ્રહ્મચર્યનો ઉપદેશ આપ્યો હતો. તેણે ચંદનબાળાના હૃદયમાં લગ્નની ભાવના જન્મવા જ દીધી ન હતી. તેનો વિચાર હતો કે મારી પુત્રી બ્રહ્મચારિણી રહીને, સ્ત્રી-પુરુષો સન્મુખ એક ઉચ્ચ આદર્શ ઉપસ્થિત કરે. તેણે, આ વિચારથી ચંદનબાળાને બ્રહ્મચર્યની જ શિખામણ આપી હતી, અને ચંદનબાળાના હૃદયમાં પણ, માતાની શિખામણ સંપૂર્ણ રીતે પ્રવેશી ચૂકી હતી. તેને પોતાની માતાની શિખામણ પર જરા પણ સંશય કે અવિશ્વાસ ન હતો. બ્રહ્મચર્યનું પાલન ન કરવાથી જગતમાં કેવી કેવી ઘટનાઓ બને છે, એ વાતને પણ તે ધારિણીના મૃત્યુ પ્રસંગે, રથીને ત્યાં, વેશ્યાના વર્તનથી અને ધનાવહ શેઠને ત્યાં સારી રીતે જાણી ચૂકી હતી. આ કારણથી માતાની શિખામણ પર તેને વધારે વિશ્વાસ બેસી ગયો હતો. તે પછી, ભગવાન મહાવીરનું દર્શન કરવાથી તો તેનામાં વિશેષ પવિત્રતા આવી ગઈ

હતી. આ કારણે, તે બ્રહ્મચર્યનો ત્યાગ કરી લગ્નબંધનમાં પડવાનું બિલકુલ ઉચિત માનતી ન હતી. તોપણ લોકવ્યવહાર પ્રમાણે, કન્યાનું લગ્ન કરવાની બાબતમાં, માતાપિતાને ચિંતા થવી સ્વાભાવિક છે. તેથી દધિવાહનને ચંદનબાળાના લગ્નની ચિંતા થઈ જ.

એક દિવસે સેનાનિકે જોયું કે મહારાજા દધિવાહન કોઈ ગંભીર વિચારમાં પડેલા છે. એ જોઈને સેનાનિક દધિવાહન પાસે ગયો. તેણે દધિવાહનની વિચારમગ્નતાનો ભંગ કરી દધિવાહનને કહ્યું કે, "મહારાજ, આજે તમે શા વિચારમાં પડ્યા છો? મેં આટલા દિવસોમાં તમને આજની માફક વિચારમાં ગ્રસ્ત કદી જોયા નથી. જો મારાથી ગુપ્ત રાખવા યોગ્ય વાત ન હોય તો, હું જાણવા ઇચ્છું છું કે તમે શા વિચારમાં પડ્યા હતા?"

સેનાનિકનો આ પ્રશ્ન સાંભળીને, જવાબમાં દધિવાહને કહ્યું કે, "તમારાથી ગુપ્ત રાખવા જેવી કોઈ વાત નથી, બલકે જે બાબતમાં હું વિચાર કરી રહ્યો હતો, તે બાબત તમારા માટે પણ એટલી જ વિચારણીય છે. હું એ જ વિચારતો હતો કે ચંદનબાળા લગ્નને યોગ્ય થઈ છે, એટલે તે સંબંધી શું કરવું? જો કે હું જાણું છું કે ચંદનબાળાને, તેની માતાએ બ્રહ્મચર્ય પાળવાની જ શિખામણ આપી છે. આ વિષયમાં ચંદનબાળાની માતા સાથે મારે ઘણી વાર વાતચીત પણ થયેલી છે. છતાં તે વાતચીતને ઘણો સમય વ્યતિત થઈ ચૂક્યો છે. તે વખતે ચંદનબાળા નાની હતી, અને હવે તે મોટી થઈ છે. હવે તે પોતાને વિષે કોઈ પણ જાતનો નિર્ણય કરવા માટે અધિકારિણી થઈ ચૂકી છે. તેથી તે વખતની વાતચીત પર આધાર રાખીને, આ વખતે પણ ચંદનબાળા સાથે આ સંબંધી કોઈ પણ જાતની વાતચીત ન કરવી, તે ઠીક નથી. આજે ચંદનબાળાની માતા નથી, પરન્તુ તેની માસી તો મોજૂદ છે. માતા તથા માસી, એ બંને સરખા જ છે,

માટે આ સંબંધી તમે પણ તમારી સંમતિ પ્રગટ કરો અને ચંદન-બાળાની માસીની પણ સંમતિ લ્યો. પછી યોગ્ય જણાય તે પ્રમાણે કામ કરીએ. મારી માન્યતાનુસાર ચંદનબાળાનું લગ્ન ખૂબ ધામધૂમ પૂર્વક કરવું જોઈએ, જેથી આપણો અત્યાર સુધીનો સઘળો શોક પણ મટી જાય, તથા તે પણ સુખી થાય. ”

દધિવાહનનું કથન સાંભળીને સંતાનિક રાજા ખુશ થયો. તેણે દધિવાહનની વાતનું સમર્થન કર્યું, અને મૃગાવતીને બોલાવીને, તેને પણ સઘળી વાતથી વાકેફ કરી. મૃગાવતીએ પણ એમ કહીને બંનેની વાતોને સમ્મતિ આપી કે, ખરી રીતે હવે ચંદનબાળા લગ્ન કરવા યોગ્ય બની છે, માટે તેનું લગ્ન કરી દેવું જ ઉચિત છે. આ પ્રમાણે ત્રણે જણાં એવા નિશ્ચય પર આવ્યાં કે ચંદનબાળાનું લગ્ન કરવું. પણ ચંદનબાળાની સંમતિ લેવાનો પ્રશ્ન બાકી રહ્યો. આ માટે દધિવાહને મૃગાવતીને કહ્યું કે, “ લગ્નાદિ કામમાં સ્ત્રીઓ જેટલી પ્રવીણ હોય છે, તેટલા પ્રવીણ પુરુષો હોતા નથી અને આ વાત કન્યાના લગ્ન સાથે વધારે સંબંધ રાખે છે. માટે ચંદનબાળા પાસેથી લગ્ન કરવાની સંમતિ મેળવવાનું કામ હું તમને સોંપું છું. તમને યોગ્ય લાગે તેવી રીતે તમે ચંદનબાળા સાથે વાતચીત કરજો. જો તમે ઈચ્છશો તો અમે બંને જણા તમારી વાતનું સમર્થન કરવા માટે તમારી સાથે રહીશું, પણ તેની સાથે વાતચીત કરવાનો ખાસ ભાર તો તમારા ઉપર જ રહેશે.”

દધિવાહનની આ વાતનું પણ સંતાનિકે અનુમોદન કર્યું. મૃગાવતીએ પણ ચંદનબાળા સાથે વાતચીત કરવાનો ભાર પોતાના માથે લીધો. અંતમાં એવો નિશ્ચય કરવામાં આવ્યો કે, “ આપણે ત્રણે જણાં અમુક વખતે ચંદનબાળા પાસે જઈએ અને તેની સાથે વાતચીત કરીને લગ્ન કરવાની સંમતિ મેળવીએ. ”

મુકરર કરેલે વખતે, મૃગાવતી, સંતાનિક તથા દધિવાહન

ચંદનબાળા પાસે ગયા. એ ત્રણેયનું આગમન થયું જાણીને, ચંદનબાળા ખુશ થઈ. તેણે આનંદપૂર્વક ત્રણે જણને પ્રણામ કરીને, યોગ્ય આસન પર બેસાડ્યા. પછી હાથ જોડીને તેમને કહેવા લાગી કે, "આજે મારું અહોભાગ્ય છે કે તમે ત્રણે જણનું એકી સાથે આગમન તથા દર્શન થયું. હું જાણવા ઇચ્છું છું કે તમે કયા હેતુથી અહીં પધારવાનું કષ્ટ ઉઠાવ્યું છે? જો તમારી ઇચ્છાનુસાર હું કોઈ પણ કામ કરી શકીશ, તો હું મારી જાતને મહાભાગ્યશાળી માનીશ."

ચંદનબાળાનું કથન સાંભળીને, ત્રણે જણાને ખૂબ આનંદ થયો. ચંદનબાળાના કથનના જવાબમાં મૃગાવતી કહેવા લાગી કે, "પુત્રી, તું બધી રીતે યોગ્ય છે. તેં જે વચનો કહ્યાં છે, તે તારે લાયક જ છે. તારી પાસેથી અમે એવાં જ વચનોની આશા રાખી હતી. અમે જે હેતુથી આવ્યા છીએ તે હેતુ સફળ થવાની પૂરેપૂરી આશા તારા વચનોથી અમને બંધાઈ છે તારી કૃપાથી જ આ બંનેનો મેળાપ થયો છે, અને તેઓ બંને મિત્ર બની શક્યા છે. હવે અમારી એક બીજી ઇચ્છા છે. અમને વિશ્વાસ છે કે તું અમારી તે આશા પણ પૂરી કરીશ."

મૃગાવતીની વાત સાંભળીને, ચંદનબાળા બોલી કે, "માતૃ-ભગિની, તમે મારી પ્રશંસામાં જે કાંઈ કહ્યું છે તે તમારી મોટાઈ છે. મોટા માણસો નાનાઓ પ્રતિ હમેશાં આ જાતની મોટાઈ દર્શાવ્યા જ કરે છે. એટલા માટે આપના કથનના જવાબમાં, મારે કાંઈ પણ કહેવાની જરૂર નથી, મને તમે જે કાંઈ આજ્ઞા આપશો, તે ધર્મ-યુક્ત જ હશે. કેમકે માતા પોતાની પુત્રીને અધર્મયુક્ત એવી કોઈ આજ્ઞા આપી શકતી નથી, અને જે આજ્ઞા ધર્મયુક્ત છે તેનું પાલન કરવામાં મને કોઈ જાતની હરકત નથી."

ચંદનબાળાનું કથન પૂરું થતાં, મૃગાવતીએ કહ્યું કે, "અમે જે ધર્મનું પાલન કરીએ છીએ, તે જ ધર્માનુસાર અમારું કથન અવશ્ય

હશે. અમે અત્યારે ગૃહસ્થધર્મનું પાલન કરી રહ્યા છીએ; માટે અમારી વાત પણ તેને અનુકૂળ જ હશે. સંતાન ઉમ્મર લાયક યોગ્ય બનતાં, તેનું લગ્ન કરવું એ ધર્મ છે. આ ધર્મની પ્રેરણાથી જ હું તને એમ કહેવા આવી છું કે તારું શરીર લગ્ન કરવા યોગ્ય બન્યું છે. આટલી ઉમ્મર થઈ જવા છતાં પણ, જે કન્યા અવિવાહિત રહે છે, તો તેનાં માતાપિતા વગેરે પર અપવાદ મૂકવામાં આવે છે. તારા પ્રતાપે અમને બધી રીતે આનંદ તો થયો જ છે, પણ હવે અમારી એકમાત્ર ઇચ્છા તારા વિવાહોત્સવનો આનંદ લેવાની છે. અમારી આ ઇચ્છા પૂર્ણ થવાનો આધાર, તારી સંમતિ પર અવલંબે છે. ગૃહસ્થ ધર્મ પ્રમાણે, સંતાનની સમ્મતિ વગર તેનો વિવાહ કરવો એ અપરાધ છે, પાપ છે. સંતાન જ્યારે પોતાના હિતાહિતનો વિચાર કરી શકવા યોગ્ય બને, ત્યારે તેની સંમતિ લઈને, તેની ઇચ્છાનુસાર અને તેને અનુરૂપ વર અથવા કન્યા સાથે તેનો વિવાહ કરવામાં આવે છે. જ્યાં સુધી સંતાન પોતાના હિતાહિત સંબંધી વિચાર કરી શકતા નથી, ત્યાં સુધી તેમની લેવામાં આવેલી સંમતિ પણ પ્રમાણિક કહેવાતી નથી, અને હિતાહિત સંબંધી વિચાર કરવા યોગ્ય બનતાં, સંમતિ ન લેવી, તે પણ અનુચિત છે. તું યોગ્ય છે, તારા હિતાહિતનો વિચાર કરવા માટે તું પૂર્ણ સમર્થ છે, માટે અમે ત્રણે તારી સંમતિ લેવા માટે આવ્યા છીએ. અમને વિશ્વાસ છે, કે તું સંમતિ આપીને અમારી ઇચ્છા પૂર્ણ કરીશ.”

એટલું કહીને મૃગાવતી શાંત થઈ ગઈ. ત્યારે મહારાજા સંતાનિક કહેવા લાગ્યો કે, “રાણીએ જે કાંઈ કહ્યું છે તે અક્ષરશઃ બરાબર છે. અમારા હૃદયમાં તમારો વિવાહોત્સવ જોવાની બહુ જ ઉત્કંઠા છે.” સંતાનિકે આટલું કહ્યા પછી દધિવાહન કહેવા લાગ્યો કે, “પુત્રી, એમ તો તું પોતે જ બુદ્ધિમાન છે, એટલે અમારા કહ્યા વગર પણ તું બધું સમજે છે, છતાં પણ અમે અમારું કર્તવ્ય પૂરું કરવા માટે, તને કાંઈક કહીએ છીએ. કન્યાના લગ્ન સંબંધમાં, જેવી રીતે માતા

[illegible]

[illegible] અને તેમની વાત પૂરી થતાં કહેવા લાગી કે, "પિતાજી ! આપનું કથન યોગ્ય જ છે. માતા [illegible] બાળકોની [illegible] ચિંતા [illegible] લગ્નની ચિંતા થાય તે સ્વાભાવિક જ છે, તેમાં પણ ચિંતા છે તેને ચિંતા કેમ ન થાય ! આપણા બાળકોની પણ તે રીતે સુધારણા કરવા જોઈએ, તેના લગ્નની ચિંતા થવી જ, તો વખતે [illegible] લગ્નની ચિંતા થાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. આ પ્રકારની ચિંતા કરવી, તે ગૃહસ્થોનું કર્તવ્ય જ છે. તે સાથે એ પણ કર્તવ્ય છે કે સંતાનની સંમતિ લીધા વિના તેનું લગ્ન ન કરવું એટલા માટે જ્યાં સુધી સંતાન પોતાના હિતાહિતનો વિચાર કરવા યોગ્ય ન બને, ત્યાં સુધી તેનું લગ્ન કરવામાં આવતું નથી. એ રીતનું આપનું કથન, તથા આની સંમતિ મેળવવી એ ઉચિત જ છે. હું લગ્ન કરવાના કાર્યને ખરાબ પણ કહેતી નથી. ગૃહસ્થ જીવન ગાળવા માટે લગ્ન કરવું એ જરૂરનો વિષય છે. પ્રથમ તીર્થંકર ભગવાન

ઋષભદેવે પણ લગ્ન કર્યું હતું. મારા હાથથી દાન લેવાની કૃપા કરનાર ભગવાન મહાવીરે પણ લગ્ન કર્યું હતું. અરે, જેમનાથી મારો જન્મ થયો છે તે માતા-પિતાએ પણ લગ્ન કર્યું હતું ! એટલા માટે હું લગ્નપ્રથાનો વિરોધ નથી કરી શકતી, પણ એ કબૂલ કરું છું કે, જેનામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ નથી, તેમના માટે લગ્ન કરવું જરૂરી છે. આમ છતાં પણ હું એટલું તો અવશ્ય કહીશ કે, ઉત્તમ તો બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્ય પાળવાની શક્તિ ન હોવા છતાં પણ હું બ્રહ્મચર્ય પાળવાનું કહેતી નથી, પણ આ શક્તિ હોવા છતાં પણ બ્રહ્મચર્ય ન પાળતાં લગ્ન કરવું, એ ઉપરથી નીચે પડવા બરાબર છે. મારી માતાએ મને જન્મથી જ બ્રહ્મચર્યનો ઉપદેશ આપ્યો છે. એથી મારી નસેનસમાં બ્રહ્મચર્ય પ્રવેશેલું છે. હું બ્રહ્મચર્ય આગળ લગ્નને ત્યાજ્ય સમજું છું. મારે માટે તમે માનદ છો, અને તમારી આજ્ઞા પાલન કરવા યોગ્ય છે, છતાં પણ તમારા કહેવાથી હું બ્રહ્મચર્યપૂર્ણ જીવનનો ત્યાગ કરીને, વિવાહિત જીવનમાં પડવા ઇચ્છતી નથી. આપ જેવા સુયોગ્ય માતા-પિતા પોતાની પુત્રીને બ્રહ્મચર્યના ઉચ્ચ ધ્યેયથી પતિત બનાવીને, વૈવાહિક જીવનમાં નાખવા ઇચ્છશો નહિ. માટે તમે તમારી આજ્ઞા સંબંધમાં પુનઃ વિચાર કરો. મને વિશ્વાસ છે કે તમે પણ મારા બ્રહ્મચર્યના વિચારોને જ પ્રોત્સાહન આપશો. આ ઉપરાંત હું લગ્ન કરું, પણ કયા પુરુષ સાથે ? કયા પુરુષને માટે તેલ ચઢાવું ! સંસારમાં લગ્ન સમયે તેલ ચડાવવામાં આવે છે. જે પુરુષના નામનું તેલ કન્યા પર ચડાવવામાં આવે છે, તે કન્યા સંસારમાં માત્ર તે જ પુરુષને શુભ માને છે, બીજા પુરુષોને શુભ નથી માનતી. પરન્તુ હું તો આ જાતના શુભાશુભથી પર થઈ ગઈ છું ! મારા માટે કોઈ અશુભ રહેલ જ નથી, તો પછી હું કયા એક પુરુષના નામનું મારા પર તેલ ચડાવું ? અને અન્ય પુરુષોને કઈ રીતે અશુભ માનું ? તમે તમારા અનુભવમાં આવેલી સઘળી વાત મને સંભળાવી

જ છે. શુભાશુભની ગડમથલમાંથી ન છૂટતાં શું બને છે, તે પણ બતાવ્યું છે. આ પ્રકારના અનુભવ પછી પણ હું શુભાશુભમાં કેવી રીતે રહી શકું ! લગ્ન વખતે જે પુરુષના નામનું તેલ ચડાવવામાં આવે છે, તેનો હેતુ, સ્રીને, તે પુરુષની દાસી બનીને રહેવાનું; તેના જ હિતનો વિચાર કરવાનું અને તેની પ્રસન્નતામાં જ પ્રસન્ન રહેવાનું હોય છે. આ સ્રીઓનો સાધારણ ધર્મ છે કે જે પતિવ્રત ધર્મના નામથી પ્રસિદ્ધ છે. જે સ્રી લગ્નબંધનથી બદ્ધ થઈને પણ પતિવ્રત ધર્મનું પાલન કરતી નથી, તેને પતિત માનવામાં આવે છે. વાસ્તવિક રીતે છે પણ એમ જ. દરેક કાર્યના નિયમોપનિયમનું પાલન તો કરવું જ જોઈએ. એ જ પ્રમાણે, જ્યારે લગ્ન કર્યું છે તો પછી પતિવ્રત ધર્મનું પણ પાલન કરવું જ જોઈએ. આમ છતાં પણ જે પતિ સાથે ઉચિત કે અનુચિત વિરોધ રાખે છે, તેનું મોં પણ ન જોવું જોઈએ. રાવણ એ રામનો શત્રુ હતો, માટે સીતાએ તેનું મોં પણ ન જોયું. રાવણ તો અન્યાયી અત્યાચારી હતો. પરન્તુ જો પતિ અન્યાયી અત્યાચારી હોય અને તે કોઈ સજ્જન પુરુષ સાથે બિનજરૂરી વિરોધ માનતો હોય, તો પતિવ્રત ધર્મ પ્રમાણે સ્રીએ પણ તે સજ્જન સાથે વિરોધ રાખવો જ પડે છે. મારાથી એવું કેમ બની શકે કે હું કોઈને મિત્ર અને કોઈને દુશ્મન માનું ? મારા માટે તો વિશ્વના સઘળા પુરુષો સમાન જ છે. હું તો સહુનું હિત અને કલ્યાણ ઇચ્છું છું. લગ્ન કર્યા પછી, હું સૌનું હિત તથા કલ્યાણ નથી ઇચ્છી શકતી. આવી સ્થિતિમાં ક્યા પુરુષના નામનું તેલ ચડાવું ? કોની પત્ની બનીને, કેવળ તે એક જ પુરુષનું હિત ઇચ્છું !

"એક બીજી વાત પણ છે. મારી માતાએ શાંતિ-યુદ્ધ વિષે જે શિખામણ આપી હતી, તે પ્રમાણે કાર્ય કરીને તો મેં માતાનો ઉદ્દેશ પૂર્ણ કરી દીધો, પરન્તુ જે ઉદ્દેશને પૂર્ણ કરવા માટે માતાએ મને બાળપણથી જ શિખામણ આપી હતી, તે ઉદ્દેશ હજુ મેં પૂર્ણ

કર્યો નથી. અને બ્રહ્મચર્ય વગર તે ઉદ્દેશ પૂર્ણ પણ ન થઈ શકે. સંસારમાં પ્રસરી રહેલી પુરુષોની ઉચ્છૃંખલતા અને સ્ત્રીઓની પતિતાવસ્થા જોઈને, માતાએ મને તેઓનામાં સામ્યભાવ ફેલાવવાના હેતુથી જ બ્રહ્મચર્યની શિખામણ આપી હતી. મેં માતાના એ હેતુને મારા જીવનનું એક માત્ર લક્ષ્ય બનાવ્યું છે. આવી સ્થિતિમાં હું લગ્ન કરવાનો કેવી રીતે સ્વીકાર કરી શકું ? ”

ચંદનબાળાનું કથન સાંભળીને, મૃગાવતી, શંતાનિક તથા દધિવાહન આશ્ચર્ય સાથે પ્રસન્ન થયા. મૃગાવતી કહેવા લાગી કે, “ અમે બંને બ્રહ્મચર્યને ખોટું માનતા નથી. લગ્ન કરવાને બદલે બ્રહ્મચર્યનું પાલન કરવું તે અત્યુત્તમ છે. અમે પણ બ્રહ્મચર્યને આદરની દૃષ્ટિએ જોઈએ છીએ, પરન્તુ બ્રહ્મચર્યનું પાલન કરવું, એ સામાન્ય કામ નથી. બળતા અગ્નિને પી જવો, અને ભુજાઓ વડે સમુદ્ર તરવો એ કદાચ સરળ બની શકે, પરન્તુ બ્રહ્મચર્યનું પાલન કરવું એ તો એથીયે પણ કઠણ છે. બ્રહ્મચર્ય પાળવાની મુશ્કેલીઓ ધ્યાનમાં લઈને જ અમે તને લગ્ન કરવાનો આગ્રહ કરીએ છીએ. જેમ કોઈ બાળક પોતાની શકિત ઉપરાંતનું કામ કરવા માગે, તો માબાપ તેને તે કામ કરતો અટકાવે છે, તેમ તને પણ અમે બ્રહ્મચર્ય–પાલનથી અટકાવીએ છીએ. ઘણા માણસો ક્ષણિક આવેશમાં આવી જઈને બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા તો લઈ લે છે, પરન્તુ પછીથી તેઓ કામરૂપી અગ્નિથી પ્રજ્વલિત બનીને પતિત બની જાય છે. એવા લોકો પોતાનું પણ અહિત કરે છે અને જનતાનું પણ અહિત કરે છે. તારે માટે આવું કરવાનો પ્રસંગ આવે અને કુળને કલંક લાગે, એ અમે ઇચ્છતા નથી, તેથી જ અમે તને લગ્ન કરવાનું કહીએ છીએ. ”

શંતાનિક અને દધિવાહને પણ મૃગાવતીની વાતને પુષ્ટિ આપી. તેઓ પણ કહેવા લાગ્યા કે વાસ્તવિક રીતે તમે એ જાણતા નથી, કે બ્રહ્મચર્યનું પાલન કરવામાં કઈ અને કેવી મુશ્કેલીઓનો સામનો

કરવો પડે છે. જે સુંદરીઓથી ભય પામીને મોટા મોટા ઋષિ-મુનિઓ પણ પતિત બની જાય છે તો પછી તું તો આખરે એક કન્યા છે. અમારા નિષ્કલંકી વંશમાં ઉત્પન્ન થયેલી કન્યાદ્વારા, બ્રહ્મચર્યના ઓઠે દુરાચારનું સેવન થાય તો તે અતિશય શરમજનક ગણાય. માટે તમે બ્રહ્મચર્ય પાલનનું સાહસ ન કરો, પણ લગ્ન કરવાનું કબૂલ રાખો. લગ્ન કર્યા પછી પણ જો તમે નીતિપૂર્વક જીવન વ્યતિત કરશો, તો ગૃહસ્થાશ્રમમાં પાળવામાં આવતું બ્રહ્મચર્ય તમે પાળી શકશો."

ભાઈની વાતના જવાબમાં ચંદનબાળાએ કહ્યું કે, "બ્રહ્મચર્યનું પાલન કરવું એ સરળ નથી, પણ તમે જેવું બતાવ્યું તેથીયે પણ વધારે કઠણ છે. અને હું પણ બ્રહ્મચર્યને કઠણ સમજીને જ તેનો સ્વીકાર કરી રહી છું. બ્રહ્મચર્યના બદલે અબ્રહ્મચર્યનું સેવન ન થાય, તેની ચિંતા રાખવી તે ઉચિત તથા જરૂરનું છે. એવું કરનારા માણસો પોતાની સાથે જ બીજાઓને પણ ડુબાડે છે. પરન્તુ મારા તરફનો તમે આ જાતનો ભય ન રાખશો. મને જન્મથી જ બ્રહ્મચર્યની શિખામણ આપવામાં આવી છે. મેં બ્રહ્મચર્યને જ મારું મુખ્ય આચરણ બનાવી રાખ્યું છે. વિષય-વિકારનું વાતાવરણ મારી પાસે આવવા જ દીધું નથી, તેમ મેં પણ મારાં મનને તે તરફ જવા દીધું નથી. એટલા માટે મારામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ છે, અને હવે તો ભગવાન મહાવીરનાં દર્શન કરવાથી મારી આ શકિત વધારે વૃદ્ધિમંત બની છે. મારી બુદ્ધિ અને વાણી ભગવાન મહાવીરના તપાગ્નિમાં પડીને પવિત્ર બની ગયેલ છે. હવે તેમાં કોઈ પણ જાતનો વિકાર રહ્યો જ નથી. માટે તમે મારા બ્રહ્મચર્ય પાળવાની બાબતમાં કોઈ પણ જાતનો સંદેહ ન કરશો. હું કોઈ પણ સમયે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ બનીશ નહિ. દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, વગેરે કોઈ પણ મને બ્રહ્મચર્યથી પતિત કરવા માટે સમર્થ નથી. હું મહારાણી ધારિણીની પુત્રી છું. મહાન સંકટ વખતે પણ પોતાના ચારિત્રનું

ગ્રહણ કેવી રીતે કરવામાં આવે છે એ ઉપદેશ પણ આપવામાં આવે બતાવેલ છે. એટલા માટે તમે મારા કર્તવ્યમાં બિલકુલ વિઘ્ન ન કરશો."

ચંદનબાળાનું પ્રવચન સાંભળીને સર્વ લોકોને ઘણો આનંદ થયો, અને તેઓ ચંદનબાળાને ધન્યવાદ આપીને કહેવા લાગ્યા કે, "તમારી આ પવિત્ર ભાવનાની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી છે. અમે પોતે જ એવું અનુમાન કરીએ છીએ, કે તમે કદી પવિત્ર ભાવનાનો ત્યાગ કરીને અપવિત્ર ભાવનામાં પ્રવેશ કરો તેમ નથી, તોપણ અમારું કર્તવ્ય પૂરું કરવા માટે જ તમારી પાસે લગ્ન સંમતિની ઇચ્છા રાખી હતી અને આગ્રહપૂર્વક તમને સમજાવ્યા હતા. અમે અમારા કાર્ય માટે તમારી ક્ષમા માગીએ છીએ."

આ પ્રમાણે ચંદનબાળાને ધન્યવાદ આપીને, મૃગાવતી કહેવા લાગી કે, "હે સતી, જોકે તો મારામાં પણ સતી ગુણથી જ મળ્યા છે, છતાં આજે તારી વાતો સાંભળીને તે શ્રદ્ધા વિશેષ વૃદ્ધિગંત બની છે. હું વિચાર કરું છું કે તેં સાંસારિક વિષયભોગનો અનુભવ કર્યા વિના જ તેનો ત્યાગ કર્યો, પરન્તુ હું, તે ભોગનો અનુભવ કરીને પણ હજુ સુધી તેનો ત્યાગ કરી શકી નહિ. સાચી વાત તો એ છે કે અત્યાર સુધીમાં મારી સામે તારી માફક બ્રહ્મચર્યનો આદર્શ રાખનાર કોઈ ન હતું. આજે તારા મુખથી બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય સાંભળીને મને પણ એવો વિચાર થયો છે કે, હું સંસારના વિષયભોગમાં ક્યાં સુધી પડી રહીશ ! એટલા માટે આજથી હું તને પુત્રીને બદલે ગુરુણી માનીને એવો નિશ્ચય કરું છું કે, આજથી હું પણ બ્રહ્મચર્યનું જ પાલન કરીશ. વિષયભોગમાં રાચીશ નહિ અને જે માર્ગને તમે અપનાવશો તે જ માર્ગને હું પણ આદર્શ માનીશ."

મૃગાવતીનો નિશ્ચય સાંભળીને, સંતાનિકને પણ હર્ષ થયો. તે

કહેવા લાગ્યો કે, "મહારાણીના આ નિશ્ચયને હું મારી સંમતિ આપું છું. એટલું જ નહિ પણ હું નિશ્ચય કરું છું, કે આજથી હું પણ બ્રહ્મચર્યનું પાલન કરીશ. હવે અબ્રહ્મચર્યમાં કદાપિ રહીશ નહિ."

સેનાનિક તથા મૃગાવતીની પ્રતિજ્ઞા સાંભળીને, ચંદનબાળા તથા દધિવાહને તે બંનેને ધન્યવાદ આપ્યો. પછી દધિવાહન કહેવા લાગ્યો કે, "એમ તો, જ્યારથી મારું લગ્ન મહારાણી ધારિણી સાથે થયું હતું ત્યારથી જ હું નીતિપૂર્વક જીવન વ્યતીત કરતો રહ્યો છું, છતાં આજે એ પ્રતિજ્ઞા કરું છું કે હું જિંદગીભર બ્રહ્મચર્યનું પાલન કરીશ. કદી પણ અબ્રહ્મચર્ય તરફ મન નહિ જવા દઉં."

દધિવાહનના આ નિશ્ચયની ચંદનબાળા, મૃગાવતી તથા સેનાનિકે પ્રશંસા કરી. આ પ્રમાણે ચંદનબાળા પાસેથી લગ્ન કરવાની સંમતિ મેળવવા માટે આવેલા, સેનાનિક, મૃગાવતી અને દધિવાહન, ચંદનબા-ળાના-સુક્રમ વિચારોથી પોતે પણ અંજાઇને બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી લીધી. તે પછી ત્રણે જણાં ખુશ થતાં, ચંદનબાળા પાસેથી પોતપોતાનાં સ્થાને ચાલ્યા ગયાં.

દધિવાહન અને સેનાનિક પ્રેમપૂર્વક રહેવા લાગ્યા. ચંપાની પ્રજા વારંવાર દધિવાહન પાસે આવીને, તેને ચંપાનગરીમાં આવવા માટેનો આગ્રહ કરવા લાગી ત્યાંના માણસો દધિવાહનને કહેતા કે, ચંપાની પ્રજાને આપનો વિયોગ ઘણા દિવસોથી થયેલો છે. જો આપનો પત્તો ન મળત, અથવા આપ ન આવત, તો તો અલગ વાત હતી, પરન્તુ હવે તો આપને આવેલા જાણીને, એટલું જ નહિ પણ આપ પુનઃ અમારા માલિક બન્યા છો એવું જાણીને તો ચંપાની પ્રજા આપના દર્શન કરવા માટે અતિ આતુર છે. એ ઉપરાંત રાજાના દૂર રહેવાથી, પ્રજાનું રક્ષણ પણ સંપૂર્ણ રીતે નથી થઈ શકતું. માટે હવે આપ કૃપા કરી ચંપા નગરીમાં પધારો.

આ પ્રકારનો આગ્રહ ચંપાના માણુસો દધિવાહન પ્રત્યે અનેક વાર કરી ચૂકયા હતા, પણ સંતાનિક સાથેના પ્રેમથી બંધાયલા દધિવાહન-માં એવું સાહસ ન હતું કે જે સંતાનિક પાસેથી વિદાય માગી શકે. થોડા જ દિવસોમાં સંતાનિકે પ્રજાનો આગ્રહ જાણ્યો; તેથી તેણે વિચાર કર્યો કે, ચંપાની પ્રજાનો આગ્રહ ઉચિત જ છે. ખરી રીતે હવે મહારાજા દધિવાહન માટે ચંપાનગરીમાં જવું એ જ ઇષ્ટ છે. આ પ્રમાણે વિચાર કરી તેણે દધિવાહનને કહ્યું કે, "મહારાજ, તમારા વિયોગથી ચંપાની પ્રજા દુઃખી છે. હવે તેને વધારે વખત સુધી દુઃખિત રાખવી તે અનુચિત છે. એમ તો હું પોતે પણ તમારાથી જુદો પડવા ઇચ્છતો નથી. પણ જ્યારે તમારા માથા પર પ્રજાના રક્ષણનો ભાર છે, ત્યારે પ્રેમને આધીન બની કર્તવ્યને ભૂલી જવું તે ઠીક નથી. પ્રજાનું સંપૂર્ણ રક્ષણ ત્યારે જ કરી શકાય કે જ્યારે તેની પાસે રહેવામાં આવે, અને તે કોઈ પણ જાતની મુશ્કેલી વિના પોતાના દુઃખદર્દ સંભળાવી શકે. એટલા માટે, તમારાથી જુદા પડવાની ઇચ્છા ન હોવા છતાં પણ હવે તમે ચંપાનગરીમાં પધારો એ જ હું ઠીક માનું છું. હું તમને એકલાને જ ચંપામાં મોકલવા નથી ઇચ્છતો, પણ હું પોતે પણ તમારી સાથે આવવા ઇચ્છું છું. ત્યાં ચંપાની પ્રજા પાસે મારા અપરાધોની ક્ષમા માગી, હું મારા પાપનું યત્કિંચિત્ પ્રાયશ્ચિત્ત કરીશ, અને તે પછી કૌશાંબીમાં પાછો આવીશ."

સંતાનિકનું કથન સાંભળીને, દધિવાહન હર્ષ પામ્યો. તેણે સંતાનિકને કહ્યું કે, "તમને જેમ ઠીક લાગે તેમ જ કરો. હું તો આપના પ્રેમમાં એવો બંધાયો છું કે ચંપાની પ્રજાનો અતિશય આગ્રહ હોવા છતાં પણ આપને એમ ન કહી શક્યો કે હું ચંપામાં જાઉં."

સંતાનિકે ચંપામાં જવાની તૈયારી કરાવી. સંતાનિક તથા દધિવાહને ચંદનબાળા પાસે જઈને તેને કહ્યું કે, "તમે પણ ચંપામાં આવો અને જે રાજમહેલ ઘણા વખતથી સૂનો પડ્યો છે તેને શોભાવો

તથા મહેલના દાસ-દાસી અને ચંપાની પ્રજાને આનંદિત કરો" સંતાનિક તથા દધિવાહનના કથનના જવાબમાં ચંદનબાળાએ કહ્યું કે, "હમણાં હું અહીંયાં રહેવા ઇચ્છું છું. મારો વિચાર આ વખતે ચંપામાં આવવાનો નથી. અહીંમાં મને ભગવાનનાં દર્શન થયા છે, માટે હમણાં હું અહીં રહેવા ઇચ્છું છું. તમે ખુશીથી ચંપામાં જાઓ. ચંપાનગરી મને ખૂબ જ વહાલી છે. તે મારી જન્મભૂમિ છે. મારું આ શરીર ત્યાંના પાણી, પવન અને પૃથ્વીથી બનેલું છે, તેથી મારા પર ચંપાનો અનંત ઉપકાર છે. છતાં પણ મારા માટે અત્યારે ચંપામાં જવાનો અવસર આવ્યો નથી. મેં ભગવાન મહાવીરનો માર્ગ અપનાવવાનો નિશ્ચય કર્યો છે, માટે જ્યારે ભગવાન મહાવીરને કેવલ્યજ્ઞાન પ્રાપ્ત થશે ત્યારે હું સંયમ ગ્રહણ કરીશ અને તે વખતે હું ચંપામાં આવીશ."

ચંદનબાળાએ પોતાના જવાબથી દધિવાહન તથા સંતાનિકને સંતુષ્ટ કરી દીધા. તેઓ બંને ચંપામાં આવવા માટે ચંદનબાળાને વધારે આગ્રહ ન કરી શક્યા. બંનેને ઉચિત વંદન કરીને ચંદનબાળાએ તેમને પોતાના સ્થાનથી વિદાય કર્યાં.

દધિવાહનને લઈને સંતાનિક, રાજ્યવંશી ઠાઠમાઠ સાથે ચંપાનગરી તરફ ચાલ્યા. અને જે ચંપા પર એક દિવસે તે ચઢાઈ કરવા ગયો હતો, તે જ ચંપા દધિવાહનને સોંપવા માટે અત્યારે તે જાય છે. 'અમારા મહારાજા દધિવાહન આવે છે,' એવા સમાચાર સાંભળીને, ચંપાની પ્રજાને અતિશય આનંદ થયો. તેણે દધિવાહનના સ્વાગતની સંપૂર્ણ તૈયારી કરી. ચંપાના રાજ્યમાં પ્રવેશ કરતા જ, પ્રજા દધિવાહનનું સ્વાગત કરવા લાગી. માર્ગમાં પ્રજાદ્વારા કરવામાં આવેલ સત્કારનો સ્વીકાર કરતા કરતા દધિવાહને તથા સંતાનિકે ધામધૂમપૂર્વક રાજમહેલમાં પ્રવેશ કર્યો. જે રાજમહેલ ઘણા દિવસોથી સૂનો હતો, તે રાજમહેલ દધિવાહનના આવવાથી જયનાદ તથા હર્ષધ્વનિથી ગુંજી

ઊઠયો. સંતાનિકે રાજમહેલમાં અગાઉથી જ સઘળી તૈયારી કરાવી રાખી હતી. રાજમહેલને પૂર્વવત્ શણગારી દીધો હતો અને તેમાં જરૂરી વ્યવસ્થા પણ કરાવી દીધી હતી. રાજમહેલમાં પહોંચીને, તેણે મહારાજા દધિવાહનને રાજ્યાસન પર બેસાડયો, અને પોતે સામે ઊભો રહ્યો. દધિવાહનને રાજ્યાસન પર બેઠેલો જોઈને પ્રજાને અત્યંત આનંદ થયો. તેણે જયધ્વનિથી મહેલ ગજાવી મૂકયો. પ્રજા શાંત થતાં, સંતાનિકે પહેલાંની માફક દધિવાહનની પ્રશંસા તથા પોતાના દુષ્કૃત્યોનું વર્ણન કરીને, પોતાના દુર્વ્યવહાર માટે ચંપાની પ્રજા પાસે ક્ષમા માગી. ચંપાની પ્રજાના પ્રતિનિધિએ પણ સંતાનિકના ભાષણનો ઉચિત જવાબ આપ્યો. તે પછી, દધિવાહને ઊભા થઈને કૌશામ્બી નગરીની તથા સંતાનિક રાજાની પ્રશંસા કરી અને એ રીતે શિષ્ટજનોનું કર્તવ્ય તેઓએ બજાવ્યું.

દધિવાહન રાજકાર્ય કરવા લાગ્યો. દધિવાહનની પાસે રહેતો સંતાનિક, તેની કાર્ય વ્યવસ્થા જોઈને બોધ લેવા લાગ્યો. કેટલાક દિવસો સુધી ચંપામાં રહીને તે કૌશામ્બીમાં પાછો આવ્યો. બંને રાજાઓ આનંદપૂર્વક બંને જગ્યાનું રાજ્ય કરવા લાગ્યા અને પ્રજાને સુખ આપવા લાગ્યા.

: પ્રકરણ :

[૨૧]

દીક્ષા અને કેવળજ્ઞાન

ઉત્તમ પુરુષો સંસાર વ્યવહારનો ત્યાગ કરીને, અકર્મણ્ય બનતા નથી, પણ પોતાના વ્યવહાર ધર્મમાં જ રક્ત રહે છે. સંસાર વ્યવહારને છોડી, તેઓ જે વ્યવહારને અપનાવે છે, તે પારલૌકિક વ્યવહાર કહેવાય છે. તેઓ સંસાર વ્યવહારનો પારલૌકિક વ્યવહારને માટે જ ત્યાગ કરે છે. માત્ર શરીરને સુખ આપવા માટે કે નિષ્ક્રિય બની બેસી રહેવા માટે તેઓ સંસારનો ત્યાગ કરતા નથી. સંસાર વ્યવહારમા પડીને તેઓ એ જ બાબત પર પોતાનું સંપૂર્ણ લક્ષ્ય રોકે છે કે જેથી પુનઃ સંસાર વ્યવહારમાં પડવું ન પડે. આ ઉપરાંત તેઓ જ્યાં સુધી સંસાર વ્યવહારમાં હતા, ત્યાં સુધી પણ પોતાનું, કુટુંબનું, સમાજનું અથવા દેશનું હિત જ જોતા હતા, તેને માટે તેઓ સર્વદા પ્રયત્નશીલ રહેતા હતા, પરન્તુ સંસારના વ્યવહારોથી પર થયા પછી

તેઓ સમસ્ત પ્રાણીઓનું હિત ઇચ્છે છે અને તેથી, સંસારમાં સમસ્ત પ્રાણીઓનું હિત થાય તેવા આચરણ કરવું તે જ, સંસારમાં રહીને તેઓ કરતા, પોતાને માટે ભગવાન [illegible] માટે કોઈ અન્ય પ્રાણીઓનું અહિત થતું [illegible] હતા. પરંતુ સંસાર વ્યવહારથી નિવૃત્ત થયા પછી, કોઈ પણ ક્રિયાઓમાં, કોઈ પણ કાળમાં તેઓ કોઈ પણ જીવનું અહિત કરતા નથી. પણ એ ભાવે સાધના કરતાં કોઈ પણ જીવનું અહિત ન થાય, પણ તેનું હિત થાય, તેવા માર્ગે તેઓ વિચરે છે. એ માટે તેઓ એ માર્ગને અપનાવે છે. તેનું નામ સંયમ છે. ઉત્તમ પુરુષો સંયમને અપનાવવા માટે જ સંસારનો—સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે, નહિ કે નિષ્ક્રિય બનવા, શરીરને આરામ આપવા કે વિષયભોગમાં આવતાં વિઘ્નોને દૂર કરવા માટે તેઓ સંસાર ત્યાગે છે.

ચંદનબાળાએ પણ સંસાર વ્યવહારમાં ન પડતાં, બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય કર્યો, અને ભગવાનને કેવળજ્ઞાન થતાં જ, સંયમ લેવાની પ્રતિજ્ઞા જાહેર કરી, એટલા માટે તો, ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થાય તેની રાહ જોવા લાગી. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ક્યારે થાય અને હું તેમની પાસે ક્યારે દીક્ષા લઉં, એ જ બાબતની તેને પરમ ઉત્સુકતા હતી.

ચંદનબાળાના હાથે પ્રાપ્ત થયેલાં અન્નથી પારણું કરીને, ભગવાન મહાવીર, ઉત્કૃષ્ટ ચારિત્રનું આરાધન કરતા થકા વિચરવા લાગ્યા. ભગવાન મહાવીરને, સંયમનું પાલન કરતાં છદ્મસ્થપણામાં બાર વર્ષ અને તેર પખવાડિયાં વીતી ગયા. છદ્મસ્થાવસ્થાની છેલ્લી રાત્રિએ ભગવાન મહાવીર, જંભૂક નગરીની બહાર, ઋજુવાલિકા નદીના તટ પર, શ્યામ નામના ગૃહસ્પતિના ખેતર પાસે, શાલવૃક્ષની નીચે ગોદુહ આસને બિરાજેલા હતા. તેઓ આઠમા ગુણસ્થાનમાં પ્રવેશીને, શુક્લધ્યાનની શ્રેણીએ ચઢ્યા હતા. તે વખતે, ભગવાને

કર્મોનાં આવરણો તોડીને, બારમું ગુણસ્થાનક ઓળંગીને તેરમાં ગુણસ્થાનકમાં પ્રવેશ કર્યો. તેરમાં ગુણસ્થાનકમાં પ્રવેશ કરતાં જ, પ્રભુને મહાતેજસ્વી, નિર્મળ, અને સંપૂર્ણ એવું કેવલજ્ઞાન પ્રગટ થયું. ભગવાન મહાવીરને કેવલજ્ઞાન થયું છે, એવું જાણીને, ઇન્દ્રાદિ દેવો કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે ત્યાં હાજર થયા. તેઓએ ભગવાનના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. સમવસરણની રચના કરી. ભગવાન મહાવીરે ધર્મોપદેશ આપ્યો, પરન્તુ તે સમવસરણમાં મનુષ્ય તથા તિર્યંચ ન હતા, જેથી ભગવાનનો આ ઉપદેશ વ્યર્થ ગયો.

ત્યાંથી વિહાર કરીને ભગવાન મહાવીર પાવાપુરી નગરીમાં પધાર્યા. ત્યાં ભગવાનનું બીજું સમવસરણ થયું, અને ઇન્દ્રભૂતિ આદિ ૧૧ ગણધરોએ પોતાના ૪૪૦૦ (ચુમ્માલીસસો) શિષ્યો સાથે ભગવાન પાસે સંયમ ગ્રહણ કર્યો.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયાના સમાચાર સમસ્ત વિશ્વ પર પ્રસરી ગયા. ચંદનબાળાએ પણ ભગવાનને કેવલજ્ઞાન થયાના સમાચાર સાંભળ્યા. આ સમાચાર સાંભળીને ચંદનબાળા ખુશ થઈ. તેણે સંતાનિક તથા મૃગાવતી વગેરેને કહ્યું કે, "હું આ જ સમાચાર સાંભળવાની રાહ જોઈ રહી હતી. હવે ભગવાનને કેવળજ્ઞાન થયું છે, તેથી હવે હું આ સંસારમાં એક ક્ષણ પણ રહી શકું તેમ નથી. હવે હું ત્વરાએ ભગવાનનાં દર્શન કરવા તથા તેમની પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. માટે તમે મને વિદાય આપો."

ચંદનબાળાનું કથન સાંભળીને મૃગાવતી તથા સંતાનિક પ્રસન્ન થયાં. બંનેએ તેને ધન્યવાદ આપ્યો અને કહ્યું કે, "હે સતી, તેં સંયમ ગ્રહણ કર્યા પહેલાં જ અનેક જીવોને સન્માર્ગે ચડાવ્યા છે, તો પછી હવે જ્યારે તું ભગવાન મહાવીર પાસે સંયમ અંગીકાર કરીશ, ત્યારે તો અવશ્ય તારી મારફત અનેક જીવોનો ઉદ્ધાર તથા

[illegible]
"તમારી ભાવના જરૂર સફળ થશે. તમે ગભરાશો નહિ."

આખા શહેરમાં એવા સમાચાર ફેલાઈ ગયા કે, સતી ચંદન-બાળા સંયમ ગ્રહણ કરવા માટે ભગવાન મહાવીરના શરણમાં જાય છે. આ સમાચાર સાંભળીને ધનાવહ શેઠ, રાણી, તેની સ્ત્રી મૂળા વગેરે સ્ત્રીપુરુષો રાજમહેલમાં એકઠા થઈ ગયા. ચંદનબાળાએ સૌનો યોગ્ય આદર-સત્કાર કરીને, સૌને ધર્મપાલનનો ઉપદેશ આપ્યો; અને પછી સઘળા માણસોથી વીંટળાયેલી એવી તે ચંદનબાળા ધામધૂમપૂર્વક કૌશામ્બી નગરીની બહાર આવી. નગરની બહાર આવીને સતી ચંદનબાળાએ બધા લોકોની વિદાય માગી અને ભગવાન મહાવીરના સમવસરણમાં જવા માટે તૈયાર થઈ.

રસ્તામાં માણસોને ભગવાન મહાવીરના પ્રવચનોનો લાભ લેવાનો ઉપદેશ આપતી થકી સતી ચંદનબાળા, ભગવાન મહાવીરના સમવસરણમાં આવી પહોંચી. ભગવાનનાં દર્શન કરીને, તે અતિશય આનંદ પામી. ઔચિત સ્થાન પર બેસીને, તેણે ભગવાન મહાવીરની ભવતારિણી વાણી સાંભળી, અને પછી ભગવાનને પ્રાર્થના કરી કે, " હે પ્રભો, સંસારના જીવો જન્મ, જરા, મૃત્યુરૂપી અગ્નિજ્વાળાથી સંતપ્ત થઈ

[illegible]
[illegible]
[illegible]."

[illegible]
[illegible]
[illegible]
([illegible]) [illegible].

આવાં અનુકૂળ [illegible], પુણ્યનો [illegible] ચંદનબાળાની શિક્ષા અને [illegible], આ તીવ્ર, ક્ષાંતિ, ક્ષમાભાવ, મૃદુતા વગેરે સાધન, ગુણો તથા અનેક પવિત્ર ગુણો પણ [illegible] જેને [illegible] [illegible] ઉપદેશોના શ્રવણથી [illegible] પામીને, ચંદનબાળાએ ભવ્યોનું કલ્યાણ કરવા માટે વિચરવા માંડી [illegible] દ્વારા અગણિત ઉપદેશનો [illegible] એ કેટલો મોટો પ્રમાણ [illegible] હતો તથા તે ઉપદેશથી કેટલા પ્રાણીઓનું કલ્યાણ થયું હશે, તે તો અનુમાનથી જ જાણી શકાય છે. દીક્ષા લીધા પછી, જ્યારે તે ચંદનબાળા, પૂર્વ કથનાનુસાર ચંપા નગરીમાં ગઈ હતી ત્યારે તેનાં દર્શન કરીને ધારિણી માતાને પણ અત્યંત પારાવાર આનંદ થયો હતો તથા તેને ત્યાગનું મહત્ત્વ સમજાયું હતું.

કેવળજ્ઞાની ભગવાન મહાવીર વિચરતા વિચરતા તથા ભવ્યોનું કલ્યાણ કરતા કરતા, કૌશામ્બી નગરીમાં પધાર્યા. ત્યાં ભગવાનનું સમવસરણ થયું. પોતાની શિષ્યાઓ સાથે સતી ચંદનબાળાનું પણ ત્યાં આગમન થયું. એક દિવસે સતી ચંદનબાળાની આજ્ઞા લઈને, સતી મૃગાવતી, ભગવાનનાં દર્શન કરવા માટે પ્રભુના સમવસરણમાં આવી. ત્યાં ભગવાનનું દર્શન કરવા માટે સૂર્ય તથા ચંદ્ર પણ આવેલા હતા. સૂર્ય તથા ચંદ્ર સમવસરણમાં બેઠા હતા, આ કારણે

સંખ્યા થઈ જવા છતાં પણ એમ જાણવામાં ન આવ્યું કે હવે દિવસ રહ્યો નથી, પણ સાંજ પડી ગઈ છે. હજુ દિવસ છે એમ સમજીને મૃગાવતી, રાત્રિ થઈ જવા છતાં પણ ભગવાનના સમવસરણમાં બેસી જ રહી. પરન્તુ સૂર્ય અને ચંદ્ર જેવા ભગવાન મહાવીરના સમવસરણમાંથી પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા કે તરત જ સર્વત્ર અંધકાર થઈ ગયો. સૂર્ય ચંદ્રના ચાલ્યાં જવાથી જ સ્પષ્ટ જણાયું, કે અત્યારે દિવસ નથી, પણ રાત્રિ પડી ગઈ છે. રાત્રિ પડી ગયેલી જાણીને, મૃગાવતીને અતિશય ચિંતા થઈ. તે વિચારવા લાગી કે, રાત્રિને વખતે પોતાના સ્થાનકથી બહાર ન રહેવું જોઈએ, એવો અમારો—સાધ્વીઓનો આચાર છે, છતાં ભ્રમમાં પડવાને કારણે આજે મારાથી એ આચારનું પાલન ન થયું, નિયમભંગ થવાથી, મારી ગુરુણી તરફથી આજે મને જરૂર ઠપકો મળશે.

આ પ્રકારની ચિંતાથી ગભરાયેલી સતી મૃગાવતી પોતાના સ્થાનકે (ઉપાશ્રયે) આવી. તેણે સતી ચંદનબાળાને વંદન કર્યું. મૃગાવતીને પોતાની સામે આવી ઊભેલી જોઈને, સતી ચંદનબાલા તેને ઠપકો આપતી કહેવા લાગી કે, “ તમારા જેવી કુલીન સાધ્વી પણ જો નિયમોપનિયમનું પાલન ન કરે અને રાત પડી જવા છતાં પણ પોતાના સ્થાનકેથી બહાર રહે, તો પછી સાધારણ કુળમાંથી નીકળેલી સાધ્વીઓ પાસે નિયમોપનિયમના પાલનની આશા શી રીતે રાખી શકાય ? સૂર્યાસ્ત થઈ જવા છતાં પણ, તમે ઉપાશ્રયની બહાર રહ્યા, તે ઠીક કર્યું નથી. તમારે અત્યાર સુધી સ્થાનકની બહાર રહેવું જોઈતું ન હતું ! ”

આ પ્રમાણે સતી ચંદનબાળાએ, સતી મૃગાવતીને ઠપકો આપ્યો. જો સતી મૃગાવતી ધારત, તો તે એમ કહી શકત કે, મેં જાણી બૂઝીને નિયમનો ભંગ કર્યો નથી, વગેરે—પરન્તુ સતી મૃગાવતીએ સતી ચંદનબાળાના આ ઠપકાનો કશોયે પ્રત્યુત્તર ન વાળ્યો,

પણ કપી ઠપકો તેણે શાંતિપૂર્વક સાંભળ્યો; તથા પોતાની ભૂલને માટે પશ્ચાત્તાપ કરતી એવું ચિંતવવા લાગી કે, ભલે ગમે તેમ હોય, તો પણ મારે નિયમન-પાલન માટે વખતનું ધ્યાન રાખવું જોઈતું હતું. આચાર્યા મને જે ઠપકો આપી રહેલ છે તે માત્ર એવા જ હેતુથી, કે કોઈ પણ સાધ્વીએ મર્યાદાનો ભંગ ન કરવો જોઈએ.

સમય થતાં સઘળી સાધ્વીઓ પોત-પોતાની જગ્યા પર સૂઈ ગઈ. સાધ્વી ચંદનબાળા પણ સૂઈ ગઈ, પરન્તુ સાધ્વી મૃગાવતી મનમાં ને મનમાં જ પશ્ચાત્તાપ કરતી રહી, તેથી તેને ઊંઘ ન આવી. પશ્ચાત્તાપ કરતા કરતા સાધ્વી મૃગાવતીના પરિણામની ધારા વૃદ્ધિ પામી. તેણે ક્ષપકશ્રેણિ પર ચડીને ધ્યાનની તીવ્રતા વડે ઘનઘાતિક કર્મોનો ક્ષય કરી દીધો, અને એ કારણે તેને પૂર્ણ કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રાપ્ત થયું.

卐

અંધારી રાત્રિનો સમય હતો. સઘળી સાધ્વીઓ સૂતેલી હતી. એ વખતે સાધ્વી મૃગાવતીએ એક કાળા સર્પને જતો જોયો. તે સાપ, જે સ્થળે સાધ્વી ચંદનબાળા સૂતી હતી, તે તરફ જતો હતો. સાધ્વી ચંદનબાળાનો હાથ તે સાપના જવાના માર્ગમાં હતો. ગુરુણીના હાથને સાપના સ્પર્શથી બચાવવા માટે, સાધ્વી મૃગાવતીએ સાપના માર્ગમાંથી સાધ્વી ચંદનબાળાનો હાથ ખસેડ્યો. હાથ ખસવાથી સાપ તો તેને સ્પર્શ કર્યા વગર જ ચાલ્યો ગયો, પણ સાધ્વી ચંદનબાળાની ઊંઘ ઊડી ગઈ. સાધ્વી ચંદનબાળાએ જાગીને, તથા પૂછપરછદ્વારા 'તે સાધ્વી મૃગવતી છે' એમ જાણીને તેને પ્રશ્ન કર્યો કે, "શું તમે હજી સુધી જાગો છો? અને તમે મને કેમ જગાડી?" ગુરુણીના આ પ્રશ્નના જવાબમાં, સાધ્વી મૃગાવતીએ નમ્રતાપૂર્વક કહ્યું કે, "હમણાં જ એક કાળો સાપ આ બાજુ ગયો છે. તમારો હાથ તેના

[illegible]

[illegible] ન થાત."

ચંદનબાળા—"તમારા આ કથનથી તો એવું જ જણાય છે કે તમને કોઈ જ્ઞાન થયું છે! ખરી રીતે જ્ઞાન થયા વગર આમ બની જ ન શકે. પરન્તુ એ કહો કે તમને જે જ્ઞાન થયું છે તે પૂર્ણ છે કે અપૂર્ણ?"

મૃગાવતી—"આપની કૃપા હોવા છતાં પણ, અપૂર્ણતા કેમ રહી શકે?"

ચંદનબાળા—"ત્યારે તો તમને કેવળજ્ઞાન થયું છે. મને આ સંબંધીની ખબર ન હતી, જેથી મારાથી તમારી અવજ્ઞા થઈ તે માટે મારો આ અપરાધ ક્ષમા કરો."

આ પ્રમાણે કહીને સાધ્વી ચંદનબાળા પોતાની શિષ્યા સાધ્વી મૃગાવતીને વંદન કરવા લાગી. કેવળજ્ઞાનની અવજ્ઞા કરવાના અપરાધનો પશ્ચાત્તાપ કરવાથી સાધ્વી ચંદનબાળાએ પણ ક્ષપકશ્રેણી પર ચઢતાં, ઘાતિક કર્મોનો નાશ કર્યો, તેથી તેને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

કેવળજ્ઞાન થયા પછી પણ સાધ્વી ચંદનબાળા અને સાધ્વી મૃગાવતી વિચરતી થકી જનતાનું કલ્યાણ કરવા લાગી. સાધ્વી ચંદનબાળાની છત્રીસ હજાર સાધ્વીઓમાંથી ૧૪૦૦ (ચૌદસો) સાધ્વીઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અંતમાં સાધ્વી ચંદનબાળા, સાધ્વી મૃગાવતી અને અન્ય કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર ૧૪૦૦ સાધ્વીઓ એક પછી એક આયુષ્ય પૂર્ણ થતાં, અઘાતિક કર્મોનો નાશ કરી, શરીરનો ત્યાગ કરી, સિદ્ધ, બુદ્ધ તેમ જ મુક્ત થઈ.



ઉપસંહાર

જૈન સાહિત્યમાં, સતી ચંદનબાળાની કથાનું ઘણું ઊંચું સ્થાન છે. ધૈર્ય, સાહસ, ત્યાગ, સહનશીલતા અને દઢતાનો આદર્શ બતાવવા માટે ચંદનબાળાની કથા અનુપમ છે. ચંદનબાળાની કથાની વિશેષતાઓ પર વિચાર કરવાથી, પહેલાં એ જોવું જરૂરી છે, કે ચંદનબાળાનું જીવન આવું હોવાનું કારણ શું છે? દરેક કાર્યનું અવશ્ય કોઈ કારણ તો હોય છે જ. કારણ વગર કાર્ય હોતું નથી. એટલા માટે ચંદનબાળાના ઉચ્ચ જીવનરૂપી કાર્યનું પણ કોઈ કારણ જરૂર હોવું જોઈએ. એમ તો તેના પૂર્વ સંસ્કારોને પણ એક કારણ માની શકાય છે. તે પણ બરાબર છે. પરન્તુ પૂર્વ સંસ્કાર અવ્યક્ત છે. અવ્યક્ત વસ્તુને સમજવી મુશ્કેલ છે, માટે વ્યક્ત કારણ પર કંઈક વિચાર કરવો ઠીક થઈ પડશે.

ચંદનબાળાનું જીવન ઉચ્ચ બનાવવાનું કારણ તેની માતા ધારિણી છે. તેણે ચંદનબાળાને જન્મથી જ ઉત્તમ શિખામણો આપી હતી. પછી જ્યારે ધારિણી અને ચંદનબાળાને, રથી જંગલમાં લઈ જતો હતો, તે વખતે પણ ધારિણીએ ચંદનબાળાને એવી શિખામણ આપી હતી, કે જેણે ચંદનબાળાના જીવનને આદર્શ બનાવ્યું. સાધારણ

રીતે તે, તેનાં કારનામાંને પ્રાકૃતીક રૂપાંતર [illegible], અવલોકન, દેહ, ઝાંઝરો તથા [illegible] ઉપરાંત અંતે હતો, તેને રહેલું [illegible]-તેનો ઉલ્લેખ જાય છે આદરપૂર્વક હતો. ત્યારે તે ઉપરાંત કોઈક ભક્તને આપવામાં આવ્યો હતો. કોઈક વધારે આપત્તિ અથવા અન્ય એવું મહત્વ મળ્યું જણાય છે કે તે ઉપરાંત ધારિણીએ તે વખતે એ બોધ આપ્યો હતો. તેનો શિક્ષાત્મક આદર્શ પણ ચંદનબાળાની સામે મૂકી બતાવ્યો. આ સાધ્વીએ તેણે બતાવેલો બોધ, પૂરેપૂરી રીતે ચંદનબાળાના હૃદયમાં ઉતરી ગયો અને ચંદનબાળા તે બોધ પ્રમાણે કામ કરવામાં સમર્થ બની

ધારિણીએ અંતિમ સમયે ભલે ચંદનબાળા સમક્ષ પોતાના મનોબળ પ્રમાણે જેવા રૂપમાં શિક્ષાત્મક આદર્શ મૂક્યો, તે પર વિચાર કરી જોતાં ઉચિત જણાય છે. સાધ્વીની દીક્ષા અપાવવા માટે, ધારણની દીક્ષા અપાવવી ઠીક છે. મારે સંક્ષેપમાં ધારિણીના તે કાર્યો પર પ્રકાશ ફેંકવામાં આવે છે કે જે ચંદનબાળાના જીવનને ઉચ્ચ બનાવવા માટે આદર્શરૂપ હતા. તેમ જ જે, દુષ્ટ માણસોના જીવન ઉચ્ચ બનાવવામાં પણ કારણરૂપ બની શકે છે.

ધારિણી રાજરાણી હતી; છતાં પણ તેણે વિષય-વિલાસને મહત્ત્વ ન આપ્યું, તેણે પોતાને તથા દધિવાહનને કદી પણ અનીતિના માર્ગે જવા દીધા નહિ. તે પોતે પણ નીતિમાર્ગ પર સ્થિર રહી ને તેણે પોતાના સ્વામીને પણ નીતિ માર્ગ પર જ સ્થિર રાખ્યા. પોતાની પુત્રી ચંદનબાળાને પણ તેણે એવી જ શિક્ષામણ આપી. તેને બ્રહ્મચર્યનો જ પાઠ શીખવ્યો, વિષયવિલાસના વાતાવરણથી તેને હંમેશ બચાવતી જ રહી. જ્યારે દધિવાહન જંગલમાં ચાલ્યા ગયા અને ચંપા લૂંટાવા લાગી, ત્યારે પણ તે ગભરાઈ નહિ. તે વખતે તેણે ચંદનબાળાને ધૈર્ય તથા સાહસ રાખવાની શિક્ષામણ આપી. જ્યારે સેનાનિકનો રથી મહેલમાં ઘૂસી આવ્યો, તે વખતે ધારિણીનું રક્ષણ

[illegible]

[illegible]

[illegible]

તેણે રથી પર ક્રોધ ન કર્યો. પણ તેને પોતાના માર્ગ આણીને, સુમાર્ગ પર લાવવાનો જ પ્રયત્ન કર્યો. આવા કઠિન સમયમાં સ્ત્રી સ્વભાવ પ્રમાણે તેના હૃદયમાં [illegible] વિરુદ્ધ [illegible] વિચાર ઉત્પન્ન થાત. તેના મનમાં એવો વિચાર કરી શકત કે પતિએ મને તથા પુત્રોને નિરાધાર છોડીને પોતાના કર્તવ્યની અવહેલના કરી છે, પરન્તુ ધારિણીએ પતિના કર્તવ્ય-અકર્તવ્ય તરફ ધ્યાન પણ ન દીધું. તેણે તો માત્ર પોતાનું જ કર્તવ્ય વિચાર્યું અને પોતાના રક્ષણનો જ પ્રયત્ન કર્યો. તેણે પહેલાં તો રથીને સુધારવા માટે, તેને સન્માર્ગ પર લાવવા માટે અને એ રીતે પોતાના સતીત્વની રક્ષા કરવા માટે ઉપદેશથી કામ લીધું. રથીને ઘણું સમજાવ્યો, પરન્તુ જ્યારે કામાંધ રથી આગળ આ બધો પ્રયત્ન નિષ્ફળ ગયો અને તેણે જાણી લીધું કે હવે તે

મારા પર બળાત્કાર કરશે, ત્યારે તેણે પ્રાણનો ત્યાગ કરીને સતીત્વની રક્ષા કરી અને રથીને પણ સુધાર્યો.

આ પ્રમાણે ધારિણીએ પોતાના કાર્ય તથા જીવન અને મરણ દ્વારા ચંદનબાળાની સાથે જ જગતના માનવોને અનેક શિખામણો આપી. તેણે બતાવી આપ્યું કે પત્નીજીવન, માતૃજીવન અને ભગિની-જીવનને કેવી રીતે ગાળવું જોઈએ તથા પત્ની, માતા અને બહેનનું શું કર્તવ્ય છે. તેણે એ બતાવી આપ્યું કે આફત વખતે શિયળનું રક્ષણ કેવી રીતે કરી શકાય છે. અને તેવે વખતે કેવાં ધૈર્ય તેમ જ સાહસની જરૂર છે. આ બધા ઉપરાંત, ઉપદેશને સાર્થક બનાવવા માટે કેવા ત્યાગની જરૂર છે તથા ઉપદેશક પર કેવી જવાબદારી છે, તે પણ તેણે બતાવ્યું છે.

ચંદનબાળા રૂપી કાર્યના ધારિણી રૂપી કારણમાં આ વિશેષ-તાઓ હતી. જેના કારણમાં વિશેષતા હોય, તે કાર્યમાં વિશેષતા હોવી સ્વાભાવિક છે. આ પ્રમાણે ધારિણીના પ્રતાપે જ, ચંદનબાળામાં એ વિશેષતાઓ હતી. ધારિણીએ ચંદનબાળાને જે શિખામણ આપી હતી, અને ક્રિયાત્મક આદર્શ વડે તે શિખામણને હૃદયંગમ કરાવી દીધી હતી, તે શિખામણના પ્રતાપે જ ચંદનબાળાને કાર્ય કરવામાં આળસ કે થાક લાગ્યાં નહિ. પોતાની પૂર્વ સ્થિતિનો વિચાર કરતાં તેને દુઃખ થયું નહિ. તેમ જ, રથીની સ્ત્રી તથા મૂળાએ પોતાની તરફ દાખવેલ દુર્વ્યવહાર પર ક્રોધ પણ ન આવ્યો, અથવા તેનો બદલો લેવાની ભાવના પણ તેનામાં ઉત્પન્ન ન થઈ. બલકે, જે તેની સાથે દુર્વ્યવહાર કરતું હતું, તેને પણ પ્રસન્ન રાખવામાં, સુખી બનાવવામાં અને તેનું હિત કરવામાં જ ચંદનબાળા હમેશ ઉદ્યુક્ત રહેતી હતી. રથીની સ્ત્રીએ જ્યારે પોતાના પતિ પ્રત્યે ચંદનબાળાને વેચી દેવાની ઇચ્છા પ્રગટ કરી હતી, ત્યારે રથી, તેના ઉપર ક્રોધાયમાન થઈને તેને જ ઘરમાંથી કાઢી મૂકવા માટે તત્પર થયો હતો. પરન્તુ ચન્દનબાળાએ તેને સમજાવીને શાંત કર્યો. તથા તેની પત્નીની ઇચ્છાનુસાર પોતાને

વેચવા માટે બજારમાં લઈ જવા વિવશ બનાવી દીધો. બજારમાં પણ જે વેશ્યા, ચંદનબાળાને વેશ્યા બનાવવા માટે બળાત્કારે પકડીને લઈ જવા ઇચ્છતી હતી, તેના ઉપર જ્યારે વાંદરાઓએ આક્રમણ કર્યું, ત્યારે વેશ્યાના સાથીઓ, મદદનીશો વગેરે તો નાસી ગયા, પરન્તુ ચંદનબાળાએ તે વેશ્યા પાસે દોડી જઈને તેને વાંદરાઓના ત્રાસમાંથી ઉગારી, અને તેની સેવા-શુશ્રૂષા કરી. પછી ધનાવહ શેઠને ત્યાં સંદેહ-વશ મૂલાએ જે અપશબ્દો કહ્યા તે બધા તેણે ધૈર્યપૂર્વક સહન કર્યાં, તથા મૂળાની ઇચ્છાનુસાર તેનો સંદેહ દૂર કરવા માટે મસ્તકના વાળ કપાવીને, હાથકડી-બેડી નંખાવીને, અને અંધારા ભોંયરામાં પુરાઈને, પરીક્ષા આપી. જેમાંથી ત્રણ દિવસ પછી જીવિત નીકળવાની કોઈ જાતની આશા નહોતી, તેવા ભોંયરામાં પુરાઈને પણ તે ગભરાઈ નહિ, તેમ તેને લેશમાત્ર દુઃખ પણ ન થયું. પરન્તુ ત્યાં પણ તેણે ધર્મારાધના જ કરી.પછી જ્યારે શેઠે તેને ભોંયરામાંથી બહાર કાઢી, ત્યારે પણ તેણે મૂળા વિરુદ્ધ શેઠને કંઈ પણ કહ્યું નહિ.

આ પ્રકારની સહનશીલતા, ધૈર્ય અને ધર્મભાવનાનું એ પરિણામ આવ્યું કે ચંદનબાળાને પોતાના હાથથી દાન લેનાર ભગવાન મહાવીર જેવા તપસ્વી અને મહાપુરુષ સત્પાત્ર મળ્યા. ભગવાન મહાવીરનો જે કઠણ અભિગ્રહ હતો તે સતી ચંદનબાળા દ્વારા જ પૂર્ણ થયો. તેણે ત્રિલોકના પ્રાણીઓનું કલ્યાણ કરનાર, એવા ભગવાન મહાવીરને અન્નદાન નહિ, જીવન-દાન આપ્યું હતું એમ કહી શકાય. છતાં પણ ચંદનબાળાને કોઈ પણ જાતનો ગર્વ કે અભિમાન ન થયું. ઇન્દ્રાદિ દેવોએ કરેલી તેની સ્તુતિથી કે સોનામહોરોની વૃષ્ટિથી ચંદનબાળા છકી ન ગઈ. તે પહેલાની માફક વિનમ્ર જ રહી. વેશ્યા, રથી, તેની સ્ત્રી તથા મૂળા એ સઘળાંઓ સાથે તેણે પહેલાં કરતાં પણ અધિક વિનય દાખવ્યો. એટલું જ નહિ પણ તે સઘળાઓને તેણે ભગવાનને દાન દેવાનો સુયોગ પ્રાપ્ત કરાવવાના કારણભૂત જ માન્યા, અને પોતાના પર તેઓનો ઉપકાર થયેલો માન્યો. રથી તથા

લોકને ત્યાં તેણે અનેક દુઃખો ભોગવવાં હતાં. ત્યાં એને ફરીને રાંધું તેવું આવતાં પણ, તે રાજમહેલ કે મહેલ-મહેલો પર ભટકવામાં નહિ કે રાજમહેલમાં પાપનો જ વિચાર કરતાં આવતો હતો, ત્યાં ભલાઈનો બદલો સત્કાર કર્યો. સંતાનિક તથા મૃગાવતી ચોગાને એટલા માટે આવતાં હોવા છતાં પણ તે આ નિશ્ચયથી ડગી નહિ. ચૌતન્ય આ નિશ્ચય પર દૃઢ રહીને, તથા અંતર્નિષ્ઠ બળ મેળવતાં દુષ્ટ કામો નાશ પામ્યાં, તેણે સંતાનિકને પણ પવિત્ર બનાવ્યો હતો.

સાધારણ મનુષ્ય જ્યાં સુધી પરાધીન તથા શક્તિહીન હોય છે, ત્યાં સુધી તો તે બધાનું અપમાન સહીને સહન કરે છે; અને એ રીતે તે, ઉપરથી વિનયશીલ રહેતા છતાં પણ તેના હૃદયમાં તો બદલો લેવાની પૂરેપૂરી ભાવના હોય છે. પરન્તુ જ્યારે તેની પરાધીનતા મટી જાય છે, જ્યારે તે શક્તિવંત બને છે ત્યારે તે પોતાની સાથે દુર્વર્તન કરનારનો બદલો લીધા વગર રહેતો નથી. કેટલાક માણસો તો તે વખતે કરવામાં આવેલા ઉપકારો પણ ભૂલી જાય છે, આવી સ્થિતિમાં તેઓ તે ઉપકારો યાદ કરતા નથી, પણ કોઈ સહજ ગેરવર્તણૂક યાદ કરીને તેનો બદલો લે છે. સજ્જન માણસો આમ કરતા નથી તેઓ કોઈ પણ સમયે, તેમ જ ગમે તેવી સ્થિતિમાં પોતાના પ્રત્યે બનાવવામાં આવેલી ભારેમાં ભારે ગેરવર્તણૂક બદલો લેવાની ઇચ્છાથી કદાપિ સંભારતા નથી, કે તે ગેરવર્તણૂક યાદ કરીને કોઈ સદ્વર્તણૂક છુપાવતા પણ નથી; અર્થાત્ તેઓ પોતાના પ્રત્યે દર્શાવવામાં આવેલો સદ્વ્યવહાર પણ આગળ લાવે છે; એટલું જ નહિ પણ પોતાની સાથે કરવામાં આવેલા દુર્વ્યવહારને પણ તેઓ ઉપકાર માને છે, અને તે દુર્વ્યવહાર કરનારની સાથે પણ સદ્વ્યવહાર જ રાખે છે.

ચંદનબાળાના સંબંધમાં કોઈ એમ કહે કે તે પરાધીન હોવાથી બધાનું કષ્ટ સહન કરતી હતી, તે શક્તિહીન હતી, તેથી તે બદલો ન લઈ શકી અને નમ્રતા બતાવતી હતી. પરન્તુ સંતાનિક સુધરી ગયા પછી તો તે પરાધીન કે શક્તિહીન નહોતી રહી ને ? તે વખતે

જો તે ચાહત તો મૂળા તથા તેની બીજી સખીઓના દુર્વ્યવહારનો બદલો બદલો લઈ શકત, ને તેઓને ધનાવહને બાળક શિક્ષા કરાવી શકત. પરન્તુ તેનામાં બદલો લેવાની કે શિક્ષા કરાવવાની ભાવના ત્યારે જ ઉત્પન્ન કે જ્યારે તેણે તે લોકોના દુર્વ્યવહારોને અપરાધ માન્યો હોત. તેણે કોઈનો કોઈ દોષ જ ન માન્યો; તેથી ચંદનબાળાના હૃદયમાં તેઓને શિક્ષા કરાવીને બદલો લેવાની ભાવના જન્મી નહિ; બલ્કે જે સ્ત્રીને રાજા શતાનિક કઠોર શિક્ષા કરવા પ્રવૃત્ત હતા, તેને પણ તેણે અભયદાન અપાવીને શતાનિકને આભારી બનાવી દીધો.

શતાનિક સુધરી ગયા અને તેણે વિનંતિ કરવા છતાં પણ ચંદનબાળાએ, જ્યાં સુધી ધનાવહ શેઠ સ્વયં ન આવે ત્યાં સુધી તેનું ઘર છોડી રાજમહેલમાં આવવાની ના પાડી. તેણે શતાનિકની વિનંતિનો એ જ ઉત્તર આપ્યો કે, હું તેમને ત્યાં વેચાઈ છું, માટે હું આવવા માટે સ્વતંત્ર નથી. જો તે ચાહત તો શેઠાણીની દુષ્ટ ચેષ્ટાઓ જાહેર કર્યા વગર પણ, એમ કહી શકત કે, મારા લીધે સાડાબાર ક્રોડ સોનામહોરોની વૃષ્ટિ થઈ છે, તેથી વીસ લાખ સોનામહોરોનું મારા પરનું કરજ હવે રહ્યું નથી પરન્તુ ચંદનબાળા તો એમ માનતી હતી કે મારે લીધે કોઈ લાભ થાય તે લાભનો અધિકાર મને ખરીદનાર વ્યક્તિને છે. મેં તેનું જ અન્ન દાનમાં આપ્યું છે. માટે થયેલી સોનામહોરોની વૃષ્ટિથી હું ઋણમુક્ત થઈ શકું નહિ.

રક્ષણ કરનાર વ્યક્તિ, જો દુઃખ વખતે રક્ષણ કરવાનું છોડી દે, આશ્રિતને તજી દે, તો સુખ વખતે જ્યારે રક્ષણ કરનાર મળે છે ત્યારે તેને ઠપકો તો આપવામાં આવે છે જ; તેને એમ તો કહેવામાં આવે છે કે જ્યારે અમારા રક્ષણનો ભાર તમારા ઉપર હતો, તો પછી તમે અમને દુઃખમાં મૂકીને કેમ ચાલ્યા ગયા? તમે અમને છોડીને ચાલ્યા ગયા, તેથી અમુક અમુક નુકસાન થયું તથા અમુક અમુક પ્રકારનાં કષ્ટો સહન કરવા પડયાં.

સામાન્ય માણુસો ઓછામાં ઓછો આટલો ઠપકો તો આપે જ. દધિવાહન પણ આ ઠપકાને પાત્ર તો હતો જ. જો ચંદનબાળા ધારત તો દધિવાહનને થોડો ઘણો ઠપકો આપી શકત. તે કહી શકત કે હવે રાજ્ય લેવા માટે તો આવ્યા, પણ દુઃખ વખતે મને તથા મારી માતાને છોડીને ચાલ્યા ગયા હતા, જેથી આવી આવી દુઃખદ ઘટના બની વગેરે. જો ચંદનબાળાએ પોતાના પિતાને આવી રીતે ઠપકો આપ્યો હોત, તો દધિવાહન પાસે આ ઠપકાનો કોઈ જવાબ ન હતો. પરન્તુ ચંદનબાળા ક્ષુદ્ર વિચારની ન હતી. તે જાણતી હતી કે ખરું જોતાં કોઈ કોઈનો રક્ષક નથી, પણ પોતે પોતાનો જ રક્ષક છે. જે પોતે પોતાનું રક્ષણ નથી કરી શકતો, તેનું રક્ષણ કોઈ પણ કરી શકતો નથી. આવી સ્થિતિમાં હું પિતાજીને શા માટે ઠપકો આપું ! તેમનો વાંક શો છે ! આ જાતના વિચારને લીધે ચંદનબાળાએ દધિવાહનને જરા પણ ઠપકો ન આપ્યો, બલ્કે જ્યારે દધિવાહન પોતે ખેદ તથા પશ્ચાત્તાપ કરવા લાગ્યો, ત્યારે ચંદનબાળાએ પોતાના ઉપદેશથી તેને ધૈર્ય આપ્યું.

દુઃખ સહન કર્યા પછી માણસ સુખ મેળવવાની અભિલાષા કરે છે. એવા ઘણા જ થોડા માણસો જોયા હશે, કે જેઓએ દુઃખ સહન કર્યું હોય અને પછી જે સુખ મળી રહ્યું હોય તેનો ત્યાગ કર્યો હોય. પણ મોટે ભાગે મનુષ્યો સુખની આશાએ જ દુઃખ ભોગવે છે. એ વાત અલગ છે કે કોઈ આ લોકના સુખ માટે અને કોઈ પરલોકના સુખ માટે દુઃખ ભોગવે, પણ દુઃખ ભોગવવાનો હેતુ તો સુખ મેળવવાનો જ રહે છે. રાજમહેલ છોડ્યા પછી ચંદનબાળાએ અનેક દુઃખો ભોગવ્યા હતા. તેને દાસીની જેમ બધું કામ કરવું પડયું હતું. તે સાથે જ અનેક અસત્ય આક્ષેપો—કટુ વચનો સહન કરવાં પડ્યાં હતાં આ પ્રકારનાં કષ્ટો સહન કર્યા પછી તેના હૃદયમાં સાંસારિક સુખો ભોગવવાની ઇચ્છા ઉદ્‌ભવી શકતી હતી, પરન્તુ તેણે, દધિવાહન, સંતાનિક તથા મૃગાવતીનો આગ્રહ હોવા છતાં

પણ લગ્ન કરવાનો ઇનકાર કર્યો, અને બ્રહ્મચર્ય પાળવાની જ ઇચ્છા પ્રદર્શિત કરી. સાધારણ માણસમાં પણ આટલાં કષ્ટો સહ્યાં પછી, સંયમને શ્રેષ્ઠ સમજવા છતાં પણ, થોડાક વખત સાંસારિક સુખો ભોગવવાની ઇચ્છા થાય છે. પરન્તુ ચંદનબાળાના હૃદયમાં આ જાતની ભાવનાને અવકાશ જ ન મળ્યો.

સંયમ લીધા પછી ચંદનબાળાએ, સંયમના નિયમ ઉપનિયમો પાળવા પળાવવાની બાબતમાં ઉપેક્ષા, અસાવધાની કે પ્રમાદ સેવ્યો નહિ. સંસાર–વ્યવહારના સંબંધથી મૃગાવતી ચંદનબાળાની માસી હતી, તોપણ જ્યારે ભગવાનના સમવસરણમાંથી મૃગાવતી રાત્રિ થઈ ગયા પછી સ્થાનકમાં આવી, ત્યારે ચંદનબાળાએ તેને ઘણો જ ઠપકો આપ્યો. આ સાંસારિક સંબંધનો તેણે તે વખતે વિચાર જ ન કર્યો. તેનું એ જ લક્ષ્ય હતું કે નિયમોના પાલનમાં જરા પણ શિથિલતા ન આવવી જોઈએ. જો નિયમોના પાલનમાં શિથિલતા પ્રવેશે તો સાધ્વી સમાજ પવિત્ર ન રહી શકે. આ ઉચ્ચ ધ્યેયને કારણે તે મૃગાવતીને પણ ઠપકો આપવાનું ન ચૂકી. પછી જ્યારે તેને જણાયું કે મૃગાવતીને કેવળજ્ઞાન થયું છે, ત્યારે તેને વંદન કરવામાં, તેની ક્ષમા માગવામાં, ચંદનબાળાને કોઈ પણ જાતનો સંકોચ કે વિચાર થયો નહિ. બલકે તેણે તે જ પશ્ચાત્તાપરૂપી કાર્યવડે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ રીતે ચંદનબાળાનું તથા તેના પહેલાં ધારિણીનું જીવન-ચરિત્ર, કોઈ પણ દૃષ્ટિથી જોતાં, જનતા સમક્ષ એક ઉચ્ચ આદર્શ ખડો કરે છે. ધારિણીનું પત્ની જીવન, માતૃજીવન અને ભગિનીજીવન જે આદર્શ આપે છે, તે સ્ત્રીઓ તથા તેમના સંતાનોના સામાજિક તેમ જ નૈતિક જીવનને સુંદર, સુખમય તથા ઉચ્ચ બનાવે છે. માતાની શિખામણ પર શ્રદ્ધા રાખવી, તે શિખામણને પોતાના હૃદયમાં પૂરેપૂરી ઉતારવી, માતાનો ઉદ્દેશ પૂરો કરવો, કોઈ પણ સ્થિતિમાં ગભરાવું નહિ, ઇત્યાદિ ચંદનબાળાના સદ્‌ગુણો, સંતાનના કર્તવ્યોનું ભાન કરાવે છે—સંતાનો સમક્ષ એક આદર્શ મૂકે છે. તેની સહન-

શીલવ્રત, કાંઈસ્થાન અને કલ્યાણકારીત્વ, ઉપદેશો અને સિદ્ધાંત-રૂપ છે, તેવી ભાવના, નિત્યાનિત્યતા, ધર્મધ્યાન અને ધર્મભાવના, તથા તેનું ફળ, આદિ, અહિંસા વિગેરે ઉત્કૃષ્ટ જૈન આદર્શોનાં અને એમ અનુભવાયેલાં ભાવ કલ્યાણકારી આદર્શ છે. જિનેન્દ્રનું પાલન કરવા માટે, જિનધર્મનો અંશ ગ્રહણ કરીને ઉચિત રીતે આચરવા માટે, તેમજ આત્મીય સમાજની પવિત્રતાને અખંડિત રાખવા માટે તેનું કેવું સર્વ અણુ-આત્મીયોને માટે આદર્શરૂપ છે. આ પ્રબંધનું આ કથા ઉપદેશો તથા ભાવોઓ, એ જીવનને સફળ કરનારી છે. આ કથામાં આવેલા ઉત્તમ વિચારો તથા કાર્યોને જો કોઈ સફળ કરે, તો જીવનનું તથા જીવનનું કલ્યાણ કરી શકે.

એક બીજી વાત છે, આ ધર્મકથા છે, ઇતિહાસ નથી. ધર્મ-કથાની બાબતો શ્રદ્ધા તથા વિશ્વાસ પર જ આધાર રાખે છે. જેઓ તે પર શ્રદ્ધા—વિશ્વાસ કરે છે, તેઓને માટે તો ધર્મકથા લાભદાયક નીવડે છે, પરન્તુ જેઓ તે પર અવિશ્વાસ કરે છે, તેઓ ઇતિહાસ સાથે તુલના કરવાની ચેષ્ટા કરે છે, તેના હાથમાં કેવળ ધોખો જ આવે છે; તેને સાચસાર તત્ત્વ મળી શકતું નથી. માટે ધર્મકથાને ઇતિહાસ દૃષ્ટિએ જોવી ઉચિત નથી. ધર્મકથાને તો શ્રદ્ધા તથા વિશ્વાસની દૃષ્ટિએ જ જોવી જોઈએ

આ કથાના વિષયમાં પ્રાચીન આચાર્યોનું જે સાહિત્ય ઉપલબ્ધ છે, તેને વિસ્તૃત રૂપ આપવામાં આવ્યું છે. અને ક્યાંક ક્યાંક તેમાં પરિવર્તન પણ કરવામાં આવ્યું છે. ધર્મકથાનો ઉદ્દેશ, સમય પ્રમાણે જનતામાં જાગૃતિ લાવવાનો અને ચરિત્રદ્વારા જનતાને યોગ્ય સદ્બોધ આપવાનો જ હોય છે.

અમરત જૈનિક ... ને.